BAOU
Education
for All

ડો.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-101
## સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-101
# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

વિભાગ

# 1

## સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો


**એકમ-1** સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો

**એકમ-2** સમાજકાર્યના વિકાસનો ઈતિહાસ : ઇંગ્લૅન્ડ, અમેરિકા અને ભારતમાં

**એકમ-3** ભારતમાં સમાજસુધારકોનો સમાજકલ્યાણમાં ફાળો અને સામાજિક ચળવળ

**ISBN : 978-81-937666-0-6**

| **લેખક** | |
|---|---|
| **શ્રી સ્નેહલબા ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સહજાનંદ ગુરુકુલ<br>પી.જી.સેન્ટર ઑફ સોશ્યલ વર્ક, ભાવનગર. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | નિવૃત્ત પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |

**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપુષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## MSW-101 સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

**વિભાગ-1 : સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો**

1. સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો
2. સમાજકાર્યના વિકાસનો ઈતિહાસ : ઈંગ્લૅન્ડ, અમેરિકા અને ભારતમાં
3. ભારતમાં સમાજસુધારકોનો સમાજકલ્યાણમાં ફાળો અને સામાજિક ચળવળ

**વિભાગ-2 : જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય**

1. સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-1
2. સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-2
3. સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-3

**વિભાગ-3 : સમાજકાર્યની વિચારધારાના સ્ત્રોત**

1. સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો અને હિન્દુ, બૌદ્ધ ધર્મની પરંપરા
2. સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો અને ખ્રિસ્તી, મુસ્લિમ ધર્મની પરંપરા
3. ગાંધી વિચારધારા
4. ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

**વિભાગ-4 : વ્યાવસાયિક સમાજકાર્ય**

1. વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-1
2. વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-2 (સમાજકાર્યની પદ્ધતિઓ અને કાર્યો)
3. વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-3 (સમાજકાર્યની આચારસંહિતા, ભૂમિકાઓ અને કુશળતાઓ)
4. સમાજકાર્ય શિક્ષણ

## ઘટક પરિચય :

સમાજકાર્ય એ વ્યકિતના કે માનવને જીવનના મૂળ ઉદ્દેશ્ય સુધી પહોંચાડે છે. જેનો ઉદ્દેશ વિકાસ કરવાનો છે; પરંતુ માનવની વિકાસયાત્રામાં ઘણાં પડકારો, અડચણો કે સમસ્યાઓનો સામનો કરવાનો થતો હોય છે. જેના કારણે કયારેક કયાંક તે અટકી જાય છે અને તેની સામે ઊભી થયેલી પરિસ્થિતિના સામનો કરવામાં અસમર્થ સાબિત થાય છે. જેમાં વ્યકિતની અસક્ષમતા જોડાયેલી હોય છે. પરંતુ અસમર્થતા તથા અજ્ઞાનતા દૂર કરવા માટે તેમજ સમયની સાથે પરિવર્તનશીલતા જોડાયેલી છે. એનો વ્યકિત સામનો કરે છે અને સમસ્યાનું સમાધાન કરવામાં વ્યક્તિને સક્ષમ બનાવવામાં આવે છે. વ્યકિતની આ ક્ષમતાના વિકાસ માટે તથા સમાજમાં સુસમાયોજિત બનાવવા માટે સમાજકાર્યની શરૂઆત થઈ છે. તે માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે.

સમાજકાર્ય એ સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર નીકળવા માટેના પગથિયાં ચડતાં શીખવે છે. આ પ્રક્રિયા પરંપરાગત સમયથી ચાલી આવે છે. અલગ અલગ રાષ્ટ્ર દ્વારા સમાજકાર્યની શરૂઆત કરવામાં આવી હતી; જેમાં ઇંગ્લૅન્ડ, અમેરિકા તથા ભારતમાં અલગ અલગ સમયે સમાજકાર્યના બીજ રોપાયા હતા. તેમજ દરેક વ્યકિત જૂથ સમુદાય સમાજમાં સારું સમાયોજન સાધી શકે તેના માટેના પ્રયત્નો કરવામાં આવેલ. સમાજકાર્યના ઈતિહાસની વાત કરીએ તો સમાજકાર્યની શરૂઆત એ એક સેવાના રૂપમાં થઈ હતી અને સમયાંતરે તેમાં પરિવર્તન આવતા એક વ્યાવસાયિક રૂપમાં એનો સ્વીકાર કરવામાં આવ્યો.

સમાજકાર્યની સમાજસેવાથી લઈને સમાજકાર્યની શરૂઆત થઈ. આમ સમાજકાર્ય દ્વારા વ્યકિતને સક્ષમ બનાવવા માટે વિવિધ પ્રયાસો થયાં. તેમજ સમાજકાર્યમાં સામાજિક સુધારણાના પ્રયત્નો કરવામાં આવે છે. તેમજ સમાજના વંચિત તેમજ પછાત લોકો માટે ઉત્થાનના પ્રયાસો સમાજકલ્યાણ તેમજ સામાજિક નીતિ દ્વારા કરવામાં છે. જેથી દરેક વ્યકિત વિકાસયાત્રામાં જોડાઈ શકે. આમ સમાજકાર્યમાં સામાજિક ક્રિયા, સામાજિક કાયદાઓ તથા સામાજિક પ્રતિરક્ષા અને સમાજશિક્ષણ આ દરેક વિષયનુસંધાને પૂરતાં પ્રયાસો કરવામાં આવે છે.

## ઘટકના હેતુઓ :

1. સમાજકાર્યની સમજ મેળવવા માટે આ વિભાગનો અભ્યાસ જરૂરી છે.
2. સમાજકાર્યની વિકાસયાત્રાને સમજવા તેનો ઈતિહાસનો અભ્યાસ કરવો જરૂરી છે.
3. સમાજકાર્યનો અર્થ સમજવા માટે આ વિભાગનો અભ્યાસ કરવો જરૂરી છે.
4. સમાજકાર્યને વ્યાવહારિક ઉપયોગમાં લેતાં પહેલાં તેનો અભ્યાસ કરવો જરૂરી છે.
5. વ્યકિતને વિકાસ કરવા માટે સક્ષમ બનાવવાના પ્રયાસોમાં વિવિધ સંસ્થાઓ અને કાર્યક્રમોનું મહત્ત્વ રહેલું છે; જેને સમજવા તથા જાણવા માટે આ વિભાગનો અભ્યાસ કરવો જરૂરી છે.

# એકમ–1 સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો

: એકમનું માળખું :

1.0 એકમના હેતુઓ
1.1 પ્રસ્તાવના
1.2 સમાજકાર્યનો અર્થ
1.3 સમાજસેવા
1.4 સમાજ સુધારણા
1.5 સમાજકલ્યાણ
1.6 સામાજિક નીતિ
1.7 સામાજિક ક્રિયા
1.8 સામાજિક પ્રતિરક્ષા
1.9 સામાજિક શિક્ષણ
1.10 સામાજિક કાયદાઓ
1.11 ઉપસંહાર
1.12 તમારી પ્રગતિ ચકાસો
1.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
1.14 ચાવીરૂપ શબ્દો (Glossary)
1.15 સ્વાધ્યાય લેખન (Assignment)
1.16 પ્રવૃત્તિ (Activities)
1.17 કેસસ્ટડી (Case Study)
1.18 સંદર્ભગ્રંથ (Further Readings)

## 1.0 એકમના હેતુઓ

- સમાજકાર્ય તથા સમાજ સેવા વચ્ચેનો ભેદ સમજી શકાય છે.
- સમાજ સુરક્ષા અને સમાજકલ્યાણ વિશેની સમજ પૂરી પાડે છે.
- સામાજિક નીતિ અને સામાજિક ક્રિયા વિશે જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.
- સામાજિક પ્રતિરક્ષા એટલે શું ? તે સમજી શકાય છે.
- સામાજિક શિક્ષણ અને સામાજિક કાયદા વિશેની સમજ મળે છે.

## 1.1 પ્રસ્તાવના

માનવ જીવનનો મૂળ ઉદ્દેશ્ય એ વિકાસ કરવાનો છે, પણ વિકાસના માર્ગમાં ઘણી સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે. જેનાં કારણે તેનો વિકાસ ક્યાંક અટકી જાય છે. આપણે જાણીએ છીએ તેમ આ સમસ્યાઓ અપેક્ષિત પરિવર્તન સાથે જોડાયેલી હોય છે. આ સમસ્યાઓના સમાધાન માટે નડતરરૂપ એવી બે પરિસ્થિતિઓ છે. જેમાં 1) વ્યકિતની પોતાની અસમર્થતા અને 2) વ્યકિતની અજ્ઞાનતા સમાજકાર્ય દ્વારા આ બંન્ને અસમથર્તાઓને દૂર કરી વ્યકિત સક્ષમ બને તે માટેની એક પરિસ્થિતિ પૂરી

પાડે છે જેનાં દ્વારા વ્યકિત પોતે સમસ્યાનું સમાધાન કરી વિકાસની દિશા તરફ વધી શકે.

આ એકમમાં દર્શાવેલ તમામ મુદ્દાઓ દ્વારા સમાજકાર્ય અને તેને સબંધિત ખ્યાલોનો વિગતે આપણે સમજ મેળવી શકીએ છીએ જે આ પ્રમાણે આગળ દર્શાવેલ છે.

## 1.2 સમાજકાર્યનો અર્થ

આપણા સમાજમાં 'સમાજસેવા' શબ્દથી તો બધાં જ પ્રચલિત છે જ; પરંતુ ભારતનાં સંદર્ભમાં સમાજકાર્ય નો ખ્યાલ હજી સુધી ખૂબ વિસ્તૃત થયો નથી. પ્રાચીન સમયમાં વૃધ્ધો, બાળકો, અપંગો, અશકતો, નિઃસહાયો તથા ગરીબોની જવાબદારી કુટુંબ, જ્ઞાતિ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ઉઠાવવામાં આવતી હતી. પરંતુ ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને વિકાસ પ્રક્રિયાએ અનેક નવી ને જટિલ સમસ્યાઓ ઊભી કરી જેમનો ઉકેલ પ્રાચીન સામાજિક સંસ્થાઓ દ્વારા અશકય બન્યો પરિણામે આ સમસ્યાઓના ઉકેલ માટે સમાજવિજ્ઞાનનાં જ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિઓની જરૂરિયાત ઊભી થઈ સમસ્યાનાં સમાધાનને એક સામાજિક જવાબદારીનાં ભાગ તરીકે સ્વીકારવાનું શરૂ થયું અને ધીરે–ધીરે આ સાહજિકવૃત્તિએ વ્યવસાયનું રૂપ લીધું. ઔદ્યોગિક ક્રાંતિથી સર્જાયેલી સમસ્યાઓના ઉકેલ માટે ઇંગ્લૅન્ડમાં સમાજકાર્યની શોધ થઈ; ત્યારબાદ અમેરિકામાં તેનો વધુ વિકાસ થયો અને દુનિયામાં અનેક દેશોમાં વ્યાવસાયિક સમાજકાર્યનો સ્વીકાર થયો.

### 1.2.1 સમાજકાર્યની વ્યાખ્યાઓ

**વિટમર(Witmer Helen) 1942 :**

"સમાજકાર્ય નું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યકિતને મદદ કરવાનું છે. આ મદદ યા તો સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે અથવા તો એને કોઈ સમૂહનાં સભ્ય બનાવી સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાનું નિવારણ કરવામાં આવે છે."

**ફ્રિડલેંડર (Friedlander W. A.) 1955 :**

" સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યકિત ને વ્યકિતગત કે જૂથમાં વ્યકિતગત અને સામાજિક સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે સમાજકાર્ય મોટે ભાગે સામાજિક સંસ્થા કે તેને સંબંધિત મંડળ દ્વારા થાય છે."

**નેશનલ એસોસિયેશન ઓફ સોશ્યલ વર્ક (Nation al Association of Social work 1973)**

"સમાજકાર્ય એ વ્યકિતઓ, જૂથો અથવા સમુદાયની સામાજિક ક્રિયાશીલતા સંબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સામાજિક પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે. સમાજકાર્ય પ્રેકિટસ નીચેનામાંથી એક કે વધુ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે સમાજકાર્યનાં મૂલ્યો સિદ્ધાંતો તથા રીતોનાં ઉપયોગ પર આધારિત હોય છે.

''વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જનસમુદાયને મદદ કરવી વ્યકિતઓ કુટુંબો અને જૂથોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર આપવી, સમુદાયો તથા સમૂહોને સામાજિક અને સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવી અથવા તેની વૃદ્ધિમાં સહાયતા કરવી તથા સુસંગત કાનૂની પ્રક્રિયાઓમાં સહભાગી બનવું, સમાજકાર્ય પ્રેકટીસ માટે માનવવિકાસ અને વર્તન માટે મહત્ત્વની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે"

**ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કૂલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોશ્યલ વર્કસ દ્વારા સ્વીકૃત– 2001 :**

"સમાજકાર્ય વ્યવસાય સામાજિક પરિવર્તને માનવસંબંધોમાં થતી સમસ્યાઓમાં ઉકેલને અને લોકોના સશક્તિકરણ, મુક્તિ તથા સુખાકારીને ઉતેજન આપે છે. લોકો તેમનાં પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે ત્યાં સમાજકાર્ય માનવવર્તણૂક અને સામાજિક તંત્રના સિદ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. માનવ અધિકાર અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભુત છે"

**સમાજકાર્યની વ્યાખ્યા :**

**ફ્રિંક (1942) :**

''સમાજકાર્ય એ વ્યકિતઓને વ્યકિતગત સ્તરે અને જૂથમાં પૂરી પડાતી સેવાઓની જોગવાઈ છે. આ સેવાઓ વ્યકિતઓને સમાજનાં તેઓની પૂર્ણ અને પ્રભાવશાળી ભાગીદારીમાં અવરોધરૂપ અથવા તો અવરોધરૂપ બની શકે તેવા હાલના અવરોધો અથવા ભવિષ્યમાં નડનારા સામાજિક અને મનોવૈજ્ઞાનિક અવરોધોનો સામનો કરવામાં મદદરૂપ થવા માટે આવકારિત થઈ છે.''

**એંડરસન (1943) :**

''સમાજકાર્ય એ વ્યાવસાયિક સેવા છે. આ સેવા લોકોને વ્યકિતગત સ્તરે અથવા જૂથમાં પૂરી પાડવામાં આવે છે. જેથી લોકો પોતાની વિશિષ્ટ ઈચ્છાઓ અને સામર્થ્ય અનુસાર અને સમુદાય સાથે સંવાદિત રહી સબંધોનો સંતોષ અને જીવનધોરણની પ્રાપ્તિ કરી શકે''

**સુશીલચંદ્ર (1954) :**

''સમાજકાર્ય સામાજિક નીતિના અમલીકરણ માટે જાહેર અથવા ખાનગી પ્રયત્નો દ્વારા થતી ગતિશીલ પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિમાં  વ્યકિત, કુટુંબ અને જૂથના સામાજિક વિકાસના તબકકાથી નિરપેક્ષ રહી તેમનું જીવનધોરણ ઊંચું લાવવાના અને તેઓનાં સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક કલ્યાણ વધારવાના દ્રષ્ટિકોણથી થાય છે.

**મૂર્થિ એમ.વી. 1970 :**

''કોઈપણ પ્રકારની માનસિક, શારીરિક લાગણી અથવા નૈતિક અપંગતા / અશકિત ધરાવતા વ્યકિત અથવા જૂથને સમાજકાર્ય એવી રીતે મદદ  આપે છે, જેથી તે વ્યકિત અથવા જૂથ પોતે પોતાની મદદ કરી શકે.

**ઈન્ટરનેશનલ એસોસિયેશન સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક વ્યાખ્યાનું વિવરણ :**

"સમાજકાર્ય એ મદદ કરવાના હેતુથી કરવામાં આવતો વ્યવસાય છે. તેનો ઉલ્લેખ ઉપરોક્ત વ્યાખ્યામાં કરવામાં આવેલ છે. સમાજકાર્યમાં સૌ પ્રથમ સેવાર્થીને બાહ્ય મદદ આપવામાં આવે છે અને તેનાં દ્વારા તેને સ્વસહાય માટે કે સુધારણા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. સમાજકાર્યકરે સેવાર્થીને મદદ કરતી વખતે કોઇપણ પ્રકારની લાલચ કે દબાણ આપવાનું હોતું નથી. પરંતુ સેવાર્થી પોતાની સમસ્યામાંથી મુક્ત થવા સ્વપ્રયત્ન કરવા પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરવાનો હેતુછે. આ બાબતમાં સ્વનિર્ણયના સિદ્ધાંતને પાયાનો ગણવામાં આવે એ ખૂબ જ જરૂરી છે. ઉપરાંત સમાજકાર્યકરના મનમાં સેવાર્થી માટે અહંકારભાવ કે તિરસ્કારભાવ તથા મોટાપણાની લાગણી ના હોવી જોઈએ. કારણ કે સમાજકાર્ય કરે સેવાર્થી માટે નહિ; પરંતુ સેવાર્થી સાથે કાર્ય કરવાનું છે. સમાજકાર્યમાં વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો કે તેનાં સાધનોનો સમાજકાર્યકરે એવી રીતે ઉપયોગ કરવાનો છે કે સેવાર્થી સ્વયં પોતાને મદદ કરવાં માટે સક્ષમ બને અને સેવાર્થીના જીવનમાં ફરી કયારેય આ પ્રકારની મુશ્કેલી આવે તો સેવાર્થીએ પુનઃક્યારેય આ પ્રકારની મદદ લેવાની જરૂરિયાત ઊભી ના થાય."

હવે આપણે ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે સમાજકાર્યની પ્રકૃતિને સમજવાનો પ્રયત્ન કરીએ.

સમાજકાર્યનો હેતુ સેવાર્થીને મદદ કરવાનો છે. સમાજકાર્યમાં મદદનું ચોક્કસ અર્થઘટન કરવામાં આવેલ છે. સમાજકાર્ય માં મદદના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો સેવાર્થી બાહ્ય મદદ લેવા માટે તૈયાર હોવો જોઈએ ત્યારબાદ સમાજકાર્યકરે સેવાર્થીને મદદ કરતી વખતે કોઇપણ પ્રકારની લાલચ, સલાહ કે ઉકેલ લાદયા વગર સેવાર્થીને પોતાની સમસ્યામાંથી મુક્ત થવા સ્વપ્રયત્ને કરવા દેવાનો છે. સ્વનિર્ણયનો અધિકાર એ સમાજકાર્યનો મૂળભૂત અને પાયાનો સિદ્ધાંત છે. ત્રીજી અને મહત્ત્વની બાબત એ છે કે સમાજકાર્યકરના મનમાં સેવાર્થી માટે દંભ કે મોટાઈ ભર્યું વર્તન કે અહંકાર ભાવ ન હોવો જોઈએ."

## 1.3 સમાજસેવા

### 1.3.1 સમાજસેવા એટલે શું ?

માનવ સંસ્કૃતિનો અભ્યાસ કરીએ તો જણાશે કે વિકટ પરિસ્થિતિઓમાં માનવીમાં એકબીજાને સતત મદદ કરવાની ભાવનાના દર્શન થાય છે.પ્રાચીન સમયમાં રોગીઓ, અપંગોને તિરસ્કૃત કરી દેવામાં આવતા હતાં. તેઓ અધર્મી છે, પાપી છે તથા તેમના કરેલાં ખરાબ કર્મોનું ફળ ભોગવે છે એવી માન્યતાના આધારે તેમનો નિકાલ કરી દેવામાં આવતો હતાં. પરંતુ સમય જતાં વિવિધ ધર્મસંસ્થાઓ અસ્તિત્વમાં આવી. આ ધર્મસંસ્થાઓ એ દયા, દાન, પરોપકારના માધ્યમથી લોકોમાં નિસહાય તથા લાચાર વ્યક્તિઓને મદદ કરવાની ભાવના પ્રસ્થાપિત કરી. શરૂઆતમાં આ પ્રકારની મદદ માત્ર કુટુંબ ભાવના, પાડોશીધર્મ કે ધર્મ સુધી જ મર્યાદિત હતાં. લોકો દ્વારા શરૂઆતમાં વ્યક્તિગત સહાય જ કરવામાં આવતી હતી. જેમ કે રસ્તે જનાર અપંગ વ્યક્તિને સહાય કરવી, પાણીની પરબો બંધાવવી, ગરીબ લોકો માટે ભોજન તથા કપડાનું વિતરણ કરવું વગરે. આમ દાન આપનાર અને દાન લેનાર બન્નેનું કલ્યાણ થતું. દાન લેનાર એ દાન આપનારને(દાતા) આશીર્વાદ આપતાં જેથી પુણ્ય મળ્યાનો ભાવદાન આપનારમાં પ્રદર્શિત થતો. અને દાન લેનાર વ્યક્તિની જરૂરિયાતો પૂર્ણ થતી હતી અને તેથી જ દરેક ધર્મમાં દાનને મહત્ત્વનું કાર્ય ગણવામાં આવ્યું છે. ત્યારબાદ વ્યક્તિગત દાન અને સંગઠિત દાનનો ઉપયોગ થયો. જેમાં લોકો દ્વારા દાન ચર્ચો, મંદિરો કે ધાર્મિક ટ્રસ્ટોમાં આપવામાં આવતું અને આ સંસ્થાઓ દ્વારા મળેલ દાનના માધ્યમથી નિસહાય, લાચાર વ્યક્તિઓ તથા વિવિધ જરૂરિયાત મંદોને શિક્ષણ તથા આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. પરંતુ સમાજકાર્યની આવી સેવાઓ મોટાભાગે ટૂંકા સમયની સેવાઓ હતી. જેમાં જે વ્યક્તિ મુશ્કેલીમાં હોય એ વ્યક્તિને મુશ્કેલીમાંથી ઉગારવા માટે આ સેવાઓ માનવતાવાદી અભિગમથી થતી હોવાથી સમાજસેવાના કાર્યોમાં આજે પણ પ્રવર્તમાન છે. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિના કારણે સમાજમાં સર્જાયેલી સમસ્યાઓનો ઉકેલ લાવવા સમાજસેવાના કાર્યો ફળીભૂત ન બન્યાં; ત્યારે સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે જે વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિની શોધ કરવામાં આવી એ સમયાન્તરે સમાજકાર્ય પદ્ધતિ બની.

### 1.3.2 સમાજસેવા અને સમાજકાર્ય વચ્ચે તફાવત :

સમાજકાર્યને નજીકથી સમજવા માટે સમાજસેવા અને સમાજકાર્ય વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે. જે નીચે આપેલી કેટલીક વ્યાખ્યાઓના માધ્યમથી સમજીએ.

"લાચાર વ્યક્તિ (Helpless) ને મદદ કરવી એ સામાજિક સેવા છે; જ્યારે લાચાર વ્યક્તિને પોતાની સહાયતા પોતે કરવામાં મદદ કરવી તે સમાજકાર્ય છે."

**– મુર્થી**

"સામાજિક સેવામાં સામાજિક સહાય, સામાજિક વીમો, જન સ્વાસ્થ્ય, શિક્ષણ, મનોરંજન, આવાસ વગેરે સેવાઓનો સમાવેશ થાય છે."

**– કૈસીડ**

'સેવા' શબ્દનો ઉપયોગ 'સામાજિક' સાથે થાય છે. તેનો ઉદ્દેશ વ્યક્તિ, જૂથ કે સમુદાયની સુખાકારીમાં વધારો કરવાનો હોય છે. તે વ્યક્તિગત કે સામાજિક પ્રયત્ન હોઈ સામાજિક સેવાના કાર્યો વ્યક્તિ, જૂથ કે સમુદાય દ્વારા સ્વપ્રેરણાથી જ કરવામાં આવે છે. જે ક્યારેક હેતુપૂર્વકના સંગઠિત માળખામાં પણ પરિવર્તન પામતી હોય છે. આમ સમાજસેવા માનવકલ્યાણને પ્રોત્સાહન પૂરું પાડનાર પરોપકારી પ્રવૃત્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનો હેતુ વ્યક્તિગત કારણોસર કે અન્ય પરિસ્થિતિઓને કારણે અશક્ત હોય એવા નિઃસહાય તથા લાચાર લોકોને મદદ કરવાનો છે. શરૂઆતમાં આ પ્રકારની સેવા વ્યક્તિગત ધોરણે પૂરી પાડવામાં આવતી હતી જે હવે સામાજિક સંસ્થાઓ કે સહકારી તંત્રોના માધ્યમથી પૂરી પાડવામાં આવે છે.

## 1.4 સમાજ સુધારણા (Social Reform)

### 1.4.1 સમાજ સુધારણા અર્થ

સમાજ સુધારણનો મુખ્ય ઉદ્દેશ એ સમાજમાં પ્રવર્તમાન બદીઓને દૂર કરી સામાજિક પરિવર્તન લાવવાનો

છે. આ પરિવર્તનથી સમુદાયના મૂલ્યો તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓને પ્રભાવિત કરવાનો છે. સામાજિકવ્યવસ્થા એ અવિરત ચાલતી પ્રક્રિયા છે. જેમાં સમાજના સારા અને ખરાબ એમ બન્ને પ્રકારના તત્ત્વો વિકસતા હોય છે. સમાજમાં સારા તત્ત્વોના વિકાસથી સમાજ આર્થિક, સામાજિક, રાજકીય ક્ષેત્રે પ્રગતિ કરે છે. જ્યારે ખરાબ તત્ત્વો સમાજને અધોગતિ તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે આપણે જોઈએ તો આપણે આર્થિક ક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે ખૂબજ પ્રગતિ કરી છે; પરંતુ તેની સાથે સાથે તેની કેટલીક મર્યાદાઓ પણ છે. જેમકે આપણે આર્થિક વિકાસ કર્યો, પણ તેની સામે પર્યાવરણને મોટું નુકશાન થયું છે. જેનાં કારણે હાલ વિશ્વ ગ્લોબલવોર્મિંગનો ભોગ બન્યું છે. એવી જ રીતે આપણે સામાજિક પ્રગતિ કરી, પરંતુ આ આધુનિક સામાજિક પ્રગતિના કારણે આપણે સંયુક્ત કુટુંબ પ્રથામાંથી વિભક્ત કુટુંબ પ્રથામાં વધુ માનતા થયાં જેનાં કારણે વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધ્યું છે. આંતરપેઢીય ભેદ વધવાને કારણે વૃદ્ધોની સમસ્યામાં પણ વધારો થયો છે. આમ, કુપ્રથાઓ, કુરિવાજો, અંધશ્રદ્ધાઓ, સામાજિક ભેદભાવો જેવાં દૂષણોને દૂર કરી સામાજિક પરિવર્તન લાવવાના કાર્યને સમાજ સુધારણાનું કાર્ય કહેવામાં આવે છે.

ભારતમાં સામાજિક સુધારણા એટલે, "પ્રવર્તમાન સમાજમાં નવી જીવનશૈલીનું અને નવા વિચારોનું સંસ્થીકરણ કરવું" એવો અર્થ છે.

સમાજ સુધારણામાં સમાજને ટકાવી રાખવા માટે લોકોમાં નવી જીવનશૈલી તથા નવા વિચારોનું સિંચન કરવાનો ધ્યેય રહેલો છે.

ભારતમાં અંગ્રેજ શાસન દરમ્યાન સમાજ સુધારણા માટે ઘણાં સમાજ સુધારકોએ આંદોલનો કર્યા હતાં. જેમાં મહાત્મા ગાંધી, રાજા રામમોહન રાય, સ્વામી દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, એની બેસન્ટે, સ્વામી વિવેકાનંદ, ડૉ.બાબાસાહેબ આંબેડકર વગેરે જેવાં સમાજ સુધારકોએ સમાજના કુરિવાજો, પ્રથાઓ,માન્યતાઓ વગેરે સામે આંદોલન કર્યા હતાં. જેમાં તેઓ દેશનું પરિભ્રમણ કરીને જાહેર કાર્યક્રમો, દૈનિક પત્રો, પત્રિકાઓના માધ્યમથી લોક જાગૃતિનું કાર્ય કરતાં હતાં. તથા સમાજ સુધારણાના કાર્યમાં વધુને વધુ લોકો જોડાય તે માટે વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે બ્રહ્મ સમાજ, આર્ય સમાજ, થિયોસોફીકલ સોસાયટી, રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓના માધ્યમથી લોકસુધારણાના કાર્યક્રમોમાં વધુને વધુ લોકો જોડાય એવા પ્રયત્નો કર્યા હતાં. આ સમાજસુધારકોએ આ કાર્ય કરવા માટે કોઈ ચોક્કસ પ્રકારની તાલીમો મેળવી નહોતી પરંતુ સમાજમાં રહેલી બદીઓ, કુપ્રથાઓ, કુરિવાજો જેવાં કે બાળકીને દૂધ પીતી કરવી, સતી પ્રથા, બાળલગ્ન પ્રથા, અસ્પૃશ્યતા, દહેજ પ્રથા વગેરેથી પ્રેરિત થઈને સમાજમાં નવા વિચારોનું સિંચન થાય અને સમાજ ટકી રહે એ માટે તેઓ આવા કાર્યો હાથ ધરતા હતાં. વ્યાવસાયિક સમાજકાર્ય પણ આવા જ સમાજ સુધારણાના કાર્યો કરે છે.

## 1.5 સમાજ કલ્યાણ (Social Welfare)

### 1.5.1 સમાજ કલ્યાણનો અર્થ

અલગ-અલગ દેશોમાં અલગ-અલગ યુગ અનુસાર સમાજકલ્યાણ શબ્દનો અર્થ બદલાતો રહ્યો છે. શરૂઆતમાં સમાજકલ્યાણ માત્ર લોકોની સુખાકારી માટેના કાર્યક્રમો કરવા તથા લોકહિતાર્થે વિવિધ પ્રવૃત્તિઓ કરવા પૂરતો મર્યાદિત હતાં. પરંતુ સમાજકલ્યાણને વ્યાપક અર્થમાં જોઈએ તો સમાજના લોકોની શારીરિક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક. એમ સાર્વત્રિક વિકાસ કરવો એમ થાય છે. કેટલાંક પાશ્ચાત્ય સમાજશાસ્ત્રોએ સમાજકલ્યાણની વ્યાખ્યાઓ આપી છે. જે નીચે મુજબ છે.

**ફ્રિડલેન્ડર (Friedlander)** ના મતે, "સમાજ કલ્યાણ સામાજિક સેવાઓ અને સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે. જે વ્યકિતઓ અને જૂથોને એક સંતોષકારક જીવનધોરણ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા પૂરી પાડવા માટે ઊભી કરવામાં આવે છે. તેનો સંબંધ વૈયકિતક અને સામાજિક સબંધો સાથે છે. જે વ્યકિતઓની ક્ષમતાઓને પૂર્ણ રીતે વિકસિત કરવામાં અને સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ કરવામાં અને તેમના કલ્યાણને વધારવામાં સહાયભૂત થાય છે."

**રોબર્ટ કેલ્સો (Robert Kelso)** ના મતે, "સમાજ કલ્યાણનો ઉદ્દેશ સમાજની પ્રત્યેક વ્યકિતને અન્ય વ્યકિતઓના જેટલાં જ સમાન અધિકારો કોઈપણ હસ્તક્ષેપ વગર પ્રાપ્ત કરવા, આર્થિક આવશ્યકતાઓ,

ઉત્તમ સ્વાસ્થ્ય, જીવનનિર્વાહની યોગ્ય સ્થિતિ, અન્ય નાગરિકોની જેમ સમાન તક, ઉચ્ચ કક્ષાનું આત્મ સન્માન અને કાર્ય તથા વિચારોની સ્વતંત્રતાને હાંસલ કરાવવાનો."

**વિલ્સન (Willson)** ના મતે, " સમાજ કલ્યાણ એટલે બધી વ્યકિતઓનું બધી વ્યકિતઓ માટે એક સંગઠિત ચિંતન છે. "

**ચૌધરી પોલ ડી (Chaudhary Paul D.)** ના મતે, "સમાજ કલ્યાણ સમાજના એવાં નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક કારણોસર સમાજ દ્વારા નિર્મિત સામાજિક સેવાઓ ઉપલબ્ધ કરવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યાં છે."

ઉપરોક્ત સમાજશાસ્ત્રીઓએ આપેલ સમાજકલ્યાણની વિવિધ વ્યાખ્યાઓના આધારે આપ જાણી શકશો કે દરેક નાગરિકને તેની જરૂરિયાતો પૂરી કરવાનો કે મેળવવાનો અધિકાર છે અને આ જરૂરિયાતોને પૂરી કરવાની જવાબદારી સરકારની હોય છે. નાગરિકોને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકાર સેવાઓ પૂરી પાડે છે; ત્યારે કેટલીક વિપરીત પરિસ્થિતિઓ નિર્માણ પામે છે. જેવી કે અમુક વર્ગ કે જૂથો પ્રત્યે ભેદભાવ થવાના કારણે તેઓ આવી સેવાઓથી વંચિત રહે છે. સમાજકાર્યકર સમાજમાં આવા વંચિત રહી ગયેલા વર્ગોની જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયત્ન કરે છે. માનવીની સામાન્ય જરૂરિયાતો જેવી કે સામાજિક, શારીરિક, મનોવૈજ્ઞાનિક અનેઆધ્યાત્મિક હોય છે. જે સમાજમાં તમામ વર્ગના નાગરિકોને લાગુ પડે છે. પરંતુ કેટલાંક લોકો વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતો ધરાવતાં હોય છે. જેમાં અશક્ત લોકો, બાળકો, ત્યકતાઓ, વૃદ્ધો, વગેરેનો સમાવેશ થાય છે. આમ આ સિવાય પણ કેટલાંક વ્યક્તિઓ કે જૂથો એવા છે વિશેષ જરૂરિયાતો ધરાવે છે.

આમ, સમાજકલ્યાણમાં જે વ્યક્તિઓ કે જૂથો વિશેષ પ્રકારની જરૂરિયાતો કે સામાન્ય જરૂરિયાતો ધરાવતા હોય તેમનાં કલ્યાણનો સંપૂર્ણ વિચાર કરવામાં આવે છે. ભારતમાં સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી કલ્યાણકારી સેવાઓ કે યોજનાઓ સમાજના નબળા અને પરંપરાગત રીતે પોતાના અધિકારોથી વંચિત વર્ગો માટેની સેવાઓ તરીકે જોવામાં આવે છે. અહી સમાજકલ્યાણ શબ્દને મર્યાદિત ઉપયોગમાં લેવાયો છે. અહી સમાજકલ્યાણની સેવાઓની જોગવાઈ પ્રમાણે પરંપરાગત રીતે સામાજિક અધિકારોથી વંચિત લોકો, અનુસૂચિત જાતિના લોકો, અનુસૂચિત જનજાતિના લોકો, વિચરતી જાતિના લોકો, વિધવાઓ, નિરાધારો, બાળકો, માનસિક અને શારીરિક રીતે અપંગ લોકો, મનોરોગીઓ તથા આર્થિક રીતે પછાત વર્ગના સમુદાયોને સમાજકલ્યાણના કાર્યક્રમો દ્વારા સીધી સહાય આપવામાં આવે છે. દા.ત.ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ઘણાં વર્ષોથી રાજયમાં અલગ-અલગ સ્થળો ઉપર ગરીબ કલ્યાણ મેળાના આયોજનના માધ્યમથી જરૂરિયાત મંદ લોકોને સીધી સહાયતા પૂરી પાડી લોકકલ્યાણના કાર્યો કરવામાં આવે છે.

## 1.6 સમાજિક નીતિ (Social Policy)

ભારત દેશની આઝાદી પછી એ સમયની દેશની સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લઇ સામાજિક વિકાસને લગતાં યોજનાબદ્ધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં. જેનાં ભાગરૂપે આઝાદી પછી દેશમાં વિવિધ પંચવષીય યોજનાઓ ઘડવામાં આવી. તેમાં પ્રથમ પંચવર્ષીય યોજનાના અંતે એક તારણ એવું નીકળ્યું કે દેશમાં માત્ર આર્થિક વિકાસને જ પ્રાધાન્ય નહીં, પરંતુ સામાજિક વિકાસનાં પગલે પણ કાર્યો કરવા માટે સામાજિક નીતિ ઘડવી અતિ આવશ્યક છે. પ્રો.ગોરેના જણાવ્યા મુજબ સામાજિક નીતિ એટલે "સામાજિક નીતિ એક એવી નીતિ છે જે સમુદાયના જીવનમાં 'સામાજિક' પાસાં સાથે નિસ્બત ધરાવે છે."

સામાજિક નીતિ અંગે વધુ સ્પષ્ટતા કરતાં પ્રો.ગોરે જણાવે છે કે, ''સામાજિક નીતિને આરોગ્ય, શિક્ષણ, રહેઠાણ, પુનઃસ્થાપન, સામાજિક રીતે પછાત અને નબળા વર્ગોમાં કલ્યાણના કાર્યક્રમો અને સેવાઓ સાથે નિસ્બત છે. કોઇપણ દેશની સામાજિક નીતિને સમજવી હોય તો તે દેશની આવક વહેચણીના

માપદંડો, સામાજિક વીમો, સહાયતા, ઔદ્યોગિક નીતિ, ઔદ્યોગિક કાયદાઓ, લગ્ન અને છૂટાછેડા જેવાં સામાજિક કાયદાઓ, બાળકો, મહિલાઓ, પરંપરાગત રીતે અધિકારોથી વંચિત એવા પછાત વર્ગના લોકો માટેના કાર્યક્રમો જોવાથી ખ્યાલ આવે છે.''

દરેક દેશની પોતાની પ્રગતિઓમાં સામાજિક મુદ્રાઓને ધ્યાનમાં રાખતો હોય છે. ભાગ્યેજ કોઈ દેશની કોઈ એવી પ્રવૃત્તિ હશે કે જેમાં સામાજિક મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવ્યાં ન હોય, સરકાર દ્વારા વિકાસલક્ષી ઘણીબધી પ્રવૃત્તિઓ જેમાં અણુ મથકો બનાવવા, ધોરીમાર્ગો કે પુલ બનાવવાના હોય, નવા ઉદ્યોગો સ્થાપવાના હોય વગેરે જેવાં વિકાસલક્ષી કાર્યોમાં કેટલાંક સામાજિક પ્રશ્નો ઊભા થાય છે. જો સરકાર આવા સામાજિક પ્રશ્નો કે મુદ્દાને ધ્યાને ન લે તો આવા આર્થિક વિકાસથી ઘણું સામાજિક વ્યવસ્થાને નુકસાન કરવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે સમાજકાર્યકરો આવા સામાજિક પ્રશ્નોને લઈને આંદોલનો કરવામાં આવે છે સામાજિક કાર્યકરો દ્વારા સરકારના એવા કાર્યો સામે આંદોલનો અને રજૂઆતો કરવામાં આવે છે. જેમાં સમુદાયના જીવન પર વિપરીત અસર થવાની હોય અને લોકોના જીવનની ગુણવત્તાને લગતા પ્રશ્નો કે પડકારો ઊભા થવાના હોય. લોકહિતને ધ્યાનમાં રાખીને સામાજિક કાર્યકરો દ્વારા સરકાર ઉપર દબાણ કરવામાં આવે છે.

પ્રો.ગોરેના મત મુજબ સામાજિક નીતિને ત્રણ બાબતો સાથે સંબંધ છે.

1. માનવીની સ્વતંત્રતા અને નાગરિક અધિકારો.

2. સમાન તક અને સમાનતા.

3. માનવ કલ્યાણ અને વિકાસ.

ઉપર દર્શાવેલ ત્રણે બાબતોને ધ્યાનમાં રાખીને જોઈએ તો માનવીને કેટલીક સ્વતંત્રતાઓ આપવામાં આવેલી છે. જેમાં મુખ્યત્વે (1) વિચાર, વાણી અને લેખન સ્વતંત્રતા, (2) શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠા થવાની સ્વતંત્રતા (3) સંઘો કે મંડળોની રચના કરવાની સ્વતંત્રતા (4) ધાર્મિક સ્વતંત્રતા (5) મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા (6) મુક્તવસવાટની સ્વતંત્રતા (7) શોષણ વિરોધી સ્વતંત્રતા તથા (8) વ્યક્તિસ્વતંત્રતા વગેરેનો સમાવેશ થાય છે. ભારતનો નાગરિક ઉપરોક્ત સ્વતંત્રતાઓનો ઉપયોગ રાષ્ટ્રનું હિત ન જોખમાય એ રીતે ગમે ત્યારે કરી શકે છે. ત્યાર બાદ નાગરિક અધિકારોના સંદર્ભમાં જોઈએ તો દરેક નાગરિકને(1) બંધારણીય ઈલાજોનો અધિકાર (2) મિલકતનો અધિકાર (3) સાંસ્કૃતિક અને શિક્ષણ વિષયક અધિકાર (4) માહિતી મેળવવાનો અધિકાર વગેરે અધિકારો આપવામાં આવ્યાં છે. તદ્ ઉપરાંત સરકાર દ્વારા વિકાસના કાર્યોને પગલે જો નાગરિકોનો વિસ્થાપનનો પ્રશ્ન ઊભો થાય તો આવી પરિસ્થિતિમાં નાગરિકોના પુન:સ્થાપન માટેના કાર્યો કે નીતિ સરકાર દ્વારા ઘડવામાં આવે છે. પછાત વર્ગો, પરંપરાગત રીતે અધિકારોથી વંચિતો, મહિલાઓ, શારીરિક રીતે અપંગતા ધરાવતા લોકો માટે અનામતને લગતી નીતિઓ ઘડવામાં આવે છે. ઉપરાંત દેશમાં કુદરતી હોનારત કે માનવ સર્જિત ઘટનાઓના પગલે ભોગ બનેલા નાગરિકોને સહાય માટે સરકાર દ્વારા નીતિ નિર્ધારિત કરવામાં આવે છે.

આમ આપણા દેશના સંદર્ભમાં વસ્તી નીતિ, આરોગ્યનીતિ, શિક્ષણનીતિ, મજૂરી અંગેની નીતિ, પુન:સ્થાપિત નીતિ, મહિલાનીતિ, સામાજિક સલામતીનીતિ, સ્ત્રી-પુરુષ સમાનતા નીતિ, અસંગઠિત કામદારોની નીતિ, વૃદ્ધો માટેની નીતિ વગેરે સામાજિક નીતિ અંતર્ગત કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આવી કોઇપણ નીતિના મૂળમાં ચોક્કસ લક્ષ્ય, લક્ષ્યનો આધાર અને સ્ત્રોત આમ ત્રણ બાબતો જોવા મળે છે.

1) સમાજની એવી વાસ્તવિક પરિસ્થિતિઓ જે વર્તમાન સ્થિતમાં માનવ અધિકારના સંદર્ભમાં અપ્રસ્તુત લાગે છે.

ઉ.દા.- હજુ પણ ઘણાં ગામડાઓમાં આરોગ્ય સંબંધિત સુવિધાઓનો અભાવ હોવાને કારણે સગર્ભા મહિલાઓ પ્રસૂતિ ઘરે જ કરાવે છે. જેનાં કારણે ક્યારેક માતા અને બાળકના જીવનું જોખમ પણ સર્જાય છે.

2) વૈશ્વિક સ્તરે માનવ અધિકારો અને સામાજિક મુદ્દાઓ અંગે થતાં આંતરરાષ્ટ્રીય સંમેલનો જેવાં કે મહિલા સંમેલનો, બાળ અધિકારો માટેની પરિષદો, સમાજિક અસમાનતા મુદ્દે થતાં સંમેલનો તથા વંશીય અસમાનતા મુદ્દે થતાં સંમેલનો વગેરે.

3) સમાજમાં થતાં પરિવર્તનોમાંથી સર્જાતી સ્થિતિ.

ઉદા. :– શહેરમાં મોલ બનવાને કારણે નાના વેપારીઓ પર થતી અસરો અને તેને માટે સરકાર નાના વેપારીઓને રક્ષણ આપવા માટે કોઈ નીતિ ઘડે તો તે સામાજિક નીતિ બને છે.

આમ દર્શાવેલ બાબતો ના સંદર્ભમાં સરકાર જે લક્ષ્ય નકકી કરે છે તેને આધારે સામાજિક નીતિ બને છે. સામાજિક નીતિના સંદર્ભમાં કાર્યક્રમો , યોજનાઓ ઘડવામાં આવે છે અને તેનો અમલ કરાવવાથી સમાજના નાગરિકો માનવઅધિકાર, સ્વતંત્રતા અને સમાનતાનો અહેસાસ કરે છે.

## 1.7 સામાજિક ક્રિયા (Social Action)

### 1.7.1 સામાજિક ક્રિયાનો અર્થ

સામાજિક ક્રિયા એ સમાજકાર્યની પદ્ધતિઓમાંની ગૌણ પદ્ધતિની એક પદ્ધતિ છે. ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ સમાજકાર્યનાં વર્તમાન વૈજ્ઞાનિક સ્વરૂપનું અવલોકન કરવાથી એ માહિતી મળે છે કે 1922 માં મેરી રીચમંડ આ પદ્ધતિનો ઉલ્લેખ સમાજકાર્યની મુખ્ય ચાર પદ્ધતિઓ માંથી એક પદ્ધતિનાં રૂપમાં કર્યો હતાં. 1940 માં ' જોહન ફિચ ' એ એક કોન્ફરન્સમાં સામાજિક ક્રિયાની પ્રવૃત્તિ ઉપર એક મહત્ત્વપૂર્ણ નિબંધ પ્રસ્તુત કર્યો છે. આ બાદ સામાજિક ક્રિયાની ચર્ચા વ્યાપક રીતે થવાની શરૂઆત થઈ ગઈ અને 1949માં કેનિથ એલીયમએ 'સોશ્યલ વર્ક એન્ડ સોશ્યલ એકશન' નામનો એક લેખ લખ્યો જેનાં આધારે એમ માનવા લાગ્યાં કે સામાજિક ક્રિયાએ સામાજિક સંગઠનનું એક અંગ નથી; પરંતુ એ સમાજકાર્યની એક અલગ પદ્ધતિ છે અને સમયાંતરે તેની સ્પષ્ટતાની સાથે સામાજિક ક્રિયાને એક પદ્ધતિના સ્વરૂપમાં સ્વીકારવામાં આવી કે સામુદાયિક સંગઠન અંતર્ગત એ એક કાર્ય એ એક સમિતિના ક્ષેત્ર આધારિત કરવામાં આવે છે. પરંતુ સામાજિક ક્રિયામાં મોટાપાયે આયોજન કરવામાં આવે છે. તેમાં નીતિ નિર્ધારિત કરવામાં આવે છે અને તેના આધારે કાર્યક્રમો કરવામાં આવે છે.

**વ્યાખ્યા :–**

**કવાયલ (1937) :–** કવાયલના મત અનુસાર, ''સામાજિક ક્રિયા એ સામાજિક પર્યાવરણમાં પરિવર્તન માટે કરવામાં આવેલાં પ્રયત્નોને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે. જેનાં દ્વારા વધુમાં વધુ સંતોષપ્રદ જીવન મેળવવાના પ્રયત્ન કરવામાં આવે છે તેનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યકિતને અસર ન કરતી સામાજિક સંસ્થાઓ, કાનૂન, પ્રથાઓ તથા સમુદાયમાં અસર ઉપજાવે છે.''

**હીલ (1951) :–** ''સામાજિક ક્રિયાનું વર્ણન બહોળી સામાજિક અને આર્થિક સ્થિતિ અને અભ્યાસોને પ્રભાવિત કરતાં સામાજિક દૃષ્ટિથી લક્ષ્યોને પ્રાપ્તી માટે એક સંગઠિત સામુહિક પ્રયાસ એટલે સામાજિક ક્રિયા.''

**ફ્રિડલેન્ડર (1963) :–** ''સામાજિક ક્રિયા સમાજકાર્ય અંતર્ગત એક વ્યક્તિક જૂથ અથવા સામુદાયિક પ્રયત્ન છે. જેનો ઉદ્દેશ્ય સામાજિક પ્રગતિને પ્રાપ્ત કરવાની, સામાજિક નીતિમાં પરિવર્તન કરવું તથા સામાજિક સ્વાસ્થ્ય અને કલ્યાણ સેવામાં સુધારો લાવવાનો છે.

દર્શાવેલ વ્યાખ્યાઓનાં સંદર્ભમાં આપણે સમજીએ તો સામાજિક ક્રિયાનો સામાન્ય અર્થ ''સામાજિક ન્યાયની પ્રાપ્તિ અને સમાજકલ્યાણ સેવાઓમાં વધારો કરવાનો છે.'' સામાજિક ક્રિયા દ્વારા સમાજમાં ઈચ્છિત પરિવર્તન લાવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. તો બીજી બાજુ કયાંક પરિવર્તન નકારાત્મક હોય તો તેને રોકવા માટે પણ સામાજિક ક્રિયાનો આધાર લેવામાં આવે છે.

### 1.7.2 સામાજિક ક્રિયાનું મહત્ત્વ

1. સામાજિક સમસ્યાઓનું નિરાકરણ શકય બને છે.

ઉદા. :– સ્ત્રી ભૃણહત્યા નાબૂદી માટેના પ્રયત્ન.

2. વૈયકિતક અને પારિવારિક સબંધિત સમસ્યાઓનું સમાધાન.

ઉદા. :– ઘરેલું હિંસા દ્વારા થતાં વ્યકિત પર અત્યાચારના વિરૂદ્ધમાં સામાજિક ક્રિયા.

3. લોકતાંત્રિક મૂલ્યો અને જન ચેતનાનો પ્રસાર.

4. સંગઠનાત્મક પ્રક્રિયાઓને પ્રોત્સાહન.

આમ દર્શાવેલ સામાજિક ક્રિયાના અર્થ, વ્યાખ્યા અને તેનાં મહત્ત્વ દ્વારા તેને સમજી શકાય છે.

## 1.8 સામાજિક પ્રતિરક્ષા

'સામાજિક પ્રતિરક્ષા' શબ્દ અપરાધી વૃત્તિ સાથે જોડાયેલ વ્યકિતઓના સમાજમાં પુનઃ સ્થાપન દ્વારા સમાજમાં સામાન્ય વ્યકિત જેમ જીવન જીવ શકે તે માટે રક્ષા પ્રદાન કરવા માટે પ્રતિરક્ષા શબ્દ વાપરવામાં આવે છે. વર્તમાન સમયમાં આ શબ્દનો પ્રયોગ અનેક એવા વ્યકિત જેમ કે વિચલીત વર્તન કરનાર વ્યકિત માટે પણ વપરાય છે. આ ઉપરાંત સમસ્યારૂપ વ્યવહારોની રોકથામ માટે, ઉપચાર માટે અને પુનર્વસન માટે સામાજિક પ્રતિક્ષાનું ક્ષેત્ર વિસ્તૃત કર્યું છે. સામાજિક પ્રતિરક્ષા એ માનવ જીવન માટે સ્વસ્થ પરિસ્થિતિના નિમાર્ણ કરવા માટે કાર્ય કરે છે. સામાજિક પ્રતિરક્ષામાં નિમ્ન લિખિત વ્યકિતઓને લેવામાં આવ્યાં છે જે નીચે મુજબ છે.

- અપરાધીઓ
- બાળ અપરાધીઓ
- ત્યજી દેવામાં આવેલ તરૂણો
- વૃદ્ધો
- અનૈતિક વ્યાપારમાં જોડાયેલ મહિલાઓ અને છોકરીઓ
- નિરાશ્રિતો
- ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલ વ્યકિતઓ
- મદ્યપાન કરવાવાળા વ્યકિત
- માદક દ્રવ્યોના સેવન કરનાર વ્યકિત

ઉપરોકત દર્શાવેલ તમામ વ્યકિતઓનો સામાજિક પ્રતિરક્ષામાં સમાવેશ થાય છે. આ દરેક વ્યકિતઓનાં ઉપચાર એટલે કે સારવાર અને પુનઃ ર્વસન માટેનાં પ્રયાસો સામાજિક પ્રતિરક્ષામાં કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા પણ આવા વ્યકિતઓના સંદર્ભમાં અનેક યોજનાઓ બનાવવામાં આવી છે જે આ પ્રમાણે છે.

- વિકટ પરિસ્થિતિમાં મળેલા બાળકોનાં દેખરેખ માટેની યોજનાઓ.
- રક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે કલ્યાણકારી યોજનાઓ.
- બાળ ન્યાય પ્રશાસનની વ્યવસ્થા.
- તરૂણોની અસામાજિક વૃત્તિઓ ઉપર નિયંત્રણ માટેની યોજનાઓ.
- આરામની ગડબડીઓમાં થયેલ નિરાશ્રિત બાળકો માટે અનુદાન.
- બંદી થયેલ લોકો માટે કલ્યાણકારી વ્યવસ્થા.
- નિરાશ્રિત થયેલ બાળકો માટે વ્યાવસાયિક તાલીમ.
- બાળ કલ્યાણ યોજનામાં લાગેલા વ્યકિતઓ માટે તાલીમ.
- કિસાન ન્યાય અધિનિયમમાં કાર્યકારી વ્યકિતઓ અને અધિકારીઓ માટે તાલીમ.
- દેશમાં અને વિદેશમાં ગોદ લીધેલ બાળકોનાં સંબંધ દેખરેખ માટેની વ્યવસ્થા.

ઉપરોકત દર્શાવેલ દરેક વ્યવસ્થાઓ અને યોજનાઓ સરકાર દ્વારા પૂર્ણ રૂપથી કરવામાં આવે છે. જેથી

કરીને સમાજમાં દરેક વ્યકિત સારી પરિસ્થિતિમાં જીવન જીવી શકે તે માટેનાં પ્રયાસો સામાજિક પ્રતિરક્ષામાં કરવામાં આવે છે.

## 1.9 સામાજિક શિક્ષણ

સામાજિક શિક્ષણ માનવ વિકાસનું કેન્દ્રબિંદુ છે. આર્થિક અને સામાજિક વિકાસનાં ધ્યેયોને સિદ્ધ કરવામાં તેનું મહત્ત્વનું યોગદાન છે. સંપૂર્ણ સાક્ષરતા અને અન્ય સામાજિક સમસ્યાનાં નિવારણ જેવાં કે ઊંચા જન્મદર, આરોગ્યની સંભાળ, અજ્ઞાનતા તેમજ ગરીબી દૂર કરવામાં મદદરૂપ છે. ભારતમાં પૂર્ણ સાક્ષરતા મેળવવા માટે જરૂરી પગલાં ઉઠાવવામાં આવ્યાં છે. પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા દ્વારા શાળામાં જઈ શકે તેવી ઉંમરના બધા બાળકોને શિક્ષણ આપવું - આ કાર્યક્રમમાં સમાજમાં કહેવાતી નીચી જ્ઞાતિ વર્ગમાં લોકો તથા મહિલાઓનાં શિક્ષણ માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

પહેલા શિક્ષણ વ્યકિતગત દાન, ધાર્મિક મૂલ્ય અને વૈશ્વિક સંસ્થાઓની જવાબદારી ગણવામાં આવતી. પ્રાચીન સમયમાં આશ્રમ શાળાઓમાં શિક્ષણ આપવામાં આવતું. કુટુંબમાં માતા – પિતા, જ્ઞાતિ, ધર્મ, વગેરે પણ અનૌપચારિક શિક્ષણ આપનાર એક માધ્યમ તરીકે ગણવામાં આવતાં હતાં.

ભારત સરકારે 1989 માં શિક્ષણની રાષ્ટ્રિય નીતિ નિમાર્ણ કરી 14 વર્ષની ઉમરના બધાં બાળકોને સાર્વભૌમિક પ્રાથમિક શિક્ષણના ધ્યેયનાં રાજનૈતિક માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવવામાં આવ્યાં જેનાં નિમ્નલિખિત ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

- શિક્ષણ પદ્ધતિમાં બદલાવ.
- શિક્ષણનું સ્તર ઊંચું લઈ જવું.
- શિક્ષણમાં સામાજિક બદલાવ.
- નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોના વિકાસને મહત્ત્વ આપવું.
- અનુસૂચિત જાતિઓના શિક્ષણસ્તરને સુધારવું.
- અનુસૂચિત જનજાતિઓના શિક્ષણસ્તરને સુધારવું.
- પછાત વર્ગો, સમાજના નબળા વર્ગો, મહિલાઓને શિક્ષણ મળી રહે તે માટે વિભિન્ન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મહત્ત્વ આપવામાં આવ્યું.

ઉપરોકત તમામ ઉદ્દેશ્યોને પહોંચી વળવા માટે સરકાર દ્વારા શિષ્યવૃત્તિ, મફત શિક્ષણ, સાધન સહાય અને મુસાફરી માટે પાસ સિસ્ટમને ઉપલબ્ધ કરાવી જેનાં કારણે સમાજ ના છેવાડાના લોકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે પ્રયત્નો કર્યા.

## 1.10 સામાજિક કાયદાઓ

પ્રાચીન સમયમાં સમાજમાં રૂઢિ રિવાજ માન્યતા અને પારંપરિક મૂલ્યો એ કાયદાનું કાર્ય કરતા હતાં પરંતુ કયાંક આ રૂઢિ, રિવાજ અને મૂલ્યો કોઈ એક સમુદાય કે વ્યકિત કેન્દ્રી બની જતા હતાં અને જેના લીધે બીજા સમુદાય, વર્ગો કે વ્યકિતઓને અન્યાયનો ભોગ બનવું પડતું. અસમાનતા અને અન્યાયને કારણે વ્યકિત પોતાનો વિકાસ સાધી શકતો નહિ.

ઉપરોકત સમસ્યાના સમાધાન હેતુ સમાજનાં દરેક વ્યકિતમાં ન્યાય , સ્વતંત્રતા અને સમાનતાનાં આધાર ઉપર ભારતીય સંવિધાનનાં અનુચ્છેદ 39 8બ9 માં રાજયએ પોતાની જવાબદારી સ્વીકારી છે કે દરેક વ્યકિત ને કાયદાકીય વ્યવસ્થા મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવશે અને સમાનતાનાં ધોરણે નાગરિકો ને આર્થિક અને બીજી અન્ય અસમર્થતાઓના કારણે કોઈ વસ્તુથી વંચીત ન રહી જાય તે માટે કાયદાકીય નિઃ શુલ્ક સેવા આપવામાં આવશે.

આ કાયદાનાં આધિન રહીને એવા નિર્ધનો જે પોતાની સહાયતા કરવા માટે સક્ષમ નથી તેવાં લોકોને વિવિધ માધ્યમો દ્વારા સહાયતા કરવામાં આવે છે આ ઉપરાંત ઉચ્ચ ન્યાયાલય અને ઉચ્ચતમ ન્યાયલયનું પણ નિર્ધનો, શોષિતો અને પીડિતો માટે વૈધાનિક સહાયતાનાં ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહયું છે.

સમાજકાર્ય જન અભિરૂચિ, વિવાદો તથા નિર્ધનો માટે વૈધાનિક સહાયતાની યોજનાનાં માધ્યમથી કાનૂની સહાયતા પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું કાર્ય કરે છે.

## 1.11 ઉપસંહાર

સમાજકાર્ય એ વ્યકિતને વિકસિત કરવા માટે માર્ગર્શન પૂરું પાડે છે અને વ્યકિતને સુસમાયોજિત જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે. આ સક્ષમતા માટે વિવિધ શાખાઓ, સંસ્થાઓ યોજનાઓ, નીતિઓ તેમજ કાયદાઓ દ્વારા પૂરતાં પ્રયાસો હાથ ધરવામાં આવે છે. જેમાં સમાજસેવાથી શરૂઆત થાય છે અને વિકસીત કરવામાં સમાજકાર્ય સામાજિક સુધારણા સમાજ કલ્યાણથી કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવામા આવે છે તથા સામાજિક નીતિઓ દ્વારા વ્યકિત તથા જૂથનો ક્રમબદ્ધ વિકાસ માટેના પગલાંઓ હાથ ધરવામાં આવે છે. તેમજ સમાજમાં રહેલા દૂષણો, અડચણોને દૂર કરવા જાતે સામાજિક ક્રિયાનો આધાર લેવામાં આવે છે અને સમાજને સામાજિક રીતે જોડી રાખવા માટે કે નિયંત્રિત રાખવા માટે સામાજિક કાયદાઓ છે. વ્યકિત જૂથ કે સમુદાયના રક્ષણ માટે સામાજિક પ્રતિબદ્ધતાનો સહારો લેવામાં આવે છે અને સામાજિક જાગૃતતા માટે સમાજ શિક્ષણનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, સમાજ-કાર્ય એ સેવાર્થીને તેની સમસ્યમાંથી બહાર લાવવા માટે તથા સક્ષમ બનાવવા માટેના પુરતા પ્રયાસો કરવામાં આવે છે.

## 1.12 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. સમાજકાર્યનું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મદદ કરવાનું છે. આ મદદ યા તો સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે, અથવા તો એને કોઈ સમૂહના સભ્ય બનાવી, સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાઓનું નિવારણ કરવામાં આવે છે. — આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) વિટમર હેલન (B) એન્ડરસન

   (C) ફ્રીડલેન્ડર

2. નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક (NASW) એ સમાજકાર્યની વ્યાખ્યા ક્યારે આપી.

   (A) 1973 માં (B) 1972 માં

   (C) 1970 માં

3. સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યક્તિને વ્યક્તિગત કે જૂથમાં વ્યક્તિગત અને સામાજિક સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે, સમાજકાર્ય મોટાભાગે સામાજિક સંસ્થા કે તેને સંબંધિત મંડળ દ્વારા થાય છે. — આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) એન્ડરસન (B) ફ્રીડલેન્ડર

   (C) વિટમનર હેલન

4. લાચાર વ્યક્તિને પોતાની સહાયતા પોતે કરવામાં મદદ કરવી તે .......... છે.

   (A) સમાજસેવા (B) સમાજકાર્ય

   (C) સમાજકલ્યાણ (D) સમાજ સુધારણા

5. કોનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં પ્રવર્તમાન બદીઓને દૂર કરી સામાજિક પરિવર્તન લાવવાનો છે ?

   (A) સમાજકાર્યનો (B) સમાજ સુધારણાનો

   (C) સમાજ કલ્યાણનો (D) ઉપરોક્ત તમામ

6. સમાજ કલ્યાણ સમાજના એવા નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે, જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક કારણોસર સમાજ દ્વારા નિર્મિત સામાજિક સેવાઓનો ઉપભોગ કરવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ચાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યાં છે. – આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) ધર્મ પૉલ ચૌધરી (B) ફ્રીડલેન્ડર

   (C) એન્ડરસન

7. લાચાર વ્યક્તિને મદદ કરવી એ ........... છે.

   (A) સામાજિક સેવા (B) સામાજિક કાર્ય

   (C) સમાજ સુધારણા

8. સામાજિક નીતિને કઈ બાબતો સાથે સંબંધ છે ?

   (A) માનવીની સ્વતંત્રતા અને નાગરિક અધિકારો (B) સમાન તક અને સમાનતા

   (C) માનવ કલ્યાણ અને વિકાસ (D) ઉપરોક્ત તમામ

9. ....... દ્વારા સમાજમાં ઈચ્છિત પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

   (A) સામાજિક ક્રિયા (B) સામાજિક પ્રતિરક્ષા

   (C) સમાજ કલ્યાણ (D) સમાજકાર્ય

10. સામાજિક પ્રતિરક્ષામાં કયા વ્યક્તિઓને લેવામાં આવ્યાં છે ?

   (A) અપરાધીઓ (B) બાળ અપરાધીઓ

   (C) મદ્યપાન કરવાવાળા વ્યક્તિ (D) ઉપરોક્ત તમામ

## 1.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) વિટમર હેલન
2. (A) 1973 માં
3. (B) ફ્રીડલેન્ડર
4. (B) સમાજકાર્ય
5. (B) સમાજ સુધારણાનો
6. (A) ધર્મ પૉલ ચૌધરી
7. (A) સામાજિક સેવા
8. (D) ઉપરોક્ત તમામ
9. (A) સામાજિક ક્રિયા
10. (D) ઉપરોક્ત તમામ

## 1.14 ચાવીરૂપ શબ્દો :

- **સમાજસેવા :** લાચાર વ્યક્તિને મદદ કરવી એ સમાજસેવા છે. સમાજસેવા માનવકલ્યાણને પ્રોત્સાહન પૂરું પાડનાર પરોપકારી પ્રવૃત્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **સમાજકાર્ય :** સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સામાજિક ક્રિયાશીલતા સંબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સામાજિક પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે.
- **સમાજકલ્યાણ :** સમાજના એવાં નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક કારણોસર સમાજ દ્વારા નિર્મિત સામાજિક સેવાઓ ઉપલબ્ધ કરવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યાં છે.
- **સામાજિક ક્રિયા :** સામાજિક પર્યાવરણમાં ઇચ્છિત પરિવર્તન લાવવા માટે કરવામાં આવેલાં પ્રયત્નોને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે.

## 1.15 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સમાજકાર્યની વ્યાખ્યાઓ આપી તેનો અર્થ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

2. સામાજિક ક્રિયા એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

3. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1989ના મુખ્ય ઉદ્દેશો શું હતાં ?

..................................................................

..................................................................

..................................................................

## 1.16 પ્રવૃત્તિ (Activities)

- તમારી નજીક બાળ કલ્યાણ પર કાર્યરત 5 NGOની સૂચિ બનાવો.
- તમારી નજીક મહિલા કલ્યાણ પર કાર્યરત 5 NGOની સૂચિ બનાવો.

## 1.17 કેસસ્ટડી (Case Study)

- આજના સમાજમાં કઈ પ્રથાઓને સમાજ સેવા અને સામાજિક કાર્ય તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ આપીને સમજાવો.
- સમાજ કલ્યાણની કલ્પનાને સમજ્યા પછી સમાજ કલ્યાણની તમારી પોતાની વ્યાખ્યા વિકસિત કરો.
- ભારતીય બંધારણ હેઠળ કોણ મફત કાનૂની સહાય મેળવી શકે છે.

## 1.18 સંદર્ભગ્રંથ


| | | |
|---|---|---|
| 1. | વ્યાવસાયિક સમાજકાર્ય | : ગીતા ચાવડા,<br>પ્રાપ્તિસ્થાન –લોકનિકેતન રતનપુર તાઃ પાલનપુર જિલ્લો : બનાસકાંઠા,<br>પ્રથમ આવૃત્તિ : મે– 2008 |
| 2. | વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો | : ડૉ. આનંદી પટેલ,<br>પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ– 26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ,<br>પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009 |
| 3. | समाजकार्य ऋद्मतिहास, दर्शन एवं प्रणालियाँ | : तृतीय संस्करण–२००२<br>डॉ. सुरेन्द्रसिंह – प्रोफेसर एवं विभाग अध्यक्ष<br>डॉ. पी. डी. मिश्र – प्रोफेसर<br>समाजकार्य विभाग, लखनऊ विश्वविद्यालय, लखनऊ |

# એકમ–2 સમાજકાર્યના વિકાસનો ઈતિહાસ, ઈંગ્લૅન્ડ, અમેરિકા અને ભારતમાં

## : એકમનું માળખું :

**2.0 એકમના હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 યુ.કે.(ઈંગ્લૅન્ડ), એલિઝાબેથ પુઅર લૉ–1601**

**2.3 ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી– 1869**

**2.4 ધ પુઅર લૉ કમિશન–1905,**

**2.5 ધ બેવરીઝ રિપોર્ટ 1941**

**2.6 સેટલમેન્ટ હાઉસ મૂવમેન્ટ**

**2.7 ઈંગ્લૅન્ડમાં સામાજ કાર્યનો ઈતિહાસ**

**2.8 ભારતમા સમાજકાર્યનો ઈતિહાસ**

**2.9 અમેરિકાનો સમાજકાર્યનો ઈતિહાસ**

**2.10 ઉપસંહાર**

**2.11 તમારી પ્રગતિ ચકાસો**

**2.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.13 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**2.14 સ્વાધ્યાય લેખન (Assignment)**

**2.15 પ્રવૃત્તિ (Activities)**

**2.16 કેસસ્ટડી (Case Study)**

**2.17 સંદર્ભગ્રંથ (Further Readings)**

## 2.0 એકમના હેતુઓ

- સમાજકાર્યની શરૂઆત કે તેના મૂળને સમજી શકીએ છીએ.
- વિવિધ કાયદાઓ જે સમાજકાર્ય સુસંગત છે તેની જાણકારી પ્રાપ્ત થાય છે.
- ભારતમાં સમાજકાર્યના ઈતિહાસને જાણી શકીએ છીએ.
- ઈંગ્લૅન્ડ અને અમેરિકામાં સમાજકાર્ય કેવું હતું તે જાણી શકાય છે.

## 2.1 પ્રસ્તાવના

શોષણ, દમન, અન્યાય, અસમાનતા એ માનવ પ્રકૃતિ અને સામાજિક પ્રકૃતિનો સ્વભાવ છે. ઈતિહાસના દરેક સમયમાં જે તે સમયની સામાજિક ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં આ તત્ત્વો પહેલાં જોવા મળ્યાં. આવા શોષણ સામે પ્રતિકાર કરવા એક નવી વિચારસરણી પણ ઉદ્ભવી; જેમાં દયા, પ્રેમ, સહાનુભૂતિ, સહાયતા, દાન, સહકાર વગેરે વિચારોનો પણ ઉદ્ભવ થયો. ઈંગ્લૅન્ડ, અમેરિકા કે ભારત દરેકના ઈતિહાસમાં નજર નાખતા જોવા મળશે કે સમાજકાર્યના મૂળ ઘણાં લાંબા સમય પહેલાં જ નખાઈ ગયેલા છે. તો આપણે આ એકમમાં સમાજકાર્યને વિવિધ કાયદાઓ અને ઈતિહાસના સ્વરૂપમાં સમજવાનો પ્રયત્ન કરીએ.

## 2.2 યુ.કે.(ઈંગ્લેન્ડ) એલિઝાબેથ પુઅર લૉ– 1601

કિવિન્ઝ એલિઝાબેથે 1558માં રાજ્યભાર સંભાળ્યો. 1563,1572,1576 માં નિર્ધન લોકો માટે કાયદો બનાવ્યો. આ કાયદો જે કર અને જબરદસ્તી હપ્તા ઉઘરાવવાવાળા લોકો રસ્તે રઝળતા લોકોને ફરજીયાત કામ પર લગાડવા, કામ કરવા ઈચ્છુક વ્યકિતઓને કામ આપવું અને ભિક્ષાગૃહ અને સુધારગૃહના નિર્માણ સબંધિત હતાં. આ કાયદો એલિઝાબેથ પુઅર લૉ અથવા 'ધ પુઅર લૉ ઓફ-1601' ના નામથી પ્રસિદ્ધ છે.

આ નવા કાયદામાં પિતા અને દાદાના ભરણ પોષણની જવાબદારી તેના સંતાનો ઉપર સોંપવામાં આવી. આ કાયદામાં ગરીબ નિર્ધન લોકોની દેખરેખની જવાબદારી તેના સ્થાનિક સમુદાય અથવા તેના વિસ્તાર(ગામ) ને આપવામાં આવી. ગામ અને સમુદાય એ ફકત એ જ નિર્ધન લોકોની સહાયતા કરશે કે જેને ગામની અંદર જ જન્મ લીધો હોય અથવા ઓછામાં ઓછા ત્રણ વર્ષથી તે ગામ અથવા વિસ્તારમાં રહેતા હોય.

તેમજ એવા કોઈ વ્યકિતની આ કાયદા અંતર્ગત રજીસ્ટ્રેશન કે નોંધણી નહિ થાય કે જે પતિ અથવા પત્ની, પિતા અથવા પુત્ર સહાયતા કરવાની સ્થિતિમાં હોય. પારિવારિક જવાબદારી અને સબંધિત જવાબદારી સિદ્ધાંતનો એ અર્થ છે કે, ''પરિવારના સદસ્યો અને સબંધિઓએ પોતાના નિર્ધન સદસ્યોના, ભરણપોષણ કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવવી પડશે અને સરકાર એવા જ નિર્ધન લોકોની સહાયતા કરશે કે જેમના પરિવાર તેની સહાયતા કરવા માટેની સ્થિતિમાં ન હોય.''

નિર્ધન કાનૂન અંતર્ગત ત્રણ શ્રેણીઓમાં નિર્ધનોની સહાયતા કરવા માટેની વ્યવસ્થા કરાય છે.

1. **સ્વસ્થ શરીર નિર્ધન :** આ શ્રેણીમાં એવા નિર્ધન લોકો અથવા ભિક્ષુકોનો સમાવેશ થાય છે કે જેઓ સ્વસ્થ શરીરવાળા છે. તેઓને સુધારગૃહ અને કાર્યગૃહોમાં કાર્ય કરવા માટે લગાવાયા. સ્વસ્થ શરીરવાળા ભિખારી ભિક્ષુકો અને આવારાગર્દી કરવાવાળા સુધારગૃહમાં કામ કરવાની મનાઈ કરે તો તેઓને જેલમાં કેદ કરી દેવા અને તેમના ગળા અને પગને બેડીઓથી બાંધી દેવા.

2. **લાચાર નિર્ધન :** આ શ્રેણીમાં એવા વ્યકિતઓને રાખવામાં આવશે જેઓ કામ કરવાની સ્થિતિમાં ન હોય તેવા વ્યકિતઓને ભિક્ષાગૃહમાં રાખવામાં આવશે. જો કોઈ લાચાર વ્યકિતને પોતાનું રહેવાનું સ્થળ હશે તો તેને ત્યાંજ રહેવા દઈને સહાયતા કરવામાં આવશે. જેનાંથી સહાયતાનો ખર્ચ પણ ઓછો થશે અને નિર્ધનોના ઓવરસિયર (Overseer) અધિકાર આપવામાં આવ્યો છે કે આવા વ્યકિતઓને તેમના ઘરમાં જ સહાયતા આપવી.

3. **પરાવલંબી બાળકો :** આ શ્રેણીમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જે બાળકોને તેમના માતા પિતાએ ત્યજી દીધાં હોય અથવા તેમના માતા–પિતા સહાયતા અથવા ભરણપોષણ માટે સક્ષમ ન હોય. આવા બધાં જ બાળકોના ભરણપોષણ માટે સરકાર નાગરિકો પાસે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી. જેઓ આ બાળકોમાં ભરણપોષણ માટે સરકાર પાસેથી ઓછામાં ઓછા પૈસાની માંગણી કરે. 8 વર્ષ કે એનાથી વધારે ઉંમરના બાળકો જે કાંઈ ઘરેલું કામ અથવા અન્ય કામ કરી શકે એવા બાળકોને કોઈ નાગરિક સાથે વચનબદ્ધ કરેલાં બાળકોએ માલિકના ઘરેલું કામકાજ અને તેનો વ્યવસાય શીખવો પડશે અને તેના ઘરમાં તે ૨૫ વર્ષની ઉંમર સુધી રહેવું પડશે. છોકરીઓને ઘરેલું કામ માટે રાખવામાં આવતી હતી. આ પ્રકારે તેમણે 21 વર્ષની ઉંમર સુધી અથવા લગ્ન થાય સુધી ત્યાં રાખવામાં આવતી હતી.

   જો બાળકના માતા–પિતા અથવા સબંધીઓ સાથે રહેતાં હોય અને તેઓ પોતે પણ નિર્ધન હોય તો તેઓને ગૃહઉદ્યોગ માટે સાધન સામગ્રી આપવામાં આવતી. જો આ પણ સંભવ ન હોય તો આવા બાળકોને નિર્ધનગૃહમાં રાખવામાં આવતાં.

   નિર્ધનોના ઓવરસિયર કાયદાને લાગુ પાડવા અને પ્રશંસનીક કામગીરી કરતાં તેઓની

નિયુક્તિ શાંતિના ન્યાયાધીશ અથવા મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવતી. આ અધિકારીઓની કામગીરી નિર્ધનો પાસેથી સહાયતા માટેના પ્રાર્થના પત્ર લેવા, તેમની સામાજિક પરિસ્થિતિ વિશે જાણકારી મેળવવી અને કેવા પ્રકારની સહાયતા આપવામાં આવશે તે સબંધિત બધાં નિર્ણયો લેશે.

નિર્ધન સહાયતા માટે નિર્ધનકર દ્વારા ખાતું સ્થાપિત થયું. વ્યકિતગત દાન, કાયદાકીય ઉલ્લંઘન પર થનાર જમાનત આવા બધાં જ પ્રકારના પૈસા આ ખાતામાં જમા કરાવવામાં આવતાં.

આ પ્રકારે 1601 નિર્ધન કાનૂની ઈંગ્લૅન્ડમાં 300 વર્ષ સુધી સરકારી જવાબદારીમાં એક જનસહાયતાના માપદંડને નિર્ધારિત કર્યા. આ સિદ્ધાંત દ્વારા જણાવવામાં આવ્યું કે પોતાના ક્ષેત્રોમાં નિર્ધનોની સહાયતાની જવાબદારી સ્થાનિક સમુદાય પર હોવી જોઈએ. કોઈ એક સ્થાન ઉપર અન્ય સ્થાનોથી આવવાવાળા નિર્ધનો જમા ન થઈ જાય એ માટે 1662માં "ધ લૉ ઓફ સેટલમેન્ટ" રજૂ કરવામાં આવ્યો.

## 2.3 ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી – 1869

1834માં 'પુઅર લૉ રીફોર્મલ' એ નિર્ધન સહાયતા ઉપર થનાર વ્યયને ઓછો કર્યો અને એનાથી વધુ ઉપયોગી સહાયતા લોકોને મળે તે માટેની વ્યવસ્થા કરી, પણ મિલ માલિક અને ઔદ્યોગિક શ્રમિકો વચ્ચે જે આર્થિક અસમાનતા વધી ગઈ તે આ અધિનિયમ તેનો નાશ  કરી શકયો નહિ. દેશના પરોપકારી વ્યકિતઓ ભિક્ષાગૃહોમાં થતી ક્રૂરતા અને હિનતામાંથી પોતાના ઓળખીતા વ્યકિતઓ, બાળકો, અપંગોને બચાવવા માટેના પ્રયાસ કરવા લાગ્યા. આના કારણે ઘણી બધી દાન સમિતિઓ બની ગઈ; પરંતુ તેની સખત આલોચના થવા લાગી. કેમ કે તેનાં ઉપર એવો આક્ષેપ લગાવવામાં આવ્યો કે, ''દાન સમિતિઓ દાનને નષ્ટ કરે છે અને પોતાના દાન અને ઉપહારોથી ભિક્ષાવૃત્તિને પ્રોત્સાહન આપે છે અને વ્યકિતને પરાવલંબી બનાવે છે.''

થોમસ ચામર્સના વિચારમાં વ્યકિતના પુનઃવર્સન માટે તેનામાં આત્મનિર્ભરતા લાવવી ખૂબ જરૂરી છે. આ સહાયતા સમિતિઓના મતાનુસાર નિર્ધનની નિર્ધનતાનું કારણ તેના વ્યકિતગત દોષો જ છે. સરકારી નિર્ધન સહાયતા અધિકારીઓનો પણ આ જ વિચાર હતાં. આ પરિસ્થિતિમાં સુધાર લાવવાની દ્રષ્ટિથી 1869માં લંડનમા 'Society Organizing Charitable Relief & Repressing Mandicity'ની સ્થાપના થઈ. જેનું નામ થોડા સમય પછી 'Charitable Organization Society' (COS) કરી દેવામાં આવ્યું. આ સિદ્ધાંતો પણ થોમસ ચાર્મસના  સિદ્ધાંતથી જ નિર્દેશિત થયાં છે. આ સોસાયટીએ ચાર્મસના આ વિચારોને માની લીધા કે વ્યકિત પોતાની નિર્ધનતા માટે જવાબદાર છે અને સહાયતા પ્રાપ્ત કરવી એ તેનાં આત્મ સન્માનને નષ્ટ કરે છે અને તેને ભિક્ષા પર રહેવા વિવશ કરી દે છે. આ સોસાયટીએ ચામર્સના વિચારોને અનુસંધાને એ પણ માન્યું કે નિર્ધન લોકોએ પોતાનું ભરણપોષણની પોતાની સંપૂર્ણ યોગ્યતાનો પ્રયોગ કરીને કરવું જોઈએ.આ સોસાયટી દ્વારા એક પૂછતાછ વિભાગ ખોલાયો. જેમાં પુઅર લૉ અધિકારીઓ, ચેરિટી સોસાયટી અને વ્યકિતગત પરોપકારી પુરુષો પાસેથી સહાયતા માંગવાવાળા લોકોની સૂચનાઓ મેળવતા હતાં. આ પ્રકારે એવા ઘણાં વ્યકિતઓ મળ્યા જેઓએ ભિક્ષાવૃત્તિને એક વ્યવસાયના રૂપમાં ધારણ કરી લીધો હતાં અને ઘણી સહાયતા સંસ્થાઓ પાસેથી સહાયતા પણ પ્રાપ્ત કરતા હતાં.

આ સોસાયટીએ નગરોને ખૂબ જ નાના જનજૂથોમાં વિભાજીત કર્યા. પ્રત્યેક જનજૂથમાં સહાયતા કાર્ય માટે નાગરિકોનો સમૂહ બનાવવામાં આવ્યો. જે સ્વયંસેવકોના રૂપમાં કાર્ય કરવા લાગ્યા. આ સ્વયંસેવકો પરિવારોમાં જઈને ધન, વસ્ત્ર, ખાદ્ય સામગ્રી વગેરે જેવી સહાયતા આપવા લાગ્યા અને સમયાંતરે પરિવારની જીવનધારાને બદલાવાના પ્રયાસો કરવા લાગ્યાં. મોટા જનજૂથોમાં આ કાર્ય માટે હફક દ્વારા વેતનીક કર્મચારી નિયુકત કરવામાં આવ્યાં.

આ સોસાયટી સરકારી નિર્ધન સહાયતાના વિરૂદ્ધમાં હતી અને પોતાના સદસ્યોને નિર્ધનો ઉપર થતો સરકારી વ્યય ઓછો કરવા માટેની સૂચના આપતી અને બિન સરકારી પ્રયાસોને પ્રોત્સાહન આપતી.

1869માં સ્થાપિત 'London Charity Organization Society'ની જેમ ઇંગ્લૅન્ડ અને સ્કોટલેન્ડના અન્ય શહેરોમાં પણ તેની સમિતિઓ બનાવવામાં આવી. 9 વર્ષ બાદ આ આંદોલન અમેરિકામાં પણ ફેલાઈ ગયું.

આ પ્રયાસોને ચાલતા 'ધ સેટલમેન્ટ હાઉસ આંદોલન' જેમાં મોટા મોટા વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થી ઝૂંપડપટ્ટીમાં જઈને ત્યાં રહેવા લાગ્યા અને મહત્ત્વપૂર્ણ કાર્ય એ હતું કે નિર્ધન સહાયતા કાર્યને પ્રભાવિત કર્યુ.

આ પ્રકારે સમાજના અનુસંધાનો સર્વેક્ષણ કરીને નિર્ધનતાના સ્વરૂપ અને કારણો જાણી નિર્ધન સહાયતા કાર્યને પ્રભાવિત કરવા માટેના પ્રયાસ કરવામાં આવ્યાં.

## 2.4 ધ પુઅર લૉ કમિશન-1905

વીસમી સદીના આરંભમાં ઇંગ્લૅન્ડમાં બેરોજગારી ખૂબ વધી ગઈ હતી. મુખ્ય રૂપથી કોલસાની ખાણોમાં કામ કરવાવાળા શ્રમિકો અને તેના પરિવારોએ નિર્ધન સહાયતા માંગવાનો આરંભ કરી દીધો. આ પ્રકારની સમસ્યાનું સમાધાન વર્તમાન નિર્ધન કાનૂન દ્વારા કરવું અઘરું થઈ પડયું. આ સમસ્યાના સમાધાન માટે 'રોયલ કમિશન ઓફ ધ પુઅર લૉ એન્ડ રીલીફ ઓફ ડીસ્ટ્રીઝ' આયોગની રચના કરવામાં આવી.

આ આયોગ દ્વારા ચાર ભલામણો કરવામાં આવી, જે આ પ્રમાણે દર્શાવી શકાય.

(1) પુખર લો યુનિયન અને સંરક્ષણોના મંડળના સ્થાન પર કાઉન્ટી કાઉન્સિલ સ્થાપિત કરવામાં આવી. જેનાંથી સ્થાનિક સહાયતા પ્રશાસને ત્રીજા ભાગ જેટલું તેમનું કામ ઓછું કરી દીધું.

(2) નિર્ધન સહાયતા દંડાત્મક પક્ષને સમાપ્ત કરી તેના સ્થાન ઉપર માનવીય જનસહાયતા કાર્યક્રમનો દ્રષ્ટિકોણ રાખવામાં આવ્યો.

(3) મિશ્રિત ભિક્ષાગૃહોને સમાપ્ત કરી દેવામાં આવ્યાં. માનસિક રોગીઓને ચિકિત્સાલયોમાં ઉપચાર માટે મોકલવામાં આવ્યાં અને બાળકોને પાલનગૃહ અથવા આવાસી વિદ્યાલયોમાં રાખવામાં આવ્યાં.

(4) વૃદ્ધો માટે રાષ્ટ્રીય પેન્શન, નિર્ધનો માટે ચિકિત્સાલયોમાં નિઃશુલ્ક ઉપચાર, સાર્વજનિક સેવાઓ , બેરોજગારી અને અશકતતાની સુવિધાઓની સાથે સામજિક વિમાના કાર્યક્રમને આરંભ કરવામાં આવ્યો. આ આયોગના સદસ્યોમાં આપસી મતભેદ રહયાં; પરંતુ આયોગના કાર્યોના ફળ સ્વરૂપ નવો કાયદો બનાવવા માટેના રસ્તા ખુલ્યાં.

## 2.5 ધ બેવરીઝ રિપોર્ટ – 1941

બીજા વિશ્વયુદ્ધ બાદ અનેક સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થઈ. જૂન 1941 માં ઇંગ્લૅન્ડમાં પોતાના સંપૂર્ણ સમાજ કલ્યાણ કાર્યક્રમમાં ક્રાંતિકારી સુધાર લાવવાનો આરંભ કરી દીધો. લોર્ડ વિલિયમ્ બેવરીઝની અધ્યક્ષતામાં ખાનગી રીતે અંદરખાને અનેક આયોગની રચના કરવામાં આવી. (Inten Department Commission on Social Insurance & Allied Services)આ આયોગનું કાર્ય બ્રિટીશ સામાજિક સેવાઓની રચના અને કાર્યકુશળતાની દેખરેખ રાખવાનું હતું અને ભલામણો કે સૂચનો રજૂ કરવાનું હતું. આ આયોગ દ્વારા રજૂ કરવામાં આવ્યું કે જરૂરિયાતની સાથે સાથે ચાર બીજા દાનવ (1) બીમારી (2) અજ્ઞાનતા (3) મલિનતા (4) નિરક્ષરતા પણ માનવ કલ્યાણ માટે બાધારૂપ છે.

'ધ બેવરીઝ રિપોર્ટ' એ સામાજિક સુરક્ષાની એક નવી પદ્ધતિનું નિર્માણ કર્યુ; જેનો ઉદ્દેશ્ય પ્રત્યેક નાગરિકોને સહયોગ દ્વારા એક જ સ્તર ઉપર લાવવાના પ્રયત્નો કર્યા. આ માટે પાંચ કાર્યક્રમો આધારિત સામાજિક સુરક્ષાની વ્યાપક પદ્ધતિનું સ્થાપન કર્યુ. આ પાંચ કાર્યક્રમો નીચે મુજબ છે.

1. સામાજિક વીમો.

2. જન સહાયતા.

3. બાળકો માટે ફંડ – જેને પાછળથી પારિવારિક ફંડ નામ આપવામાં આવ્યું.

4. વ્યાપક નિઃશુલ્ક અને પુનઃવસનની સેવા.

5. પૂર્ણ રોજગારી માટે અનુરક્ષણ.

સામાજિક સુરક્ષાના આ વ્યાપક કાર્યક્રમ માટે છ સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યાં છે; જે નીચે દર્શાવેલ છે.

1. એકીકૃત પ્રસાસન.
2. વ્યાપક સંરક્ષણ.
3. બધાનો સામાન્ય ફાળોદર.
4. સામાન્યદરની સુવિધાઓ.
5. સહાયતા પ્રાપ્ત કરનાર વ્યકિતની મૌલિક જરૂરિયાતની પ્રાપ્તિ માટે પર્યાપ્ત માત્રામાં સુવિધા.
6. જનસંખ્યાનું વર્ગીકરણ.

આ રિપોર્ટમાં ઉપરોકત છ સિદ્ધાંતો કે વર્ગોનો સૂજાવ આપવામાં આવ્યો; પરંતુ રાષ્ટ્રીય વીમા અધિનિયમ 1946માં ફકત ત્રણ વર્ગો જ બનાવવામાં આવ્યાં.

બેવરીઝ રિપોર્ટ બ્રિટનમાં આધુનિક સમાજકલ્યાણનો આધાર બની ગયો અને અન્ય દેશોએ પણ આ રિપોર્ટને આદર્શ તરીકે સ્વીકાર કર્યો.

બ્રિટીશ સામાજિક સુરક્ષા કાર્યક્રમની આધુનિક સંરચના બેવરીઝ રિપોર્ટ પર આધારિત છે. આમાં થોડાઘણાં સંશોધનો કરવામાં આવ્યાં. 1944 મા ‘Ministry of Pension and National Insurance’ નું સંગઠન ઘડવામાં આવ્યું. તેના અંદર જ એક વિભાગ ‘National Asststance’ બનાવવામાં આવ્યો. જે સહાયતાના કાર્યને લાગુ કરતું હતું.

આ સામાજિક સુરક્ષાના મુખ્ય કાર્ય આ પ્રમાણે દર્શાવી શકાય.

1. વ્યાપક સામાજિક વીમા યોજના National Insurance (Industrial & Injuries) એક 1946 ઉપર આધારિત છે.
2. Family Allounce act.1945 દ્વારા પારિવારિક ભથ્થા પદ્ધતિની રચના કરવામાં આવી.
3. National Assitant act.1948 પર આધારિત જન સહાયતા માટેના પૂરક કાર્યક્રમો બનાવવામાં આવ્યાં.
4. National Health Service act-1946 દ્વારા નિર્મિત જનસ્વાસ્થ્ય સેવાઓનું પ્રદાન

ઉપરોકત કાર્યો દ્વારા જાણી શકાય કે સંપૂર્ણ સુરક્ષા યોજનાની આધારશીલા સામાજિક વીમા પદ્ધતિ કે જેમાં સ્વાસ્થ્ય વીમો, બેરોજગારી વીમો, વૃદ્ધાવસ્થા અને અસકતતા વીમો, કાર્યગારી ક્ષતિ પૂર્તિ અને વિવાહ, બાળ જન્મ ઉપરાંત વિવિધ સંસ્કારમાં થતાં વ્યય માટે વિશેષ અનુદાન આ પ્રકારે સામાજિક સુરક્ષાનો કાર્યક્રમ વ્યકિતઓની બીમારી, બેરોજગારી, વૃદ્ધાવસ્થા, અશકતતા અને મૃત્યુના ખતરામાં સુરક્ષા પ્રદાન કરે છે. રાષ્ટ્રીય વીમા અધિનિયમ હેઠળ જન સંખ્યાનું વર્ગીકરણ ત્રણ વર્ગોમાં કરવામાં આવે છે.

1. સેવા યોજીત વ્યકિત
2. સ્વ યોજીત વ્યકિત : સેવા યોજક, વ્યવસાયના સદસ્ય
3. સ્વતંત્ર કલાકાર અને કારીગર

બેરોજગાર વ્યકિત – વિવાહિત મહિલાઓ ઘરમાં જ રહેતી હોય તેનો સમાવેશ થાય છે.

સામાજિક સુરક્ષાના આ અધિનિયમમાં સમયાંતરે સંશોધન કરીને સામાજિક સુરક્ષાના કાર્યક્રમોમાં ઘણી

વખત યોગ્ય પરિવર્તન કરવામાં આવે છે. 'The Social Security Benifit Act –1975'માં ઇંગ્લૅન્ડે જનતા માટે વ્યાપક સામાજિક સુરક્ષા કાર્યક્રમ નિર્મિત કર્યા છે.

સામુદાયિક સેવાઓના ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સેવા આવાસ, શિક્ષા, મનોરંજન તેમજ કાર્યકારી સહકાર સેવા સમિતિ બનાવવામાં આવી. શ્રમકલ્યાણના ક્ષેત્રમાં પણ ઘણા અધિનિયમ રજૂ કર્યા અને સુધારના ક્ષેત્રમાં પણ અધિનિયમ બનાવવામાં આવ્યાં.

## 2.6 સેટલમેન્ટ હાઉસ મૂવમેન્ટ

ઈ.સ. 1887માં ન્યુયોર્કમાં પ્રથમવાર પ્રથમ સેટલમેન્ટ હાઉસની સ્થાપના થઈ. જેનો ઉદ્દેશ વિવિધ સમસ્યાનો ભોગ બનેલા વ્યકિત, જૂથ અને સમાજના સંગઠનો જે વિવિધ સમસ્યાનો સામનો કરતાં હોઈ તેમના માટે સક્ષમ બનાવવાના પ્રયાસો તથા વિકાસ માટેના પ્રયાસો કરવાનો હતાં. 1891માં એનું નામ 'યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસ' રાખવામાં આવ્યુ હતું. સેટલમેન્ટ હાઉસ આંદોલનના અનેક ઉદ્દ્શ્યો હતાં. જેમાંનો એક ઉદ્દેશ્ય ઔદ્યોગિકરણને પરિણામે ઊભી થયેલી સમસ્યાઓ જેવી કે આવાસ, આરોગ્ય, લઘુત્તમ જરૂરિયાતો, સંગઠન, વેતન વગેરે બાબતમાં ન્યાયપૂર્ણ વલણ દાખવવામાં આવે અને શોષણયુકત પ્રવૃત્તિઓને નાથવાનું કે નાબૂદ કરવાનું હતું. સેટલમેન્ટ હાઉસમાં આવી સમસ્યાનો ભોગ બનેલા લોકોને શિક્ષણ અને મનોરંજનના સાધનો પૂરા પાડવામાં આવતા હતાં. તે ઉપરાંત ભોગ બનેલા લોકોને આવાસ, સ્વચ્છતા તથા લઘુત્તમ મજૂરીના સબંધમાં સમાજસુધારણાના આંદોલન પણ ચલાવવામાં આવતા હતાં. જે શહેરોમાં સામાજિક વિઘટન વિશેષ પ્રમાણમાં જોવા મળતું હતું. તેની પરિસ્થિતિમાં સમાજ વિઘટિત ન બને તેના માટેના પ્રયત્નો કરવામાં આવતા તથા અમેપણાની ભાવનાનો વિકાસ કરવો એ પણ આ આંદોલનનો ઉદ્દેશ હતાં અને તેના માટેના પ્રયત્નો; તેના કાર્યકરો દ્વારા કરવામાં આવતાં. આમ સેટલમેન્ટ હાઉસમાં વ્યકિત કરતાં સમૂહોની સેવાનો પ્રબંધ કરવામાં આવતો હતાં અને આ રીતે ત્યાં સામાજિક સામૂહિક સેવાકાર્યની ઉત્પત્તિ કે શરૂઆત થઈ.

આમ સેટલમેન્ટ હાઉસ એ જૂથકાર્ય પદ્ધતિના મૂળમાં છે. જૂથ કાર્ય પદ્ધતિની શરૂઆત એ મૂળ ન્યુયોર્કમાં પ્રથમવાર સેટલમેન્ટ હાઉસના સ્વરૂપમાં થઈ. જેમાં જૂથની વ્યકિતમાં તેમજ તેની આસપાસના લોકો, સમાજ, સંજોગો, સ્થિતિનો કે પડકારોનો સામનો કેવી રીતે કરવો તેની સમજણનો અભાવ હોય છે. તેવાં વ્યકિતઓને સેટલમેન્ટ હાઉસના કાર્યકરો તેમના માટે શૈક્ષણિક અને જૂથ પ્રવૃત્તિઓને વિકસાવીને તેમજ સમૃદ્ધ બનાવીને સમાજમાં તથા સામાજિક પર્યાવરણમાં અને રાજકીય તંત્રોમાં જરૂરી પરિવર્તન લાવવાનું કાર્ય કરતા હતાં, જેથી વ્યકિત તથા જૂથો વચ્ચેની આંતરક્રિયા સ્વસ્થ બનાવી શકાય.

## 2.7 ઈંગ્લૅન્ડમાં સમાજકાર્યનો ઈતિહાસ

ઈંગ્લૅન્ડમાં સમાજકાર્યના ઈતિહાસને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે; જે નીચે પ્રમાણે છે.

1. અવિવેકપૂર્ણ દાનનો યુગ

2. યોગ્ય ગરીબો માટે સહાયતા તથા શારીરિક સ્વસ્થ વ્યકિતઓને સહાયતાનો યુગ

3. સમન્વય તથા નિયંત્રણનો યુગ

4. આવક અનુરક્ષણ યુગ

ઉપરોકત ચાર ભાગોની વિસ્તૃત માહિતી આ પ્રમાણે દર્શાવી શકાય.

### 2.7.1 અવિવેકપૂર્ણ દાનનો યુગ :

14મી સદી સુધી ગરીબો, અપંગો તથા અનાથોને ભિક્ષા આપવી એ એક પુણ્યનું કામ માનવામાં આવતું. ચર્ચનું મુખ્ય કામ ગરીબોને કામ આપવાનું તથા સહાયતા કરવાનું હતું. આ સહાયતા સબંધી કાર્યની જવાબદારી મુખ્યત્વે પાદરીઓ સ્થાનિક પાદરીઓ તથા પાદરીઓની નીચેના સ્તરના ડેકન્સના નામે ઓળખાતા અધિકારીઓની હતી. ખ્રિસ્તી ધર્મને રાજધર્મનો દરજ્જો મળ્યો હોવાથી ચર્ચમાં ગરીબો માટે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી જે અનાથો, વૃદ્ધો, રોગીઓ અને અપંગોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરતી હતી. સાથે સાથે બેઘર લોકોને આશ્રય પણ આપતી. જેનાંથી

ભિક્ષાવૃત્તિમાં વધારો થયો. રાજયને આ બાબત સારી ન લાગી. એક ઐતિહાસિક ઉલ્લેખ અનુસાર ઈ.સ.1839માં ગરીબોની સહાયતા માટે ઇંગ્લૅન્ડમાં તથા વેલ્સની 1.53 લાખ 57 હજારની વસ્તીમાં ગરીબો પાછળ આટલો બધો ખર્ચ કરવા છતાં તેનાથી કોઈ ફાયદો થયો નહિ.

### 2.7.2 યોગ્ય ગરીબો માટે સહાયતા તથા શારીરિક સ્વસ્થ વ્યકિતઓને સહાયતાનો યુગ :

ઈ.સ. 1349 માં કિંગ એડવર્ડ દ્વારા આદેશ આપવામાં આવ્યો કે, ''શારીરિક રીતે રૂષ્ટપુષ્ટ દરેક વ્યકિત કોઈને કોઈ કામ ફરજિયાત રીતે અવશ્ય કરે. પોતાના ઘર સિવાય અન્યના ઘરે કામ કરે.'' આ એક એવો પ્રથમ પ્રયાસ હતાં જેમાં ગરીબો માટે ગરીબ વ્યકિતને જવાબદાર માનવામાં આવી. શારીરિક રીતે સક્ષમ વ્યકિતઓને ભિક્ષા પર આધારિત રહેવાને બદલે કામ કરવા માટે ફરજિયાત ગણવામાં આવ્યાં. ઈ.સ. 1531માં હેનરી કાયદા દ્વારા ભિખારીઓ માટે નોંધણી જરૂરી માનવામાં આવી અને તેઓને ચોકકસ ક્ષેત્રવાર ભિક્ષા માંગવા માટેનું લાયસન્સ આપવામાં આવ્યું. આ કાયદા અનુસાર નગર પ્રમુખ તથા શાંતિ ન્યાયાધીશોને આદેશ આપવામાં આવ્યો કે, ''તેઓ કામ કરવા માટે અસમર્થ તથા વૃદ્ધો ગરીબોના પ્રાર્થના પત્રોની ઓળખ કરે, તેની નોંધણી કરે, તેમને નિર્ધારિત ક્ષેત્રમાં ભિક્ષા માંગવા માટેનું લાયસન્સ આપવામાં આવે.'' હેનરી દ્વારા ચર્ચની સંપત્તિ જપ્ત કરવામાં આવતા ભિખારીઓની સહાયતા માટે બીજી પદ્ધતિ અપનાવવાની આવશ્યકતા પેદા થઈ; જેમાં ઈ.સ. 1532માં કારીગરોના કાનૂન દ્વારા મજૂરો તથા કામ કરનારાઓનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો. ઈ.સ. 1536માં પ્રથમવાર ઇંગ્લૅન્ડમાં સરકાર દ્વારા ગરીબોની સહાયતા માટે એક યોજના બનાવવામાં આવી. એવા ગરીબો કે જેઓ 3 વર્ષથી કાઉન્ટમાં રહે છે તેમના નિવાસસ્થાનોની નોંધણી કરવામાં આવી. ચર્ચ દ્વારા નિવાસીઓ દ્વારા ધન એકત્રિત કરી નિવાસમાં વસવાટ કરતાં અન્ય અસમર્થ ગરીબોના પાલન પોષણ માટે ધનની વ્યવસ્થા કરવામાં આવી. 5 થી 14 વર્ષના રખડતા આળસુ બાળકોને તેમના માતા–પિતા પાસેથી લઈ પ્રશિક્ષણ માટે શિક્ષકોને સોંપવામાં આવ્યાં. આ ઉપરાંત દાનના ઉપયોગ અંગેનો કાયદો બનાવવામાં આવ્યો. જેમાં જેલના કેદીઓને મુકિત, ગરીબોને સહાયતા, શિક્ષણની વ્યવસ્થા, અનાથોની દેખભાળ તથા પ્રશિક્ષણ જેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. ઈ.સ. 1576માં સુધારગૃહ સ્થાપિત કરવામાં આવ્યાં. જેમાં ખાસ કરીને તંદુરસ્ત ગરીબો તથા યુવકો પાસે ફરજીયાત કામ કરાવવામાં આવતું. ગરીબો માટે 1607માં એલિઝાબેથ પુઅર લૉનો કાયદો ઘડવામાં આવ્યો. જેને 43 એલિઝાબેથ તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે છે.

પુઅર લૉ દ્વારા ત્રણ પ્રકારના ગરીબોને સહાયતા કરવાની વ્યવસ્થા કરવામાં આવી, જે નીચે મુજબ છે.

1. **સ્વસ્થ શરીરવાળા ગરીબો :** સ્વસ્થ શરીરવાળા ગરીબો તથા ભિખારીઓને સુધારગૃહ તથા કાર્યગૃહમાં કામ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું.
2. **શકિતહિન ગરીબો :** કાર્ય કરવા માટે અસમર્થ, રોગી, વૃદ્ધ, અંધ, બહેરા, મુંગા, બાળકો, નાની ઉંમરે માતા બનતી સ્ત્રીઓ વગેરેને જીવન જરૂરી પ્રાથમિક સુવિધા અન્ન, વસ્ત્ર, રહેઠાણ આપવામાં આવ્યું અને તેમના માટે સુધારગૃહની વ્યવસ્થા કરવામાં આવી.
3. **આશ્રિત બાળકો :** અનાથ, માતા–પિતા દ્વારા ત્યજાયેલ અને ગરીબ માતા–પિતાના બાળકોનો સમાવેશ આ શ્રેણીમાં થાય છે. તેમને એવા નાગરિકો સાથે રહેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી કે જેઓ સરકાર પાસેથી તેમના પાલન પોષણ માટે ઓછામાં ઓછા પૈસાની માંગણી કરે.

ઈ.સ. 1662માં એક વસ્તી કાનૂન બનાવવામાં આવ્યો.(સેટલમેન્ટ એકટ) આ કાયદા દ્વારા શાંતિના ન્યાયાધિશોને અધિકાર આપવામાં આવ્યો કે, ''તેઓ સ્થળાંતર કરીને નવી જગ્યા પર આવેલ વ્યકિતને તેના મૂળ સ્થાને મોકલી શકતાં; પરંતુ આવા ગરીબો નિરીક્ષકો માટે ભવિષ્યમાં બોજરૂપ બનતાં.''

– 1696માં કાર્યઘર કાનૂન (વર્કહાઉસ એકટ) બનાવવાથી બ્રિસ્ટલ તથા અન્ય શહેરોમાં કાર્યઘરોની સ્થાપના કરવામાં આવી.

– 1712માં નિરીક્ષકોને ઉત્પાદન કર્તાઓ સાથે કામ કરવા માટે ઈચ્છુક ગરીબો વચ્ચે સંકલન કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

– 1782માં નિર્ધન કાનૂન સંશોધન અધિનિયમ બનાવવામાં આવ્યો. જેને ગિલબૂર્ટ કાનૂન તરીકે પણ ઓળખવામાં આવે છે. એ અંતર્ગત કાર્યગૃહોની ઠેકેદારી વ્યવસ્થા નાબૂદ કરવામાં આવી. ગરીબોના નિરીક્ષકોના સ્થાને વેતન મેળવતા નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી.

### 2.7.3 સમન્વય તથા નિયંત્રણનો યુગ :

ઈ.સ. 1832માં પુઅર લૉ વહીવટ તથા વ્યાવહારિક કાર્ય વૃદ્ધિની દેખભાળ માટે શાહી આયોગની નિયુકિત કરવામાં આવી. આ આયોગના સચિવ એડવીન હતાં. આ આયોગે એવું જણાવ્યું કે ગરીબોને સહાયતા દ્વારા બાળકો તથા સ્વસ્થ શરીરવાળા વ્યકિતઓને પ્રેરણા મળવાથી ભિક્ષાવૃત્તિને પ્રોત્સાહન મળે છે. જેથી આ આયોગ દ્વારા નીચે પ્રમાણેના સૂચનો કરવામાં આવ્યાં.

- આંશિક સહાયતા નાબૂદ કરવામાં આવે.
- સહાયતા પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનાર તમામ સક્ષમ લોકોને કાર્યઘરમાં મૂકવામાં આવે.
- માત્ર રોગી, વૃદ્ધ, અશકત, નવજાત શિશુઓની માતાઓને ઘરે સહાયતા આપવામાં આવે.
- વિવિધ નિવાસોમાં સહાયતા સબંધી કાર્યો એકત્રિત કરી નિર્ધન કાનૂન સંઘ અંતર્ગત સંગઠન બનાવવામાં આવે.
- સહાયતા મેળવનાર વ્યકિતઓની પાત્રતા કામ કરનાર લોકોની સરખામણીએ નીચી આપવામાં આવે.
- નિયંત્રણ સ્થાપિત કરવા માટે એક કેન્દ્રિય પરિષદની સ્થાપના કરવામાં આવે.

દર્શાવેલ સૂચનોના આધાર પર ઈ.સ. 1834માં નવો પુઅર લૉ બનાવવામાં આવ્યો; જેમાં શારીરિક રીતે સ્વસ્થ શરીરવાળા લોકોને રાખવા સહરક્ષક પરિષદ દ્વારા પ્રસારિત ગરીબ કાનૂન સંઘોનું નિર્માણ કરવું. ઉપરાંત ગરીબોની સહાયતાના ક્ષેત્રમાં એકરૂપતા પૂર્ણ નીતિના નિર્ધારણ માટે સ્થાયી શાહી નિર્ધન કાનૂન આયોગ બનાવવાની જોગવાઈઓ હતી. ઈ.સ. 1869માં દાન સહાયતા સંગઠન અને ભિક્ષાવૃત્તિ દમન સમિતિની રચના લંડનમાં થઈ. જેનું નામ કેટલાંક વર્ષો બાદ બદલાવીને ‘દાન સંગઠન સમિતિ’ એવું રાખવામાં આવ્યું.

### 2.7.4 આવક અનુરક્ષણ યુગ :

આ યુગનું વિવરણ બે ભાગમાં કરવામાં આવે છે; જે આ પ્રમાણે છે.

**1. બેવરીજ રિપોર્ટ પહેલા**

ઈ.સ. 1905માં લોર્ડ હેમિલ્ટનની અધ્યક્ષતામાં નિર્ધન કાનૂન તથા દુઃખ નિવારણ શાહી આયોગની રચના કરવામાં આવી. આ આયોગના સૂચનો અનુસરણમાં 1905માં બેકાર કારીગર અધિનિયમ પસાર કરવામાં આવ્યો.જેનાં આધારે સ્થાનિક દુઃખ નિવારણ સમિતિ દ્વારા બેકારોને સહાયતા કરવાની જોગવાઈ હતી. 1911માં રાષ્ટ્રીય વિમા કાયદો બનાવવામાં આવ્યો. જેમાં નીચી આવક ધરાવતા સમૂહના શ્રમિકોને અનિવાર્ય પણે સ્વાસ્થ્ય વિમા અંતર્ગત સમાવામાં આવ્યાં. 1925માં વિધવા, અનાથ, વૃદ્ધાવસ્થા પેન્શન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જે અંતર્ગત 65 વર્ષથી વધુ ઉંમરની સ્ત્રીઓ, વિધવાઓ તથા 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો સમાવેશ વિમા યોજનામાં કરવામાં આવ્યો. જૂની નાણાકીય વ્યવસ્થા માલિકો તથા શ્રમિકો દ્વારા ભાગીદારીથી કરવામાં આવી. આ રકમનો સંગ્રહ અને વહીવટ માન્યતા પ્રાપ્ત સમિતિ દ્વારા કરવામાં આવ્યો. વીમા યોજનાનો લાભ દરેકને

સમાન રીતે પોસ્ટના માધ્યમથી આપવામાં આવતો. 1925માં સ્થાનીય શાસન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં નિર્ધન કાનૂન સંઘો તથા સંરક્ષક પરિષદોને નાબૂદ કરી ગરીબોની સહાયતા માટે વહીવટી જવાબદારી  કાઉન્ટી કાઉન્સિલ અને બ્યુરો કાઉન્સિલને સોંપવામાં આવી. 1931માં રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અધિનિયમ બનાવવામાં આવ્યો. જે અંતર્ગત રાજયની એવી બેકાર વ્યક્તિઓને સહાય પૂરી પાડવામાં આવી કે જેઓએ બેકારી વિમા અંતર્ગત તમામ લાભો મેળવ્યા છે અથવા મેળવવા પાત્ર ન હોય. ત્યારબાદ 1934માં બેકારી અધિનિયમ પસાર કરવામાં આવ્યો જે અંતર્ગત બેકારી સહાયતાની વહીવટી જવાબદારી 'બેકારી સહાયતા બોર્ડ'ને સોંપવામાં આવી. 1939માં બોર્ડ દ્વારા યુદ્ધમાં શિકાર બનેલ વ્યક્તિઓના ભથ્થાની જવાબદારી સ્વીકારી અને 1940માં વૃદ્ધાવસ્થા પેન્શન અધિનિયમ બનાવવામાં આવ્યો.

**2. બેવરીજ રિપોર્ટ અને તેના પછી :**

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જૂન 1941માં ઇંગ્લૅન્ડે તમામ કલ્યાણકારી કાર્યક્રમોમાં સુધારા કરવાનો પ્રારંભ કર્યો. લોર્ડ વિલિયમ બેવરીજની અધ્યક્ષતામાં એક સામાજિક વિમો તથા સબંધિત સેવાઓ પર આંતર વિભાજન આયોગની રચના કરવામાં આવી. આ આયોગના રિપોર્ટમાં પાંચ કાર્યક્રમો પર આધારિત સામાજિક સુરક્ષા માટેની એક યોજના રજૂ કરવામાં આવી. આ યોજના આ પ્રમાણે છે.

- આંશિક સહાયતા નાબૂદ કરવામાં આવે.
- જન સહાયતા
- બાળકો માટે ભથ્થું
- વ્યાપક સ્તરે નિઃશુલ્ક સ્વાસ્થ્ય તથા પુનઃવસન સેવાઓ
- પૂર્ણ રોજગારીની ખાતરી

1975માં સામાજિક સુરક્ષા લાભ અધિનિયમ બનાવવામાં આવ્યો. જેણે ઇંગ્લૅન્ડના નિવાસીઓને વ્યાપક સામાજિક સુરક્ષા પૂરી પાડી. વર્તમાન સમયમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા, વૈયકિતક સમાજસેવા તથા સામાજિક સુરક્ષા ઇંગ્લૅન્ડમાં પૂરી પાડવામાં આવતી. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા અંતર્ગત વ્યાપક રૂપે ચિકિત્સકીય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સ્થાનિક વ્યવસ્થા વૈયકિતક સમાજસેવા તથા સ્વૈચ્છિક સંગઠનો, વૃદ્ધો, અસમર્થો તથા દેખભાળની આવશ્યકતા ધરાવતા બાળકોને સહાયતા તથા પરામર્શ પૂરાં પાડે છે. સામાજિક સુરક્ષા વ્યવસ્થા નાણાંની જરૂરિયાત માટે આશ્વાસન પૂરું પાડે છે. તેના માટે આ વ્યવસ્થા અંતર્ગત રોજીરોટી કમાવવાની અસમર્થતાના સમયમાં આવક પૂરી પાડવામાં આવે છે અને પરિવારોને સહાયતા પૂરી પાડવામાં આવે છે.

## 2.8 ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ

સમાજકાર્ય ભારતમાં એટલું જ પ્રાચીન છે જેટલું જગતમાં અન્ય ભાગોની અંદર છે. ઈંગ્લૅન્ડ અને અમેરિકામાં સમાજકાર્ય સમાજકાર્યનો વિકાસ સંસ્થાગત સેવા સામાજિક સુરક્ષા કે સાધનોના રૂપમાં થયો. પરંતુ ભારતમાં અંગ્રેજોના સમયમાં એટલે કે 19મી સદીથી સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી સમાજકાર્યનો વિકાસ રાજનૈતિક આધિનતા અને અન્ય સામાજિક આર્થિક કારણોથી થઈ શકયો નથી.

સ્વતંત્રતા બાદ ભારતમાં સમાજકાર્યના ક્ષેત્રમાં નવીન યુગનો આરંભ થયો; પરંતુ એક વ્યાવસાયિક રૂપે તેને પૂર્ણપણે મહત્ત્વ આજે પણ મળ્યું નથી. ભારતની અંદર સમાજકાર્યનો ઉલ્લેખ અને વિવેચન ચાર વિભાગમાં થાય છે.

1. સામુદાયિક જીવનકાળ
2. દાનકાળ
3. ધાર્મિક સુધારકાળ અને ધર્મ નિરપેક્ષકાળ

4. વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ

ઉપરોક્ત દર્શાવેલ કાળને વિગતે સમજૂતી આ રીતે આપી શકાય.

### 2.8.1 સામુદાયિક જીવનકાળ :

સિંધુ ઘાટીની સભ્યતાના મોંહેજો દડો તથા હડપ્પામાંથી પ્રાપ્ત અવશેષોથી એ ખ્યાલ આવે છે કે આ સમયમાં નગર વ્યવસ્થા ખૂબ સારી હતી, જેમાં દાસ પ્રથા પણ અસ્તિત્વમાં હતી; પરંતુ દાસોની જરૂરિયાત તેમજ તેમના કલ્યાણની પણ વ્યવસ્થા કરવામાં આવતી. વૈદિક કાળમાં સમાજકાર્ય શાસન, સુરક્ષા તથા વ્યાપાર સબંધિત હતું. આ યુગમાં યજ્ઞ, હવન તથા દાનનું પ્રચલન હતું. સમાજના બધાં જ સભ્યો એક સાથે કાર્ય કરતા હતાં અને તેમના સામૂહિક શ્રમના ફળને બધાં જ સદસ્યોમાં વહેંચવામાં આવતું. યજ્ઞ જીવન તથા ઉત્પત્તિને બનાવી રાખવા સામુદાયિક ક્રિયાઓમાં સંકલન હતું. સામૂહિક પ્રયાસોના પરિણામ સ્વરૂપ દિન–પ્રતિદિન થવાવાળા લાભોનો આશ્રિત સભ્યોમાં વહેંચવામાં આવતું. દાન અને પ્રસન્નતાના અવસરો પર સમુદાયના લોકો યુદ્ધમાંથી મળેલી વસ્તુઓને અંદરો અંદર વિતરણ કરતાં. આ વ્યવસ્થા સમુદાયના દરેક વ્યકિતની જરૂરિયાતોને પૂર્ણ કરવાની જવાબદારી અન્ય દરેક વ્યકિતઓ પર હતી.

વૈદિક કાળમાં સહાયતા અને આવશ્યકતા પૂર્તિની જવાબદારી શાસકો અને ધનિક વ્યકિતઓ વચ્ચે વહેંચી લેવામાં આવી હતી. આ કાર્યમાં મંદિર તથા આશ્રમોની સ્થાપના તેને માટે સંપત્તિની વ્યવસ્થા તથા તેના સંતો અને મહાત્માઓના મંત્રોનું નિર્માણ તથા તેમાં રહેવાવાળા લોકો માટે ભોજન તથા બીજી જરૂરિયાતની ચીજવસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવતી.

બૌદ્ધકાળમાં પણ લોકોના કલ્યાણ માટે ભગવાન બુદ્ધે રસ્તાઓ બનાવ્યા બંધો બંધાવ્યા, પૂલો બનાવ્યા, તળાવો બનાવ્યા તથા સમાજમાં જોવા મળતી પરંપરાગત અને કુરીતિઓનો વિરોધ કર્યા.

### 2.8.2 દાનકાળ :

આ કાળમાં ધાર્મિક પ્રેરણાથી સમાજ સેવાઓ શરૂ થઈ અને અનેક પ્રકારના સામાજિક કલ્યાણકારી કાર્યો જેવાં કે મંદિરો, તળાવો, કૂવા બનાવવા, વૃક્ષો વાવવા, મંદિરો બનાવવા, ધર્મશાળા, આશ્રમશાળા કે દવાખાનાઓ બનાવવા વગેરે કાર્યો સામાજિક મોભો સન્માન તેમજ મોક્ષ મેળવવા માટે કરવામાં આવતા.

મુસ્લિમો ભારતમાં આવ્યાં પછી તેઓના દ્વારા ભારતીય સામાજિક વ્યવસ્થાને ઈસ્લામના સિદ્ધાંતો અનુસાર ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઈસ્લામની જકાત અને ખેરાતને સામાજિક સ્વીકૃતિ મળી. ભારતીય મુસલમાન પોતાની આવકના ૨.૫% ભાગ ચોકકસ રૂપથી નિર્ધન તથા જરૂરિયાતમંદ વ્યકિતઓને આપે છે. અનેક મુસલમાન રાજાઓ અને શાસકોએ આવશ્યકતા ગ્રસ્ત વ્યકિતઓ માટે સમયે સમયે અનેક પ્રકારની સમાજ સેવાઓ જેવી કે રોગીઓ માટે દવાખાના, બાળકોના શિક્ષણ માટે શાળાઓ, યાત્રીઓ માટે મુસાફર ખાનાઓ વગેરે બનાવ્યા.મદ્રેસાના શિક્ષણથી મુસલમાન સમુદાયમાં ખૂબ જ પ્રગતિ થઈ અને પ્રચલિત બન્યું.

અકબરના શાસનકાળ દરમ્યાન અનેક પ્રકારના સમાજ સુધારના કાર્યો થયાં. તેમણે 'દિન એ ઈલાહી ધર્મ'ની સ્થાપના કરી. પોતાના રાજયને ધર્મ નિરપેક્ષ રાજય જાહેર કર્યુ. દાસ પ્રથા સમાપ્ત કરી. તેમણે દ્વિપત્ની વિવાહ પર રોક લગાવી તથા વિવાહની ઉંમર સીમા વધારી તથા એવો આદેશ આપ્યો કે ''જો કોઈ વિધવા સતી થવા ન ઈચ્છે તો તેમ કરવા માટે તેના પર દબાણ કરવામાં ન આવે.''

### 2.8.3 ધાર્મિક સુધારકાળ અને ધર્મ નિરપેક્ષકાળ :

ધાર્મિક પ્રચારકોએ ભારતમાં લોકોમાં એવો પ્રચાર કરવાનો શરૂ કર્યો કે, ''હિંદુ સામાજિક વ્યવસ્થામાં અલગ અલગ ક્ષેત્રોમાં બાળ–વિવાહ, બહુપત્નીત્વ, બાલિકા હત્યા, સતીપ્રથા, વિધવા વિવાહ વગેરે રૂઢિઓમાં સુધાર કરવાની ખૂબ જ આવશ્યકતા છે.'' ખ્રિસ્તી મીશનરીઓએ પાશ્ચાત્ય શિક્ષણ પર ભાર મૂકયો. તેઓની સેવાઓ તથા ખ્રિસ્તી ધર્મના વધતા પ્રભાવોને કારણે ભારતીયોની મનોવૃત્તિમાં

પણ પરિવર્તન આવવા લાગ્યું. રાજા રામમોહનરાય જાતિય ભેદભાવ પ્રથા તથા જ્ઞાતિ પ્રથા નાબૂદ કરવા માટે આંદોલન કર્યા. જેનાં પ્રયાસોના કારણે 1829માં લોર્ડ વિલિયમ બેન્ટિંગે જ્ઞાતિપ્રથા નાબૂદીનો કાયદો પસાર કર્યો. રાજારામ મોહનરાયે 'બ્રહ્મસમાજ'ની સ્થાપના કરી. 1828માં જેનાં દ્વારા દુષ્કાળગ્રસ્ત લોકોના કલ્યાણ, બાલિકાના શિક્ષણ, વિધવાઓની સ્થિતિમાં સુધાર, જાતિભેદ દૂર કરવાના કાર્યો કરવામાં આવ્યાં. 1972માં લગ્ન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં વિધવા પુનઃ વિવાહ તથા આંતર જ્ઞાતિય વિવાહોને મંજૂરી આપવામાં આવી તથા વિવાહ માટેની ઉંમર થયાં બાદ જ વિવાહ કરવા માટે ભાર મૂકવામાં આવ્યો.

આ ઉપરાંત વિવિધ સમાજ સુધારકોએ પણ આ કાળ દરમ્યાન સુધારાવાદી પ્રવૃત્તિ કરી જેની ટૂંકમાં સમજૂતી આ પ્રમાણે છે.

- 1875માં સ્વામી દયાનંદ સરસ્વતીએ 'આર્ય સમાજ'ની સ્થાપના કરી.
- 1882માં ઈસાઈ મિશનરીથી પ્રભાવિત રમાબાઈએ મહિલાઓની સ્થિતિમાં સુધાર લાવવા 'આર્ય મહિલા સમાજ'ની સ્થાપના કરી.
- 1888માં સર સૈયદ એહમદખાંએ 'અલીગઢ મુસ્લિમ વિદ્યાલય'ની સ્થાપના કરી તથા 'મુસ્લિમ શિક્ષા સંમેલન'ની શરૂઆત કરી.
- 1893માં શ્રીમતી એની બેસન્ટે બનારસમાં એક 'સેન્ટ્રલ હિન્દુ કૉલેજ'ની સ્થાપના કરી.
- 1897માં સ્વામી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદે 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી.
- 1904માં સમાજ સુધારકો દ્વારાક મહિલાઓ માટે 'ઈન્ડિયા વુમન કોન્ફરન્સ'ની સ્થાપના કરી.
- 1905માં સમાજસેવામાં ગંભીર અભિરુચી ધરાવતા ગોપાલકૃષ્ણ ગોખલે એ 'સર્વન્ટ ઓફ ઈન્ડિયા સોસાયટી'ની સ્થાપના કરી. જેનો ઉદ્દેશ્ય સમાજ વિકાસ સાથે દલિત વર્ગોના ઉત્થાન પર ધ્યાન આપવાનો હતાં.
- 1920માં ગાંધીજીએ 'સર્વોદય'નો વિચાર રજૂ કર્યો. જે બધી જગ્યાએ પ્રેમ તથા વિકાસની પૂરતી તકો પૂરી પાડતા.

### 2.8.4 વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ :

ઈ.સ.1953માં શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખની અધ્યક્ષતામાં 'કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડ'ની સ્થાપના કચ્છામાં આવી. ત્યારબાદ 1924માં મુંબઈ તથા મદ્રાસમાં ભિખારી અધિવેશન નિયમ પસાર કર્યો. આ ઉપરાંત આ કાળ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ થઈ જે આ પ્રમાણે છે.

- 1936માં દોહરાબથી ટાટા મુંબઈ દ્વારા સમાજસેવા સંસ્થાની સ્થાપના થઈ.
- 1946માં 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સ'ની મુંબઈમાં સ્થાપના થઈ.
- 1947માં કાશી વિદ્યાપીઠ વારાણસીમાં સમાજસેવા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.
- 1968માં એમ.એ.એમ.ના રૂપમાં સમાજ વિજ્ઞાન સંસ્થામાં આ ડિગ્રીને એમ.એ. સમાજકાર્ય તરીકે ગણવામાં આવી. જેનું નામ બાદમાં 'સમાજસેવા વિદ્યાલય' આપ્યું.
- 1850માં વડોદરામાં 'સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક'ની સ્થાપના થઈ.
- 1952માં 'જે.કે. સ્કૂલ ઓફ સોશ્યલવર્ક' લખનઉની સ્થાપના કરવામાં આવી.
- 1954માં રાજય સરકારે સમાજકલ્યાણ વિભાગની સ્થાપના કરી.

આમ, ઉપરોકત દર્શાવેલ તમામ કાળમાં ભારતમાં સમાજકાર્યનો દિન–પ્રતિદિન પ્રસાર થતો રહયો છે.

## 2.9 અમેરિકાનો સમાજકાર્યનો ઈતિહાસ

અમેરિકામાં વિભિન્ન યુગોમાં નિર્બળ અને શોષિત વર્ગને આપવામાં આવતી સહાયતાની પ્રમુખ વિશેષતાના આધાર પર અમેરિકામાં સમાજકાર્યના ઈતિહાસને નીચે દર્શાવેલ કાળ પરથી જાણી શકાય છે.

1. દાનકાળ.
2. સ્થાનિક સહાયતાકાળ.
3. રાજય સહાયતાકાળ.
4. વ્યવસ્થાપન, સમન્વય અને પ્રશિક્ષણકાળ.
5. યુવાનો સાથેનો કાર્યકાળ.
6. જરૂરિયાતવાળા વ્યકિતઓ સાથેનો કાર્યકાળ.
7. સામાજિક સુરક્ષાકાળ.
8. ગરીબી નિવારણકાળ.

ઉપરોકત દર્શાવેલ વિવિધ કાળની વિસ્તૃત સમજૂતી આ પ્રમાણે આપી શકાય.

### 2.9.1 દાનકાળ :

17મી સદીના પ્રારંભથી જ ઇંગ્લેન્ડથી આવેલા અમેરિકામાં આવીને વસવાટ કરનારા લોકો ત્યાંની પ્રથાઓ, પરંપરાઓ અને કાનૂનને પણ પોતાની સાથે સાથે લાવ્યા. તે પોતાના અનુભવોના આધાર પર બેકારી, ગરીબી તથા કામચોરીથી એટલા ડરતા હતાં કે બેકારી અને કામચોરીને એક પાપ અને અપરાધ માનતા. પરંતુ દરેક સમાજની જેમ અમેરિકામાં પણ એવો વર્ગ હતાં જે અનાથ, વિધવા, બીમાર, નિરાશ્રિત, વૃદ્ધો, અશકત વ્યકિત વગેરે જેમને સહાયતાની આવશ્યકતા હતી તે લોકોને સહાય પરંપરાગત રીતે કરવામાં આવતી. તે માટે ચિકિત્સાલય ખોલવામાં આવ્યાં. આ ચિકિત્સાલયોમાં શારીરિક અને માનસિક રોગોના ઉપચાર કરવામાં આવતો.

### 2.9.2 સ્થાનિક સહાયતા કાળ :

ગણરાજયો દ્વારા સૈદ્ધાંતિક રીતે એલિઝાબેથ નિર્ધન કાનૂન સ્વીકારી લેવામાં આવ્યો અને તે રીતે ભરણપોષણની જવાબદારી ગામડાંઓને સોંપી દીધી. ન્યુયોર્કના સેલસાર્થકમાં ભિક્ષાગૃહ 1657માં સ્થપાયું અને 'પ્લાઉ માઉથ કોલોની' દ્વારા સ્વસ્થ શરીરવાળા ગરીબો માટે પ્રથમ કાર્યશાળા નિર્માણનો આદેશ 1658માં આપવામાં આવ્યો. સમયાંતરે આવા ભિક્ષાગૃહો અને કાર્યશાળાઓ નાના વિસ્તારો અને મોટા શહેરોમાં અશકતોની જવાબદારી સામાન્ય રીતે સ્થાનિક ગામડાના લોકોએ સ્વયં સ્વીકારી. 'મૈસાચુ સ્ટેસ' ના વિધાન મંડળમાં 1699માં એક કાયદો બનાવવામાં આવ્યો.જેનાંથી રખડુ ભિખારીઓ અને અવ્યવસ્થિત લોકોને સુધારગૃહોમાં રાખી કામ કરવા માટેની જોગવાઈ થઈ.

1823માં ન્યુયોર્કમાં જે.વી.એન.પેટસન નિર્ધન કાનૂનોની પ્રક્રિયાની તપાસ કરવાની જવાબદારી સોંપાઈ. તેઓના પ્રસ્તાવમાં બે વર્ગોનો ઉલ્લેખ કર્યો જેમાં,

1) એવા ગરીબો જેમને સ્થાયી સહાયતાની આવશ્યકતા છે.

2) અસ્થાયી ગરીબો

પેટસનના ગરીબના રિપોર્ટની વિગતો નીચે મુજબ આપવામાં આવી.

- પ્રત્યેક કાઉન્ટીમાં (શહેર/ગામડું) એક યોજનાગૃહની સ્થાપના કરવામાં આવે. જેનાં દ્વારા બાળકોને શિક્ષા અને કૃષિકાર્યો માટે જમીન આપવામાં આવે.
- અશકત ગરીબો અને અનાથો માટે કાર્યગૃહ બનાવવામાં આવે; જેમાં ફરજીયાત પણે કામ સોંપવામાં આવે.

- ગરીબ કલ્યાણ માટે દાન ભંડોળ એકઠું કરવાના ઉદ્દેશ્યથી દારૂ બનાવવાવાળા કારીગરો ઉપર ઉત્પાદન કર નાખવામાં આવે.
- ન્યૂયોર્કની એક કાઉન્ટમાં 1 વર્ષ નિવાસના આધાર પર કાયદાકીય વ્યવસ્થા કરવા માટેના નિયમ બનાવવામાં આવે.
- નિશ્ચિત કરેલાં આદેશો તથા નિર્ધન કાનૂનોના સબંધિત મુકદ્દમાઓમાં આપવામાં આવેલ નિર્ણયો વિરૂદ્ધ અપીલ સ્વીકારવાનું બંધ કરવામાં આવે.
- 18 થી 50 વર્ષની વચ્ચેની ઉંમરવાળા તથા સ્વસ્થ શરીરવાળા કોઈપણ વ્યકિતને અશકતની શ્રેણીમાં રાખવામાં ન આવે.
- શેરીઓમાં ભીખ માંગવાવાળા વ્યકિતઓ તથા રાજયની અંદર ગરીબોને લાવવાવાળા લોકોને દંડ આપવામાં આવે.

### 2.9.3 રાજય સહાયતા કાળ :

સૌ પ્રથમ 1675માં 'મેસાયુ સ્ટેસ' રાજયએ ભિખારીઓની આવશ્યક ખર્ચ વળતરની જરૂરિયાતની જવાબદારી સ્વીકારી. આ જવાબદારીને આધીન એવી વ્યકિતઓને સહાયતા પ્રદાન કરવામાં આવતી જે થોડા સમય પૂર્વે આ રાજયમાં આવેલા હોય અથવા જેને બહાર જવા માટેની સૂચના મળી હોય. ત્યારબાદ અન્ય રાજયોએ પણ આવી જવાબદારી લેવાનું સ્વીકાર્યુ. બહેરાંઓ માટે પહેલી સરકારી આવાસીય સ્કૂલ 1823માં ખોલવામાં આવી. 1854માં પેનીસીવેનિયા રાજય દ્વારા મૂર્ખાઓ માટે એક ખાનગી શાળાની સહાયતા પ્રદાન કરવામાં આવી. 1876માં ન્યાયાલયથી દોષિત થયેલા ગુનેગાર નવયુવકોને ન્યૂયોર્કમાં સુધારગૃહ સ્થાપિત કરી રાખવામાં આવ્યાં તથા મહિલાઓની પ્રથમ જેલની સ્થાપના 'મેસાયુ સ્ટેસ'ના 'શેરબોન' કરવામાં આવી.

### 2.9.4 વ્યવસ્થાપન, સમન્વય અને પ્રશિક્ષણ કાળ

'મેસાયુ સ્ટેસ' રાજયમાં 1863માં બધી દાન સંસ્થાઓ માટે 'સ્ટેટ બોર્ડ ચેરિટી'ની સ્થાપના કરવામાં આવી. જેની સફળતા જોઈ બીજા રાજયોએ પણ તેનું અનુકરણ કર્યુ. વધારેમાં વધારે નિયંત્રણ સંબંધી જવાબદારી 1925માં 'લોકકલ્યાણ વિભાગ'ને સોંપવામાં આવી. જેનું નામ બાદમાં 1927માં 'રાજયકલ્યાણ વિભાગ' રાખવામાં આવ્યું.

1870–73 માં મંદીના પરિણામે ઘણી ખામી સર્જાઈ. જેમાં રેવરેન્ડ ગુર્ટીન નામના પાદરીએ 'બફેલો ચેરિટી ઓર્ગેનાઈઝેશન'ની સ્થાપના કરી. તેઓના મતે સહાય આપવાથી ગરીબોને વધારે હાની થાય છે, તેવુ તેમનું માનવું હતું. 1913 બાદ દાન મેળવવાના કારણે સામૂહિક તિજોરીની વિચારધારા અમલમાં આવી. જેનાં દ્વારા લોકોને દાન આપવામાં આવતું.

### 2.9.5 યુવાનો સાથેનો કાર્યકાળ :

1844માં જયોર્જ વિલિયમ દ્વારા 'યંગમેન ક્રિચિયન એસોસિયેશન' ની સફળતાના અધારે બોસ્ટર્નમાં પણ આવું એસોસિયેશન બન્યું. જેનું કાર્ય યુવાનોને અલગ અલગ આવશ્યકતાઓ પૂર્ણ કરવાનું પણ હતું. 1910માં 'બોયઝ સ્કાઉટ' ને સંગઠિત બનાવાયું અને 'ગર્લ્સ ગાઈડ'ની સ્થાપના 1912માં કરવામાં આવી.

### 2.9.6 જરૂરિયાતવાળા વ્યકિતઓ સાથેનો કાર્યકાળ :

પ્રારંભ કાળમાં અમેરિકા જવાવાળા પ્રવાસીઓની સ્થિતિ ખરાબ અને દુઃખદ હતી આ લોકો અલગ–અલગ વંશ, દેશના તથા ભાષાના વ્યકિતઓ હતાં. તેમના આંતરિક વ્યવહારો વધે તે માટે સેમ્યુઅલ બોનેટ દ્વારા ટોયમનીલ સેલની ભાઈચારાની ભાવના આધારિત 1887માં (Naighbour hoat guile of) ન્યુયોર્કમાં સિટીની સ્થાપના કરી. તેની સફળતા વધતાં બોસ્ટર્ન શિકાગો સાનફ્રાનસિસ્કોમાં 20 જેટલી આવી સંસ્થાઓની સમયાંતરે શરૂઆત કરવામાં આવી; જે બાદમાં અલગ અલગ નામે ઓળખાઈ.

### 2.9.7 સામાજિક સુરક્ષાકાળ :

અમેરિકાના સંવિધાનમાં સમાજ કલ્યાણનું કોઈ સ્થાન હતું. મંદીની સ્થિતિમાં ખૂબ મોટી સ્થિતિમાં બેકાર વ્યકિતઓએ ખાનગી કલ્યાણ સંસ્થાઓ પાસે સહાયની અપેક્ષા કરવા લાગ્યાં. આથી સ્થાનિક સંસ્થાઓએ સહાયતાઓ આપી; પરંતુ તે પૂરતી ન હતી અને નાણાંનો પણ ખૂબ વ્યય થયો. આ પરિસ્થિતિમાં અમેરિકન કોંગ્રેસે 1932માં આપાતકાલીન સહાયતા અને નિર્માણ અધિનિયમ પસાર કર્યો. જેનાંથી પુનઃનિર્માણ નાણાં નિગમ દ્વારા રાજયો, વિભાગો અને શહેરોને નાણાં આપવાનો અધિકાર બન્યો.

1933 માં સંધિ આપાતકાલીન સહાયતા અધિનિયમ પસાર કર્યો. જેનાં અંતર્ગત થોડાં સમય માટે નાણાં ચૂકવવાના બંધ કરીને તેના સ્થાને સંઘ દ્વારા સમાજકલ્યાણ કરવા 'હેરીએલ હૉકિન્સ' ની અધ્યક્ષતામાં સંઘિય આપાતકાલીન સહાયતા પ્રશાસનની સ્થાપના કરી. જેની જોગવાઈમાં આવશ્યકતા ગ્રસ્ત વ્યકિતઓને ઓછામાં ઓછી ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ અને મુશ્કેલીઓને રોકવા સંપૂર્ણ સહાય આપવી અને તેને અમલી બનાવવા તેના માટે પ્રશિક્ષિત કાર્યકરો પણ નિયુકત કરવા અને તેઓ માટે સેવા દરમ્યાન તાલીમની પણ વ્યવસ્થા કરી.

1935માં રાષ્ટ્રપતિ 'રુઝવેલ્ટ' દ્વારા બેકારો હતાં તેના માટે કાર્ય કરવા માટેની સહાય કરવા 'કાર્ય પ્રગતિ પ્રશાસન'ની સ્થાપના કરી. તેના માટે યોગ્ય નાણાંની વ્યવસ્થા કરવામાં આવી. જેનું નામ બદલીને 'પરિયોજના પ્રશાસન' રાખવામાં આવ્યું.

### 2.9.8 ગરીબી નિવારણકાળ :

1961 બાદ પ્રારંભ થતા કાળની મુખ્ય વિશેષતા નિર્ધનતા નિવારણ કાર્યક્રમ છે. સમાજવૈજ્ઞાનિકો દ્વારા એ વાતને મહત્ત્વ અપાયું છે કે અમેરિકામાં ગરીબી છે. આથી સંઘિય સરકાર ગરીબી નિવારણ કાર્યક્રમ શરૂ કરવા આગળ આવી. સયમાંતરે તેમાં નવા કાયદાઓ વધતાં ગયા. 1961માં ક્ષેત્ર વિકાસ અધિનિયમ, 1962માં જનશકિત વિકાસ અને પ્રશિક્ષણ અધિનિયમ તથા 1964માં આર્થિક અવસર અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જે ગરીબી નિવારણ માટે ખૂબ જરૂરી હતાં. જેનાંથી યુવા કાર્યકરો નગર ગ્રામીણ સામુદાયિક ક્રિયા જેવાં કાર્યક્રમો ચલાવવામાં આવ્યાં.

ગરીબી નિવારણના વિવિધ કાર્યક્રમોની સાથે સાથે કાળા લોકોને પણ સંરક્ષણ અપાયું. તે લોકો માટે આર્થિક અને થોડા વિશેષ નિયમો આધારિત સહાયતા આપવામાં આવી.

## 2.10 ઉપસંહાર

આમ, આ એકમમાં જણાવ્યા અનુસાર અભ્યાસ કરનાર વિદ્યાર્થી સમાજકાર્યનો ઈતિહાસ જેમ કે, અમેરિકા, ઇંગ્લૅન્ડ અને ભારતના સંદર્ભમાં સમજી શકે છે. આ ઉપરાંત સમાજકાર્ય સંલગ્ન વિવિધ કાયદાઓ જેમ કે, 'એલિઝાબેથ પુઅર લૉ–1601', 'ધ બેવરીઝ રિપોર્ટ-1941', 'પુઅર લૉ કમિશન 1905', 'ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી-1969, 'સેટલમેન્ટ હાઉસ મૂવમેન્ટ' વિશેની વિગતે સમજૂતી આ એકમના અભ્યાસ દ્વારા મેળવી શકાય છે.

## 2.11 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ઈંગ્લેન્ડમાં સમાજકાર્યના ઈતિહાસને કયા યુગમાં વહેંચવામાં આવે છે ?

   (A) અવિવેકપૂર્ણ દાનનો યુગ

   (B) સમન્વય તથા નિયંત્રણનો યુગ

   (C) આવક અનુરક્ષણ યુગ

   (D) ગરીબો માટે સહાયતા અને શારીરિક સ્વાસ્થ્ય વ્યક્તિઓને સહાયતાનો યુગ

   (E) ઉપરના ચારેય યુગો

2. અવિવેકપૂર્ણ દાનનો યુગમાં દાનના અવિવેકપૂર્ણ પ્રવાહથી શેમાં વધારો થતો હતો.

(A) ભિક્ષાવૃત્તિમાં (B) લોકોને સક્ષમ બનાવવામાં

(C) ખર્ચમાં

3. હેનરીના કાયદા (King Henry VIII) દ્વારા ભિખારી નોંધણી અને ક્ષેત્ર વાર ભિક્ષા માંગવા માટેનું લાયસન્સ ક્યારે આપવામાં આવ્યું ?

(A) ઈ.સ. 1531 (B) ઈ.સ. 1532

(C) ઈ.સ. 1530

4. ઈ.સ. 1601માં એલિઝાબેથ પુઅર લૉ અંતર્ગત ગરીબોને કેટલાં પ્રકારમાં વહેંચી સહાય આપવામાં આવી.

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

5. અમેરિકાના સમાજ કાર્યના ઈતિહાસને કેટલાં ભાગોમાં વહેંચી શકાય ?

(A) સાત (B) દસ

(C) આઠ (D) પાંચ

6. અમેરિકાના સમાજકાર્યના ઈતિહાસમાં યુવાનો સાથેનો કાર્યકાળમાં કોની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) ગર્લ્સ ગાઈડની (B) બોયઝ સ્કાઉટની

(C) A અને B બન્ને

7. ભારતીય સંદર્ભમાં સમાજ કાર્યને સમજવા માટે તેને કેટલાં વિભાગોમાં વિશ્લેષિત કરાય છે ?

(A) 3 (B) 4

(C) 5 (D) 6

8. કઈ સદીમાં ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યના શિક્ષણની શરૂઆત થઈ હતી ?

(A) 1936 (B) 1938

(C) 1935 (D) 1937

9. ભારતીય સમાજકાર્યના ઇતિહાસને સમજવા માટે ધાર્મિક પરંપરાગત અભિગમ, ઉદારમત સુધારણાવાદી અભિગમ, બિનસાંપ્રદાયિક મિશનરી અભિગમ, નૈતિક ક્રાંતિકારી અભિગમ અને વ્યાવસાયિક અભિગમ કોણે દર્શાવ્યાં છે.

(A) દોરાબજી (B) એમ.એસ.ગોરે

(C) થોમસ ચામર્સ

## 2.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (E) ઉપરના ચારે યુગો
2. (A) ભિક્ષાવૃત્તિમાં
3. (A) ઈ.સ. 1531

4. (B) ત્રણ

5. (C) આઠ

6. (C) A અને B બન્ને

7. (B) 4

8. (A) 1936

9. (B) એમ.એસ.ગોરે

## 2.13 ચાવીરૂપ શબ્દો :

- **COS :** Charity Organisation Society

## 2.14 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ભારતમાં સમાજકાર્ય વિસ્તૃતતાથી સમજાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

2. સમન્વય તથા નિયંત્રણનો યુગ સમજાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

3. અમેરિકાના સમાજકાર્યનો ઇતિહાસ સમજાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

## 2.15 પ્રવૃત્તિ (Activities)

- ઈંગ્લેન્ડમાં સામાજિક કાર્યના ઉત્ક્રાંતિ સબંધિત સમયરેખા તૈયાર કરો.

## 2.16 કેસસ્ટડી (Case Study)

- અમેરિકામાં સામાજિક કાર્યના ઉત્ક્રાંતિમાં કોઈપણ ત્રણ નોંધપાત્ર વિકાસને નિર્દેશ કરો.
- યુ. કે. માં સમાજકલ્યાણ કાર્યક્રમ ઉપર એલિઝાબેથ પુઅર લૉ કાયદાના પ્રભાવને લખો.

## 2.17 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
પ્રાપ્તિસ્થાન –લોકનિકેતન રતનપુર તાઃ પાલનપુર જિલ્લો : બનાસકાંઠા,
પ્રથમ આવૃત્તિ : મે– 2008

2. વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ,
પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ– 26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ,
પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009

3. समाजकार्य ऱ्रुद्मतिहास, दर्शन एवं प्रणालियाँ : तृतीय संस्करण–२००२

डॉ. सुरेन्द्रसिंह – प्रोफेसर एवं विभाग अध्यक्ष

डॉ. पी. डी. मिश्र – प्रोफेसर

समाजकार्य विभाग, लखनऊ विश्वविद्यालय, लखनऊ

# એકમ–3 ભારતમાં સમાજસુધારકોનો સમાજકલ્યાણમાં ફાળો અને સામાજિક ચળવળ

## : એકમનું માળખું :


**3.0 એકમના હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 ભારતમાં સમાજસુધારકોનો સામાજ કલ્યાણ પ્રત્યેનો ફાળો અને સામાજિક ચળવળ**

**3.3 રાજારામ મોહનરાય**

**3.4 ગાંધીજી**

**3.5 મહાદેવ ગોવિંદ રાનડે**

**3.6 સ્વામી વિવેકાનંદ**

**3.7 ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**

**3.8 જયોતિબા ફૂલે**

**3.9 દાદાભાઈ નવરોજી**

**3.10 રામકૃષ્ણ ગોપાલ ભંડારકર**

**3.11 દયાનંદ સરસ્વતી**

**3.12 રવિશંકર મહારાજ**

**3.13 સર સૈયદ અહમદખાન**

**3.14 સ્વાતંત્ર્યોત્તર સમયગાળો અને રાજયની પ્રવૃત્તિઓ : ભારતના સંદર્ભમાં**

**3.15 ઉપસંહાર**

**3.16 તમારી પ્રગતિ ચકાસો**

**3.17 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.18 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**3.19 સ્વાધ્યાય લેખન (Assignment)**

**3.20 પ્રવૃત્તિ (Activities)**

**3.21 કેસસ્ટડી (Case Study)**

**3.22 સંદર્ભગ્રંથ (Further Readings)**


## 3.0 એકમના હેતુઓ

- ભારતમાં સમાજસુધારકોના સમાજ કલ્યાણમાં આપેલાં ફાળાને સમજી શકીએ છીએ.
- ભારતમાં ચાલેલી સામાજિક ચળવણોને જાણી શકીએ છીએ.
- સમાજકાર્યના પાયાના મૂલ્યો ભારતમાં કઈ રીતે પ્રસ્થાપિત થયાં તે સમજી શકીએ છીએ.

## 3.1 પ્રસ્તાવના

આધુનિક ભારતના ઈતિહાસમાં 19મી સદીનો ખૂબ જ મહત્ત્વપૂર્ણ તબક્કો છે. આ સમયગાળા દરમિયાન ઘણા અસાધારણ માનવીઓ છે જેમણે પોતાનું સમગ્ર જીવન સમાજના ઉત્કર્ષ માટે સમર્પિત કર્યું છે. તેઓ સમાજમાં આવશ્યક પરિવર્તન લાવીને ક્રાંતિ લાવવામાં સફળ રહ્યા. કેટલાંક સમાજ

સુધારકોએ પ્રવર્તમાન જાતિ-પ્રથાના શાપને તોડવાના પ્રયાસ કર્યા તો કેટલાંક એ છોકરીઓના શિક્ષણ અને વિધવા પુનર્લગ્ન માટે લડતી આપી. તેમના દ્વારા આપવામાં આવેલ યોગદાન ખરેખર અસાધારણ છે. તેમની પ્રવૃત્તિઓ અને વિચારોએ રાષ્ટ્રને નવી શરૂઆત માટે માર્ગદર્શન આપ્યું. આ એકમમાં વિવિધ સમાજસુધારકો અને તેમના દ્વારા કરવામાં આવેલ સામાજિક સુધારણા ચળવળોની છણાવટ કરવામાં આવી છે.

## 3.2 ભારતમાં સમાજસુધારકોનો સમાજકલ્યાણમાં ફાળો અને સામાજિક ચળવળ

### 3.2.1 પરિચય

19મી સદીમાં એક બાજુ ભારતની રાજકીય સત્તા વિદેશીઓના હાથમાં પહોંચી ગઈ હતી; તો બીજી બાજુ ભારતીય સમાજ પરંપરાગત વર્ણવ્યવસ્થામાં વહેંચાયેલો હતાં. આ સમયે સમગ્ર સમાજમાં ધર્મના નામે અસ્પૃશ્યતા, બાળલગ્નો, સતીપ્રથા, બાળકીને દૂધપીતી કરવી, બહુપત્ની પ્રથા, ગરીબી, સામાજિક કુરિવાજો ફેલાયેલા હતાં. સમાજમાં ચારેય બાજુ ધર્મના નામે વહેમ, અંધશ્રદ્ધા, ઊંચનીચના ભેદભાવ અને અજ્ઞાનતાનું વાતાવરણ હતું.

ઉપરોકત દર્શાવેલ પરિસ્થિતિને સમાજમાંથી દૂર કરવા અને સુસમાયોજિત સમાજની રચના કરવાના હેતુથી ભારતમાં કેટલાંક એવા વ્યકિતઓ થયાં; જેવાં કે ન્યાયમૂર્તિ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી, રાજારામ મોહનરાય, જયોતિબા ફૂલે વગેરે સમાજ સુધારકો તરીકે બહાર આવ્યાં અને સમાજને પરિવર્તિત કરવાના પ્રયાસો કર્યા. તેમની પ્રવૃત્તિઓને 'સુધારણા ચળવળ' તરીકે ઓળખાય છે. જેની વિગતે ચર્ચા આ પ્રમાણે કરી શકાય છે.

### 3.2.2 'સમાજ સુધારણા' એટલે શું ?

પ્રત્યેક સમાજમાં કોઈ સમયે કેટલીક સભાન વ્યકિતઓ હોય છે. તેઓ પોતાના સમાજની પરિસ્થિતિની ચિંતા સેવે છે અને એમાં પરિવર્તન લાવવા ઝંખે છે તેઓને સમાજ પ્રવર્તક તરીકે ઓળખવામાં આવે છે. તેઓની સમાજમાં પરિવર્તન લાવવાની પ્રવૃત્તિને સમાજ સુધારણા કહેવાય છે. સમાજ સુધારણાના મુખ્ય ત્રણ લક્ષણ છે, જે આ પ્રમાણે છે.

સમાજ સુધારણાના લક્ષણો :

1. નવી વિચારસરણી સ્થાપન કરવાનો વિચાર.
2. સંસ્થાકીય પરિવર્તનનો હેતુ.
3. મૂલ્ય પ્રેરિત પ્રવૃત્તિ.

ઉપરોકત ત્રણ લક્ષણોને હવે વિસ્તૃત સમજીએ.

### 3.2.3 નવી વિચારસરણી સ્થાપન કરવાનો વિચાર :

સમાજ સુધારણાને સમાજના વિકાસની સાથે સાથે એક નવી વિચારસરણીનો વિકાસ થયો છે. પહેલો વિકાસ નવા ઉદ્યોગોની સ્થાપના કરી બેકારી દૂર થાય અને આવકમાં વધારો થાય; જેથી દેશનો વિકાસ થાય.

### 3.2.4 સંસ્થાકીય પરિવર્તનનો હેતુ :

સમાજની સંસ્થાઓ પરિવર્તન લાવવાની પ્રવૃત્તિ કરે છે. કુટુંબ, જ્ઞાતિ સમાજ, રાજય અને જેલ સંસ્થાઓમાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરે છે. નવા પ્રશ્નોને બદલવાની જ નહિ, પણ નવી સંસ્થાઓને સ્થાપવાનો પણ પ્રયત્ન કરે છે.

### 3.2.5 મૂલ્ય પ્રેરિત પ્રવૃત્તિ :

નવા વિચારોની જેમ પ્રવર્તમાન મૂલ્યો અને સંસ્થાઓનું તેમાં સતત મૂલ્યાંકન કરવામાં આવે છે. આવા મૂલ્યોમાં તર્ક, બુદ્ધિ દ્વારા યોગ્ય લાગે તો તેને ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બૌદ્ધિક અભિગમથી જીવવાના પ્રયત્નો કરવામાં સમાજ સુધારણાનો ચોકકસ દ્રષ્ટિકોણ હતાં.

સમાજ સુધારણાનું સર્વપ્રથમ કામ રાજા રામમોહનરાયે કર્યુ. હવે આપણે આવા સમાજ સુધારકોના જીવનનો ક્રમાનુસાર અભ્યાસ નીચે પ્રમાણે કરીએ.

## 3.3 રાજારામ મોહનરાય :

રાજારામ મોહનરાયનો જન્મ 22 મે 1772માં બંગાળના પ્રાંતમાં આવેલ રાધાસાગર ગામમાં થયો. બાળપણની અવસ્થામાં જ તેમના ત્રણવાર લગ્ન થયાં હતાં. હિન્દુ સમાજના આવા રિવાજો સામે તેઓને અણગમો પેદા થયો અને તેમના પિતા સાથે મતભેદો સર્જાયા અને તેઓ 13 વર્ષની કુમળી વયે જ ગૃહત્યાગ કર્યો અને ત્યારબાદ તેઓએ પોતાની ઈચ્છા પ્રમાણે કેળવણી લીધી. તેમણે ઈસ્લામ અને સંસ્કૃત સાહિત્ય પર પ્રભુત્વ મેળવ્યું. આ બન્ને અધ્યયનમાંથી તેમને એકેશ્વર વાદનુ મહત્ત્વ જણાયું. તેઓ અંગ્રેજી સરકારની નોકરીમાં જોડાયા અને અંગ્રેજી ભાષા શીખવા માંડયા. તેઓએ જૈન અને બૌદ્ધ ધર્મનો પણ અભ્યાસ કર્યો. આશરે 40 વર્ષની વયે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયાં. રાજા રામમોહનરાયના સાર્વભૌમિક ધર્મનું પાલન કરીને ઈસાઈ બને છે અને મુસલમાન સાચો મુસલમાન બની શકે અને આનાથી માનવમાત્રમાં ભાઈચારો અને ઈશ્વર પ્રત્યે પિતાની ભાવના જન્મી શકે છે.

હિન્દુ ધર્મમાં મૂર્તિ પૂજાનો વિરોધ અને એકેશ્વરવાદની સ્થાપના માટે રાજા રામમોહનરાયે 1815માં એક આત્મિય સભાનું આયોજન કર્યુ. જેમાં ધર્મ સિવાય બૌદ્ધિક, સામાજિક, રાજકીય, રાજનૈતિક સમસ્યા પર વિચાર વિમર્શ કર્યા. તેઓએ ‘વેઈનત્સાર’ નામનું પુસ્તક પ્રકાશિત કર્યુ. તેઓને વેદ અને હિન્દુ ધર્મમાં રૂઢ થયેલ અતિ આવશ્યક વિધિઓ ને બદલે એકેશ્વરવાદ અને સરખા ધાર્મિક સ્વરૂપની રજૂઆત કરી અને પોતાના વિચારોના પ્રચાર માટે છાપખાનું ચાલુ કર્યુ. તેમણે પ્રજામાં સભાનતા લાવવા માટે પુસ્તકાલય તેમજ સભાખંડનું પણ આયોજન કર્યુ, સાથે સાથે તેઓએ વર્તમાનપત્રો પણ શરૂ કર્યા. અંગ્રેજી કેળવણીના પ્રચાર માટે શાળા ચાલુ કરી. આ ઉપરોકત તેમની મુખ્ય કામગીરીના રૂપમાં અને જે કામગીરી કરી તે નીચે દર્શાવેલ છે.

### 3.3.1 રાજારામમોહનરાય દ્વારા થયેલ સુધારાવાદી પ્રવૃત્તિઓ :

1. સતીપ્રથાનો અંત, 2. ‘બ્રહ્મોસમાજ’ની સ્થાપના.

**1. સતીપ્રથાનો અંત :**

એ વખતના સમયમાં પતિના મૃત્યુ પછી તેની પત્નીએ પણ તેના જીવનનો અંત લાવવો એવી માન્યતા હતી. આ માન્યતા રાજારામ મોહનરાયને અયોગ્ય લાગી અને આના વિશે રાજારામ મોહનરાયે લખવા માંડયું. આ પ્રથા અંગ્રેજોના શાસન પહેલા ક્ષત્રિય રાજાઓમાં પણ આના ઉદાહરણ પ્રાપ્ત થાય છે. આ પ્રથાનું એકમાત્ર કારણ ભારતીય વિધવાઓ પુનઃવિવાહ કરી શકતી નથી. રાજારામ મોહનરાયે આના વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો.

સતી પ્રથાનો અંત લાવવા માટે તેઓએ અનેક આંદોલન કર્યા. જેનાં પરિણામ સ્વરૂપે 1826માં વિલિયમ બેન્ટિગની સરકારે સતીપ્રથા નાબૂદ કરી. હિન્દુ ધર્મમાં સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરવા અનેક પ્રથાઓ છે. જેમાં બાળવિવાહ અને સ્ત્રીઓ માટે આજીવન વિધવા નિર્વાહ માટે અને બાળવિવાહનો વિરોધ કર્યો.મેકસમૂલરે કહયું કે, ‘‘રાજારામ મોહનરાય પહેલી વ્યકિત છે; જેમણે ભારતીય સામાજિક સમસ્યા પર પહેલી નજર નાખી.’’ હિન્દુ રૂઢિવાદીઓની સામે ઈંગ્લૅન્ડની પૂર્તિ કાઉન્સિલમાં રજૂઆત કરી. રાજારામ મોહનરાય પણ ઈંગ્લૅન્ડ ગયા અને આ પ્રથા સામે રજૂઆત કરી. અંગ્રેજ સરકારે સતીપ્રથાનો અંત લાવવા માટે કાયદો ઘડયો અને 1930થી આ અમાનુષી પ્રથાનો અંત આવ્યો.

**2. ‘બ્રહ્મો સમાજ’ની સ્થાપના :**

રાજારામ મોહનરાય તેમના વિચારોને અને સિદ્ધાંતોને વ્યકિત સુધી પહોંચાડવા માટે એક માધ્યમના રૂપમાં કેટલાંક લોકોના સહયોગથી 20મી ઓગષ્ટ સન 1828માં કલકત્તામાં ‘બ્રહ્મસમાજ’ની સ્થાપના કરી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં વ્યાપેલી પ્રાચીન રૂઢિઓ, અંધવિશ્વાસ અને કુપ્રથાઓને સમાપ્ત કરી સામાજિક સુધારો લાવવાનો હતાં. બ્રહ્મોસમાજે

મૂર્તિ પૂજાનો વિરોધ કર્યો અને પોતાની રૂઢિઓને પહેલાં છેદ કરી; સતીપ્રથાનો છેદ કર્યો તથા સતીપ્રથાને મૂળમાંથી સમાપ્ત કરી દીધી. આ અભિગમ હિન્દુ સમાજમાં હિન્દુત્વનું એકરૂપ છે અને મૂર્તિ પૂજાનો બહિષ્કાર કર્યો. બ્રહ્મોસમાજની સૌથી મોટી વિશેષતા એ છે કે તે બધા કામો પ્રત્યે સહાનુભૂતિ અને ઉદારતા રાખતાં હતી.

રાજારામ મોહનરાયે સમાજ માટે જે ભવન ઊભું કર્યુ; તેનાં ટ્રસ્ટીનું દસ્તાવેજીકરણ પર સ્પષ્ટ પ્રતિબંધ રાખ્યો હતાં. આ ઉપરાંત બ્રહ્મોસમાજ દ્વારા તેમને જ્ઞાતિપ્રથાનો વિરોધ અને સ્ત્રી જીવનમાં સુધારણા કરવા પ્રયત્નો કર્યા.

## 3.4 ગાંધીજી

ગાંધીજીનો જન્મ એવા સમયમાં થયો જયારે ભારત દેશ ધાર્મિક, રાજનૈતિક તથા સામાજિક દ્રષ્ટિએ ગંભીર સમસ્યાથી ઘેરાયો હતાં. 2 ઓકટોબર 1869માં કાઠિયાવાડના બરડા પંથકના પોરબંદર નામના ગામમાં તેમનો જન્મ થયો. તેમના પિતા રાજકોટના દિવાન હતાં અને માતા ધાર્મિક પ્રવૃત્તિમાં માનનાર હતાં. 13 વર્ષની ઉંમરે તેમના લગ્ન થયાં હતાં અને 1857માં બેરિસ્ટર શિક્ષણ માટે ઇંગ્લૅન્ડ ગયા.

ઇંગ્લૅન્ડમાં તેમને રસ્કિન વિચારોનું અધ્યયન કર્યુ. ભારતમાં આવી તેમણે વકીલાત ચાલુ કરી. 1913માં મુકદમો સંબંધમાં દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં જ ગાંધીજીના સાર્વજનિક જીવનનો ઉદય થયો. ત્યાંના ભારતીયોને તેમણે માનવીય અધિકાર પ્રદાન કરાવ્યો. ભારતની આઝાદી માટે તેમણે ઘણાં પ્રયત્નો કર્યા અને સાથે સાથે માનવજીવનની વિટંબણાઓ અને સામાજિક દૂષણોને દૂર કરવાના પણ પ્રયત્નો કર્યા. ગાંધીજી એવા સમાજની સ્થાપના કે નિર્માણ કરવા ઈચ્છતા હતાં; જેમાં સર્વત્ર પ્રેમ વ્યાપેલો હોય અને વ્યકિતના બહુમતી વિકાસ માટે જરૂરી પરિસ્થિતિની ઉપસ્થિતિ હોય. તેમણે કેટલાંક રચનાત્મક કાર્યક્રમો આપ્યા, જે નીચે મુજબ દર્શાવી શકાય.

### 3.4.1 ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો

- સાંપ્રદાયિક એકતા
- આત્માનો વિકાસ
- દારૂબંધી
- અસ્પૃશ્યતા નિવારણ
- નવી તાલીમ
- ગ્રામોદ્યોગ
- ગામ સ્વચ્છતા
- પ્રૌઢ શિક્ષણ
- રાષ્ટ્રભાષાનો પ્રચાર
- કચડાયેલા માટે અલગ સુધારો
- આર્થિક સમાનતા
- પ્રાથમિક શિક્ષણ
- સર્વધર્મ સમભાવ
- શારીરિક શ્રમ
- ખેડૂતો, મજૂરો, યુવાનોના સંગઠનની સ્થાપના

ગાંધીજીએ ઉપરોકત દર્શાવેલ રચનાત્મક કાર્યક્રમો દ્વારા સમાજમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવવાના પ્રયત્નો કર્યા. ગાંધીજીએ હંમેશા સમાજના વિકાસ માટે લડત આપી હતી અને તેઓ માનતાં કે ભારતમાં સામાજિક દૂષણો, કુપ્રથાઓ, કુરિવાજોને દૂર કરવામાં આવશે ત્યારે જ સાચી રીતે ભારત સ્વતંત્ર થશે.

## 3.5 મહાદેવ ગોવિંદ રાનડે :

ન્યાયમૂર્તિ રાનડે એ સમાજ સુધારક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમના મત અનુસાર રાજકીય અને સામાજિક સુધારણા સાથે સાથે થવી જોઈએ અને રાષ્ટ્રીય વિકાસમાં રાજકીય અને સામાજિક બન્ને પાસા સંકળાયેલા છે. તેમના મત અનુસાર, ''જયાં સુધી સમાજ રચના, બુદ્ધિ, ન્યાય, વિવેક અને સમાનતા ઉપર રચના નહિ હોય ત્યાં સુધી રાજકીય હકકો ભોગવવા સમર્થ બની શકાય નહિ.''

### 3.5.1 સમાજસુધારક તરીકે ન્યાયમૂર્તિ રાનડેની પ્રવૃત્તિ :

**સ્ત્રી જીવનમાં સુધાર :**

ન્યાયમૂર્તિ રાનડેએ સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી જીવનની મુશ્કેલી દૂર કરવાનો પ્રયાસ કર્યો. તેમને ધર્મશાસ્ત્રમાંથી સ્ત્રીના હકકો અંગેના વિધાનો તારવી પુસ્તક લખ્યું. તેમણે કહયું કે, ''જે સ્ત્રી પતિ ભકિતના કારણે વિધવા જીવન જીવવા ઈચ્છતી હોય તે તેમ કરી શકે છે, પણ જે સ્ત્રી વિધવા જીવન ઈચ્છતી ન હોય તે સ્ત્રીને ફરી લગ્ન માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.''

આ ઉપરાંત રાનડેએ દહેજ પ્રથા, ખર્ચાળ લગ્નો, ખર્ચાળ મૃતસંસ્કાર, બહુપત્નીપ્રથા, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા, મદ્યપાન વગેરે પ્રથાનો વિરોધ કરી તે દૂર કરવા લોકમનના ઘડતરનો પ્રયોગ કર્યો.

**આધુનિક શિક્ષણનો પ્રસાર :**

રાનડેના મત મુજબ લોકોમાં રાજકીય જાગૃતિ તથા સામાજિક સુધારણા શિક્ષણ દ્વારા લાવી શકાય. શિક્ષણને તેઓ પ્રાથમિક જરૂરિયાત ગણતાં, અંગ્રેજી ભાષા અને શિક્ષણને મહત્ત્વના ગણતા. શિક્ષણમાં તેમને વિજ્ઞાનના અભ્યાસને પ્રાધાન્ય આપ્યું. શિક્ષિત વ્યકિત જ સારું ખરાબ, ઉચિત—અનુચિત, યોગ્ય—અયોગ્યનો ભેદ પારખી શકે છે તેવું તેઓ માનતા.

## 3.6 સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદનો જન્મ 1863માં કોલકત્તામાં થયો હતાં. તેમનું મૂળ નામ 'નરેન્દ્રનાથ' હતું. સ્વામી વિવેકાનંદ કહેતા કે, "માનવ સેવા તથા રાષ્ટ્ર સેવા એ જ પ્રભુસેવા". તેઓ આ બંને સેવાને જ સાચો ધર્મ કહેતાં. તેમણે માનવ ધર્મ ફેલાવવા દેશ—વિદેશની યાત્રા કરી. તેમણે શિક્ષિત યુવાનોને દેશની અજ્ઞાનતા અને ગરીબી દૂર કરવા પ્રયાસો કર્યા છે.

સ્વામી વિવેકાનંદના હેઠળ ચાલતુ 'રામકૃષ્ણ મિશન' દ્વારા ભારતમાં શાળાઓ, દવાખાના તથા અનાથ આશ્રમો શરૂ કર્યા. સ્વામી વિવેકાનંદે સ્ત્રીની પરાધિનતા દૂર કરવા માટે તેમજ તેમનો દરજ્જો ઊંચો લઈ જવા માટે તેમણે પશ્ચિમી દ્રષ્ટિ અપનાવા પર ભાર મૂકયો હતાં. સ્ત્રી શિક્ષણ, શિક્ષક દ્વારા તેમનું ઘડતર, તેમની આત્મનિર્ભરતા, તેમની બુદ્ધિ વિસ્તૃત બને તે માટેના પ્રયાસો કર્યા. આ ઉપરાંત તેમને રકતપિત્તના દર્દીઓની સારવાર તથા બાળલગ્નોનો વિરોધ કર્યો.

## 3.7 ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર દ્વારા બાળ વિધવા અને યુવાન વિધવાઓને બચાવવાની કામગીરી થઈ. આ માટે તેમણે 1854માં વિધવા પુનઃલગ્નને લગતું પુસ્તક લખ્યું. ત્યારબાદ તેઓએ 1855માં દલીલો રજૂ કરતી પત્રિકાઓ પ્રસિદ્ધ કરી અને વિધવા પુનઃલગ્નોને શાસ્ત્રો માન્ય છે તેવું સાબિત કર્યુ અને આ દ્વારા વિધવા પુનઃલગ્ન માટેનો કાયદો ઘડવા અંગે માન્યતા મળી. તેમજ આવા લગ્નથી થતાં બાળકોને કાયદેસરનો દરજ્જો મળવા લાગ્યો. રૂઢિચુસ્ત લોકોએ તેનો વિરોધ કર્યો પરંતુ ધીરે ધીરે અનુકૂળ લોકમત ઘડાવા લાગ્યો અને વિધવા પુનઃલગ્ન મંડળો રચાવા લાગ્યાં. આ ઉપરાંત તેમણે વિવિધ કાર્યો કર્યા જે આ પ્રમાણે દર્શાવી શકાય.

- આરોગ્ય અંગેના કાર્યક્રમો
- ખેતી અને પશુપાલન અંગેના કાર્યક્રમો
- સામાજિક કલમ તેમજ બાળક્રિયા અંતર્ગત કાર્યક્રમો
- આગાખાન હેલ્થ સેન્ટર, ખાંડુ ઈન્દિરા દ્વારા મંજુર થયેલ શૌચાલય, બાથરૂમ વગેરે અંગેની તકલીફ જાણી અને તેને હલ કરી.

## 3.8 જયોતિબા ફૂલે

ભારતીય સમાજને સુધારણાની દિશા તરફ લઈ જવા માટે એક સમાજ સુધારક તરીકે જયોતિબા ફૂલેનું આગવું પ્રદાન છે. 1857માં પૂનામાં 'કન્યા શાળા'ની સ્થાપના કરી, વિધવા પુનઃલગ્ન, બાળલગ્ન અને બહુપત્ની પ્રથા નાબૂદ કરવાના પ્રયત્નો કર્યા હતાં. 1873માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી. આના દ્વારા મહારાષ્ટ્રમાં સુધારણા ચળવળનું કેન્દ્ર બન્યું. આ સંસ્થા દ્વારા જ્ઞાતિવાદને નાબૂદ કરવા પ્રયાસો કરવામાં આવ્યાં.

## 3.9 દાદાભાઈ નવરોજી

અંગ્રેજી કેળવણી પામેલાં પારસી યુવાનોએ ધર્મ અને સમાજ સુધારણા માટે 1851માં 'રહનુમા ઈ. મઝદપરબન' સભાની સ્થાપના કરી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતાં. તેમણે શિક્ષણના પ્રચાર ઉપર, સ્ત્રી ઉન્નતિ પર, બાળલગ્ન વગેરે ઉપર કાર્યો સમાજ સુધારક તરીકે કર્યા. તેમણે સમાજમાં પરિવર્તન લાવવા તેમજ કુરિવાજો દૂર કરવા સમાજ સેવાના સુધારક તરીકે કાર્ય કર્યું.

## 3.10 રામકૃષ્ણ ગોપાલ ભંડારકર

રામકૃષ્ણ ગોપાલ ભંડારકર પ્રાર્થના સભાના આગેવાન હતાં. 1867માં 'પ્રાર્થનાસમાજ'ની સ્થાપના થઈ હતી. પ્રાર્થના સભા દ્વારા આત્માની ઉન્નતિ સાથે ભાર મૂકયો. તેઓએ મૂર્તિ પૂજાનો વિરોધ કર્યો અને અંતઃકરણની શુદ્ધિ દ્વારા સમાજ સુધારણાથી સામાજિક સુધારણા શકય બનશે; તેમજ સમાજ સુધારણા માટે કુરિવાજો જડમૂળથી કાઢી નાખવા હિમાયત કરી હતી.

## 3.11 દયાનંદ સરસ્વતી

તેમનું મૂળ નામ 'મૂળશંકર' હતું. દયાનંદ સરસ્વતીએ 1875માં 'આર્યસમાજ'ની સ્થાપના કરી હતી. નાનપણથી જ ઈશ્વર વિશેનું જ્ઞાન પ્રાપ્ત થયું. તેઓએ સરસ્વતી સંપ્રદાયમાં દિક્ષા લીધી અને તેમનું નામ 'દયાનંદ સરસ્વતી' પડયું.

દયાનંદ સરસ્વતી એ ધાર્મિક સુધારણાના અનુયાયી હતાં. તેમના દ્વારા સામાજિક અને શૈક્ષણિક બાબતોમાં સ્ત્રી પુરુષના સમાન હકની હિમાયત કરી. તેઓએ પરદા પ્રથાનો વિરોધ કર્યો હતાં. બાળલગ્ન પ્રથા બંધ થાય તે માટે પ્રયાસો કર્યા અને શિક્ષણના પણ તેઓ હિમાયતી હતાં.

## 3.12 રવિશંકર મહારાજ

રવિશંકર મહારાજનો જન્મ 1884માં થયો હતાં. એક સમાજ સુધારક તરીકે તેમણે ગુજરાતમાં અગત્યની ભૂમિકા ભજવી છે. ગાંધીજીના સંપર્કમાં આવ્યાં બાદ ખાસ કરીને આઝાદીની લડતમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. દારૂબંધી, દુકાળ, કોલેરા, અતિવૃષ્ટિ વગેરે ઉપર કાર્યો કર્યા. વિનોબા ભાવે સાથે પણ ભૂદાન ચળવળમાં પોતાનો ફાળો આપ્યો

## 3.13 સર સૈયદ અહમદખાન

અહમદખાનનો જન્મ મુઘલ દરબારમાં ઉમરાવ કુટુંબમાં થયો હતાં. 1857ના વિપ્લવના વખતે કંપનીમાં સરકારી નોકરીમાં હતાં. 1809માં નિવૃત્તિ પછી ઈંગ્લૅન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયાં. મુસલમાનોને અંગ્રેજી કેળવણી લઈને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. 1870માં 'તહા જલ ઉલ અખલાક' નામનું સામયિક બહાર પાડયું. 1875માં 'અલીગઢ મુસ્લિમ કોલેજ'ની સ્થાપના કરી; જે આજે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે.

આમ, દર્શાવ્યા મુજબ જાણી શકાય કે ભારતીય સમાજ સુધારકોના અથાગ પ્રયત્નો અને તેમના કાર્યો દ્વારા સમાજની સુધારણાનું કાર્ય ખૂબ મોટાપાયે થયું. જેમાં લોકજાગૃતિ, બ્રહ્મોસમાજ, આર્યસમાજ, પ્રાર્થના સમાજ જેવી વિવિધ સંસ્થા દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યાં.

## 3.14 સ્વાતંત્ર્યોત્તર સમયગાળો અને રાજયની પ્રવૃત્તિઓ : ભારતના સંદર્ભમાં

વિકાસ માટેના કોઈપણ વ્યૂહમાં અમલીકરણનું માળખું અને તંત્ર ખૂબ મહત્ત્વના છે. આખરે તો તે જ નિશ્ચિત કરે છે કે આયોજિત વિકાસ યોજના તેની ગુણવત્તાની દ્રષ્ટિએ કેટલે અંશે સફળ થશે. તેથી જ રાષ્ટ્રીય વ્યવસ્થા તંત્રોની કાર્યક્ષમતા ઘણી અગત્યની છે.

સામાન્ય રીતે ભારતીય આયોજકોના મતે વિકાસની પ્રક્રિયા સમગ્ર સામાજિક વ્યવસ્થાને આવરી લેતી પ્રક્રિયા છે. વધુ ઉત્પાદન, સંપૂર્ણ રોજગાર, આર્થિક અસમાનતા અને સામાજિક ન્યાયની ઉપલબ્ધિ જેવાં આદર્શો આયોજનમાં રહયાં છે. વિકાસ માટેની યોજનામાં આ સર્વ પર ભાર દેવો જરૂરી છે. સમાજજીવનના દરેક પાસાને વિકાસ સ્પર્શે છે તેવું આયોજનપંચ માને છે અને તેથી જ આર્થિક આયોજનના ક્ષેત્રને લંબાવીને શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રો સુધી પહોંચાડવા કોશિશ કરાઈ છે.

વિકાસનાં આ બૃહદ્ દ્રષ્ટિકોણને કારણે ભારત એક કલ્યાણ રાજય બન્યું. જેનો નિર્દેશ બંધારણમાં થયેલો છે, જે વિકાસની સમગ્ર પ્રક્રિયાનો લાભ સમાજના દરેક વર્ગને એક સમાન રીતે મળે તેવી અપેક્ષા હતી. સમાજના નબળા વર્ગો તેમજ સ્ત્રીઓની શૈક્ષણિક અને આર્થિક જરૂરિયાતો પર ધ્યાન આપવા માટે બંધારણ વિશેષ પ્રોત્સાહન આપે છે. કારણ કે સામાજિક રીત–રિવાજો અને મૂલ્યોને કારણે તેઓ ક્ષતિગ્રસ્ત રહયા છે. પંચવર્ષીય યોજનાઓ દ્વારા સમાજના પ્રત્યેક વ્યકિતના વિકાસ માટેનું આયોજન થયું.

ભારતમાં વિકાસના જે જુદાં જુદાં અભિગમો છે; તે જોઈએ તો તેમાં નિમ્નલિખિત અભિગમ મુખ્ય છે.

– કલ્યાણનો અભિગમ.

– સમાનતાનો અભિગમ.

– ગરીબી વિરોધી અભિગમ.

– કાર્યક્ષમતા અભિગમ.

– સશકિતકરણનો અભિગમ.

ઉપરોકત દરેક અભિગમ વિસ્તૃત નીચે મુજબ જણાવેલ છે.

### 3.14.1 કલ્યાણનો અભિગમ :

કલ્યાણના અભિગમમાં વ્યકિતને નિષ્ક્રિય સહાય મેળવનાર તરીકે જોવામાં આવે છે. મુશ્કેલ પરિસ્થિતિમાં તેને કેટલીક રાહત અપાય છે. આ અભિગમની ઘણી લાંબી પરંપરા છે. મુશ્કેલીમાં મૂકાયેલા લોકોને મદદ પૂરી પાડતા ચર્ચ જેવાં વિવિધ સંગઠનોથી તેની શરૂઆત થયેલી છે. આ અભિગમમાં એક પણ યોજના કે કાર્યક્રમ એવા નહોતા; જેમાં સત્તાના પુનઃવિતરણની જરૂર ઊભી થાય. જેને લીધે સભા યોજના રાજકીય રીતે વધુ સરળ હતી. તાંત્રિકી રીતે પણ વધુ સરળ હતી. આથી તેનુ વધુ લોકપ્રિયતા મળી. મોટાભાગના સ્વૈચ્છિક સંગઠનો, ચર્ચ, કેટલાંક સ્ત્રી સંગઠનો તથા સરકાર દ્વારા આ અભિગમથી કામ થયાં અને થાય છે. આ અભિગમની મોટી આલોચના એ છે કે, ''તે ઉપરથી લાદેલો ટોપ ડાઉન અભિગમ છે.''

### 3.14.2 સમાનતાનો અભિગમ :

ઈકિવટી(સમાનતા) ના અભિગમ કલ્યાણના અભિગમ કરતાં ઘણો જુદો પડે છે. 1970ની શરૂઆતમાં અમેરિકામાં વિકાસની પ્રક્રિયા સાથે સંકળાયેલા કેટલાંક સ્ત્રી સંગઠનો દ્વારા આ અભિગમની શરૂઆત થઈ. એક રીતે કહી શકાય કે સમાનતા અભિગમના મૂળ નારીવાદી વિચારસરણીમાં રહેલાં છે. આ અભિગમના મૂળ 1970ની શરૂઆત જે ઈક્વિટી રાઈટ મૂવમેન્ટ થઈ તેમાં પડેલાં દેખાય છે.

### 3.14.3 ગરીબી વિરોધી અભિગમ :

ગરીબી વિરોધી અભિગમ ગરીબો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે અને પાયાની જરૂરિયાતના અભિગમની તરફેણ કરે છે. આ અભિગમમાં સમસ્યાને ગરીબી સાથે જોડીને જોવામાં આવે છે.

### 3.14.4 કાર્યક્ષમતા અભિગમ :

કાર્યક્ષમતા અભિગમ 1980ની  કટોકટી વખતે ઉદ્ભવેલો છે. ખોરાક, પાણી, વીજળીની જે કટોકટી ઊભી થઈ તેને લીધે સરકારી ખર્ચમાં મોટો કાપ આવ્યો. પરિણામે કાર્યક્ષમતાએ ચાવીરૂપ શબ્દ બન્યો. માળખાકીય અનુકૂલન નીતિ તેનું જવલંત ઉદાહરણ છે. તેની વિપરીત અસરો પણ હવે સ્પષ્ટ થઈ ચૂકી છે.

### 3.14.5 સશકિતકરણ અભિગમ :

સશકિતકરણ અભિગમના મૂળ પણ નારીવાદી વિચારોમાં દેખાય છે. નબળા વર્ગોની સશકિતકરણની વાત આમાં થઈ છે. આ માટે નિમ્નલિખિત ચાર બાબતોને અગત્યની માનવામાં આવે છે.

- આંતરિક શકિતનો વિકાસ કરવો અને જીવનનો સામનો કરવાનો આત્મવિશ્વાસ ઊભો કરવો.
- જીવન માટે પોતાની પસંદગી નકકી કરવાનો હકક આપવો.
- પોતાના જીવનને અસર કરતી સામાજિક પ્રક્રિયાઓને પ્રભાવિત કરવાની શકિત આપવી.
- સામાજિક પરિવર્તનની દિશાને પ્રભાવિત કરવી.

આ અભિગમમાં સબંધોને પડકારવામાં આવ્યાં છે અને સત્તાની પુનઃવહેંચણી પર ભાર મૂકવામાં આવ્યો છે.

સરકારે સમયાંતરે વિવિધ અભિગમો અનુસરી પંચવર્ષીય યોજનાઓ બનાવી. 10 પંચવર્ષીય યોજનાઓ થઈ અને તેમાં વિકાસ અને કલ્યાણના અનેક કાર્યો થયાં. સરકાર દ્વારા જે પ્રયત્નો થયાં તે મુખ્યત્વે બે દિશામાં થયાં. એક કાયદાઓ દ્વારા નિયંત્રણ લાદીને સામાજિક સમસ્યાઓની રોક થાય અને બીજું યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા વિકાસ કે કલ્યાણ માટે સહાય થઇ. જેઓ મુશ્કેલીમાં મૂકાયેલાં છે તેને સહાય મળી. આ બધાં કાર્યો ઉપચારાત્મક રહયાં. સરકારના છેલ્લા પ્રયત્નો અટકાયતી દિશામાં રહયાં છે. રચનાત્મક રીતે વિકાસ સાધી વિકાસની પ્રક્રિયામાં ભાગીદારી દ્વારા સશકિતકરણની દિશા તરફ જવાનો પ્રયત્ન સરકારનો રહયો છે. પરંતુ બધાં જ પ્રયત્નોની મોટી મર્યાદા રહી હોય તો તે અમલીકરણના સ્તરે રહી છે.

સ્વતંત્રતા પછી સરકારી તંત્ર દ્વારા જે સમાજકાર્ય થયું તે મુખ્યત્વે ગાંધી વિચારસરણી અને આગળ દર્શાવેલ અભિગમો દ્વારા પ્રેરિત હતું. બીજી બાજુ સ્વતંત્રતા મળ્યા પછી તુરંત સ્વૈચ્છિક પ્રયત્નોમાં ઢીલાશ આવ ગઈ હતી; પરંતુ તે પછી સ્વૈચ્છિક સંગઠનો દ્વારા મોટા પાયે સમાજકાર્ય થયું. ભારતીય સમાજકાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોનો ફાળો નોંધપાત્ર રહયો છે.

## 3.15 ઉપસંહાર :

19 મી સદી દરમિયાન વિવિધ સામાજિક અનિષ્ટની ઓળખ એ સામાજિક નવીકરણના પ્રયાસ માટે એક મહત્ત્વપૂર્ણ પ્રારંભિક બિંદુ બન્યું. વિવિધ સમાજ સુધારકો જેમ કે રાજા રામ મોહન રાય, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહાદેવ ગોવિંદ રાનડે, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાત્મા જ્યોતિબા ફૂલે, મહાત્મા ગાંધી, રવિશંકર મહારાજ, રામકૃષ્ણ ગોપાલ ભડારકર, દાદાભાઈ નવરોજી અને સર સૈયદ અહમદ ખાન સમજી ગયા કે સમાજમાં પછાતપણાની અજ્ઞાનતા તેની પ્રગતિ અને વિકાસમાં અવરોધ માટે જવાબદાર છે. તેઓએ ધાર્મિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને ધાર્મિક અને સામાજિક પ્રથાઓની ટીકા કરી. તેમના મતે સમાજ, પુરુષ અને સ્ત્રી બને માટે સ્વતંત્રતા અને સમાનતાની કલ્પના પર આધારિત હોવું જોઈએ અને આ ફક્ત આધુનિક અને વૈજ્ઞાનિક શિક્ષણના

પ્રસાર દ્વારા જ શક્ય છે. ખાસ કરીને સ્ત્રીઓમાં આ ચળવળોને સામાજિક-ધાર્મિક ચળવળ કહેવાતા કારણ કે સુધારકોને લાગ્યું કે સમાજમાં ધર્મ સુધર્યા વિના કોઇ પરિવર્તન શક્ય નથી.

## 3.16 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. રાજારામ મોહનરાય દ્વારા થયેલ સુધારાવાદી પ્રવૃત્તિઓ કઈ છે ?

   (A) સતીપ્રથાનો અંત (B) બ્રહ્મોસમાજની સ્થાપના

   (C) ગામ સ્વચ્છતા (D) A અને B બન્ને

2. 'આર્ય સમાજ' ની સ્થાપના કોણે કરી હતી ?

   (A) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (B) જ્યોતિબા ફૂલે

   (C) દયાનંદ સરસ્વતી (D) રામકૃષ્ણ ગોપાલ ભંડારકર

3. 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કોણે કરી હતી ?

   (A) સ્વામી વિવેકાનંદ (B) જ્યોતિબા ફૂલે

   (C) દયાનંદ સરસ્વતી (D) રવિશંકર મહારાજ

4. 'સત્યશોધક સમાજ' ની સ્થાપના કોણે કરી હતી ?

   (A) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (B) જ્યોતિબા ફૂલે

   (C) દાદાભાઈ નવરોજી (D) રામકૃષ્ણ ગોપાલ ભંડારકર

5. ભારતના વિકાસમાં કુલ કેટલાં અભિગમો છે ?

   (A) 5 (B) 4

   (C) 6 (D) 3

6. ગાંધીજીએ સમાજસુધારણા માટે કયા સંગઠનની સ્થાપનાની વાત કરી હતી ?

   (A) ખેડૂતો, મજૂરો, યુવાનોના સંગઠનની

   (B) ખેડૂતો અને યુવાનોના સંગઠનની

   (C) ખેડૂતો અને મજૂરોના સંગઠનની

   (D) ખેડૂતો, મજૂરો, સ્ત્રીના સંગઠનની

7. સ્વામી વિવેકાનંદની દૃષ્ટિએ પ્રભુસેવા કોને કહેવાય ?

   (A) માનવસેવા (B) રાષ્ટ્ર સેવા

   (C) માનવ સેવા તથા રાષ્ટ્ર સેવા (D) માનવ સેવા અથવા રાષ્ટ્ર સેવા

8. 'પ્રાર્થનાસમાજ' ની સ્થાપના કોણે કરી હતી ?

   (A) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (B) જ્યોતિબા ફૂલે

   (C) દાદાભાઈ નવરોજી (D) રામકૃષ્ણ ગોપાલ ભંડારકર

## 3.17 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) A અને B બન્ને
2. (C) દયાનંદ સરસ્વતી

3. (A) સ્વામી વિવેકાનંદ

4. (B) જ્યોતિબા ફૂલે

5. (A) 5

6. (A) ખેડૂતો, મજૂરો, યુવાનોના સંગઠનની

7. (C) માનવ સેવા તથા રાષ્ટ્ર સેવા

8. (D) રામકૃષ્ણ ગોપાલ ભંડારકર

## 3.18 ચાવીરૂપ શબ્દો :

- **સમાજ સુધારક :** કોઈ પણ વ્યક્તિ-સુધારક, જે કાયદા અથવા સામાજિક પ્રણાલી જેવી કોઈ વસ્તુને બદલવા અને સુધારવાનો પ્રયાસ કરે છે.
- **સમાજ સુધારણા :** સમાજ સુધારકો દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાની પ્રવૃત્તિને સમાજ સુધારણા કહેવાય છે.

## 3.19 સ્વાધ્યાય લેખન (Assignment)

1. રાજારામ મોહનરાય દ્વારા થયેલ સુધારાવાદી પ્રવૃત્તિઓ સમજાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

2. ન્યાયમૂર્તિ રાનડેના સમાજ સુધારણાના પ્રયત્નો જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

3. ભારતમાં વિકાસના જુદાં જુદાં અભિગમો વિશે જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

## 3.20 પ્રવૃત્તિ (Activities)

- તમે વાંચેલી વિવિધ સામાજિક ચળવળની સૂચિ બનાવો અને તેઓ શું બદલાવ લાવવા માટે છે અને તેઓ કયા ફેરફારોને અટકાવવા માંગ કરે છે તે લખો.
- ભારતીય સમાજમાં ધર્મને પ્રબળ બનાવવા એટલે કે મનુષ્યને નીતિથી જીવવાનો માર્ગ બતાવવા સંત કબીર અને રવિદાસના યોગદાન વિશે જણાવો.
- પાંચ મહિલા સમાજ સુધારકો કે જેમણે ભારતમાં પરિવર્તન લાવવા લડત આપી છે તેની સૂચિ આપી તેના કાર્યો વિશે લખો.

## 3.21 કેસસ્ટડી (Case Study)

- ભારતમાં 19 મી સદીના સુધારકોના મુખ્ય હેતુઓ જણાવો ?

- કોઈ પણ 5 ઉદાહરણો આપીને સમજાવો કે સામાજિક ચળવળ દ્વારા કયા ફેરફારો લાવવામાં આવ્યાં છે જે આજના જોઈ શકાય છે.

## 3.22 સંદર્ભગ્રંથ


| | | |
|---|---|---|
| 1. | વ્યાવસાયિક સમાજકાર્ય | : ગીતા ચાવડા,<br>પ્રાપ્તિસ્થાન –લોકનિકેતન રતનપુર તાઃ પાલનપુર જિલ્લો : બનાસકાંઠા,<br>પ્રથમ આવૃત્તિ : મે– 2008 |
| 2. | વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો | : ડૉ. આનંદી પટેલ,<br>પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ– 26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ,<br>પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009 |
| 3. | समाजकार्य ऱ्रुद्मतिहास, दर्शन एवं प्रणालियाँ | : तृतीय संस्करण–२००२<br>डॉ. सुरेन्द्रसिंह – प्रोफेसर एवं विभाग अध्यक्ष<br>डॉ. पी. डी. मिश्र – प्रोफेसर<br>समाजकार्य विभाग, लखनऊ विश्वविद्यालय, लखनऊ |

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-101
# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

વિભાગ

# 2

## જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય

**એકમ-1 સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-1**

**એકમ-2 સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-2**

**એકમ-3 સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-3**

**ISBN : 978-81-937666-0-6**


| **લેખક** | |
|---|---|
| **ભલુ જે. શેખ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | નિવૃત્ત પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

વ્યાવસાયિક સમાજકાર્યમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રથમ સત્ર દરમિયાન સમાવિષ્ટ વિવિધ વિષયો પૈકી 'સમાજકાર્ય'નું તત્ત્વજ્ઞાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિષય છે. સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન વિષયનો વિદ્યાર્થીઓએ ખૂબ જ કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઇએ. કારણ કે, તે સમાજકાર્ય વ્યવસાયની મૂળભૂત માહિતી અને જ્ઞાન પૂરાં પાડે છે. આ વિષયમાં વિદ્યાર્થીઓને સમાજકાર્ય વ્યવસાયના ઉદ્‌ભવની પ્રારંભિક અવસ્થા, ઉદ્‌ભવ માટે જવાબદાર પરિબળો, વિવિધ ભૌગોલિક તેમજ સામાજિક પૃષ્ઠભૂમિમાં કાળક્રમે થયેલ સમાજકાર્ય વ્યવહાર અને તેના જ્ઞાનનો વિકાસ વ્યાવસાયિક સમાજકાર્યનો મૂળભૂત ખ્યાલ અને સમાજકાર્ય શિક્ષણનો સામાન્ય ખ્યાલ જાણવા અને સમજવા મળે છે. આ તમામ મુદ્દાઓ વિદ્યાર્થીઓના એક વ્યાવસાયિક ઘડતર માટે મજબૂત ઈમારતના પાયા સમાન છે. કોઈપણ ઈમારતનો કાચો પાયો અનેક જિંદગીઓ માટે હંમેશા જોખમરૂપ બની રહે છે. તે જ રીતે સમાજકાર્યના વિદ્યાર્થીઓ ભવિષ્યના સામાજિક દાક્તરો છે. તેઓ સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ અને સમુદાયનો અભ્યાસ, નિદાન, સારવાર અને મૂલ્યાંકન કરવાના છે. આથી ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે જો તેમના શિક્ષણનો પાયો કાચો હશે તો તેઓ સમાજકાર્ય વ્યવસ્યાનો યોગ્ય રીતે સમજી શકશે નહીં. તેથી મદદની પ્રક્રિયામાં યોગ્ય ગુણવત્તાના અભાવને કારણે અનેક સમસ્યાગ્રસ્ત લોકોની સમસ્યાઓ વધુ જટિલ અને ગંભીર બનશે. આ ઉપરાંત આ વિષય વિદ્યાર્થી જો વિદ્યાર્થી કાળજીપૂર્વક સમજી લેશે તો આ સત્ર ઉપરાંત આગળના તમામ સત્રોના વિષયો સમજવામાં સાનુકૂળ પરિસ્થિતિ ઉભી થશે.

'સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન' વિષયમાં કુલ ચાર ઘટકો પૈકી 'જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય' એ બીજું ઘટક છે. આ ઘટકમાં સમાજકાર્યના વિકાસમાં આધારભૂત વિવિધ અભિગમોના માળખાનો અભ્યાસ કરવાનો છે. જેમાં મદદકર્તા-લાભાર્થી વિચારધારા,ધાર્મિક દાન, રાજય પુરસ્કૃત દાન અને કલ્યાણ, સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન, વ્યાવસાયિક સમાજકાર્ય, તંત્ર અભિગમ, અધિકાર આધારિત અભિગમ,પર્યાવરણીય અભિગમ અને શક્તિ આધારિત અભિગમ અભ્યાસ કરવાનો છે. જે બે એકમમાં વહેંચાયેલ છે.

'સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન' વિષયમાં કુલ ચાર ઘટકો આવેલાં છે. જેમાં સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો, જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય, સમાજકાર્ય વિચારસરણીનાં સ્ત્રોતો અને સમાજકાર્ય વ્યવસાયનો સમાવેશ થાય છે. આ ઘટકો પૈકી પ્રથમ ઘટકમાં સામાજકાર્યના જ્ઞાન અને ઉદ્‌ભવ સંબંધિત વિવિધ ખ્યાલોનો અભ્યાસ કરવાનો છે. બીજા ઘટકમાં સમાજકાર્ય વ્યવસાયના જુદાં જુદાં સમયગાળા દરમિયાન મદદ માટેના વિકાસ પામેલા વિવિધ અભિગમોનો અભ્યાસ કરવાનો છે. ત્રીજા ઘટકમાં સમાજકાર્યની વિચારસરણીના નૈતિક અને ધાર્મિક મૂલ્યો તથા વિવિધ વિચારસરણીઓનો અભ્યાસ કરવાનો છે. ચોથા અને છેલ્લા ઘટકમાં વ્યવસાયના રૂપમાં સમાજકાર્યની ઓળખ અને સમાજકાર્ય શિક્ષણ અંગેની શરૂઆત, વિકાસ અને સંબંધિત અન્ય પાસાંઓનો અભ્યાસ કરવાનો છે. આ રીતે સમાજકાર્ય શિક્ષણમાં અનુસ્નાતક કક્ષાએ પ્રથમ સત્રમાં આ વિષય શીખનાર અને શીખવનાર બન્ને પક્ષે ઘણી કાળજી માંગી લે તેવું છે.

## ઘટકના હેતુઓ :

આ વિષયના કુલ ચાર ઘટકો પૈકી અહીં આપણે 'જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય' ઘટક અંગેનો અભ્યાસ કરીશું. આ ઘટકમાં જુદાં જુદાં અભિગમોનું માળખું ભાગ-1 અને 2 મળીને બે એકમોમાં વહેંચાયેલું છે. આ વિષયમાં પ્રસ્તુત ઘટકને સ્થાન આપવાનું મહત્ત્વ તથા અનુસ્નાતક કક્ષાએ પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓએ આ ઘટકનો અભ્યાસ કરવા પાછળના હેતુઓ નીચે મુજબ છે.

1. જુદાં-જુદાં સમયમાં સમાજકાર્યનો ઉદ્ભવ, વિકાસ અને તે માટેના જવાબદાર પરિબળો અંગેનું જ્ઞાન મળે છે.
2. સમાજકાર્ય વ્યવસાયમાં કાળક્રમે મદદની પ્રક્રિયા દ્વારા અસ્તિત્વમાં આવેલા અભિગમો અંગેનું જ્ઞાન મળે છે.
3. સમાજકાર્ય વ્યવસાયમાં મદદની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવતા અભિગમો અંગેનું જ્ઞાન મળે છે.
4. વ્યક્તિ-જૂથ અને સમુદાયોની વિવિધ સમસ્યાઓમાં ઉપયોગી અભિગમો અંગેનું જ્ઞાન મળશે.
5. વિદ્યાર્થીઓના વ્યાવસાયિક જ્ઞાનમાં વધારો થાય છે. જે તેનામાં મદદ માટેના વ્યાવસાયિક વલણો અને ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉપયોગી કૌશલ્ય વિકાસમાં મદદરૂપ થાય છે.

# એકમ–1 સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-1

## : એકમનું માળખું :


**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 મદદકર્તા- લાભાર્થી વિચારધારા**

**1.3 ધાર્મિક દાન અભિગમ**

**1.4 રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ**

**1.5 સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ**

**1.6 વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમ**

**1.7 ઉપસંહાર**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.10 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**1.11 સ્વાધ્યાય લેખન (Assignment)**

**1.12 પ્રવૃત્તિ (Activities)**

**1.13 કેસસ્ટડી (Case Study)**

**1.14 સંદર્ભગ્રંથ (Further Readings)**


## 1.0 એકમ અધ્યયનના હેતુઓ

જુદાં જુદાં અભિગમોનું માળખું-1 એકમમાં કુલ પાંચ અભિગમો અંગે અભ્યાસ કરવાનો રહેશે. આ અભિગમોનું અધ્યયન કરવા પાછળના હેતુઓ નીચે મુજબ છે.

1. વિદ્યાર્થીઓને સમાજકાર્યના વિવિધ અભિગમો અંગેનું જ્ઞાન મળે છે.
2. વિવિધ અભિગમોનો ઉદ્ભવ, વિકાસ અને તેની લાક્ષણિકતાઓ અંગેનું જ્ઞાન મળે છે.
3. જે-તે સમયગાળામાં ઉદ્ભવ પામેલ અભિગમનું મહત્ત્વ, યોગદાન, વિશેષતાઓ, ઉપયોગિતા, મર્યાદાઓ વગેરે અંગેનું જ્ઞાન મળે છે.
4. મદદની પ્રક્રિયા સંબંધિત અભિગમોના ક્રમિક વિકાસ અંગેનું જ્ઞાન મળે છે.
5. સમાજકાર્ય વ્યવસાયમાં મદદ પ્રક્રિયાના આ પાયાના અભિગમો અંગે જ્ઞાન મેળવવાથી મદદ સંબંધિત અન્ય અભિગમો, સિદ્ધાંતો, પદ્ધતિઓ વગેરે સમજવામાં સરળતા રહે છે.

## 1.1 પ્રસ્તાવના

'સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન' વિષયમાં 'જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય' ઘટકમાં કુલ બે એકમો પૈકી અહીં આપણે જુદાં જુદાં અભિગમોનું માળખું-1 અંગે અભ્યાસ કરીશું. આ પ્રથમ એકમમાં સમાવિષ્ટ અભ્યાસના મુદ્દાઓ નીચે મુજબ છે.

1. મદદકર્તા- લાભાર્થી વિચારધારા

2. ધાર્મિક દાન અભિગમ

3. રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ

4. સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ

5. વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમ

પ્રથમ એકમમાં ઉપર્યુક્ત પાંચ અભિગમો અંગે અભ્યાસ કરીશું. આ અભિગમો સમાજકાર્ય વ્યવસાયનાં ઉદ્‌ભવ અને વિકાસ દરમિયાન અસ્તિત્વમાં આવેલા મદદ માટેની વિવિધ વિચારધારાઓ છે. સમાજકાર્યના તદ્દન પ્રારંભિક તબક્કામાં દાતાઓ એટલે કે મદદકર્તાઓ દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને ધાર્મિક અને પરોપકારની પ્રેરણાથી દયાદાન આપવામાં આવતું હતું. સમય જતાં ચર્ચ, મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદ લોકો જીવનજરૂરી પ્રાથમિક ચીજ-વસ્તુઓ પૂરી પાડવામાં આવતી હતી. આ પછી રાજ્ય દ્વારા નિરાધાર લોકોને સહાય કરવાનો યુગ શરૂ થયો. આ દરમિયાન સંગઠિત અને પદ્ધતિસર એટલે કે વૈજ્ઞાનિક દાન અભિગમ દ્વારા વધુ અસરકારક રીતે સહાયનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. અંતમાં આ બધી મથામણના પરિપાકરૂપે સમાજકાર્યનો વ્યાવસાયિક અભિગમ અસ્તિત્વમાં આવ્યો.

આ રીતે આ એકમમાં સમાજકાર્ય વ્યવહારમાં કાળક્રમે અસ્તિત્વમાં આવેલા મદદના અભિગમોનો અભ્યાસ કરીશું.

## 1.2 મદદકર્તા- લાભાર્થી વિચારધારા

સમાજકાર્ય ઉદ્‌ભવના પ્રારંભિક તબક્કામાં મદદની પ્રક્રિયામાં મદદકર્તા-લાભાર્થી વિચારધારા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમાજકાર્ય વ્યવસાયમાં કાળક્રમે મદદની પ્રક્રિયામાં સ્વરૂપોમાં પરિવર્તન થતું રહ્યું છે. જેમાં મદદના પ્રાથમિક તબક્કામાં આ વિચારધારા જોવા મળે છે. આ વિચારધારામાં મુખ્ય બે પક્ષો છે. જેમાં મદદ કરનાર દાતા અને મદદ મેળવનાર નિરાધાર લાભાર્થીનો સમાવેશ થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો પહેલો પક્ષ મદદ કરનાર અને બીજો પક્ષ મદદ મેળવનાર છે. આ સિવાય અન્ય કોઇ પક્ષોની જરૂરિયાત રહેતી નથી. ગરીબ, અનાથ, વૃદ્ધો, રોગીઓ, વિકલાંગો કે નિરાધાર લોકોનાં દુઃખો કે સમસ્યાગ્રસ્ત સ્થિતિ જોઇને દયાદાનની વૃત્તિ ધરાવનાર લોકો ધાર્મિક ભાવનાથી પ્રેરાઇને યથાશક્તિ જરૂરી ચીજવસ્તુઓનું દાન કરે છે.

મૂળતઃ માનવ સમાજ અને સંસ્થાઓનો ઉદ્‌ભવ પરસ્પર મદદ અને સહકારની જરૂરિયાતમાંથી થયેલો જણાય છે. જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની પ્રવૃત્તિઓનો ઇતિહાસ માનવ સમાજની શરૂઆત જેટલો જ જૂનો છે. અન્યો પ્રત્યે દયા, પ્રેમ, કરૂણા, મદદ તથા પરોપકારની ભાવના વિશેષ રૂપમાં રાજકીય, ધાર્મિક કે સંસ્થાકિય મદદની વ્યવસ્થાઓનું જોઇએ તેટલું સંગઠિત સ્વરૂપ ન હતું ત્યારે કુદરત કે માનવસર્જિતકે સામાજિક આફતોનો ભોગ બનેલા સમસ્યાગ્રસ્ત નિરાધાર લોકોને કેટલાંક શ્રીમંતો-દાતાઓ જીવન જરૂરી અનાજ, ખોરાક, કપડાં, આશ્રયો વગેરે ચીજવસ્તુઓ પૂરી પાડતા હતાં.

સમાજકાર્યના ઇતિહાસમાં આ પ્રકારની મદદ અંગેના પુરાવાઓ જોઇએ તો ઇંગ્લૅન્ડમાં 14મી સદી સુધી ગરીબો, વિકલાંગો તેમજ રોગીઓને ભિક્ષા આપવાની પ્રવૃત્તિને પુણ્યકાર્ય ગણવામાં આવતું હતું. ઇ.સ. 1601માં ઘડવામાં આવેલ 'એલિઝાબેથ નિર્ધન કાનૂન' મુજબ નાગરિકોને આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ શારીરિક રીતે સક્ષમ ગરીબોને ભિક્ષા ન આપે. કારણ કે, જે લોકો શારીરિક રીતે સક્ષમ હતા તે પણ ભિક્ષાવૃત્તિ પર નિર્ભર બની જતા હતા. ભારતમાં પણ વૈદિક તથા પ્રાચીન કાળથી ગરીબો, ભિક્ષુકો, અનાથ, રોગીઓ જેવા નિરાધાર લોકોને દાન આપવાની પ્રવૃત્તિને ધાર્મિક કાર્ય

ગણવામાં આવતું હતું. ભારત જેવા દેશોમાં આજે પણ મહ્દઅંશે આ પ્રકારની મદદ પ્રચલિત છે. પ્રાચીન તથા મધ્યકાલીન સમાજમાં એવા અનેક દષ્ટાંતો જોવા મળે મળે છે કે વેપારીઓ, જમીનદારો, શ્રીમંતો દુષ્કાળ જેવી પરિસ્થિતિઓમં પોતાના ધનના ભંડારો સામાન્ય લોકો માટે ખુલ્લાં મૂકી દેતા હતા અથવા તો જરૂરિયાતમંદ લોકોને સહાય કરતાં હતા. તેઓ ધાર્મિક ભાવનાથી પ્રેરાઇને નિઃસહાય લોકોને સહાય કરતાં હતા. ભારત જેવા દેશમાં આજે પણ મોટા પાયે ભિક્ષાવૃત્તિ જોવા મળે છે. શારીરિક રીતે સક્ષમ લોકો દ્વારા નાના બાળકો પાસે ભિક્ષાવૃત્તિ કરાવવાની પ્રવૃત્તિઓ ખાસ કરીને મહાનગરોમાં વકરતી જાય છે. રસ્તા પર કે દુકાનો પર ભિખ માંગતા ભિક્ષુકોને લોકો બે-પાંચ રૂપિયા આપતા તેને તત્કાલ પૂરતી રાહત મળે છે; પરંતુ; આ મદદ તેના આત્મસન્માન, માનવીય ગૌરવ, જાત મહેનત વગેરે જેવા ગુણોને નષ્ટ કરી નાખે છે અને તેની પરાવલંબનની વૃત્તિમાં અને ભિક્ષુકોની સંખ્યામાં પણ વધારો થતો જાય છે, જે સમાજ માટે ખતરારૂપ છે.

- **મદદકર્તા-લાભાર્થી વિચારધારાની લાક્ષણિકતાઓ :**

1. મદદની પ્રક્રિયામાં મુખ્યત્વે મદદ આપનાર અને મદદ મેળવનાર સિવાય વચ્ચે કોઇ માધ્યમની જરૂર પડતી નથી.
2. મુખ્યત્વે જીવન જરૂરી ચીજવસ્તુઓ કે નાણાંના સ્વરૂપમાં મદદ કરવામાં આવે છે.
3. મદદ કરનારને દાતા કે સમાજસેવક તરીકે ઓળખવામાં આવે છે અને મદદ મેળવનારને ગરીબ, નિરાધાર, ભિક્ષુક કે ભિખારી, નબળા તરીકે ઓળખવામાં આવે છે.
4. આ પ્રકારની મદદ માટે વિશિષ્ટ કાર્યકરોની જરૂર પડતી નથી અને જો કાર્યકરોની જરૂર હોય તો તેમને કોઇ વિશેષ તાલીમની જરૂર પડતી નથી.
5. દાન આપનાર ધાર્મિક તથા પરોપરાકની ભાવનાથી પ્રેરાઇને મદદ કરે છે. દાનને પુણ્યકાર્ય માનવામાં આવે છે. દાન દ્વારા દાન આપનારનું પાપ ધોવાય છે તથા તેમાંથી મુક્તિ મળે છે. ઉપરાંત, દાન આપનારની ધાર્મિક-આધ્યાત્મિક ઉન્નતિ થાય છે તેવું માનવામાં આવે છે.
6. સમસ્યાગ્રસ્ત વ્યક્તિની સમસ્યાને ગયા જન્મના કુકર્મોના ફળ તરીકે જોવામાં આવે છે.તેના પ્રત્યે સહાનુભૂતિ અને મદદ કરાય છે; પરંતુ, તેની સમસ્યાના ઊંડાણ ઉતરીને તેના માટે જવાબદાર બાહ્ય પરિબળો વિશે ક્યારેય વિચારવામાં આવતું નથી.
7. મદદકર્તામાં પોતે ઊંચો-સક્ષમ છે અને મદદ મેળવનાર નીચો-નિર્બળ છે એવો ભાવ ઊભો થાય છે.
8. મદદ મેળવનારમાં આત્મસન્માન, આત્મવિશ્વાસ, પોતાની શક્તિઓ, સ્વ-ઓળખ, જાત મહેનત, આત્મનિર્ભરતા જેવા માનવીય ગુણો નષ્ટ પામે છે. તેની પરાવલંબનની વૃત્તિમાં વધારો થાય છે.
9. તત્કાલ પૂરતી આંશિક રાહત મળી જાય છે, પરંતુ તેને આત્મનિર્ભર બનાવવા માટેનો કોઇ વિચાર કે વ્યૂહરચના હોતી નથી.

ઉપર્યુક્ત રીતે સમાજકાર્યમાં મદદકર્તા-લાભાર્થી વિચારધારાની ઉપયોગિતા, મહત્ત્વ, મર્યાદાઓ વગેરે જોઇ શકાય છે.

## 1.3 ધાર્મિકદાન અભિગમ

સમાજકાર્ય વ્યવસાયમાં તેના ઉદ્ભવના શરૂઆતના તબક્કામાં ધાર્મિક રીતે દયા-દાન દ્વારા નિઃસહાય લોકોને મદદ કરવાનો અભિગમ જોવા મળે છે. ઇંગ્લેન્ડમાં 14મી સદી સુધી ગરીબો, વિકલાંગો તેમજ નિરાધાર લોકોને ભિક્ષા આપવાની પ્રવૃત્તિને એક પુણ્યકાર્ય ગણવામાં આવતું હતું. ગરીબોની સહાયતા

સંબંધી કાર્યોની જવાબદારી મુખ્ય પાદરીઓ, સ્થાનીય પાદરીઓ અને પાદરીઓથી નીચેના દરજ્જાના 'ડેકન્સ'ના નામથી ઓળખાતા ત્રીજા દરજ્જાના અધિકારીઓ દ્વારા નિભાવવામાં આવતી હતી. ઈસાઈ ધર્મને રાજધર્મનો દરજ્જો પ્રાપ્ત થવા સાથે તેના દ્વારા મઠોમાં ગરીબો માટે સંસ્થાઓ સ્થાપવામાં આવી જે અનાથ, વૃદ્ધો, રોગીઓ અને અપંગોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડતી હતી તથા બેઘર લોકોને આશ્રય આપતી હતી. ભારતમાં પણ ધાર્મિક દયા-દાનનો મહિમા મોટાપાયે જોવા મળે છે.

ધાર્મિક દયાદાનને અભિગમ એ પરંપરાગત અભિગમ છે. આ અભિગમમાં વ્યક્તિગત દાનનો સમાવેશ થાય છે કે જેમાં જરૂરિયાતમંદ, અશક્ત કે ભિક્ષુકને સીધી રીતે લાભ આપવામાં આવે છે. સહાય આપનાર વ્યક્તિ અનાજ, ભોજન, વસ્ત્રો વગેરે આપે છે. વળી ક્યારે સહાય કરનાર દાતા ચર્ચ, મંદિર કે મસ્જિદને દાન આપે છે. કેટલીક વખત તેઓ ટ્રસ્ટ બનાવે છે. જેમાં ધાર્મિક પ્રેરણા જોવા મળે છે. સમાજ પ્રત્યેની નિસ્બત વ્યક્ત કરવાની પરંપરાગત રીત જોવા મળે છે.

હિંદુ ધર્મમાં પણ દાનને બીજા ધર્મોની જેમ પુણ્યકાર્ય ગણવામાં આવે છે. દાનનું કાર્ય દાન આપનારને માટે લાભકર્તા ગણાય છે. આ લાભને ધાર્મિક-આધ્યાત્મિક રીતે જોવામાં આવે છે. દાન આપનારની જરૂરિયાત આધ્યાત્મિક છે. સમસ્યાગ્રસ્ત વ્યક્તિને અન્ન,વસ્ત્ર, આશ્રય જેવી ભૌતિક જરૂરિયાતો દ્વારા સહાય આપવામાં આવે છે, જેને ધાર્મિક કાર્ય ગણવામાં આવે છે. આ અભિગમમાં જરૂરિયાતના સામાજિક અને મનોવૈજ્ઞાનિક પાસાંઓને સ્પષ્ટ રીતે સમજવામાં આવતા નથી. ધાર્મિક દાન અભિગમની લાક્ષણિકતા એ છે કે ભારતમાં ધર્મોની માન્યતા અનુસાર જેઓ સમસ્યાગ્રસ્ત છે તેમની સમસ્યાઓને તેઓએ ગત જન્મમાં કરેલ કુકર્મોના ફળ તરીકે જોવામાં આવે છે જેને ઈશ્વર આધિન સમજવામાં આવે છે. સમસ્યાગ્રસ્ત લોકો પ્રત્યે સહાનુભૂતિ હોય છે, તેઓને મદદ કરવામાં આવે છે, પરંતુ સમસ્યાગ્રસ્ત લોકોની સમસ્યાઓના મૂળમાં રહેલા બાહ્ય પરિબળો વિશે ક્યારેય પ્રશ્ન ઉઠાવવામાં આવતો નથી.

ધાર્મિક દાન, અંતર્ગત મદદ પૂરી પાડનાર અને મદદ લેનાર વચ્ચે કોઇ અભિગમ માધ્યમની જરૂર રહેતી નથી. રસ્તે જનાર લોકો માટે પાણીની વ્યવસ્થા કરવી, મુસાફરો માટે આરામગૃહો બનાવવા, યાત્રિકો માટે ધર્મશાળાઓ બનાવવી, મેળા કે મંદિરોમાં ગરીબોને ભોજન પૂરું પાડવું વગેરે જેવાં કાર્યો માટે વિશિષ્ટ જ્ઞાન કે કાર્યકરોની જરૂરી પડતી નથી અને જો કાર્યકરોની જરૂર હોય તો પણ તેમને કોઇ ખાસ તાલીમની જરૂર પડતી નથી. દાન આપનારનું મુખ્ય પ્રેરકબળ તેમજ મૂલ્ય સમાજમાં ધાર્મિક સ્થાન મેળવવાનું છે, જે મદદ મેળવનાર કેટલીક વખતે આશીર્વાદના રૂપમાં આપે છે. જેમાં દાન આપનારનું પાપ ધોવાય છે, પાપોમાંથી મુક્તિ મળે છે. એવી સમજણ હોય છે. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ ગયા જન્મના એવાં કર્મોનું ફળ ભોગવે છે જે ક્ષમા ના કરી શકાય તેવા હોય છે એવી માન્યતા હોય છે. દાન અભિગમમાં મદદ કરનાર મદદને પોતાની ફરજ સમજે છે પણ તેમાં સમસ્યાના કાયમી ઉકેલની કોઇ ખાતરી હોતી નથી. આમ, સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પ્રત્યે આ અભિગમ એકતરફી છે.

આ રીતે મદદ કરવાની મૂળભૂત પ્રેરણા ધર્મના ઉપદેશોમાંથી સ્ફૂરેલી છે. તમામ ધર્મો ગરીબો અને નિઃસહાય પીડિતોને મદદ કરવાનો સંદેશો આપે છે. ધાર્મિક સંસ્થાઓ દયા-દાન તેમજ પરોપકારની ભાવનાથી સેવાના કામો કરે છે. શરૂઆતમાં વ્યક્તિગત સ્વરૂપે થતાં આવા સેવાના કામો આજે સંગઠિત-સંસ્થા સ્વરૂપે થતા જોવા મળે છે. સેવાનો મુખ્ય હેતુ વ્યક્તિ કે સમુદાયના કલ્યાણને વધારવાનો છે.

આમ ઉપર્યુક્ત રીતે સમાજકાર્ય ઉદ્ભવના શરૂઆતના સમયગાળામાં ધાર્મિક દાન અભિગમનો વિશેષ પ્રભાવ જોવા મળે છે.

## 1.4 રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ

સમાજકાર્ય વ્યવસાયમાં કાળક્રમે મદદની પ્રક્રિયામાંથી નિપજતા જ્ઞાન અને અનુભવો સાથે મદદના સ્વરૂપો તથા અભિગમોમાં સતત પરિવર્તનો થતા રહ્યા છે. સમાજકાર્ય વ્યવસાયમાં પ્રારંભિક તબક્કામાં

વ્યક્તિગત દયાદાનની વૃત્તિ ધરાવનાર દાતાઓ કે મદદકર્તાઓની વિચારધારા અસ્તિત્વમાં હતી. આ વિચારધારાથી આગળ વધીને ધાર્મિક દયા-દાનનો અભિગમ વિકસિત થયેલો જોવા મળે છે. સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોના માળખામાં ધાર્મિક દાનના અભિગમ પછી રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણનાં અભિગમનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે.

ઇંગ્લૅન્ડમાં 14મી સદી સુધી ગરીબો, વિકલાંગો તેમજ નિરાધાર લોકોને ભિક્ષા આપવાની પ્રવૃત્તિને પુણ્યકાર્ય સમજવામાં આવતું હતું. ચર્ચ દ્વારા અનાથો, વૃદ્ધો, રોગીઓ તથા અપંગોને પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવતી હતી તથા બેઘર લોકોને આશ્રય આપવામાં આવતો હતો. મદદના આ અભિગમમાં ચર્ચ દ્વારા ખૂબ ધનનો વ્યય કરવા છતાં ભિક્ષાવૃત્તિમાં વધારો થયો. આ કાળને અવિવેકપૂર્ણ દાનનો યુગ ગણવામાં આવે છે. ઇંગ્લૅન્ડમાં ધાર્મિક દાન પ્રવૃત્તિથી વિશેષ કોઇ લાભ ન જણાતા રાજ્ય દ્વારા મદદની પ્રક્રિયામાં મોટા પાયે ફેરફારો કરીને દાન અને કલ્યાણ માટેના પ્રયત્નો કર્યા. રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ આ અભિગમ દ્વારા ઇંગ્લૅન્ડમાં મુખ્યત્વે આડેધડ મદદ કરવાને બદલે ગરીબ અને નિરાધાર લોકોની ઓળખ પર ભાર મૂકવામાં આવ્યો. મદદ મેળવવા ઇચ્છનાર લોકોને શારીરિક રીતે સક્ષમ ગરીબો, શારીરિક રીતે અસક્ષમ ગરીબો તેમજ આશ્રિત બાળકો એમ ત્રણ જૂથમાં વહેંચીને તેમની સ્થિતિ અને જરૂરિયાતના આધાર પર મદદ પૂરી પાડવામાં આવી. જેમાં ખાસ કરીને શારીરિક રીતે સક્ષમ ભિક્ષુકો, અસામાજિક પ્રવૃત્તિઓમાં રાચનારા તેમજ આળસુ લોકોને સુધારગૃહો અને કાર્યગૃહોમાં રાખવામાં આવતા અને તેમને કાર્યશીલ તથા સ્વાવલંબી બનાવવાનો પ્રયત્ન થયો. ધીમે ધીમે એવી સમજ ઊભી થઇ કે આડેધડ અને અયોગ્ય વ્યક્તિઓને અપાતી મદદ લોકોમાં પરાવલંબનની વૃત્તિ પેદા કરે છે. લોકો મહેનત કરવાને બદલે તૈયાર મળતી મદદ પર નિર્ભર બને છે. જે સમાજ માટે ગંભીર ખતરો ઊભો કરે છે. ઇંગ્લૅન્ડમાં સમાજકાર્યના ઇતિહાસમાં રાજ્ય પ્રેરિત દાન અને કલ્યાણ અભિગમમાં મુખ્યત્વે 1576માં સુધારગૃહોની સ્થાપના, 1601માં એલિઝાબેથ નિર્ધન કાનૂન, 1662માં વસાહત કાનૂન, 1996માં કાર્યગૃહ કાનૂન વગેરે કાનૂનોનો ખૂબ જ પ્રભાવ જોવા મળે છે.

અમેરિકામાં 1675માં મૈસાચ્યુસેટસ રાજ્ય દ્વારા ભિક્ષુકોને પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી સ્વીકારવામાં આવી. સમયાંતરે અન્ય રાજ્યોએ પણ આ જવાબદારી સ્વીકારી લીધી. અમેરિકામાં માનસિક રોગીઓની ચિકિત્સાકિય સારવાર માટેની વ્યવસ્થા સર્વપ્રથમ ફિલાડેલ્ફીયાના ભિક્ષાગૃહમાં 1732માં કરવામાં આવી. અમેરિકામાં ખાસ કરીને 1732થી માંડીને 1879ના સમયગાળા દરમિયાન રાજ્ય દ્વારા માનસિક રોગીઓ, મંદબુદ્ધિ, બહેરાં-મૂંગા, અંધજનો, અપરાધીઓ માટે સુધારગૃહો માટે ચિકિત્સાકિય સારવાર, દેખભાળ અને શિક્ષણ-પ્રશિક્ષણ માટે હૉસ્પિટલો અને વિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી. આ રીતે રાજ્યપ્રેરિત દાન અને કલ્યાણના આ અભિગમથી સમાજકાર્ય પ્રવૃત્તિઓ વિશાળ ફલક પર વિસ્તરણ પામી, કાનૂની તથા સંસ્થાકિયા સ્વરૂપ પામી અને ખાસ કરીને રાજ્યની માન્યતા પામી. જે સમાજકાર્ય વ્યવસાયના વિકાસમાં પાયારૂપ ગણી શકાય.

## 1.5 સંગઠિત અથવા વૈજ્ઞાનિકદાન અભિગમ

સમાજકાર્ય વ્યવસાયમાં જ્ઞાનના ક્રમિક વિકાસમાં અવિવેક પૂર્ણ રીતે અપાતા દાનની જગ્યાએ સંગઠિત અથવા વૈજ્ઞાનિક એટલે કે પદ્ધતિસર રીતે દાન આપવાના અભિગમનો વિકાસ થયેલો જોવા મળે છે. ઇંગ્લૅન્ડમાં ચર્ચ દ્વારા અપાતા ધાર્મિક દાનથી અઢળક નાણાંનો વ્યય કરવા છતાં ભિક્ષાવૃત્તિમાં મોટાપાયે વૃદ્ધિ જોવા મળી. આથી રાજ્ય દ્વારા મદદ આપવાની પદ્ધતિઓમાં મોટાપાયે પરિવર્તન કરવામાં આવ્યું. એ જ રીતે અમેરિકામાં પણ ટોમસ ચાર્લ્સ પ્રેરિત નિર્ધન સ્થિતિ સુધારક મંડળે અવિવેકપૂર્ણ દાનને ગરીબો માટે તેમની સ્થિતિ સુધારવામાં અવરોધક ગણાવ્યું. આ સાથે દાન સંગઠન સમિતિઓએ દાનને વૈજ્ઞાનિક સ્વરૂપ આપવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું.

ઇંગ્લૅન્ડમાં જોઇતો તો ઇ.સ. 1349માં કિંગ એડવર્ડ ત્રીજાએ એવો આદેશ આપ્યો કે શારીરિક રૂપથી સશક્ત દરેક વ્યક્તિ કોઇને કોઇ કાર્ય ફરજિયાતપણે કરે તથા તે લોકો પોતોના નિવાસ સ્થાને છોડ્યા વગર(સ્થળાંતર વગર) જે માલિકો કામ આપતા ઇચ્છતા હોય તેમને ત્યાં કામ કરે. આ પહેલો પ્રયાસ હતો કે, જેમાં ગરીબી માટે સ્વયં ગરીબ વ્યક્તિને જવાબદાર ગણવામાં આવ્યો તથા શારીરિક રૂપથી સક્ષમ વ્યક્તિઓને દાન તથા ભિક્ષા પર નિર્ભર રહેવાને બદલે કામ કરવા માટે ફરજ પાડવામાં આવી.

ઇ.સ. 1531માં હેનરી VIIIના અધિનિયમ (Statute of Henry VIII) દ્વારા ભિખારીઓ માટે નોંધણી પ્રક્રિયા ફરજિયાત કરી દેવામાં આવી તથા તેઓને એક વિશેષ ક્ષેત્ર અંતર્ગત ભિક્ષા માંગવા માટે પરવાનો (Licence) આપવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત નગર પ્રમુખ તથા શાંતિ માટેના ન્યાયાધીશોને એવો આદેશ આપવામાં આવ્યો કે તેઓ કામ કરવામાં અસમર્થ વદ્ધો તેમજ ગરીબોના અરજીપત્રકોની તપાસ કરે અને તેમની નોંધણી કરીને તેઓને એક નિર્ધારિત ક્ષેત્રમાં ભિક્ષાવૃત્તિ કરવા માટે પરવાનો આપવામાં આવે. તંદુરસ્ત શરીરવાળા ભિખારીઓને કાર્યશીલ કરવા તથા તેઓને પોતાના જન્મસ્થળ પર જઇને રોજગારી મેળવવાની પણ વ્યવસ્થા કરવામાં આવી. હેનરી દ્વારા ચર્ચની સંપત્તિ જપ્ત કરી લેવાના કારણે ગરીબોની વિશેષ પદ્ધતિઓ દ્વારા સહાયતા કરવાનું આવશ્યક બની ગયું.

ઇ.સ.1532માં કારીગરોના અધિનિયમ (Statute of Artificers) દ્વારા મજૂરી અને કામ કરવાનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો તથા બેકાર, આળસુ તેમજ અસામાજિક પ્રવૃત્તિ કરતાં લોકોને કઠિન કામો કરવા માટે ફરજ પાડવામાં આવી. ઇ.સ. 1536માં જ પહેલીવાર ઇંગ્લૅન્ડ સરકારની દેખરેખ હેઠળ ગરીબોની સહાયતા માટે એક યોજના બનાવવામાં આવી. જેના દ્વારા જે ગરીબો 3 વર્ષથી પરગણાં (County)માં વસવાટ કરી રહ્યા હોય તેમની નિવાસ સ્થાનોમાં નોંધણી કરવાની વ્યવસ્થા કરવામાં આવી. ચર્ચો દ્વારા નિવાસસ્થાનમાં વસતા લોકો પાસેથી એકત્રિત કરવામાં આવેલ સ્વૈચ્છિક દાન વડે નિવાસસ્થાનોમાં જોવા મળતા અસમર્થ ગરીબોના ભરણ-પોષણ માટે ધનની વ્યવસ્થા કરવામાં આવી. સશક્ત ભિક્ષુકોને કામ કરવા માટે ફરજ પાડવામાં આવી અને 5 થી 14 વર્ષની ઉંમરના રખડતા બાળકોને તેમના માતા-પિતા પાસેથી લઇને વ્યાવસાયિક તાલીમ માટે ધનવાન માલિકોને સોંપવામાં આવ્યાં. ગરીબો માટેના નિરીક્ષકોને નવો કાનૂન લાગુ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યાં.

આ સમયમાં દાનના ઉપયોગનો કાનૂન(Statute of Charitable Uses) બનાવવામાં આવ્યો, જેના દ્વારા તમામ પ્રકારના દાનોને એક વર્ગમાં પરિભાષિત કરવામાં આવ્યાં. તે અંતર્ગત બંધકોની મુક્તિ, ગરીબોને સહાયતા, શિક્ષણની વ્યવસ્થા તથા અનાથોનું ભરણ-પોષણ તેમજ શિક્ષણ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો. ઇ.સ. 1576માં સુધારગૃહો (House of Correction)ની સ્થાપના કરવામાં આવી. જેમાં શણ, લોખંડ કે તેના ઓજારો એકત્રિત કરવામાં આવતા હતા અને તંદુરસ્ત શરીરવાળા ગરીબો, વિશેષ રૂપથી યુવાનોને કામ કરવા માટે ફરજ પાડવામાં આવતી હતી. ગરીબો માટે ઇ.સ. 1601માં એલિઝાબેથ નિર્ધન કાનૂન (Elizabethen Poor Law) બનાવવામાં આવ્યો. જેને '43 એલિઝોબેથ'ના નામથી ઓળખવામાં આવતો હતો. આ કાનૂનની મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે,

કોઇપણ એવી વ્યક્તિની નોંધણી ન કરવામાં આવે કે જેના સંબંધીઓ, પોતે અથવા પત્ની, પિતા અથવા પુત્ર તેને સહાય કરી શકે તેમ હોય.

નિર્ધન કાનૂન અંતર્ગત 3 પ્રકારના ગરીબોને સહાય કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

**A. શારીરિક અને સક્ષમ ગરીબો :**

શારીરિક રીતે સક્ષમ ગરીબો તેમજ ભિક્ષુકોને સુધારગૃહો અથવા કાર્યગૃહોમાં ફરજિયાતપણે

કામ કરવાની વ્યવસ્થા કરવામાં આવી. નાગરિકોને સક્ષમ શરીર ધરાવતા ગરીબોને ભિક્ષા ન આપવા અંગે આદેશ આપવામાં આવ્યો. બીજા ગામોમાંથી આવેલા ગરીબોને પુનઃ પોતાના ગામોમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી. જ્યાં તેઓ પાછલા એક વર્ષથી વસવાટ કરતાં હતા. શારીરિક રીતે સક્ષમ ભિક્ષુકો અથવા અસામાજિક પ્રવૃત્તિઓમાં સપડાયેલાં લોકોને સુધારગૃહોમાં કામ કરવાની મનાઇ કરે તો તેઓને જેલોમાં કેદ કરીને તેમના ગળા તથા પગને બંધનમાં જકડી દેવામાં આવે, એવી કડક સજાની જોગવાઇ કરવામાં આવી.

**B. શારીરિક અને અસક્ષમ ગરીબો :**

કામ કરવામાં અસમર્થ રોગીઓ, વૃદ્ધો, અંધ, બહેરાં-મૂંગા બાળકો અને નાની ઉંમરના બાળકો ધરાવતી માતાઓનો આ શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો.

જેમાંથી નિવાસસ્થાન ધરાવતા અસક્ષમ ગરીબોને પોતાના ઘરોમાં જ રાખીને ઓવરસિયર (કામ પર દેખરેખ રાખનાર) દ્વારા ભોજન, કપડાં, વાસણ વગેરેના રૂપમાં બાહ્ય સહાયતા પ્રદાન કરવાની વ્યવસ્થા કરવામાં આવી. આવાસ વિહોણા અસક્ષમ ગરીબોને સુધારગૃહોમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી.

**C. આશ્રિત બાળકો :**

અનાથ માતા-પિતા દ્વારા ત્યજાયેલા, નિર્ધન માતા-પિતા અથવા વૃદ્ધ દાદા-દાદી પાસે રહેતાં બાળકોનો આ શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો. આ બાળકોને એવા નાગરિકો પાસે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી, જે રાજ્ય સરકાર પાસે તેઓના ભરણ-પોષણ માટે ખૂબ ઓછા નાણાંની અપેક્ષા રાખે. 8 વર્ષ કે તેનાથી વધુ ઉંમરના એવા બાળકો જે કેટલાંક ઘરકામ અથવા અન્ય કાર્યો કરી શકતાં હતાં. તેઓને કોઇ નાગરિક સાથે કેટલીક ફરજોને આધીન રાખવામાં આવતાં હતાં. આવાં બાળકો માલિકોના ઘરેલું વ્યવસાયો શીખતા હતા અને 24 વર્ષની ઉંમર સુધી માલિકો સાથે રહેતાં હતાં. છોકરીઓને ઘરની નોકરાણીના રૂપમાં રાખવામાં આવતી હતી અને 21 વર્ષની ઉંમર અથવા લગ્ન થવા સુધી માલિકોના ઘરે રહેવું પડતું હતું.

આ રીતે ઇ.સ.1601નો આ નિર્ધન કાનૂન ઇંગ્લૅન્ડમાં 300 વર્ષ સુધી લોકોની સહાયતાના ક્ષેત્રમાં અપેક્ષિત માપદંડો નિર્ધારિત કરીને ગરીબોને સહાયતા પ્રદાન કરવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવતો રહ્યો.

ઇ.સ.1662માં એક વસાહત કાનૂન (Law ofSettlement) બનાવવામાં આવ્યો. જેના દ્વારા શાંતિના ન્યાયાધિશો (Justice of Peace)ને એવો અધિકાર આપવામાં આવ્યો કે તેઓ ગરીબોના ઓવરસિયર્સના મત મુજબ સમુદાય માટે બોઝારૂપ બની શકે તેવા કોઇપણ નવા આવનાર માણસને તેમના જૂના નિવાસ સ્થાનો પર પરત મોકલી શકતા હતા. ઇ.સ.1996માં કાર્ય ગૃહ કાનૂન (Work Houses Act) બન્યા પછી બ્રિસ્ટલ તથા અન્ય શહેરોમાં કાર્યગૃહોની સ્થાપના કરવામાં આવી, જેમાં ગરીબ પ્રૌઢ લોકો તેમજ બાળકોને કાંતણ, વણાટ વગેરે સંબંધિત વ્યાવસાયિક તાલીમો પૂરી પાડવામાં આવી. ઇ.સ.1772માં ઓવરસિયરોને એવો અધિકાર આપવામાં આવ્યો કે તેઓ એવા ઉત્પાદનકર્તાઓ સાથે અનુબંધ ઊભો કરે કે જે ગરીબોને રોજગારીયુક્ત સેવાઓમાં કાર્યરત કરવા માટે તૈયાર હોય.

ઇ.સ.1782માં બનાવવામાં આવેલ નિર્ધન કાનૂન સંશોધન અધિનિયમ (Poor Law Amendment Act)ને 'ગિલબર્ટ કાનૂન'ના નામથી પણ ઓળખવામાં આવે છે. આ કાનૂન દ્વારા કાર્યગૃહોની કરાર વ્યવસ્થાને જડમૂળથી ઉખેડી નાંખવામાં આવી. ગરીબોના બિનપગારદાર ઓવરસિયોર્સના સ્થાન પર પગારદાર સંરક્ષકો (Guardians of Poor)ની નિયુક્તિ કરવામાં આવી તથા ગરીબ સહાયતા પ્રાપ્ત કરનાર વ્યક્તિઓને જ્યાં સુધી કામ ન આપવામાં આવે ત્યાં સુધી તેમના ઘર પર જ સહાયતા

પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી. ઇ.સ.1795માં 'સ્પીન્હમલેન્ડ કાનૂન'ની ઘોષણા કરવામાં આવી. જેના દ્વારા એક સાર્વભૌમિક કાર્ય કોષ્ટક (Table of Universal Practice) અથવા આજીવિકા માપક્રમ (Bread Scale) તૈયાર કરવામાં આવ્યો. જેનાથી શ્રમિકોને પુરતા પ્રમાણમાં રોજગારી આપી શકાય અને ઓછી રોજગારીના સમયમાં શ્રમિકના પરિવારની સ્થિતિને ધ્યાનમાં રાખીને જરૂરી સહાય ગરીબોના ઘર પર જ પહોંચાડવામાં આવે જે શ્રમિકો અને તેમના પરિવારજનો માટે ઘણી રાહત આપનારી બાબત હતી.

અમેરિકામાં ઇ.સ.1877માં રચાયેલ દાન સંગઠન સંઘ દ્વારા નિર્ધન સ્થિતિ સુધારક મંડળને ખાસ પ્રેરણા અને ચોક્કસ દિશા મળી. (ડૉ. આનંદી પટેલ, 2009) ઇ.સ.1870માં સ્થપાયેલ નિર્ધન સ્થિતિ સુધારક મંડળની કાર્યપ્રવૃત્તિમાં બે મહત્ત્વની બાબતો જોવા મળે છે. જેમાં તે ગરીબીના કારણોમાં આળસ, વ્યસનો, જુગાર, દુરાચાર વગેરે જેવા વ્યક્તિગત દોષોને જવાબદાર ગણતું હતું અને બીજું ગરીબોને અપાતી અવિવેકપૂર્ણ દાનની મદદો તેઓના આત્મસન્માન અને સ્વાવલંબનની વૃત્તિને નષ્ટ કરે છે અને તેઓ દાન પર જ નિર્ભર બની જતા હોવાથી દાન આપવાનું બંધ કરવું જોઇએ. દાન સંગઠન સંઘ દ્વારા મદદ લેનાર નિરાધાર વ્યક્તિઓને સમાજમાં પુનઃ સ્થાપિત કરવા માટે તેના દ્વારા સ્થાપિત સમિતિઓના સભ્યો મહત્ત્વની કામગીરી કરતાં હતા. જેમાં ગરીબોના ઘરની મુલાકાત, વ્યક્તિગત મુલાકાત, વ્યક્તિની હાલતનું નિરીક્ષણ કરીને ખરેખર મદદની જરૂરિયાત છે કે નહીં તે કાળજીપૂર્વક જોવામાં આવતું હતું. ખરેખર મદદની જરૂરિયાત ધરાવતી વ્યક્તિઓને તેઓ મદદ આપનાર સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાણ કરી આપતા હતા.

અમેરિકામાં નિરાધાર વ્યક્તિઓની મદદની પ્રક્રિયામાં અનુભવના આધારે દાન સંગઠન સમિતિઓએ ભૌતિક કે આર્થિક મદદને સામાજિક સુધારણાલક્ષી મદદ પર ભાર મૂક્યો જેમાં સેવાકાર્યાલયો, ધર્મશાળાઓ, મનોરંજન કેન્દ્રો, દવાખાનાઓ, અંધ, બહેરાં, મૂંગા તથા મનોરોગીઓ માટે સારવાર અને પ્રશિક્ષણ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં. જે અવિવેકપૂર્ણ દાનને બદલે પદ્ધતિસર અને આયોજનબદ્ધ દાનના ઉપયોગની દિશા સ્પષ્ટ કરે છે.

## 1.6 વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમ

સમાજકાર્ય વિકાસના પ્રારંભિક તબક્કામાં વ્યક્તિઓની પરોપકારી વૃત્તિ ઉપર નિર્ભર હતું. ધાર્મિક દયા-ભાવનાઓથી પ્રેરિત થઇને લોકો નિરાધાર અને ગરીબ લોકોને મદદ કરતાં હતાં. વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ દ્વારા ધર્મશાળાઓ અનાથાલયો તેમજ આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવતી હતી. આ રીતે અનેક લોકો દ્વારા સમાજ સુધારણા માટેના આંદોલનો શરૂ થયાં. જેમ કે રાજારામ મોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતી, મહાદેવ ગોવિંદ રાનડે, રામકૃષ્ણ પરમહંસ દવે, સ્વામી વિવેકાનંદ તથા મહાત્મા ગાંધી વગેરે અનેક મહાન વિભૂતિઓએ સમાજને વિવિધ સમસ્યાઓમાંથી મુક્ત કરવા માટેના નોંધનીય પ્રયત્નો કર્યા; પરંતુ, તેને પદ્ધતિસરનું વ્યાવસાયિક સમાજકાર્ય કહી ન શકાય. સમાજકાર્ય એક વ્યવસાય છે જે આધુનિક યુગની દેણ છે. તે જરૂરિયાતમંદ લોકોને સહાય કરવાની એક કળા છે. જેઓ વિકાસ એક તરફ ધાર્મિક ભાવનાથી પ્રેરિત સ્વૈચ્છિક કાર્યો અને બીજી તરફ રાજકીય પ્રયત્નોથી થયો છે.

એક વ્યવસાયના રૂપે સમાજકાર્યના વિકાસમાં 19મી સદીના માનવતાવાદી આંદોલનોનું વિશેષ યોગદાન રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય ગરીબોની સ્થિતિમાં સુધારો કરવો તથા લોકોની સામાજિક ચેતનાને જાગૃત કરવાનો હતો. સૌ પ્રથમ ઇ.સ.1893માં અન્ના એલ. ડાવેસ દ્વારા સમાજકાર્યને વ્યાવસાયિક રૂપમાં સ્થાપિત કરવાનો શુભારંભ થયો. આધુનિક યુગમાં મૌરિસના મત મુજબ સમાજકાર્ય એવો વ્યવસાય છે જે તમામ લોકો સાથે સમાનરૂપથી વ્યવહાર કરે છે. આ સાથે જ તે એક સંગઠિત ક્રિયાકલાપ છે.

સમાજકાર્ય એક વ્યવસાય છે કે નહીં તે સમજવા માટે વ્યવસાયની અવધારણા સમજવી જરૂરી છે. 'પ્રોફેસન' (Profession) શબ્દ લૅટિન ભાષાના 'પ્રોફેટરી' (Profitees) શબ્દમાંથી બનેલો છે. જેનો અર્થ 'સાર્વજનિક રૂપથી જાહેર કરવું' એવો થાય છે. 13મી સદીમાં આ શબ્દનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓમાં થવા લાગ્યો. ધીમે ધીમે 16મી સદી પછીના સમયમાં તેનો ઉપયોગ વ્યવસાયના સ્વરૂપમાં થવા લાગ્યો. આધુનિક સમયમાં વ્યવસાયનો ઉપયોગ એક સંગઠિત ક્રિયા માટે થાય છે. જેમાં વિશેષ પ્રકારનું ઔપચારિક (Formal) જ્ઞાન આવશ્યક હોય છે. આ સાથે જ જે-તે વ્યવસાયને સમુદાયની માન્યતા મળવી પણ એટલું જ આવશ્યક છે. આ કારણે જ ભિક્ષાવૃત્તિ, વેશ્યાવૃત્તિ વગેરે જેવાં કાર્યોને વ્યવસાય કહી શકાય નહીં. વ્યવસાય તરીકેની ઓળખ માટે જે-તે કાર્યો માટે કેટલાંક ચોક્કસ માપદંડો અતિ આવશ્યક છે. જે અનુસરવાથી તેને વ્યવસાયનો દરજ્જો મળી શકે છે.

અબ્રાહમ ફ્લેક્સનરના મત અનુસાર કોઈપણ વ્યવસાયના નીચેના છ ગુણો હોય છે.

1. વ્યક્તિગત જવાબદારીના જ્ઞાન અને વિજ્ઞાનનો સમાવેશ.
2. વ્યવસાયના સભ્યોનો વ્યવસાય સંબંધિત નવીનત્તમ શોધોનું જ્ઞાન.
3. વ્યવસાયનો સૈદ્ધાંતિક અને ક્રિયાત્મક પક્ષ.
4. વિશિષ્ટ શૈક્ષણિક પદ્ધતિઓ દ્વારા પદ્ધતિસરનું જ્ઞાન.
5. સમાજ દ્વારા વ્યવસાયને માન્યતા અને વ્યવસાયમાં જોડાયેલ કાર્યકરોમાં સામૂહિક ભાવના.
6. વ્યવસાયનું સામાન્ય લોકો સાથેનું જોડાણ.

પ્રો. આનંદી પટેલ દ્વારા પોતાના પુસ્તક 'વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો'માં વ્યવસાયના નીચેના પાંચ ગુણો દર્શાવવામાં આવ્યાં છે.

1. વૈજ્ઞાનિક જ્ઞાન, મૂલ્યો અને કુશળતાઓ
2. શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા
3. આચારસંહિતા
4. સમુદાય દ્વારા સ્વીકાર
5. વ્યાવસાયિક સંગઠન / સમિતિઓ

વર્તમાન સમાજકાર્ય અંતર્ગત ઉપર્યુક્ત બધા જ ગુણોનો સમાવેશ થયેલો જોવા મળે છે. ટૂંકમાં, પ્રથમ વિશ્વયુદ્ધ પછીના સમયમાં સમાજકાર્યની એક અલગ વ્યવસાય તરીકે ઓળખ ઉભી થઇ છે. વ્યવસાય તરીકેના તમામ માપદંડો તેને લાગુ પડે છે. સમાજકાર્યને વ્યવસાયના રૂપમાં અમલીકૃત કરનાર વ્યક્તિ માનવ વ્યવહારના વૈજ્ઞાનિક સિદ્ધાંતો તથા સંસ્થાઓની રચના અને સંગઠનનો અભ્યાસ કરે છે. આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને તે સામાજિક, આર્થિક અને સંવેગાત્મક પરિસ્થિતિઓમાં લોકો સાથે કાર્ય કરવાના જ્ઞાનનો વિકાસ કરે છે. આધુનિક સમયમાં તે દુનિયાના લગભગ તમામ દેશોમાં વ્યવસાય તરીકે કેટલાંક પડકારોને પ્રસ્થાપિત થઇ ચૂક્યું છે. આ રીતે સમાજકાર્ય એક સક્ષમ વ્યવસાય છે. જે વ્યક્તિ, જૂથ અને સમુદાયને વધુ સારા જીવન માટે પદ્ધતિસરની મદદ પૂરી પાડે છે.

## 1.7 ઉપસંહાર

ઉપર્યુક્ત રીતે 'સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન' વિષયમાં 'જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય' ઘટકમાં બે એકમો પૈકી 'જુદાં જુદાં અભિગમોનું માળખું-1' પ્રથમ એકમમાં વિવિધ પાંચ અભિગમોની સમજૂતી આપવામાં આવી છે. સમાજકાર્ય ઉદ્ભવના પ્રારંભિક અવસ્થાથી માંડીને સમાજકાર્યના વ્યાવસાયિક સ્વરૂપમાં વિકાસ પામવા સુધીના સમયગાળા દરમિયાન મદદની પ્રક્રિયામાં વિવિધ વિચારધારાઓ જોવા મળે છે. સમાજકાર્યના એકદમ પ્રારંભિક તબક્કામાં વ્યક્તિગત શ્રીમંતો, ધનવાનો દ્વારા ધાર્મિક

અને પરોપકારવૃત્તિથી પ્રેરાઈને નિરાધાર વ્યક્તિઓને દયા-દાન દ્વારા મદદ કરવામાં આવતી હતી. આ અભિગમ પછી ધર્મ સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદ અને બેઘર લોકોને જીવન જરૂરી પ્રાથમિક ચીજ-વસ્તુઓ તથા આશ્રય આપવામાં આવતો હતો. આ પછી રાજ્ય દ્વારા સહાયનો યુગ શરૂ થયો. જેમાં વિશાળ ફલક પર કાનૂનો લાગુ કરીને મદદ કરવામાં આવતી હતી. આ સમય દરમિયાન રાજ્ય સહાય અભિગમની સાથે સાથે સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ દ્વારા અસરકારક રીતે સહાય પૂરી પાડવામાં આવતી હતી. સામાજિક મદદના ક્ષેત્ર સાથે જોડાયેલ ઘણી ધાર્મિક, સામાજિક તથા રાજકીય સંસ્થાઓ, તેના પ્રતિનિધિઓ અને સ્વૈચ્છિક સામાજિક પ્રતિબદ્ધતા ધરાવતા કર્મશીલોની અથાગ મહેનત, અનુભવો, જ્ઞાનનો વિકાસ વગેરેના પરિણામ સ્વરૂપ સમાજકાર્યનો વ્યાવસાયિક અભિગમ અસ્તિત્વમાં આવ્યો. આમ, આ બધા અભિગમો દ્વારા સમાજકાર્યના કાળક્રમે થયેલાં વિકાસમાં મદદના સ્વરૂપો દર્શાવે છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. 'એલિઝાબેથ નિર્ધન કાનૂન' ક્યારે ઘડવામાં આવ્યો હતો ?

(A) ઈ.સ. 1601 (B) ઈ.સ. 1916

(C) ઈ.સ. 1857 (D) ઈ.સ. 1901

2. સુધારગૃહોની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી હતી ?

(A) ઈ.સ. 1619 (B) ઈ.સ. 1576

(C) ઈ.સ. 1620 (D) ઈ.સ. 1875

3. નિર્ધન કાનૂન હેઠળ ગરીબોને કયા ત્રણ પ્રકારે વિભાજીત કરવામાં આવ્યાં હતા ?

(A) (1) વિકલાંગો, (2) બાળકો, (3) વૃદ્ધો

(B) (1) ગરીબો, (2) અનાથ બાળકો, (3) વૃદ્ધો

(C) (1) અસક્ત, (2) ગરીબ, (3) બાળકો

(D) (1) શારીરિક અને સક્ષમ ગરીબ, (2) શારીરિક અને અસક્ષમ, (3) ગરીબ, આશ્રિત બાળકો

4. 'પ્રોફેસન' શબ્દ કઈ ભાષા પરથી બનેલો છે ?

(A) લૅટિન (B) સ્પેન

(C) સંસ્કૃત (D) દેવનાગરી

5. અબ્રાહમ ફ્લેક્સનરના મત અનુસાર કોઈપણ વ્યવસાયના કેટલાં ગુણ જણાવેલ છે ?

(A) પાંચ (B) છ

(C) આઠ (D) પાંચ

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ઈ.સ. 1601
2. (B) ઈ.સ. 1576
3. (D) (1) શારીરિક અને સક્ષમ ગરીબ, (2) શારીરિક અને અસક્ષમ, (3) ગરીબ, આશ્રિત બાળકો
4. (A) લૅટિન
5. (B) છ

## 1.10 ચાવીરૂપ શબ્દો :

- **દાન :** કંઇક કે જે દાનમાં આપવામાં આવે છે, ખાસ કરીને પૈસા, ખોરાક અને કપડાં
- **મદદ કરનાર :** દાતા
- **લાભાર્થી :** મદદ મેળવનાર

## 1.11 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ધાર્મિકદાન અભિગમની મુખ્ય બાબતો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

2. મદદકર્તા લાભાર્થી વિચારધારાની લાક્ષણિકતાઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

3. રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ સાલાવારી પ્રમાણે જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## 1.12 પ્રવૃત્તિ (Activities)

- રાજ્ય પ્રેરિત દાન અભિગમમાં અમલીકૃત વિવિધ કાનૂનો અંગે વિસ્તૃત નોંધ તૈયાર કરો.
- ઈ.સ. 1576માં સુધારગૃહોની સ્થાપના કરવામાં આવી હતી તે વિશે જણાવો.
- પ્રોફેશન એટલે શું ? કોઈ પણ વ્યવસાયને વ્યવસાયનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે કયા ગુણોની આવશ્યકતા છે તે જણાવો.
- મદદકર્તા લાભાર્થી અભ્યાસની ટૂંકમાં માહિતી આપો.

## 1.13 કેસસ્ટડી (Case Study)

- એલિઝાબેથ નિર્ધન કાનૂન અને 1601ની મહત્ત્વની જોગવાઈઓ જણાવો.
- મદદકર્તા લાભાર્થી અભિગમ અને ધાર્મિકદાન અભિગમની ઉપયોગિતા - મર્યાદાઓ જણાવો.

## 1.14 સંદર્ભગ્રંથ

1. વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ,
પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ– 26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ,
પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009

2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
પ્રાપ્તિસ્થાન –લોકનિકેતન રતનપુર તાઃ પાલનપુર જિલ્લો : બનાસકાંઠા,
પ્રથમ આવૃત્તિ : મે– 2008

3. સમાજકાર્ય દર્શન(હિન્દી ભાષા) : પાન્ડેય તેજસ્કર એવમ્ પાન્ડેય ઓજસ્કર, જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ, આવૃત્તિ : 2008

4. સમાજકાર્ય(હિન્દી ભાષા) : ડૉ. બી. આર. મદન, વિવેક પ્રકાશન - દિલ્હી, આવૃત્તિ : 2006

5. સમાજકાર્ય(હિન્દી ભાષા) : પાન્ડેય તેજસ્કર એવમ્ પાન્ડેય ઓજસ્કર, જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ, આવૃત્તિ : 2001

6. સમાજકાર્ય ઇતિહાસ, દર્શન એવમ્ પ્રણાલિયાં (હિન્દી ભાષા) : ડૉ. સુરેન્દ્રસિંહ, ડૉ. પી. ડી. મિશ્ર ન્યુ રોયલ બુક કંપની - લખનઉ આવૃત્તિ : 2002

7. The Strengths Perspective in Social Work Practice : Extensions and Cautious Journal of Social Work, 41, 296-304.

8. An Ecological Approach for Social Work Practice : Journal of Sociology & Social Welfare, 133-141.

9. Right based Approach in Social Work Practice

# એકમ–2 સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-2

## : એકમનું માળખું :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 તંત્ર અભિગમ

2.3 અધિકાર આધારિત અભિગમ

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

2.9 પ્રવૃત્તિ (Activities)

2.10 કેસસ્ટડી (Case Study)

2.11 સંદર્ભગ્રંથ (Further Readings)


## 2.0 એકમના હેતુઓ

જુદાં જુદાં અભિગમોનું માળખું-2 એકમમાં કુલ બે અભિગમો અંગે અભ્યાસ કરવાનો રહેશે. વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં અનુસ્નાતક કક્ષાએ આ અભિગમોનું અધ્યયન કરવા પાછળના હેતુઓ નીચે મુજબ છે.

1. વિદ્યાર્થીઓને સમાજકાર્યના વિવિધ અભિગમો અંગેનું પાયાનું જ્ઞાન મળે છે.
2. તંત્ર અને અધિકાર આધારિત અભિગમનો વિકાસ અને તેની લાક્ષણિકતા અંગે જ્ઞાન મળશે.
3. જે-તે સમયગાળામાં ઉદ્ભવ પામેલ અભિગમોનું મહત્ત્વ, યોગદાન, વિશેષતાઓ, ઉપયોગિતા, મર્યાદાઓ વગેરે અંગેનું જ્ઞાન મળે છે.
4. વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યાઓમાં અસરકારક દરમિયાનગીરી કરવા માટે આ અભિગમો સંબંધિત ઉચ્ચ કક્ષાનું વ્યાવસાયિક જ્ઞાન પ્રાપ્ત થાય છે.
5. વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક મૂલ્યો, વલણો અને કુશળતાઓનો વિકાસ થાય છે.

## 2.1 પ્રસ્તાવના

'સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન' વિષયમાં 'જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્ય' ઘટકમાં કુલ બે એકમો પૈકી અહીં આપણે 'જુદાં જુદાં અભિગમોનું માળખું-2' અંગે અભ્યાસ કરીશું. આ બીજા એકમમાં સમાવિષ્ટ અભ્યાસના મુદ્દાઓ નીચે મુજબ છે.

1. તંત્ર અભિગમ

2. અધિકાર આધારિત અભિગમ

બીજા એકમમાં ઉપર્યુક્ત બે અભિગમો અથવા દૃષ્ટિકોણ અંગે અભ્યાસ કરીશું. આ અભિગમો વ્યાવસાયિક સમાજકાર્ય વ્યવહાર દરમિયાન અનુભવો અને જ્ઞાનના વિકાસમાંથી ઉદ્ભવ પામેલાં

છે. તંત્ર અભિગમ અનુસાર કોઇ એક સમગ્ર બાબતમાં તેનાં જુદાં જુદાં અંગો વચ્ચે રહેલા સંબંધો ઉપર ભાર આપવામાં આવે છે. અધિકાર આધારિત અભિગમ સમસ્યાગ્રસ્ત, ગરીબો અને વંચિત જૂથોના અધિકારો મેળવવાની પ્રક્રિયા પર ભાર મૂકે છે. પર્યાવરણીય અભિગમ લોકો અને વાતાવરણ વચ્ચેના વ્યવહારને સુધારવા તરફ કાર્ય કરે છે. જેનો હેતુ વ્યક્તિની અનુકૂળ થવાની ક્ષમતા વધારવાનો અને વાતાવરણમાં સુધાર લાવવાનો છે. આમ, પ્રસ્તુત એકમમાં બે અભિગમો પર વિસ્તૃત ચર્ચા કરી છે.

## 2.2 તંત્ર અભિગમ

### 2.2.1 પ્રસ્તાવના :

માનવ સમાજ અને સંસ્થાઓનો ઉદ્ભવ પરસ્પર મદદ અને સહકારની જરૂરિયાતમાંથી થયેલો જણાય છે. સમાજમાં રહીને સહકારનો અર્થ અને હળીમળીને કામ કરવાનું મહત્ત્વ માનવી ધીમે ધીમે શીખ્યો છે. પહેલાં તો તે પડોશની જ્ઞાતિવાળા અન્ય લોકો શું કરે છે ? તે જાણવાની ઇચ્છા કે દરકાર કર્યા વિના માત્ર પોતાની જ્ઞાતિવાળાઓને જ મદદ કરતો હતો; પરંતુ, ધીમે ધીમે તેને ખ્યાલ આવ્યો કે જો બધા સાથે મળી કામ કરે તો ઘણું વધારે પામી શકાય. ક્રમશઃ 'બહુજન હિતાય' પડોશીઓ સાથે મળીને કામ કરવાનો ખ્યાલ પ્રસાર પામતો ગયો અને હવે તો પ્રત્યાયન (Communication) અને પરિવહન (Transportation)ની ઝડપી પ્રગતિએ દૂર-દૂરના રાષ્ટ્રોને પણ પડોશીઓ બનાવી દીધા છે અને આજે કોઇપણ વ્યક્તિ કે રાષ્ટ્ર બીજાઓની મદદ વિના અસ્તિત્વ ટકાવી શકે એમ લાગતું નથી, કારણ કે દેખીતી રીતે અલગ દેખાતા સમાજના તમામ અંગો-એકમો વાસ્તવમાં પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે.

### 2.2.2 તંત્ર અભિગમનો અર્થ :

અંગ્રેજી શબ્દ 'સિસ્ટમ'ને ગુજરાતી ભાષામાં ઘણી વખત વાપરવામાં આવે છે. આમ તો, તેના 'પદ્ધતિ', 'પ્રથા', 'રચના' અથવા 'વ્યવસ્થા' જેવાં અર્થો તારવી શકાય; પરંતુ, સંગઠન મનોવિજ્ઞાનમાં અભિગમનાં એક પ્રકાર તરીકે વિચાર કરીએ ત્યારે 'સિસ્ટમ'નો બંધબેસતો ગુજરાતી પર્યાય છે 'તંત્ર'. 'સિસ્ટમ' (System) અથવા 'તંત્ર'ને સમજવા માટેનું ઉત્તમ ઉદાહરણ છે આપણું શરીર. આપણું શરીર પોતે એક સંગઠિતતંત્ર જ છે, જેમાં પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર, શ્વસનતંત્ર જેવાં અનેક તંત્રો સમાવિષ્ટ છે અને છતાં આપણું શરીર એ વિવધ અંગોનો માત્ર સમૂહ કે ઢગલો જ નથી. પ્રત્યેક તંત્રમાં કામ કરતાં બધા જ અંગોપાંગ અને ઘટકો વચ્ચે ચોક્કસ પ્રકારની સંવાદિતા છે. એટલે ખરી વાત તો એ છે કે શરીરના વિવિધ અંગોપાંગ વચ્ચેની સુસંવાદિતા જોઇને જ તંત્ર (System)નો વિચાર એક સ્વતંત્ર અભિગમ તરીકે ઉદ્ભવ્યો છે. આ રીતે કોઇ એક સમગ્ર બાબતમાં તેનાં જુદાં જુદાં અંગો વચ્ચે રહેલાં પારસ્પરિક સંબંધો ઉપર ભાર મૂકવામાં આવે છે. વ્યક્તિ-જૂથ-સંસ્થા-સંગઠન-સમુદાય વચ્ચેના સંબંધો પર પર્યાવરણ ઉપર અસર કરે છે. તંત્ર અભિગમ કુદરતના તત્ત્વોના આંતર સંબંધો ઉપર ભાર મૂકે છે.

### 2.2.3 તંત્રની વ્યાખ્યાઓ :

જુદાં જુદાં વિદ્વાનોએ તંત્રની વ્યાખ્યાઓ આપવાનો પ્રયત્ન કરેલો છે, જેમાંથી કેટલાંક વિદ્વાનોએ આપેલ વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- **કાષ્ટ અને રોઝેનઝવેઇગ (Kast and Rosenzweig) :**

"આસપાસના અસ્તિત્વની ઘટમાળથી સ્પષ્ટ રીતે જુદી તરી આવતી એક સમગ્ર એકમ તરીકે સંકલિત અને સંગઠિત એવી પ્રથા જેમાં પરસ્પરાવલંબી બે કરતાં વધારે વિભાગો કે પેટા પદ્ધતિઓ સમાવિષ્ટ હોય તેને તંત્ર (System) કહેવાય."

- **ફ્રેન્ક ડબલ્યુ.બેન્ઘાર્ટ (Frank W. Banghart) :**

"પરસ્પર અનુયોગ પામતાં તત્ત્વોનો સંકલિત સમૂહ, જેના દ્વારા સહકારપૂર્વક આગળથી નક્કી કરેલું કાર્ય થાય."

- **એચ.એલ.ટીમ્સે (H.L.Timms) :**

"પરસ્પર સંબંધિત અને સંકલિત ઘટકોનો એવો સમૂહ કે જે એકમ તરીકે અદ્વિતીય લક્ષણો દર્શાવે તેને તંત્ર કહેવાય."

ઉપર્યુક્ત રીતે વિવિધ વિદ્વાનોએ તંત્રની વ્યાખ્યાઓ આપેલી છે. વ્યાખ્યાઓના અભ્યાસ બાદ હવે તંત્ર અભિગમના લક્ષણો જોઈશું.

### 2.2.4 તંત્ર અભિગમના લક્ષણો :

કોઈપણ તંત્રમાં અનેક વિભાગો હોય છે. આ વિભાગો ગત્યાત્મક (Dynamic) હોય છે અને તેઓ એકબીજાં સાથે આંતરક્રિયા કરે છે. વિભાગો પરસ્પરાવલંબી હોય છે અને પરસ્પર સંબંધિત હોય છે. સંગઠનમાં શ્રમવિભાજન, પ્રવૃત્તિઓનું આયોજન, વિભાગીય નિપુણતા અને પ્રાપ્ત મર્યાદિત સ્ત્રોતોનો સારામાં સારો ઉપયોગ જેવી બાબતો જરૂરી હોવાથી સંગઠન તંત્રના જુદાં જુદાં વિભાગોમાં પરસ્પરાવલંબીપણું અનિવાર્ય હોય છે. સંગઠનનાં એકંદર ધ્યેયો સિદ્ધ કરવા માટે સંગઠનતંત્રમાં ઘણા વિભાગો હોય છે. દરેક વિભાગના પેટા વિભાગો અને કેટલાંક પેટાવિભાગોને પણ વધુ નાના પેટા વિભાગમાં વહેંચી નાખવામાં આવેલા હોય છે. ઉપરાંત આ બધા એકમોમાં કાર્ય કરતી મોટાભાગની વ્યક્તિઓ વિભાગીય નિષ્ણાંત તરીકે કામ કરતી હોય છે. આ બધાનું સંકલન થાય છે. બધા પરસ્પરાવલંબી વિભાગોના કાર્યનો માત્ર સરવાળો કરવાથી કાંઇ આખુ કાર્ય થતું નથી. સમગ્ર કાર્યનો કેટલોંક ભાગ તો વિવિધ વિભાગો વચ્ચેની આંતરક્રિયામાંથી જ નિર્મિત થતો હોય છે. સ્વાભાવિક રીતે જ આ બધા વિભાગો એકબીજાં સાથે એવા ગૂંથાયેલાં હોય છે કે કોઈપણ એક વિભાગમાં થતું પરિવર્તન અન્ય બધા વિભાગોને અસરકર્તા નીવડે છે. આ રીતે બધા જ વિભાગો પરસ્પર સંકળાયેલાં અને સંબંધિત હોય છે.

કોઈપણ તંત્ર અનેક પેટાતંત્રોનું અને પેટા-પેટાતંત્રોનું બનેલું હોય છે. દા.ત. યુનિવર્સિટી જેવા વિશાળ તંત્રમાં સંચાલકીય માળખાને એક પેટાતંત્ર કહી શકાય. એ જ રીતે યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાંના દરેક વિભાગને એક એક પેટાતંત્ર ગણીએ તો એથી આગળ દરેક વિભાગમાં અધ્યાપન, સંશોધન અને સંચાલનના અલગ પેટાવિભાગોને પેટા-પેટાતંત્ર ગણી શકાય.

દરેક તંત્રને પોતાના હેતુઓ, પ્રક્રિયાઓ, ભૂમિકાઓ, માળખું અને વર્તનનાં ધારા ધોરણો હોય છે. ઉપરાંત આ બધામાં નિયમન, સત્તા તેમજ મોભાની વિશિષ્ટ લાક્ષણિક તરાહો હોય છે. આમ, આપણે કોઈપણ સંગઠનને જ્યારે એકતંત્ર તરીકે જોઈએ, ત્યારે સંગઠનમાં બનતી કોઈપણ ઈચ્છિત કે અનિચ્છિત ઘટના એ તંત્રની જ નીપજ ગણાય. એટલે કે તંત્ર અભિગમવાળા દષ્ટિબિંદુમાં એ નિહિત છે કે કાંઈપણ ન જોઇતું અથવા ખોટું બને તો તંત્રની પ્રક્રિયામાં ક્યાં ઉણપ છે એ ચકાસવામાં આવે છે. એ દષ્ટિએ જ આપણે જોયેલી સ્વયંભરણની (Cybernatics) સંકલ્પના તંત્રમાં બંધ બેસે છે. ધારેલી કાર્યસિદ્ધિ માટે પ્રતિપોષણને (Feed-back) આધારે પ્રક્રિયામાં ઘડતા ફેરફારો અને સુધારા વધારા કરી તંત્રમાં યોગ્ય નિયમન જાળવવાની ગોઠવાયેલી પ્રથાને આપણે સ્વયંભરણ ગણીએ છીએ.

### 2.2.5 તંત્રના પ્રકારો :

તંત્રોનું વર્ગીકરણ સામાન્ય રીતે નીચે પ્રમાણેના બે મોટા પ્રકારોમાં કરવામાં આવે છે :

**(1) મર્યાદિત તંત્ર :**

બાહ્ય પર્યાવરણથી અલગ-અલગ પોતાનામાં જ સમાવિષ્ટ એકમને આપણે મર્યાદિત તંત્ર કહી શકીએ.

**(2) મુક્ત તંત્ર :**

આવાં તંત્રોની આંતરક્રિયા બાહ્ય પર્યાવરણ સાથે સતત ચાલ્યા કરે છે, એટલે કે બાહ્ય પર્યાવરણ પર આ તંત્રોની અસર પડે છે અને એ જ રીતે આ તંત્રો ઉપર બાહ્ય પર્યાવરણની અસર પડે છે.

આધુનિક સિદ્ધાંતોમાં સંગઠનને એક મુક્તતંત્ર (An Open System) ગણવામાં આવે છે. કારણ કે સંગઠનોએ પોતાનું અસ્તિત્વ અને સદ્ધરતા નભાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. સંગઠનને પોતાના ધ્યેયો સિદ્ધ કરવામાં સતત બે તરફથી ભીતિનો સામનો કરવો પડે છે. સંગઠનની અંદરના ફેરફારો અને સંગઠનની આસપાસનાં પર્યાવરણમાં થતાં પરિવર્તનો, આ બન્ને ફેરફારો સંગઠન માટે ધમકીરૂપ નીવડી શકે છે. બાહ્ય અને આંતરિક બન્ને પરિવર્તનો એ સતત ચાલતી ઘટના છે. સંગઠન માટે અંધાધૂંધીસર્જી શકે એવી સંભાવનાયુક્ત સ્થિતિ વર્ણવવા માટે સંગઠન મનોવિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્રમાંથી એકશબ્દ અપનાવવામાં આવ્યો છે. આ શબ્દ છે : 'એન્ટ્રોપી' (Entropy). ભૌતિકશાસ્ત્રમાં સતત યદચ્છપણા (Randomness), અવ્યવસ્થા (Disorder) કે અંધાધૂંધી (Chaos)ની વૃત્તિ માટે આ શબ્દ વપરાય છે. એન્ટ્રોપી એ મુક્તતંત્રનું એક અગત્યનું લક્ષણ ગણાય છે. મર્યાદિત તંત્રમાં 'એન્ટ્રોપી'નું આ લક્ષણ હોતું નથી. દા.ત. ઘડિયાળ કે એંજિન એ મર્યાદિત તંત્રોના ઉદાહરણો છે. એકવાર તૈયાર થઇ ગયા પછી એ યાંત્રિક રીતે ચાલ્યા કરે છે અને મોટાભાગે બહારના સામાન્ય ફેરફારો એના કાર્યમાં ઝાઝી અડચણો ઊભી કરતાં નથી. બગડે ત્યારે એને સમારવા પડે છે અને તે પોતે સમારકામ આરોપી લઇ શકતા નથી. આ દૃષ્ટિએ આપણું શરીરએ મુક્તતંત્ર ગણાય. એ જ પ્રમાણે અત્યારનાં તમામ સંગઠનોને મુક્ત તંત્ર ગણવામાં આવે છે. આ રીતે પર્યાવરણનાં એક ભાગ જેવું સંગઠનતંત્ર, તેના પેટાતંત્રો અને તેનાંય પેટાતંત્રો આ બધા જ ભાગો એકબીજાં સાથે અનુયોગ (Interaction) કરે છે અને પરસ્પર પ્રભાવી નીવડે છે. તેથી તેઓ પરસ્પરએવા ગૂંથાયેલાં છે કે આ ગૂંથણીને ધ્યાનમાં લીધા વિનાનું સંગઠન તંત્રનું કોઈપણ પ્રકારનું વિશ્લેષણ એ અપૂરતું છે. એટલું જ નહીં પણ, ક્યારેક તો સંગઠનની વાસ્તવિકતા વિશેનું વિકૃત ચિત્ર પણ રજૂ કરતું હોઇ શકે છે. આ તંત્ર અભિગમ સમાજકાર્ય વ્યવસાયમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ અભિગમ છે.

## 2.3 અધિકાર આધારિત અભિગમ

### 2.3.1 પ્રસ્તાવના :

સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ અધિકાર માટેના હાઈ કમિશ્નર (2006) ના મત મુજબ અધિકાર આધારિત અભિગમ એ માનવ વિકાસની પ્રક્રિયા માટેનું વિભાવનાગ્રસ્ત માળખું છે. માનવ વિકાસ તેના ધોરણો પ્રમાણે આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના ધોરણ ઉપર આધારિત છે અને સંચાલનીય રીતે તે માનવ અધિકારોને પુરસ્કૃત કરે છે, તેમજ તેની સુરક્ષા કરે છે. આ અભિગમની અંદર હક્કો, જવાબદારીની ભાવના, સશક્તિકરણ, ભાગીદારી અને નબળાં જૂથો પ્રત્યે ધ્યાન આપવા માટેની બાબતો સંકળાયેલી છે. આ આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતોને વિકાસ માટેની નીતિઓનો પાયો માનીને સમાજ પોતાની સ્થાનિક જરૂરિયાત અનુસાર વ્યવસ્થા ઊભી કરી શકે છે. અહીં આપણે અધિકાર આધારિત અભિગમનો અર્થ, આ અભિગમ આધારિત કેટલાંક મહત્ત્વના અધિકારો અંગેની સમજ, પાયાના તત્ત્વો તેમજ ભારતમાં અધિકાર આધારિત અભિગમ સંબંધિત અમલીકરણના દૃષ્ટાંતો અંગેની છણાવટ જોઈએ.

### 2.3.2 અધિકાર આધારિત અભિગમની વ્યાખ્યાઓ :

અધિકાર આધારિત અભિગમ માનવ વિકાસની પ્રક્રિયા માટેનું વિભાવનાગત માળખું છે. માનવ વિકાસ તેના ધોરણો પ્રમાણે આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના ધોરણો ઉપર આધારિત છે. અને સંચાલનીય રીતે તે માનવ અધિકારોને પુરસ્કૃત કરે છે. તેમજ તેની સુરક્ષા કરે છે.

**(મેરીરોબીનસન, સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ અધિકાર માટેના હાઈ કમિશ્નર, 2001)**

વિકાસ માટેના અધિકાર આધારિત અભિગમમાં માત્ર માનવ જરૂરિયાતોના સંદર્ભ અથવા વિકાસલક્ષી જરૂરિયાતોના સંદર્ભમાં પરિસ્થિતિઓનું ચિત્રણ કરવામાં આવતું નથી; પરંતુ, વ્યક્તિઓના હસ્તાંતર ન કરી શકાય તેવા અધિકારો પરત્વે સમાજની જવાબદારીની પરિસ્થિતિઓનું ચિત્રણ હોય છે. તેમાં વ્યક્તિ ન્યાય માટે પોતાને હક્ક તરીકે સંગઠિત કરી શકે તે પ્રકારે તે સક્ષમ બનાવવાના છે, ભીખ તરીકે નહીં. વળી, સમુદાયને તે એક એવો આધાર પૂરો પાડે છે, જેને આધારે જરૂર પડે ત્યારે આંતરરાષ્ટ્રીય સહાય માટે પણ દાવો કરી શકાય.

**(સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી, 1998)**

અધિકાર આધારિત અભિગમ ઈરાદાપૂર્વક તેમ જ સ્પષ્ટપણે લોકો ગૌરવ અને ગરિમાપૂર્વક જીવન જીવી શકે તેથી ન્યૂનત્તમ પરિસ્થિતિની પ્રાપ્તિ ઉપર ભાર મૂકે છે. આ માટે તે જયાં નબળાઈ જણાય કે સીમાન્ત જણાય ત્યાં તેના મૂળ કારણે શોધીને સ્પષ્ટપણે દર્શાવે છે અને તેની પ્રત્યેના પ્રતિભાવોની કક્ષાનું વિસ્તરણ કરે છે. લોકો પોતાના અધિકારો માંગે, તેનો ઉપયોગ કરે અને પોતાની જવાબદારી પરિપૂર્ણ કરે તે પ્રકારે લોકોનું સશક્તિકરણ કરે છે. અધિકાર આધારિત અભિગમની અંદર એ તથ્યનો સ્વીકાર થયો છે કે ગમે તેવી ગરીબ વ્યક્તિને પણ આજીવિકાની આવશ્યક સલામતી માંગવાનો અધિકાર છે. આ એવો અધિકાર છે જેને આંતરરાષ્ટ્રીય ધોરણો અને કાયદાઓએ પણ પ્રમાણિત કરેલોં છે. **(CARE, 2000)**

### 2.3.3 અધિકાર આધારિત અભિગમ સંબંધિત મુખ્ય સામાજિક અધિકારો

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં માનવ અધિકારના કમિશ્નરની કચેરી (2006)ના મંતવ્ય અનુસાર વ્યક્તિ સુંદર રીતે અને સારી રીતે જીવી શકે તે માટેની તેમની જરૂરિયાતો સંતોષવી જોઈએ અને તે જવાબદારી સમાજની છે. આમાં, આરોગ્ય, ખોરાક, આવાસ શિક્ષણ સંબંધિત એવા બધા જ અધિકારો સમાવિષ્ટ છે. જો કે આ યાદી સંપૂર્ણ નથી. તેમાં બીજી બાબતો યથાપ્રસંગે ઉમેરી શકાય.

- **આરોગ્યનો અધિકાર :**

  સારું, સુંદર, સરસ જીવન જીવવા માટે વ્યક્તિનું આરોગ્ય પણ સારું હોવું જોઈએ, તે પૂર્વશરત છે. આ અધિકાર મારફતે વ્યક્તિને સારી આરોગ્ય સંભાળ પ્રાપ્ત થાય, પોષણયુક્ત આહાર પ્રાપ્ત થાય, સ્વચ્છતા અને સ્વાસ્થ્યની સુવિધાઓ પ્રાપ્ત થાય. પીવાનું શુદ્ધ પાણી તેમજ શ્વાસ લેવા માટેની સ્વચ્છ, તાજી પ્રદૂષણરહિતની હવા પ્રાપ્ત થાય તે આવશ્યક છે. સુચારું શારીરિક અને માનસિક આરોગ્યનાં ઉચ્ચત્તમ પ્રાપ્ત કરી શકાય તેવા ધોરણો સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારની અને સમાજની છે.

- **ખોરાક માટેનો અધિકાર :**

  ખોરાક માટેનો અધિકાર એટલે ભૂખના દુ:ખથી છૂટકારો સરકારની એ ફરજ છે કે પોતાના નાગરિકોને અન્નનો પૂરતો પૂરવઠો મળી રહે. વળી લોકોને પોતાની આજીવિકાનું સ્વતંત્ર સાધન પણ ઉપલબ્ધ થવું ઘટે. જીવન જીવવા માટે આવશ્યક એટલું અન્ન મેળવવાનો લોકોને અધિકાર છે. ખોરાક એટલે માત્ર ભૂખ ભાંગવી એટલું જ નહીં, પરંતુ શારીરિક આરોગ્યને પોષક તેવો પૂરતો આહાર મળવો જોઈએ.

- **આવાસ માટેનો અધિકાર :**

  આવાસનો અધિકાર એટલે લોકોને સલામતીનો અહેસાસ થાય તેવું, રહેવા લાયક અને માનવીની પ્રાથમિક જરૂરિયાતો પૈકીની એક પાયાની જરૂરિયાત છે. વળી આ અધિકારમાં એ બાબત સમાવિષ્ટ છે કે લોકોને દબાણપૂર્વક કે બળજબરીપૂર્વક પોતાના આવાસ ખાલી કરાવાય નહીં.

  **(રાષ્ટ્રીય આર્થિક અને સામાજિક અધિકાર પહેલ, 2006).**

- **શિક્ષણ માટેનો અધિકાર :**

  દેશના તમામ બાળકોને સમાન પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે. વળી બાળકોને શિક્ષણના તમામ તબક્કે તેની પહોંચ વિસ્તરવી જોઈએ. આ અધિકારથી દરેક વ્યક્તિ પોતાના જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવાની તકો મેળવે છે. તેમજ મુક્ત સમાજમાં અસરકારક રીતે ભાગ લેવા માટે આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર સુનિશ્ચિત કરે છે.

  **(રાષ્ટ્રીય આર્થિક અને સામાજિક અધિકાર પહેલ, 2006)**

  ઉપર દર્શાવેલા સામાજિક અધિકારો આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો અનુસારના છે. તેનો ઉલ્લેખ આંતરરાષ્ટ્રીય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોના કરાર (ICESCR) માં સમાજને સતત ટકી રહેવા માટેની જરૂરિયાત તરીકે કરવામાં આવેલા છે. સરકાર, સામાજિક સેવા સંસ્થાઓ, વ્યક્તિ અને અન્ય સામાજિક સંગઠનો સંકલિત અને સામૂહિક પ્રયાસો કરે તો નાગરિકોને આ તમામ સામાજિક અધિકારો સહજતાથી સામાજિક અધિકારોની સમજૂતી મેળવ્યા બાદ હવે તેના ઘટકો અંગે અહીં વિગતવાર છણાવટ કરવામાં આવેલી છે.

  અધિકાર આધારિત અભિગમના ઘટકો અથવા સિદ્ધાંતો અધિકાર આધારિત અભિગમનો અમલ કરવાનો મુખ્ય હેતુ માનવ અધિકારોનું રક્ષણ કરવાનો છે. આ અભિગમને આધારે જ્યારે યોજનાઓ કે નીતિઓનું ઘડતર કરવામાં આવે ત્યારે અધિકાર આધારિત અભિગમના પાંચ સિદ્ધાંતોને તે કાર્યક્રમો કે નીતિઓમાં વણી લેવા જોઈએ. આ પાંચ સિદ્ધાંતો અથવા અભિગમના ઘટક તત્ત્વો કેટલીકવાર એકબીજાં સાથે ઓતપ્રોત થઈ જાય છે. પરસ્પર જોડાયેલાં છે, તેમ છતાં સામાજિક સંસ્થાઓના સંચાલનનું મૂલ્ય આંકવા માટેના માર્ગ કંડારવા માટેની આવશ્યક માર્ગદર્શિકારૂપ છે.

### 2.3.4 અધિકારોની અભિવ્યક્તિનું જોડાણ :

અધિકારોની અભિવ્યક્તિનું જોડાણ એ પહેલું ઘટકતત્ત્વ છે. આ માટે માનવ વિકાસની તમામ કક્ષાએ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણોને એક આધારભૂત સ્તંભ તરીકે લેવા પડશે. આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના આ ધોરણો સંયુક્ત રાષ્ટ્રસંઘના તમામ કરારો અને ઘોષણાઓમાં વ્યક્ત થયેલો છે. દા.ત., ICESCR. આમાં નીતિ ઘડતર માટે કાયદા બનાવવાથી માંડી કાર્યક્રમના આયોજન સુધીની તમામ બાબતો આવી જાય છે. આમાં સામાજિક અધિકારથી માંડીને કોઈ પણ માનવ અધિકારનો ભંગ થાય તે અટકાવવાનો હેતુ રહેલો છે.

- **જવાબદારીની ભાવના :**

જવાબદારીની ભાવના એ બીજું ઘટક તત્ત્વ છે. જે લોકોની ફરજો છે તેમને તથા જેમના અધિકારો રહેલા છે તે લોકોને બરાબર ઓળખી લેવા ફરજ બનાવનારા એટલે કે જેઓ સેવાઓ પૂરી પાડવા માટે બંધાયેલા છે તેમજ જેઓ માનવ અધિકારોનો ભંગ ન થાય તે જોવા પ્રતિબદ્ધ છે તેવા લોકો. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં માનવ અધિકાર સંબંધિત કોઈપણ કરારમાં કોઈ રાષ્ટ્ર જોડાય ત્યારે તે કરારમાં સહી કરનાર તરીકે તેની ફરજ થઈ પડે છે કે માનવ અધિકારોનો ભંગ થતો અટકાવવો અને નાગરિકોને તેમનું ગૌરવ સચવાય તેવી રીતે સેવાઓ ઉપલબ્ધ કરવી. આ ઉપરાંત નાગરિકોને સીધે સીધી સેવાઓ

ઉપલબ્ધ કરનાર સંસ્થાઓ જેવી કે બિનસરકારી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેની પણ નૈતિક જવાબદારી થઈ પડે છે કે તેઓ માનવ અધિકારોનું રક્ષણ કરે તેમજ તેને પુરસ્કૃત કરે. સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે સેવાઓ ઉપલબ્ધ કરનારાઓ પાસે પૂરતા પ્રમાણમાં સંસાધનો હોય, જેથી તેઓ પોતાની જવાબદારી સારી રીતે પરિપૂર્ણ કરી શકે. વળી ફરજ બજાવનારાઓએ પણ અધિકાર ધરાવનારા (જાહેર જનતા) ની ક્ષમતા અને જરૂરિયાતનો બરાબર અંદાજ મૂકવો જોઈએ. આ એટલા માટે જરૂરી છે કે સૌથી છેવાડાની વંચિત વ્યક્તિ પણ પોતાના હક્કનો દાવો હિંમતપૂર્વક અને સ્વમાનપૂર્વક કરી શકે.

### 2.3.5 સશક્તિકરણ :

સશક્તિકરણ એ આ અભિગમનું ત્રીજું ઘટકતત્ત્વ છે. સશક્તિકરણ એટલે કે સમાજના તમામ વર્ગોને એવું સામર્થ્ય આપવું કે, જેથી તેઓ પોતાની જ ક્ષમતાથી પોતાના જીવનને નવી દિશા આપી શકે. સશક્તિકરણથી જનતા પોતાના અધિકારોનો દાવો કરવાની તક પ્રાપ્ત કરી શકે છે.

### 2.3.6 લોકભાગીદારી :

લોક ભાગીદારી એ આ અભિગમનું ઓછું ઘટકતત્ત્વ છે. વિકાસના તમામ તબક્કે લાભાર્થીઓની ભાગીદારી આવશ્યક છે. કાર્યક્રમો માટે કે નીતિઘડતર માટે નાગારિકોના અભિપ્રાયો ધ્યાનમાં લેવા જોઈએ. વળી તેનો એવો પણ અર્થ થાય છે કે જેમને તેની વધુ જરૂર છે તેમને મુક્ત રીતે તેમજ અર્થપૂર્ણ રીતે સામેલ કરવા અને એટલી માત્રામાં સામેલ કરવા કે તેઓ ટૂંકા અને લાંબા ગાળાના લાભ મેળવી શકે. લોક ભાગીદારી માટેની મુખ્ય બાબત એ છે કે, એવા લોકોને સમુદાય માટે ફાળો આપવાની તક આપવી કે જેમને એ સિવાય આવી તક મળી શકે તેમ ન હોય, માટે આવી તક તેમના માટે અમૂલ્ય બની શકે.

### 2.3.7 ભેદભાવ વિના વંચિત જૂથો પ્રત્યે ધ્યાન આપવું

આ પાંચમું ઘટક તત્ત્વ છે. આ સિદ્ધાંતનો ઉદ્દેશ્ય હાલમાં સમાજમાં જે સત્તાની કે તાકાતની અસમતુલા પ્રવર્તે છે અને તેમાં પણ સીમાન્ત વ્યક્તિઓ અને જૂથોને જે રીતે સહન કરવું પડે છે તેની સામે તેમને રક્ષણ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ગોઠવવી. આ બાબતનો સીધો અર્થ થાય છે કે સમાજમાં સહિષ્ણુતા, સમભાવ, સામાજિક ઐક્ય, સમાનતા જેવા મૂલ્યો પ્રવર્તવા જોઈએ. આ સાથે સમાજમાં જેમની પ્રત્યે ભેદભાવ આચરવામાં આવે છે તેઓ વિકાસની દોડમાં પાછળ રહી જાય છે, તેઓને અગ્રતા આપવી.

આ પાંચ સિદ્ધાંતો કે ઘટક તત્ત્વોને માળખારૂપ બનાવીને અધિકાર આધારિત અભિગમનો અમલ કરી શકાય. આપણે હવે એ જોઈશું કે આ અધિકાર આધારિત અભિગમનો ભારતમાં કેવી રીતે અમલ થઈ રહ્યો છે.

- **ભારતમાં અધિકાર અભિગમની રણનીતિના દૃષ્ટાંતો :**

અધિકાર આધારિત અભિગમના અમલનું એક દૃષ્ટાંત છે. ભારતમાં 2001 થી શરૂ થયેલ 'અન્ન મેળવવાના અધિકાર' નું અભિયાન. સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ અધિકારના એશિયા પેસિફિક પ્રદેશ હાઈકમિશ્નર (2002) ના મત અનુસાર ભારતની સરકાર તેના નાગરિકોને આવશ્યક માત્રામાં અન્ન ઉપલબ્ધ કરી શકી ન હતી. તે સમયે દેશમાં અનેક સ્થળે દુષ્કાળ તેમજ અછતની પરિસ્થિતિને કારણે ભારતીય નાગરિકો અન્નની અછતથી પીડાતાં હતાં. ઘણા લોકો ભૂખમરાથી મૃત્યુ પામ્યાં હતાં. ભારત સરકાર અન્નની સલામતી માટેની રાહત સેવાઓ ઉપલબ્ધ કરવાનું ટાળતી હતી.

આથી દેશમાં 2001થી અનૌપચારિક સંગઠનો, બિનસરકારી સંગઠનો અને કાનૂની મંડળોને મળીને 'અન્નના અધિકાર' માટેનું અભિયાન શરૂ કર્યું અને દેશની ગરીબ તથા સીમાન્ત પ્રજાને અન્નનો અધિકાર પ્રાપ્ત થાય તેની ઝૂંબેશ ચલાવી. આ એક પ્રગતિશીલ ચળવળ હતી. સુપ્રિમ કોર્ટમાં પિટીશન

કરીને ભારત સરકારને અનુરોધ કરવામાં આવ્યો કે અછતગ્રસ્ત વિસ્તારોમાં રહેતા ભારતીય નાગરિકોની ભૂખ સંતોષવા માટે તેના અન્ન ભંડારો ખુલ્લા મૂકવામાં આવે. અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી કે અછતગ્રરસ્ત વિસ્તારોમાં વ્યાપકપણે રોજગારી ઉપલબ્ધ કરવામાં આવે, જેથી સીમાન્ત લોકો આજીવિકા કમાઈને અન્ન મેળવી શકે. આમાંથી રોજગારીના અધિકાર તેમજ સામાજિક સલામતીના અધિકારની વાતો આગળ આવી. નામદાર સુપ્રિમ કોર્ટમાં ઘણી આવી અરજીઓ કરવામાં આવી અને સમયાંતરે નામદાર સુપ્રિમકોર્ટે ભારત સરકારને આદેશ કર્યો કે તમામ પ્રાથમિક શાળાઓમાં સરકારે મધ્યાહન ભોજન યોજના શરૂ કરી દેવી તેમજ 1.5 કરોડ અતિ ગરીબ લોકોને તદ્દન નજીવા ભાવે દર મહિને 35 કિ.ગ્રા. અનાજ આપવામાં આવે આ ઝૂંબેશને કારણે ભારત સરકારે 'મનરેગા' યોજના શરૂ કરી, જેમાં ગરીબ નિરાધાર ગ્રામીણ પરિવારોને વર્ષમાં 100 દિવસ બિનકુશળ મજૂરી કરીને રોજગારી મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો.

અન્ન માટેના અધિકારની ઝૂંબેશ એ અધિકાર આધારિત અભિગમના સિદ્ધાંત પર આધારિત ઝૂંબેશ હતી. તેનો મુખ્ય તમામ ભારતીયજનોને પૂરતા અન્ન દ્વારા તેઓ પોતાની ભૂખ સંતોષવા શક્તિમાન બને તેવી અપેક્ષા હતી. ICESCR માં સૂચિત આ સામાજિક અધિકાર છે. આ ઝૂંબેશ ભારતીય નાગરિકોને એ શીખવે છે કે તેઓ એ પોતાનો અધિકાર સંબંધિત દાવા કેવી રીતે રજૂ કરવા. આ ઝૂંબેશમાં નાગરિકોને જે અધિકાર મળવાપાત્ર છે તે અંગે નાગરિકો દાવો કરી શકે તેમ સિદ્ધ કરાયું છે. આ ઝૂંબેશને કારણે ગ્રામિણ વિસ્તારના ગરીબ મજૂર પરિવારોને કેટલી બધી રાહત થઈ. આમ તો અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને અન્ન મળે તેવી માંગણીથી શરૂઆત થઈ, પરંતુ તેમાં ક્રમશઃ પ્રગતિ થતાં માગણીનો વ્યાપ વિસ્તૃત બન્યો અને તેનાથી ઘણા વંચિત પરિવારોને ફાયદો થયો.

## 2.4 ઉપસંહાર

ઉપર્યુક્ત સમાજકાર્યમાં જુદાં-જુદાં અભિગમોનું માળખું-2 માં તંત્ર અભિગમ અને અધિકાર આધારિત અભિગમની સમજૂતી આપવામાં આવેલી છે. જેમાં તંત્ર અભિગમ વ્યક્તિ જૂથ સંસ્થા, સંગઠન-સમુદાય વચ્ચેના સંબંધો પર પર્યાવરણ ઉપર અસર કરે છે. તંત્ર અભિગમ કુદરતના તત્ત્વોના .... સંબંધો ઉપર ભાર મૂકે છે. તંત્રની વ્યાખ્યા તંત્ર અભિગમના લક્ષણો, પ્રકાર, વગેરેનો વિસ્તૃતમાં પરિચય આપેલ છે. જે વિદ્યાર્થીઓએ સમજવા માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. તેમજ અધિકાર આધારિત અભિગમ જેની વ્યાખ્યા, અધિકારોના પ્રકાર, અધિકારોની અભિવ્યક્તિનું જોડાણ, સશક્તિકરણ, લોકભાગીદારી ભેદભાવ વિના વંચિત જૂથો પ્રત્યે ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. જેવી વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. 'સિસ્ટમ' નો ગુજરાતી અર્થ શું થાય છે ?

   (A) પ્રથા (B) રચના

   (C) વ્યવસ્થા (D) ઉપરોક્ત તમામ

2. 'પરસ્પર અનુયોગ પામતા તત્ત્વોનો સંકલિત સમૂહ, જેના દ્વારા સહકારપૂર્વક આગળથી નક્કી કરેલું કાર્ય થાય' - આ વ્યાખ્યા કોણે આપી ?

   (A) ફ્રેન્ક ડબલ્યુ બેન્ઘર્ટ (B) એચ. એલ. ટીમ્સે

   (C) કાષ્ટ અને ........ (D) મેરીરિચમ્ન્ડ

3. તંત્રના પ્રકાર કેટલાં છે ?

(A) ચાર (B) ત્રણ

(C) બે (D) પાંચ

4. મુખ્ય સામાજિક અધિકારો કયા છે ?

(A) આરોગ્યનો અધિકાર (B) ખોરાક માટેનો અધિકાર

(C) શિક્ષણ માટેનો અધિકાર (D) ઉપરોક્ત તમામ

5. 'અન્ન મેળવવાનો અધિકાર' નું અભિયાન કઈ સાલમાં શરૂ થયું ?

(A) 2002 (B) 2001

(C) 2005 (D) 2007

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) ઉપરોક્ત તમામ
2. (A) ફ્રેન્ક ડબલ્યુ બેન્ઘર્ટ
3. (C) બે
4. (D) ઉપરોક્ત તમામ
5. (B) 2001

## 2.7 ચાવીરૂપ શબ્દો :

- **તંત્ર :** પદ્ધતિ, પ્રથા, રચના વ્યવસ્થા જેવો અર્થ તારવી શકાય.
- **મર્યાદિત તંત્ર :** બાહ્ય પર્યાવરણથી અલગ પોતાનામાં જ સમાવિષ્ટ એકમને આપણે મર્યાદિત તંત્ર કહી શકીએ.
- **મુક્તતંત્ર :** આવા તંત્રોની આંતરક્રિયા બાહ્ય પર્યાવરણ સાથે સતત ચાલ્યા કરતું.
- **સશક્તિકરણ :** સશક્તિકરણ એટલે સમાજનાં તમામ વર્ગોનું સામર્થ્ય
- **લોકભાગીદારી :** તમામ લોકોની ભાગીદારી લાભાર્થીની ભાગીદારી

## 2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. તંત્ર અભિગમ એટલે શું ? અર્થ સ્પષ્ટ કરી તેના લક્ષણો અને પ્રકાર વર્ણવો.

........................................................................

........................................................................

........................................................................

2. અધિકાર આધારિત અભિગમ ટૂંકમાં વર્ણવો.

........................................................................

........................................................................

........................................................................

## 2.9 પ્રવૃત્તિ (Activities)

- અધિકાર આધારિત અભિગમ સંબંધિત મુખ્ય સામાજિક અધિકારો કયા છે તે મુદ્દાસર જણાવો.
- અધિકાર આધારિત અભિગમનો અર્થ આપી તેના ઘટક તત્ત્વોની છણાવટ કરો.

## 2.10 કેસસ્ટડી (Case Study)

- તંત્ર અભિગમ અર્થ અને વ્યાખ્યા આપી સમાજકાર્યમાં જરૂરિયાત વર્ણવો.
- ભારતમાં અધિકાર આધારિત અભિગમ ઉદાહરણ સાથે સમજાવો.

## 2.11 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ,
   પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ– 26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ,
   પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009
2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
   પ્રાપ્તિસ્થાન –લોકનિકેતન રતનપુર તાઃ પાલનપુર જિલ્લો : બનાસકાંઠા,
   પ્રથમ આવૃત્તિ : મે– 2008
3. સમાજકાર્ય દર્શન(હિન્દી ભાષા) : પાન્ડેય તેજસ્કર એવમ્ પાન્ડેય ઓજસ્કર,
   જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ,
   આવૃત્તિ : 2008
4. સમાજકાર્ય(હિન્દી ભાષા) : ડૉ. બી. આર. મદન,
   વિવેક પ્રકાશન - દિલ્હી,
   આવૃત્તિ : 2006
5. સમાજકાર્ય(હિન્દી ભાષા) : પાન્ડેય તેજસ્કર એવમ્ પાન્ડેય ઓજસ્કર,
   જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ,
   આવૃત્તિ : 2001
6. સમાજકાર્ય ઈતિહાસ, દર્શન એવમ્ પ્રણાલિયાં (હિન્દી ભાષા)
   : ડૉ. સુરેન્દ્રસિંહ, ડૉ. પી. ડી. મિશ્ર
   ન્યુ રોયલ બુક કંપની - લખનઉ
   આવૃત્તિ : 2002
7. The Strengths Perspective in Social Work Practice : Extensions and Cautious Journal of Social Work, 41, 296-304.
8. An Ecological Approach for Social Work Practice : Journal of Sociology & Social Welfare, 133-141.
9. Right based Approach in Social Work Practice

# એકમ–3 સમાજકાર્યમાં જુદાં જુદાં અભિગમોનું માળખું-3

## : એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 પર્યાવરણીય અભિગમ

3.3 શક્તિ આધારિત અભિગમ

3.4 ઉપસંહાર

3.5 તમારી પ્રગતિ ચકાસો

3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

3.9 પ્રવૃત્તિ (Activities)

3.10 કેસસ્ટડી (Case Study)

3.11 સંદર્ભગ્રંથ (Further Readings)

## 3.0 એકમના હેતુઓ

1. પર્યાવરણીય અભિગમ તેની વ્યાખ્યા વિભાવના, લાક્ષણિકતા અંગે વિસ્તૃતમાં માહિતી મળશે.
2. શક્તિ આધારિત અભિગમ તેના ઘટકો અને ઉપયોગિતા અંગે વિસ્તૃતમાં માહિતી પ્રાપ્ત થશે.
3. વિદ્યાર્થીઓને અભિગમનો ઉંડાણથી પરિચય મળશે જે તેઓના મૂલ્યો, વલણો, કુશળતા વિકસાવવામાં ઉપયોગી થશે.

## 3.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં સમાજકાર્યના જુદાં જુદાં અભિગમોનું માળખું-3માં પર્યાવરણીય અભિગમ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પર્યાવરણીય અભિગમ લોકો અને વાતાવરણ વચ્ચેના વ્યવહારને સુધારવા તરફ કાર્ય કરે છે. જેનો માત્રને માત્ર હેતુ વ્યક્તિની અનુકૂળ થવાની ક્ષમતામાં વધારવાનો અને વાતાવરણમાં સુધાર લાવવાનો છે. અસરકારક સામાજિક સારવાર માટે સમાજકાર્ય વ્યવહારમાં પર્યાવરણીય અભિગમ એક સંપૂર્ણ સઘન સૈદ્ધાંતિક આધાર પૂરા પાડે છે. જેમાં મહત્ત્વની પર્યાવરણીય અભિગમની વિભાવનાઓ દર્શાવવામાં આવી છે. તેમજ શક્તિ આધારિત અભિગમની પણ વિસ્તૃતમાં છણાવટ કરવામાં આવી છે. સમાજકાર્યના વ્યવહારમાં શક્તિના દૃષ્ટિકોણની વિભાવના સતત વિકસતી રહે છે. વૈયક્તિક સેવાકાર્ય અને જૂથકાર્યમાં શક્તિ આધારિત અભિગમનો ખ્યાલ વિકસ્યો છે. જે વ્યાવસાયિક શિક્ષણ માટે જરૂરી છે.

## 3.2 પર્યાવરણીય અભિગમ

### 3.2.1 પ્રસ્તાવના :

અસરકારક સામાજિક સારવાર માટે સમાજકાર્ય વ્યવહારમાં પર્યાવરણીય અભિગમ એક સંપૂર્ણ સઘન સૈદ્ધાંતિક આધાર પૂરો પાડે છે. જેમાં મહત્ત્વની પર્યાવરણીય અભિગમની વિભાવનાઓ દર્શાવી છે. પર્યાવરણીય અભિગમ સામાજિક સારવાર માટે અસરકારક વ્યૂહરચના સાબિત થઈ શકે તેમ છે.

વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆતના તબક્કામાં જ આદ્ય લેખિકા મેરી રિચમન્ડે માનવોના સામાજિક વ્યવહારમાં પર્યાવરણની અસરોનો ઉલ્લેખ કર્યો હતો; પરંતુ, 1970 ના દસકા સુધી આ ક્ષેત્રે કોઈ નવું ખેડાણ થયું નહીં. 1970 પછીના દસકામાં જર્મેઈન અને હાર્ટમેન જેવા લેખકોએ પોતાના લખાણોથી સમાજકાર્યમાં પર્યાવરણીય અભિગમ સંબંધિત પાયાનું ખેડાણ કર્યું. જો કે તેમના લખાણોમાં તેઓએ આ અભિગમના અમલ સંબંધિત કોઈ કાર્ય પદ્ધતિનો સ્પષ્ટ નિર્દેશ કર્યો ન હતો, તેમ જ તે સિદ્ધાંતને વિભાવનાગત કરાયા ન હતાં.

જર્મેઇને સમાજકાર્ય વ્યવહારને પર્યાવરણના સંદર્ભે નવી રીતે નિરૂપણ કરી વ્યક્તિના પર્યાવરણ સાથેના સંબંધને નવા પ્રકારે જોવા સૂચવ્યું. તેમણે દર્શાવ્યું કે સેવાર્થીતંત્ર અને પર્યાવરણ વચ્ચે હાલ ઐક્ય નથી અને તેથી તે સ્થિતિ સુધારવા પ્રયાસ થવો જોઈએ.

### 3.2.2 પર્યાવરણીય દૃષ્ટિકોણ :

આ દૃષ્ટિકોણથી સામાજિક કાર્યકરને એવી વ્યૂહરચના પ્રાપ્ત થાય છે. જેનાથી તે સૂક્ષ્મકક્ષાની દરમિયાનગીરી ઉપર ઊઠીને સ્થૂળકક્ષાની દરમિયાનગીરી સુધી વિસ્તરે શકે છે. હવે સામાજિક કાર્યકર માત્ર નીતિ અને આયોજનની પ્રવૃતિઓથી સારવાર પૂરી પાડવાને બદલે મનોચિકિત્સા જેવી સૂક્ષ્મ ચિકિત્સા આપી શકે છે. પર્યાવરણીય અભિગમ દ્વારા સીધી અને આડકતરી બન્ને પ્રકારની સારવારનો સમન્વય શક્ય બન્યો છે.

પર્યાવરણીય અભિગમના પ્રવર્તમાન વિચાર પ્રમાણે માનવીય સમસ્યાઓ મનોવૈજ્ઞાનિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ભૌતિક પરિબળોની આંતરક્રિયાનું પરિણામ છે. આ માળખામાં પર્યાવરણીય પરિસ્થિતિ અને માનવીય પરિસ્થિતિ વચ્ચે વ્યાવહારિક સંબંધો રહેલા છે, તેની સ્પષ્ટ સ્વીકૃતિ આપે છે. આ દૃષ્ટિકોણમાં સામાજિક કાર્યકર સમસ્યાઓના અસરકારક નિવારણ માટે વ્યક્તિગત, કૌટુંબિક, જૂથ અને સમુદાય સાથેની વિવિધ કક્ષાએ કાર્ય કરી શકે છે. ટૂંકમાં કાર્યકર પર્યાવરણીય આ અભિગમના વ્યાપક માળખામાં રહીને તબીબી ભૂમિકામાંથી નીતિ અને આયોજનની ભૂમિકામાં પ્રવેશ કરી શકે છે.

પર્યાવરણીય માળખામાંથી છ વિશિષ્ટ ભૂમિકાઓ નિષ્પન્ન થઈ છે. ઘણા બધા વિદ્વાન લેખકો એ આ ભૂમિકાઓને પ્રગતિશીલ સામાન્ય વ્યવહાર(Advanced genralist practice)ના પાયાગત હિસ્સા તરીકે ગણાવી છે. આ છ વ્યાવસાયિક ભૂમિકાઓ સામાજિક કાર્યકરને જુદાં જુદાં પાંચ પ્રકારે સેવાર્થીતંત્ર સાથે અસરકારક રીતે કાર્ય કરવા માટે સક્ષમ બનાવે છે. જેમાં વ્યક્તિ, કુટુંબ, નાનું જૂથ સંગઠન અને સમુદાયનો સમાવેશ થાય છે. જહોન દ્વારા અપાયેલ આ છ વ્યાવસાયિક ભૂમિકાઓ નીચે મુજબ છે.

1. **પરિષદકાર તરીકેની ભૂમિકા :** પરિષદની વિભાવનામાંથી જ આ ભૂમિકા વિચારાઈ છે. કાર્યકર જ્યારે પોતાના સેવાર્થીની સમસ્યાના નિવારણ માટે સહાયના મુખ્ય સ્ત્રોત તરીકે કામ કરે છે ત્યારે તે જે કાર્યો કરે છે તેના ઉપર આ ભૂમિકા ધ્યાન કેન્દ્રિત કરે છે.

2. **સહાયક તરીકેની ભૂમિકા :** કાર્યકરની સહાયક તરીકેની ભૂમિકા ત્યારે ભજવવામાં આવે છે. જ્યારે સામાજિક કાર્યકર સેવાર્થીના કાર્ય વ્યવસ્થાને સહાયક બનવા માટે ઘટનાઓ, પાત્રભાવો, તેમ જ પર્યાવરણીય ફેરફારોને ગોઠવે છે, રચે છે અને આવશ્યક ફેરફાર કરે છે.

3. **દલાલ તરીકેની ભૂમિકા :** આ ભૂમિકા ત્યારે ભજવાય છે જ્યારે સામાજિક કાર્યકરનો ઉદ્દેશ્ય ગ્રાહકને માલસામાન કે સેવાઓ સાથે જોડી આપવા માટેનો હોય ત્યારે જે પ્રકારની ભૂમિકા ભજવતા હોય તેવો છે. અહીં સામાજિક કાર્યકર સેવાર્થીને તેની જરૂરિયાતો સાથે જોડી આપવાની જ ભૂમિકા નીભાવે છે. અહીં જે - તે માલસામાન અને સેવાઓની ગુણવત્તા પર તેનું નિયંત્રણ હોય તે જરૂરી છે.

4. **મધ્યસ્થી તરીકેની ભૂમિકા :** આ ભૂમિકા ત્યારે ભજવાય છે. જ્યારે સામાજિક કાર્યકરનો ઉદ્દેશ્ય બે પરસ્પર વિરોધી દૃષ્ટિબિંદુઓ અથવા દોરી નિરાશા નિપજાવતા દૃષ્ટિબિંદુઓ વચ્ચે સમાધાન સાધવાનો પ્રયાસ કરવાનો હોય અને આવા વિરોધી પરિબળોને સંયુકાત કાર્ય .

5. **વકીલ તરીકેની ભૂમિકા :** આ ભૂમિકા ત્યારે ઊભી થાય છે, જ્યારે સામાજિક કાર્યકર પોતાના સેવાર્થીવતી સેવાઓ કે સંસાધનો પ્રાપ્ત કરે છે. અથવા સંસાધનો કે સેવાઓ અપર્યાપ્ત માત્રામાં હોય કે ના હોય ત્યાં તે પોતાના સેવાર્થી વતી વિકસાવે છે.

6. **વાલી તરીકેની ભૂમિકા :** આ ભૂમિકા જ્યારે સામાજિક કાર્યકર સામાજિક નિયંત્રણનું કાર્ય બનાવતા હોય ત્યારે અથવા સેવાર્થીની પોતાની ક્ષમતા અપર્યાપ્ત હોય ત્યારે તેના વતી બચાવની કામગરી બનાવે ત્યારે નિષ્પન્ન થાય છે.

સામાજિક કાર્યકર જ્યારે સ્પષ્ટપણે પર્યાવરણીય અભિગમ અપનાવે છે ત્યારે તેની ભૂમિકા ખૂબ જ અસ્પષ્ટ, ઝાંખી કે ધૂંધળી હોય છે. ઉદાહરણ તરીકે ઘણીવાર પરિષદકાર તરીકેની અને સહાયક તરીકેની ભૂમિકા વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરવાનું મુશ્કેલ છે. વળી જ્યારે સામાજિક કાર્યકર દલાલ તરીકેની ભૂમિકા નીભાવતો હોય ત્યારે તેને પોતાને કે સેવાર્થીને તે સહાયક તરીકેની કે વકીલ તરીકેની ભૂમિકા નિભાવતો હોય તેવું જણાય. તેથી, આ તમામ ભૂમિકાઓ એકબીજાંથી તદ્દન અલગ નથી; પરંતુ, પૂરક છે. તે સમજી લેવું જોઈએ. આ અભિગમ પરંપરાગત વૈયક્તિક કાર્ય, જૂથ કાર્ય કે સામુદાયિક સંગઠન કરતાં જુદોં છે. તે રીતે જોતા પર્યાવરણીય અભિગમ જુદી જુદી ભૂમિકાઓનું નવીનતમ, ગતિશીલ અને વ્યવહારું સ્વરૂપ છે. આમ પર્યાવરણીય અભિગમમાં સંકલિત કાર્યની ભૂમિકામાં મૂળ વિષયને લગતી ત્રણ વિભાવનાઓ વિકસાવી શકાય છે. જે હવે પછી જોઈશું.

### 3.2.3 પર્યાવરણીય અભિગમની વિભાનાઓ

◆ **વર્તન વ્યવસ્થા (Behavioral Setting):**

બાર્કર અને ગમ્પ (1964) એ આ વિભાવના સંબંધિત ઊંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો છે. તેઓના અભ્યાસનું તારણ એમ સૂચવે છે કે વર્તન વ્યવસ્થામાં વ્યક્તિ જે માર્ગ અનુસરે છે તે માત્ર પર્યાવરણને આધારે નક્કી થતો નથી. એટલે કે, એક જ વાતાવરણમાંથી જુદી જુદી વ્યક્તિઓને તેમજ એક જ વ્યક્તિને જુદાં જુદાં સમયે જુદી-જુદી આવૃત્તિઓ પ્રાપ્ત થતી હોય છે અને તે આવૃત્તિઓ તે વ્યક્તિના વર્તનને અનુસરે છે.

આ સિદ્ધાંતના આધારે સેવાર્થીની સમસ્યાને વિભાવનાગત કરવામાં સહાય મળે છે. આ સિદ્ધાંત શિખવે છે કે સેવાર્થીનું વર્તન માત્ર તેની આજુબાજુના વાતાવરણને કારણે ઘડાતું નથી; પરંતુ, સેવાર્થી પોતાના વર્તનના આધારે જ વાતાવરણમાંથી જુદાં જુદાં સમયે જુદી-જુદી આવૃત્તિઓ પ્રાપ્ત કરે છે. એટલે કે કેટલેક અંશે ખુદ સેવાર્થી જ વાતાવરણ ઘડવામાં નિમિત બને છે. આથી સેવાર્થીની વર્તન વ્યવસ્થાને મનોવિજ્ઞાનના પરંપરાગત માળખામાં તપાસવાને બદલે અન્ય પ્રકારે તપાસવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, વર્તન વ્યવસ્થા એ વર્તન કરનારાના વર્તનની વિભાવના કરતાં કંઈક વિશેષ છે. તે ભૌતિક વ્યવસ્થા, સમય, લોકો અને વ્યક્તિના વર્તનના એકબીજાં સાથે વણાયેલાં સંબંધોનું નાજુક જાળું છે. કોઈ પણ સેવાર્થીની વર્તન વ્યવસ્થાનું જાળું (Conglomeration) તે સેવાર્થીની પર્યાવરણ વ્યવસ્થાને ઘડે છે.

◆ **પર્યાવરણીય વ્યવસ્થા (Ecosystem) :**

સેવાર્થી એક કરતાં વધારે વાતાવરણમાં કાર્ય કરે છે. તેની પર્યાવરણ વ્યવસ્થાએ આ વાતાવરણના જાળાં(Conglomeration)ના આંતરસંબંધોની દ્યોતક છે. ઉદાહરણ તરીકે, સેવાર્થીની પર્યાવરણ વ્યવસ્થામાં તે પોતે, પોતાનું કુટુંબ, તેના પડોશીઓ, તેનો સમુદાય વગેરેનો સમાવેશ થાય છે.

સેવાર્થીના વાતાવરણ સાથેના સંબંધોને વિભાવનાગત કરવા એ સમાજકાર્ય વ્યવસાયમાં કોઈ નવો વિચાર નથી; પરંતુ, પર્યાવરણીય વ્યવસ્થામાં જે બાબત મહત્ત્વની છે તે એ કે સેવાર્થીનું સામાજિક વર્તન વાતાવરણ સાથે સંકળાયેલી બાબત છે અને સેવાર્થી એ આ પર્યાવરણીય વ્યવસ્થાનું અભિન્ન અંગ છે. (હોબ્સ, 1980). તેથી સેવાર્થીની પર્યાવરણ વ્યવસ્થા અનેકવિધ વ્યવસ્થાઓ (કુટુંબ, કાર્યનું સ્થળ, સમુદાય વગેરે)ની સાથે ઓછાવત્તા પ્રમાણમાં આચ્છાદિત(Overlap) થાય છે.

**◆વ્યવહાર વ્યવસ્થા (Transaction) :**

આ વિભાવનાને કારણે પર્યાવરણીય અભિગમ પરંપરાગત વ્યક્તિ અને વાતાવરણલક્ષિતાથી નાટ્યાત્મક રીતે જુદો પડે છે. વ્યવહાર વ્યવસ્થા એમ સૂચવે છે કે સેવાર્થી અને વાતાવરણ વચ્ચે દ્વિમાર્ગી તેમજ એકમાર્ગી સંબંધો અસ્તિત્વ ધરાવે છે. ટૂંકમાં વાતાવરણ વ્યક્તિની ગોઠવણ અને વિકાસમાં ફાળો આપે છે. વ્યક્તિનું વર્તન વાતાવરણ સાથે તદ્દન આગવો જ પ્રતિભાવ પાડે છે. જેનાથી વાતાવરણ બદલાય છે. એટલું જ નહીં, વ્યક્તિ પરની તેની અસર પણ પરિવર્તન પામે છે. (રોહડસ અને જેમ્સ, 1978) વ્યવહાર વ્યવસ્થાની વિભાવનાના કારણે હવે સેવાર્થીની સારવાર માટેનું કેન્દ્રબિંદુ સેવાર્થીના વ્યક્તિત્વ અને વર્તનમાંથી બદલાઈને સેવાર્થીના કુટુંબ, સમુદાય અને અન્ય વ્યવસ્થા સાથેના સંબંધો પર કેન્દ્રિત થાય છે. લોકોનો મોટો હિસ્સો બહારના સામાજિક વાતાવરણ સાથે એવી રીતે આંતરક્રિયા કરે છે કે તેમાંથી જ સંવાદિતા અને સુટેવ પેદા થાય છે. જ્યારે આવી સંવાદિત અને સુટેવ અદશ્ય થાય ત્યારે જ વ્યક્તિને સામાજિક કાર્યકર પાસે સારવાર લેવાની જરૂર પડે છે.

અત્યાર સુધી તો વૈયક્તિક કાર્ય, જૂથકાર્યમાં સેવાર્થીની સમસ્યાને તેની રોગિષ્ટ અવસ્થા(Pathology) તરીકે જોવાતી હતી, એટલે કે સેવાર્થી બેકાબૂ છે. કહ્યામાં નથી, સામાજિક શિસ્તમાં માનતો નથી, તેનું વર્તન સમસ્યારૂપ છે વગેરે. પર્યાવરણીય અભિગમમાં રહેલી વ્યવહાર વ્યવસ્થા એવા નિર્દેશ કરે છે કે વ્યક્તિનો વ્યવહાર તેની વ્યક્તિગત વિકૃતિ કે રોગ નથી; પરંતુ, વાતાવરણની ગેરવ્યવસ્થાનું પરિણામ છે. પર્યાવરણીય દૃષ્ટિકોણ એમ સૂચવે છે કે માનસિક સંતાપ એ પણ જૈવિક વ્યવસ્થા અને વાતાવરણના વ્યવહારમાં રહેલી ખામીને કારણે છે. પર્યાવરણીય પ્રવૃત્તિ જ વ્યક્તિને તેમ જ તેના સામાજિક વ્યવહારોને ઘડે છે. જ્યારે 'અ' વ્યક્તિને અસર પહોંચતી જ હોય છે. અને કદાચ 'અ' અને 'બ' વ્યક્તિ સાથે મળીને જ પરિસ્થિતિને વ્યાખ્યાયિત કરે છે. આમ સામાજિક ક્ષેત્રે સમસ્યાઓનું મૂળ આંતરક્રિયાઓ, પારસ્પરિક ક્રિયાઓ તેમ જ સેવાર્થી અને પર્યાવરણીય વ્યવસ્થા વચ્ચે કાર્યરત પરિબળો.

વ્યવહાર વ્યવસ્થાની સમજથી સામાજિક કાર્યકર પર્યાવરણીય વ્યવસ્થા અને સામાજિક કાર્યો વચ્ચેના સંબંધોને સરળતાથી સમજી શકે છે. નકારાત્મક વાતાવરણ સમાજમાં સમસ્યાઓ સર્જે છે. એવી પારંપારિક માન્યતાઓ આ અભિગમ છેદ ઉડાડી દે છે. સેવાર્થી અને વાતાવરણ વચ્ચેનો સંબંધ એ વ્યવહારનો સંબંધ છે. જેમાં એકની અસર બીજા પર થાય છે. આમ, માતાપિતા જેને સમસ્યા રૂપ બાળક કહેતા હોય તે બાળક વાસ્તવમાં સમસ્યારૂપ હોય જ નહીં; પરંતુ, માતાપિતા તેને સમસ્યારૂપ ગણાવતા હોય તેથી તે પોતાની સ્વ-પ્રતિષ્ઠાના કેન્દ્રીય ભાગ તરીકે લેબલ સ્વીકારીને સમસ્યારૂપ બનતો હોય.

વૈયક્તિક કાર્ય- જૂથકાર્યના પરંપરાગત સિદ્ધાંતોને પકડીને ચાલતા વ્યાવસાયિક સામાજિક કાર્યકરોને પર્યાવરણીય દૃષ્ટિકોણથી કંઈક જુદું જ જોવા જાણવા મળશે. સામાજિક કાર્યકરો એ તો પોતાના દ્વારા અપાતી સારવારને એવી વ્યૂહરચના તરીકે જોવી જોઈએ. જેમાં લોકો અને તેમના વાતાવરણ વચ્ચે શ્રેષ્ઠ વ્યવહારને પુરસ્કૃત કરવા માટે તેમણે વ્યક્તિઓ, કુટુંબ, નાના સમૂહો કે મોટી સમાજ વ્યવસ્થા સાથે કામ કરવાનું છે. પર્યાવરણીય અભિગમ દરમિયાનગીરીની દરેક કક્ષાએ સમસ્યાઓનો ઉકેલ કે અટકાવ દર્શાવે છે. જેમાં વ્યક્તિગત કક્ષા, કૌટુંબિક કક્ષા, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની કક્ષા, સંગઠન

કક્ષા, સંસ્થાકિય અને સામાજિક કક્ષાનો સમાવેશ થાય છે. પર્યાવરણીય દષ્ટિકોણમાં રહેલ સંકલિત અભિગમ અપનાવવામાં આવે તો સેવાર્થીની સમસ્યાના એક કરતાં વધુ પાસાંઓને એક સાથે જ પહોંચી વળી શકાય. જે સામાજિક કાર્યકર પર્યાવરણીય અભિગમનો ઉપયોગ કરે છે. તે સેવાર્થીને વ્યથિત કે દુઃખી વ્યક્તિ તરીકે નહીં ઓળખે; પરંતુ, વ્યક્તિ અને વ્યાપક સામાજિક વાતાવરણ વચ્ચેના વ્યવહારની અંદરના સંઘર્ષનો ભોગ બનેલ વ્યક્તિ તરીકે ઓળખાશે.

### 3.2.4 પર્યાવરણીય અભિગમની લાક્ષણિકતાઓ :

પર્યાવરણીય અભિગમની કેટલીક લાક્ષણિકતાઓ એલેનમિઅર્સ અને લેન (1987) એ નીચે પ્રમાણે દર્શાવી છે :

(1) વાતાવરણ એ સમગ્ર વ્યક્તિ અને તેના વર્તન-વાતાવરણ સાથે સતત ચાલતી સંબંધોની પ્રક્રિયા છે, જેમાં સંબંધોની પારસ્પરિક કૃત્રિમતા નથી.

(2) વ્યક્તિ વર્તન અને પર્યાવરણ એ ત્રણેય પરસ્પર આધારિત છે.

(3) સમગ્ર પર્યાવરણ સાથેના જટિલ આંતર સંબંધોનું વિશ્લેષણ કરવા માટે તંત્ર (System) વિભાવનાનો ઉપયોગ કરવામાં આવે છે.

(4) વર્તન સ્થળલક્ષી હોય છે.

(5) સમીક્ષા કે મૂલ્યાંકન કરવા માટે કુદરતી જૈવિક, પરિશુદ્ધ, સમગ્ર પર્યાવરણનું સીધેસીધું નિરીક્ષણ કરવું જોઈએ.

(6) પર્યાવરણ વ્યવસ્થાના આંતર અંગો સાથેના સંબંધો વ્યવસ્થિત હોય છે. ગોઠવણયુક્ત હોય છે. નિયમાનુસાર હોય છે અને નિશ્ચયાત્મક હોય છે.

(7) વર્તન વિજ્ઞાનનું મુખ્ય કાર્ય પર્યાવરણનું, વર્તનનું અને પર્યાવરણ વર્તન વચ્ચેના સંબંધોનું જૈવિક વર્ગીકરણ વિકસાવવાનું અને પ્રાકૃતિક વિશ્વમાં તે કેટલાં પ્રમાણમાં વહેંચાયું છે તે નક્કી કરવાનું હોવું જોઈએ.

મેક્સ સાઈપોરીન (1980) ના મ ત અનુસાર પર્યાવરણીય અભિગમ હાલમાં સમાજકાર્યના વ્યવહારની પ્રવર્તમાન સંદર્ભમાં ખૂબ જ યોગ્ય વ્યૂહરચના છે. આ માટે તે નીચેની બાબતો સૂચવે છે.

(1) વ્યક્તિ અને તેને વીંટળાઈને રહેલી સામાજિક - સાંસ્કૃતિક વ્યવસ્થા માટે ગતિશીલ અને સાર્વત્રિક અભિગમ જરૂરી છે.

(2) સામાજિક કાર્યકર વિવિધ અંગોનો અને સમસ્ત સંદર્ભમાં વિચાર કરી શકે તેવી વ્યૂહરચના.

(3) તે વ્યવહારમાં સારગ્રાહી અને સમન્વયકારી અભિગમને પ્રોત્સાહિત કરે છે.

(4) સેવાર્થી સાથે કામ કરતી વખતે તેમાં સૂક્ષ્મ કક્ષાએ અને વિશાળ કક્ષાએ સમીક્ષા અને દરમિયાનગીરી શક્ય છે.

(5) સામાજિક કાર્યકર આંતર વ્યવસ્થાકીય સંબંધોમાં ફેરફાર કરીને સારવાર કાર્યક્રમ બદલી શકે છે.

પર્યાવરણીય અભિગમમાં વ્યક્તિ અને વાતાવરણ વચ્ચેની સમતુલા ઉપલબ્ધ કરાઈ છે. સમાજકાર્યમાં આ સમતુલા આપણા માટે ઉપયોગી અને મહત્ત્વની છે, કારણ કે તેનાથી વ્યવહાર અસરકારક અને જવાબદારીપૂર્ણ બને છે.

### 3.2.5 ઉપસંહાર :

પર્યાવરણીય અભિગમમાં સેવાર્થીની સમસ્યાને નવીનતમ રીતે નિરૂપણ કરવાનું શક્ય બને છે. તેથી અસરકારક સમાનકાર્યની દરમિયાનગીરી માટે સમજણપૂર્વકની વ્યૂહરચના જરૂરી બને છે. વળી આ તદ્દન નવી વિભાવના પણ નથી. મેરી રિચમંડ જેવા આદ્ય લેખકોએ તેનો ઉલ્લેખ સમાજકાર્યના શરૂઆતના સાહિત્યમાં કર્યો છે. પરંપરાગત રીતે સમાનકાર્યમાં મનોવિજ્ઞાન અને મનોચિકિત્સા ઉપર બિનજરૂરી રીતે મૂકાતો. વધારે પડતો ભાર આ અભિગમમાં જરૂરી રહેતો નથી. વૈયક્તિક કાર્ય, જૂથકાર્ય અને સામુદાયિક સંગઠન જેવી પરંપરાગત પદ્ધતિઓ કરતાં આ અભિગમમાં કંઈક નવું ગતિશીલ તત્ત્વ રહેલું છે. પર્યાવરણીય અભિગમ સંબંધિત પ્રવર્તમાન વિચારધારામાં સંકલિત અભિગમ ઉપર ભાર મૂકવામાં આવે છે, જેનાથી સમસ્યાઓના નૂતન સ્વરૂપે ઉકેલી શકાય છે. અસરકારક રીતે કામ કરવા માટે માત્ર સેવાર્થી સાથે જ નહીં. તેને સામાજિક રીતે કર્તવ્યશીલ બનાવે તેવી વ્યવસ્થા - કુટુંબ, પડોશ, સમુદાય અને અન્ય સામાજિક વ્યવસ્થાઓ સાથે પણ કામ કરવા ઉપર આ અભિગમમાં ભાર મૂકવામાં આવ્યો છે.

## 3.3 શક્તિ આધારિત અભિગમ

### 3.3.1 પ્રસ્તાવના :

સમાજકાર્ય વ્યવહારમાં શક્તિના દૃષ્ટિકોણની વિભાવના સતત વિકસતી રહી છે.ખરેખર તો તીવ્ર માનસિક બીમારીના કિસ્સાઓમાં શક્તિ આધારિત અભિગમથી સારવારની બાબત પ્રસ્થાપિત થઈ ચૂકી છે. વર્તમાન સમયમાં અન્ય પ્રકારના સેવાર્થી જૂથ માટે પણ શક્તિ આધારિત અભિગમનું સ્થાન વિકસાવવામાં આવ્યું છે. આથી સમુદાય સાથેના કાર્યમાં શક્તિના અભિગમનો પ્રારંભ થવા લાગ્યો છે. વિશેષ કરીને વયોવૃદ્ધ નાગરિકો, મુશ્કેલીમાં મૂકાયેલાં યુવાનો, વ્યસનનો ભોગ બનેલ વ્યક્તિઓ તેમજ સમુદાયો અને શાખાઓમાં પણ હવે શક્તિ આધારિત અભિગમ અપનાવાઈ રહ્યો છે.

સમાજકાર્ય વ્યવહારમાં આ નૂતન ક્રાંતિનું એક કારણ એ છે કે પાશ્ચાત્ય વિશ્વમાં લોકો હવે સામાજિક - મનોવૈજ્ઞાનવિક અભિગમથી કંટાળી ગયા છે. આ અભિગમથી લોકોના મનમાં એવી છાપ દૃઢિભૂત કરવામાં આવતી હતી કે તેમના બહુબાલ્યકાળના કેટલાંક કટુ અનુભવોમાંથી તેમની વર્તમાન સમસ્યાઓ નીપજે છે અને તેના કારણે સમાજમાં જાતજાતની વિકૃતિઓ જેવી કે હતાશા, માનસિક સમસ્યાઓ, વિકૃત ટેવો, વ્યસનો જાતિય સમસ્યાઓ, વ્યક્તિત્વમાં અસામાન્યતા વગેરે પેદા થાય છે. ફ્રોઈડના જમાનાથી ચાલી આવતી આ વિચારસરણીના કારણે અમેરિકા જેવા દેશોમાં તો નાના બાળકો, કિશોરો, યુવક-યુવતીઓ અને સારાં ક્ષેત્રના નામાંકિત વ્યાવસાયિકો પણ જાત-જાતની સમસ્યાઓ સાથે મનોચિકિત્સકો પાસે સારવાર લેવા દોડી જાય છે. આ સારવાર જેટલી મોંઘી છે તેટલી જ લાંબી પણ છે. જો કે તેનો અર્થ એવો નથી કે માનસિક વિકૃતિઓ કે બીમારીઓ વાસ્તવિક નથી, જેમ કે સ્કિઝોફ્રેનિયા વાસ્તવિક બીમારી છે. બાળકો સાથે વિકૃત જાતિય વ્યવહાર વાસ્તવિક બીમારી અને વિકૃતિ છે. નાના કિશોરોમાં પ્રવેશેલી જાતિય હિંસા અથવા હિંસક વર્તન અવશ્ય બીમારી જ છે. આપણે એ વાતનો સ્વીકર કરવો જ રહ્યો કે નશો-વ્યવસન વ્યક્તિનું અને કુટુંબનું શારીરિક, માનસિક અને નૈતિક પતન નોતરે છે, એ પણ વાસ્તવિકતા છે.

શક્તિ આધારિત અભિગમ આ બધી વાસ્તવિક્તાઓનો સ્વીકાર કરવા છતાં એક બાબતમાં તે સ્પષ્ટ છે કે માત્ર સાઈકો-પેથોલોજી સારવાર જ તેનો સાચો ઉપાય નથી. શક્તિ આધારિત અભિગમ એ બાબત સ્વીકારવા તૈયાર નથી કે મોટા ભાગના લોકો દુર્ગુણોથી જ ભરેલા છે અથવા દુર્ગુણોનો શિકાર બને છે. શક્તિ આધારિત અભિગમ એમ માનવાનો ઈન્કાર કરે છે કે જે લોકો આજે વ્યથિત છે તેઓ હવે સુખમય કે આનંદિત જીવન જીવવા માટે અસમર્થ બની ગયા છે. દુર્ભાગ્યે સમગ્ર સમાજમાં

મોટાભાગે પશ્ચિમના દેશોમાં અને અંશતઃ એશિયાઈ દેશોમાં પણ એવું નકારાત્મક ચિત્ર ઉપસાવાઈ રહ્યું છે, જે ખરેખર એટલું બધુ દુઃખદાયક નથી. જે કંઈ વિનાસાત્મક છે, જે કંઈ ખોટું થઈ રહ્યું છે અને જે કંઈ ખૂટે છે અથવા જે કંઈ વિકૃતિઓ છે, તે માટે હાલ જે પરિસ્થિતિ કે કારણો દર્શાવાઈ રહ્યાં છે તેના કરતાં વધુ હકારાત્મક દૃષ્ટિકોણ એ શક્તિ આધારિત અભિગમનું લક્ષ્ય છે. નીચેની વિગતો જોતા જણાય છે કે તેના વડે ખરેખર ભયાનક ચિત્ર ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

- 2 કરોડ અમેરિકનો જુગારના વ્યસની છે. (Peele, 1989)

- અમેરિકામાં 96% કુટુંબો ભંગાણના આરે છે. (Rieff, 1991)

- 1990 પછી વિમા કંપનીઓ પાસે બહુવિધ વ્યક્તિત્વ વિકૃતિના કેસોમાં 300% વધારો થઈ ગયો છે. (Harper's Index, 1993)

- 5 માંથી 3 કિસ્સામાં જો તમે ડોક્ટર પાસે પહોંચ્યા તો તે તમને દવાના બંધાણી બનાવી દેશે. (Harperis Index, 1992)

બસ, શક્તિ આધારિત અભિગમ આપણને આ 'હાઉ'માંથી ઉગારવાની કોશિશ કરે છે.

### 3.3.2 શક્તિ આધારિત અભિગમના ઘટકો :

શક્તિ આધારિત અભિગમ વ્યક્તિ, કુટુંબ અને સમુદાય માટે જુદાં જ પ્રકારે જોવાનું સૂચવે છે. આ અભિગમ સૂચવે ચે કે દરેક વ્યક્તિની ક્ષમતાઓ, પ્રતિભા, શક્યતાઓ અને સંભવિતતાઓ તેમજ મૂલ્યો તથા આશાઓના સંદર્ભે તેઓને પ્રમાણવા જોઈએ. પછી ભલે સંજોગો અને પરિસ્થિતિઓએ તેમને લાચાર અને વિછિન્ન કેમ ન બનાવી દીધા હોય. શક્તિ અભિગમ એ બાબત ઉપર ભાર મૂકે છે કે લોકો શું જાણે છે અને તેઓ શું કરી શકે તેમ છે, તેમની અંદર શું સત્વ પડેલું છે તે જોવાનું સૂચવે છે.

આવા તદ્દન અલગ દૃષ્ટિકોણથી જોવા માટે સમાજકાર્ય વ્યાવસાયિકોમાં ક્ષમતા અને પરિશ્રમ જરૂરી બનશે. સરકાર કે સંસ્થાઓ દ્વારા સેવાર્થીને અપાતી સહાય વ્યવસ્થા ખરેખર તો શક્તિ અભિગમ કરતાં એકદમ વિરૂદ્ધ દિશાની છે. આ બે અભિગમો વચ્ચે રહેલો તફાવત નીચે મુજબ છે.

| **સામાન્ય સહાય અભિગમ** | **શક્તિ આધારિત અભિગમ** |
|---|---|
| 1. વ્યક્તિને એક 'કેસ' તરીકે જોવામાં આવે છે. તેના લક્ષણોને આધારે તેનું નિદાન કરવામાં આવે છે. | 1. વ્યક્તિને એક અલગ (Unique) સ્વરૂપે જોવાય છે. તેનામાં રહેલ લાક્ષણિક્તા, પ્રતિભા, સાધન સંપન્નતા તેની ક્ષમતામાં ઉમેરો કરે છે. |
| 2. સારવાર સમસ્યાલક્ષી અપાય છે. | 2. સારવાર ક્ષમતાલક્ષી અપાય છે. |
| 3. વ્યક્તિની અંગત બાબતોને આધારે નિષ્ણાંત વ્યક્તિ નિદાનનું પુનઃ | 3. વ્યક્તિની અંગત બાબતોને આધારે તેની સાચી ઓળખ થાય છે. |
| 4. સમાજકાર્યકર (Practitioner) વ્યક્તિગત વાર્તાકથનને સેવાર્થી (Rationalizations) માનવા પ્રેરાય છે. | 4. સમાજકાર્યકર સેવાર્થીને અંદરથી સાંગોપાંગ ઓળખે છે. |
| 5. મોટી ઉંમરે ઊભી થતી સમસ્યાઓના મૂળમાં બાલ્યાવસ્થામાં થયેલ કટુ અનુભવ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. | 5. બાળપણના કટુ અનુભવ ભાવિસૂચક નથી, કદાચ તેનાથી વ્યક્તિ નિર્બળ કે સબળ બની શકે. |

| | |
|---|---|
| 6. સેવાર્થીને સહાય માટેનું કેન્દ્રબિંદુ ઘડાયેલો સારવાર કાર્યક્રમ છે. | 6. અહીં વ્યક્તિ, કુટુંબ કે સમુદાય સહાય માટેનું કેન્દ્રબિંદુ છે. |
| 7. અહીં વૈયક્તિક કાર્યકર, જૂથ કાર્યકર કે સામૂદાયિક સંગઠક નિષ્ણાંત તરીકે સારવાર આપે છે. | 7. અહી વ્યક્તિ, જૂથ કે સમુદાય પોતે જ નિષ્ણાંત છે. |
| 8. અહીં પસંદગી, નિયંત્રણ, પ્રતિબદ્ધતા કે વ્યક્તિગત વિકાસની શક્યતાઓ મર્યાદિત પ્રમાણમાં છે. | 8. અહીં પસંદગી, નિયંત્રણ પ્રતિબદ્ધતા કે વ્યક્તિગત વિકાસની શક્યતાઓ એકદમ ખુલ્લી છે. |

### 3.3.3 ભાષા (Language) :

ભાષામાં પ્રયોજાતા કેટલાંક શબ્દો શક્તિના અભિગમ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. સક્ષમતા કે સશક્તિકરણ (Empowerment) આવો એક શબ્દ છે. જેનો અર્થ એવો થાય છે કે વ્યક્તિ, જૂથ કે સમુદાયને એવા પ્રકારે સહાય કરવામાં આવે કે જેથી તેઓ પોતાની અંદર તેમજ પોતાની આજુબાજુમાં રહેલા સંસાધનોને ઓળખી શકે અને ઉચિત રીતે તેનો ઉપયોગ કરી શકે. અશક્તિકરણથી સામાજિક કાર્યકરો લોકોને પોતાને અવરોધરૂપ કે સીમિત બનાવતા તનાવ અને સંઘર્ષો વિશે સજાગ બનાવે છે અને તેના બંધનમાંથી મુક્ત થવામાં તેમને સહાયક બને છે.

સ્થિતિસ્થાપકતા (Resilience) શબ્દનો અર્થ થાય છે કે લોકો જ્યારે વિપરીત સંજોગો સામે લડતા હોય અને પોતાની સામે રહેલાં પડકારો ઝીલવા માટે સંઘર્ષ કરતાં હોય ત્યારે પેદા થતા કૌશલ્યો, ક્ષમતાઓ, જ્ઞાન અને આંતરદૃષ્ટિનો સંગ્રહ. આ ઊર્જા અને કૌશલ્યોનો સતત વિકસતો જતો ભંડાર છે અને પ્રવર્તમાન સંઘર્ષોમાં તેનો ઉપયોગ કરી શકાય છે.

સભ્યપદ (Membership) એટલે લોકોએ નાગરિક સભ્ય બનવાનું છે, જવાબદાર અને મૂલ્યવાન નાગરિક સભ્ય બનવાનું છે. જો આવું સભ્યપદ ન હોય તો વ્યક્તિ એકાંકી બની જાય છે અને સીમાંતતા (Marginalisation) અને દમનનો ભોગ બની જાય છે. આ સમાનતા અને દમન નાગરિક શક્તિ અને નૈતિક શક્તિના દુશ્મનો છે. લોકો જ્યારે પોતાની અસ્કયામતો અને ક્ષમતાઓનો વ્યક્તિગત અને સમૂહગત ઉપયોગ કરે છે ત્યારે તે પોતાનું ‘હોવાપણું’ અને મુશ્કેલીમાં માર્ગ કરી શકવાનું સાચું ગૌરવ અનુભવી શકે છે. પછી તેમની આ ક્ષમતા સતત સ્ફુર્યા જ કરે છે. જે વ્યક્તિ માટે ઉપયોગી છે તે જૂથ અને સમુદાય માટે પણ ઉપયોગી છે. ટૂંકમાં, વ્યક્તિગત કે સામૂહિક ક્ષમતાઓને કોઈ મર્યાદા નડતી નથી.

### 3.3.4 શક્તિ (Strengths) :

ઘણીવાર અંગત ગુણવત્તા અને ક્ષમતાઓ આઘાત, બીમારી, અન્યાય અને દમનથી સ્થિતિમાં નાશ પામતી હોય છે. લોકો સાથે સારી રીતે કામ કરવું હોય અને સફળ થવું હોય તો હાસ્યવૃત્તિ, રમૂજ વૃત્તિ વફાદારી, સ્વાતંત્ર્ય, સમજદારી અને અન્ય એવા સદ્‌ગુણો કેળવવાં જોઈએ. લોકો જ્યારે સંઘર્ષ કરે છે, મુશ્કેલીઓનો સામનો કરે છે. તે સમયે તેઓ પોતાની જાત અને અન્ય લોકો વિશે જ શીખે છે તે જ્ઞાન તેમના જીવનમાં ખૂબ ઉપયોગી નીવડે છે. પોતાના પ્રયાસો અને પુરુષાર્થમાંથી તેઓ શિખતા હોયચ છે.

આ ઉપરાંત લોકો આજુબાજુના વિશ્વમાંથી પણ શીખે છે. આ જ્ઞાન પદ્ધતિસરની શૈક્ષણિક સંસ્થામાંથી મેળવ્યું હોય કે રોજબરોજના અનુભવોમાંથી પ્રાપ્ત કર્યું હોય છે. ઘણીવાર આપણી પાસે સારવાર માટે આવતા આપણા સેવાર્થી પાસે એવી પ્રતિભા હોય છે કે આપણે તેનાથી પ્રભાવિત થઈ જઈએ. આ

પ્રતિભા અનેક સ્વરૂપે અભિવ્યક્તિ થતી હોય છે, જેમ કે હાથચાલાકી, રસોઈ બનાવવી, બીમાર વ્યક્તિની સારવાર કરવી વગેરેનો સમાવેશ થાય છે.

સાંસ્કૃતિક અને અનંત કથાઓ શક્તિનો અગત્યનો સ્ત્રોત છે. જો સારવારમાં સાંસ્કૃતિક અભિગમનો ઉપયોગ થાય તો ઊર્જા પ્રાપ્તિ સરળ બને છે. (સંગીત, નૃત્ય, ચિત્રકળા, સંમોહન વગેરે દ્વારા સારવાર શક્ય છે. પોતાની નિષ્ફળતાઓની, સંઘર્ષની કથાઓમાંથી પણ નવો રાહ મળી શકે છે જે લોકો પોતાને થયેલા અન્યાય કે આઘાતમાંથી બહાર આવ્યાં છે, તેઓ બચી ગયાનું ગૌરવ અનુભવી શકે. ઘણીવાર આ ગૌરવ શરમ - સંકોચના ભાર નીચે દબાઈ ગયું હોય છે, પણ તેને બહાર લાવી શકાય.

### 3.3.5 સ્થિતિસ્થાપકતા (Resilence) :

Resilence શબ્દનો અર્થ શારીરિક કે માનસિક સ્થિતિસ્થાપકતા એવો થાય છે. સ્થિતિસ્થાપકતા એ મુશ્કેલીભર્યા જીવનના અનુભવો. દુઃખ - વેદના કે ઘાવ-ઘસરકાનો ઈનકાર નથી; પરંતુ, આ બધુ હોવા છતાં તેમાંથી બહાર આવ્યાંની ક્ષમતાનો સ્વીકાર છે. જીવનમાં મુશ્કેલ અનુભવો કે દુઃખ, વેદનાથી નુકસાન તો થઈ ચૂક્યું છે; પરંતુ, તેમાંથી પણ વ્યક્તિ શીખી શકે છે. સ્થિતિસ્થાપકતા એ કોઈ સ્થિર પરિમાણ નથી; પરંતુ, દુનિયામાં ચાલતા જોખમો અને બચાવની આંતર ઘટનામાંથી નિષ્પન્ન થતાં ક્ષમતા અને જ્ઞાન છે. વાતાવરણ તો હંમેશા માંગ, દબાણ, પડકાર અને તકો ઊભી કરે છે; પરંતુ, અન્ય પરિબળો જેવા કે જૈવિક, કૌટુંબિક અને સામુદાયિકના સંદર્ભમાં તે ક્ષમતા, શક્તિ અને સ્થિતિસ્થાપકતા પ્રાપ્ત કરવામાં ઉપયોગી પણ બની શકે છે.

વિકાસ સંબંધિત જાણીતી ત્રણ વિભાવનાઓ છે જે નીચે મુજબ છે.

1. વિકાસ માટે કોઈ ચોક્કસ, અનિવાર્ય, મહત્ત્વપૂર્ણ અને સાર્વત્રિક તબક્કાઓ રહેલા છે.
2. બાળપણના આઘાતજનક અનુભવોમાંથી અવશ્યપણે મોટીવયે તીવ્ર મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્‌ભવે છે.
3. કેટલીક સામાજિક પરિસ્થિતિઓ, આંતરવૈયક્તિક સંબંધો અને સંસ્થાકીય વ્યવસ્થાઓ બાળકો, પુખ્ત વયની વ્યક્તિઓ અને સમુદાયોમાં ઊભી થતી સમસ્યાઓ માટે કારણભૂત બને છે.

પરંતુ વિકાસલક્ષી સ્થિતિસ્થાપકતા સંબંધિત સંશોધનો એ આ વિભાવનાઓને પડકાર આપ્યો છે. 1982માં આ સંદર્ભે થયેલા એક સંશોધનના તારણ મુજબ દરેક ત્રણ બાળકોમાંથી એક બાળક એવું હતું કે જેના બાલ્યાવયના આઘાતજનક અનુભવોને કારણે કિશોરાવસ્થામાં તે જોખમી સમસ્યાઓ પેદા કરી શકે, પરંતુ હકીકતમાં તે બાળકો તો બહુ ક્ષમતા ધરાવતા અને વિશ્વાસપૂર્ણ રીતે વિકસેલાં **પુખ્ત વ્યક્તિઓ બન્યા (Saleebey : 1996)**

આ સંશોધનની કેન્દ્રિય વિભાવના એ હતી કે વ્યક્તિઓ પોતાની જાતે જ અને પોતાની રીતે જ સમજદારી અને સદ્‌ગુણો કેળવી શકે છે. વર્નર (Werner) અને સ્મિથ (Smith) એ પોતાના અભ્યાસો દ્વારા પુરવાર કર્યું કે દુઃખદ અનુભવોથી ત્રાહિત જીવનને આશા- અરમાનો અને સફળતાઓથી ભરપૂર બનાવવાનું અશક્ય નથી.

### 3.3.6 ઉપસંહાર :

શક્તિ આધારિત અભિગમ બે બાબતો પર સવિશેષ ભાર મૂકે છે :

(1) પોતાની ક્ષમતા અને વાતાવરણની સહાયથી સમસ્યાનું નિવારણ કરવું. (2) એવી આશાથી જોડાણ કરવું કે જીવનમાં પરિવર્તન આવી શકે છે.

સહાય કરનાર સામાજિક કાર્ય કરે વ્યક્તિ, કુટુંબ કે સમુદાયની કથા સાંભળવી જોઈએ; પરંતુ, લોકો પોતાના દૂરના કે નજીકના ભૂત - ભવિષ્યકાળની કથાઓ તો જ આલેખી શકે જો તેમને જાણવાયોગ્ય

પોતાની પરિસ્થિતિ અને સંજોગો વિશે બધું જાણવા મળ્યું હોય. આ માટે વ્યક્તિ કે સમૂહને ભાષા વિકસાવવામાં, સંસાધનો એકત્ર કરવામાં, યોજના ઘડતરમાં અને પોતાના વિશ્વમાં વ્યક્તિલક્ષિતાનો ઉપાયો કરવો વગેરે જેવી બાબતોમાં મદદની જરૂર પડે છે.

શક્તિ આધારિત અભિગમમાં સામાજિક કાર્યકર પોતાના સાથી સેવાર્થી વ્યક્તિઓ સાથે કેવો વર્તાવ કરે છે તે બાબત ખૂબ મહત્ત્વની છે. તેણે તમામ વ્યક્તિઓને સમાન ભાવે રાખવા જોઈએ. તેમની સાથે આંખમાં આંખ પરોવીને વાત કરવી જોઈએ અને તેમને પરસ્પર પોતાના અનુભવો, જ્ઞાન સંસાધનો, નિસ્બતો, અપેક્ષાઓ અને સન્માન વહેંચવાના કાર્યમાં સંવાદ સાધવામાં સહાય ક બનવું જોઈએ. એ પારસ્પરિક અને જોડાણયુક્ત પ્રક્રિયા છે.સમાજ કાર્યકર જે જૂથો કે વ્યક્તિઓને સહાય કરે છે. તેઓ તેમના સંજોગો, સંઘર્ષો, અનુભવો અને પોતાની જાત વિશે વાત કરી શકે તેવા સક્ષમ હોવા જોઈએ. અન્યના નામે નહીં, પોતાના જ નામે પોતાની પરિસ્થિતિ અને સ્થિતિ વિશે વાત કરવાની હિંમત કેળવવી એ સશક્તિકરણની શરૂઆત છે.

કોઈ પણ ઉંમરે વિચારોની મર્યાદા એ બહારના અનુભવોની પૂર્ણતા કે અભાવમાંથી નિષ્પન્ન થતી નથી; પરંતુ, પોતાનામાંથી જ વિભાવનાની તાકાત વિકાસક્ષમ વિચારોની સંપત્તિમાંથી તે નિષ્પન્ન થાય છે. (સુસેન લેન્જર, 1963) શક્તિ દૃષ્ટિકોણ એક વિચારબિંદુ છે. તેના પુરસ્કર્તાઓ એમ માને છે કે તે એક નવી વિચારધારા દર્શાવે છે અને તે વ્યાવસાયિક રીતે કાર્યાન્વિત છે. સ્પષ્ટપણે આ કોઈ સિદ્ધાંત નથી. તે સિદ્ધાંતો અને પદ્ધતિઓનું ઉદ્‌ભવ સ્થાન છે. અને તે ''તકનીકી - તાર્કિક'' (Technical - Rational) અભિગમની મર્યાદા જાણતા અને કાર્ય કરતાં વ્યાવસાયિકો માટે તક પૂરી પાડે છે.

## 3.4 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં જુદાં જુદાં સમયગાળામાં સમાજકાર્યના અભિગમોનું માળખું-3 માં પર્યાવરણીય અભિગમ અને શક્તિ આધારિત અભિગમ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને આ અભિગમનો વિસ્તૃતમાં પરિચય મેળવવાનો હતો. પર્યાવરણીય દૃષ્ટિકોણ, ભૂમિકા, વિભાવના, લાક્ષણિકતાઓની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવે છે. જ્યારે શક્તિ આધારિત અભિગમ, શક્તિ આધારિત અભિગમના ઘટકો, ભાષા શક્તિ, સ્થિતીસ્થાપકતા વગેરેનો વિસ્તૃતમાં પરિચય આપ્યો છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ આ અભિગમનો ઉંડાણપૂર્વક પરિચય મેળવે અને પ્રેક્ટીસમાં લેતી વખતે જરૂરી કાળજી રાખે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. કયા વિદ્વાને પોતાના લખાણોથી સમાજકાર્યમાં પર્યાવરણીય અભિગમ સંબંધિત પાયાનું ખેડાણ કર્યું છે ?

   (A) જમેઇન અને હાર્ટમન (B) મેરીરીચમન્ડ

   (C) પર્લમેન (D) વૉટસન

2. જહોન દ્વારા પર્યાવરણીય અભિગમમાં કેટલી ભૂમિકાઓ આપવામાં આવી છે ?

   (A) છ (B) આઠ

   (C) પાંચ (D) દસ

3. કેવી બીમારીમાં શક્તિ આધારિત અભિગમથી સારવાર પ્રસ્થાપિત થઈ ચૂકી છે ?

   (A) હાર્ટ (B) ડાયાબિટીશ

   (C) માનસિક બીમારી (D) બાળ મનોવિજ્ઞાન

4. શક્તિ આધારિત અભિગમનાં ઘટકો કયા છે ?

(A) વ્યક્તિ સમસ્યા (B) વ્યક્તિ, કુટુંબ, સમુદાય

(C) અભ્યાસ, નિદાન, સારવાર (D) સમસ્યા, સ્થાન, પ્રક્રિયા

5. લોકો સાથે કામ કરવા માટે કેવા ગુણો કેળવવા જોઈએ ?

(A) હાસ્યવૃત્તિ (B) રમૂજ

(C) વૃત્તિ વફાદારી (D) ઉપરોક્ત તમામ

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) જમેઈન અને હાર્ટમન
2. (A) છ
3. (C) માનસિક બીમારી
4. (B) વ્યક્તિ, કુટુંબ, સમુદાય
5. (D) ઉપરોક્ત તમામ

## 3.7 ચાવીરૂપ શબ્દો :

- **પર્યાવરણીય અભિગમ :** મનોવૈજ્ઞાનિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ભૌતિક પરિબળોની આંતરક્રિયાનું પરિણામ છે.
- **વર્તન વ્યવસ્થા :** તે ભૌતિક વ્યવસ્થા, સમય લોકો અને વ્યક્તિના વર્તનના એકબીજાં સાથે વણાયેલાં સંબંધોનું નાજુક જાળું છે.
- **પર્યાવરણીય વ્યવસ્થા :** સેવાર્થી એક કરતાં વધારે વાતાવરણમાં કાર્ય કરે તે પર્યાવરણીય વ્યવસ્થા કહેવામાં આવે છે.
- **વ્યવહાર વ્યવસ્થા :** સેવાર્થી અને વાતાવરણ વચ્ચે દ્વિમાર્ગી તેમજ એકમાર્ગી સંબંધો અસ્તિત્વ ધરાવે છે.
- **શક્તિ :** વ્યક્તિ મુશ્કેલીમાં સામનો કરતી વખતે પોતાની જાત અને લોકો વિશે શીખવાની પ્રક્રિયા છે.
- **સ્થિતિસ્થાપકતા :** શારીરિક કે માનસિક સ્થિતિસ્થાપકતા એવો અર્થ થાય છે.

## 3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. પર્યાવરણીય અભિગમ વિશે ટૂંકનોંધ તૈયાર કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

2. શક્તિ આધારિત અભિગમની ઉપયોગિતા અને મહત્ત્વ સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## 3.9 પ્રવૃત્તિ (Activities)

- પર્યાવરણીય અભિગમમાં દર્શાવેલી સમાજકાર્યકરની ભૂમિકા જણાવો.
- શક્તિ આધારિત અભિગમમાં સામાજિક કાર્યકર પોતાના સાથી-સેવાર્થી સાથે કેવું વર્તન કરવું જોઇએ તે જણાવો.

## 3.10 કેસસ્ટડી (Case Study)

- શક્તિ આધારિત અભિગમોનાં ઘટકો અંગે છણાવટ કરો.
- પર્યાવરણીય અભિગમના વર્તનવ્યસ્થા, પર્યાવરણીય વ્યવસ્થા અને વ્યવહાર વ્યવસ્થા સેવાર્થી અને વાતાવરણ વચ્ચે કેવા સંબંધો સૂચવે છે તે જણાવો.

## 3.11 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિકસમાજકાર્યના આધારસ્તંભો : ડૉ. આનંદી પટેલ,
   પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ– 26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ,
   પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009
2. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા,
   પ્રાપ્તિસ્થાન –લોકનિકેતન રતનપુર તાઃ પાલનપુર જિલ્લો : બનાસકાંઠા,
   પ્રથમ આવૃત્તિ : મે– 2008
3. સમાજકાર્ય દર્શન(હિન્દી ભાષા) : પાન્ડેય તેજસ્કર એવમ્ પાન્ડેય ઓજસ્કર,
   જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ,
   આવૃત્તિ : 2008
4. સમાજકાર્ય(હિન્દી ભાષા) : ડૉ. બી. આર. મદન,
   વિવેક પ્રકાશન - દિલ્હી, આવૃત્તિ : 2006
5. સમાજકાર્ય(હિન્દી ભાષા) : પાન્ડેય તેજસ્કર એવમ્ પાન્ડેય ઓજસ્કર,
   જુબલી 'એચ' ફાઉન્ડેશન - લખનઉ,
   આવૃત્તિ : 2001
6. સમાજકાર્ય ઇતિહાસ, દર્શન એવમ્ પ્રણાલિયાં (હિન્દી ભાષા)
   : ડૉ. સુરેન્દ્રસિંહ, ડૉ. પી. ડી. મિશ્ર
   ન્યુ રોયલ બુક કંપની - લખનઉ, આવૃત્તિ : 2002
7. The Strengths Perspective in Social Work Practice : Extensions and Cautious Journal of Social Work, 41, 296-304.
8. An Ecological Approach for Social Work Practice : Journal of Sociology & Social Welfare, 133-141.
9. Right based Approach in Social Work Practice

# MSW-101
# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

## વિભાગ

# 3

## સમાજકાર્યની વિચારધારાના સ્ત્રોત


| | |
|---|---|
| એકમ-1 | સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો અને હિન્દુ, બૌદ્ધ ધર્મની પરંપરા |
| એકમ-2 | સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો અને ખ્રિસ્તી, મુસ્લિમ ધર્મની પરંપરા |
| એકમ-3 | ગાંધી વિચારધારા |
| એકમ-4 | ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા |

**ISBN : 978-81-937666-0-6**


| **લેખક** | |
|---|---|
| **શ્રી દિગ્વીજયસિંહ પરમાર** | સંયોજક<br>મારૂતિ વિદ્યામંદિર<br>પી.જી.સેન્ટર ઑફ સોશ્યલ વર્ક,<br>ભાવનગર, ગુજરાત. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | નિવૃત્ત પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

ભારતમાં સમાજકાર્યને સમજવા માટે ભારતમાં સમાજકાર્યની વિચારધારાઓને સમજવી જરૂરી છે. અહીં આ બ્લોક (વિભાગ)માં સમાજકાર્યની વિચારધારાઓને સમજવા માટે નૈતિક અને ધાર્મિક મૂલ્યોનું જ્ઞાન જરૂરી છે. જેમ કે હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમ બૌદ્ધ ધર્મની પરંપરા ઉપરાંત સમાજકાર્ય અંગેના ગાંધીજીના મંતવ્યો અને તેમની વિચારધારાઓને પણ આ એકમમાં આવરી લેવામાં આવી છે. આ વિભાગમાં દર્શાવેલ તમામ મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વિવિધ ધર્મ, સમય અને વ્યક્તિમાં જેમ તફાવત પડ્યા છે, તેમ સમાજકાર્યની વિચારધારા અને દૃષ્ટિકોણમાં પણ વ્યક્તિ, ધર્મ સમય મુજબ બદલાવ આવતો ગયો છે.

આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થી મિત્રો અલગ અલગ ધર્મોમાં સમાજકાર્ય વિશેની શું વિચારધારા છે તે જાણી શકાશે. અને અલગ અલગ ધર્મના ધાર્મિક અને નૈતિક મૂલ્યોને પણ સમજી શકશે.

તે ઉપરાંત ગાંધીજીની સમાજકાર્ય અંગેની વિચારધારાને રજૂ કરવામાં આવી છે. જેમાં ગાંધીજીની મુક્ત અર્થતંત્રની નીતિ, સમાજવાદ, માનવતાવાદ તથા લોકતંત્ર વગેરેની વિસ્તૃત છણાવટ અહીં આ વિભાગમાં કરવામાં આવી છે.

આમ, આ વિભાગ દ્વારા આપણે સમાજકાર્યને શરૂઆતના સમયથી સમજી શકીએ છીએ અને સમાજકાર્યની વિચારધારાઓને સ્પષ્ટ રીતે જાણી શકીએ છીએ. વિદ્યાર્થીને આ વિભાગના અભ્યાસ બાદ સમાજકાર્યના વૈચારિક આધાર વિશેની વિસ્તૃત સમજ મેળવી શકશે.

## ઘટકના હેતુઓ :

1. સમાજકાર્ય અંગેની સમજ મેળવવા આ વિભાગનો અભ્યાસ જરરી છે.
2. સમાજકાર્યની વિચારધારાને સ્પષ્ટ રીતે સમજવા માટે વિવિધ ધાર્મિક દષ્ટિકોણનો અભ્યાસ જરૂરી છે.
3. આ વિભાગ દ્વારા ગાંધીજીના સમાજકાર્યના અભિગમને જાણી શકાય છે.
4. આ વિભાગના અભ્યાસથી સમાજકાર્ય અંગેના વૈચારિક આધારોની જાણકારી પ્રાપ્ત થઇ શકે છે.

# એકમ–1 સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો અને હિન્દુ, બૌદ્ધ ધર્મની પરંપરા

## : એકમનું માળખું :

1.0 એકમના હેતુઓ
1.1 પ્રસ્તાવના
1.2 વિચારધારા એટલે શું ?
1.3 ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ
1.4 ધાર્મિક પ્રેરણાથી થયેલ આંદોલનો
1.5 બૌદ્ધ ધર્મ
1.6 ઉપસંહાર
1.7 તમારી પ્રગતિ ચકાસો
1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
1.9 ચાવીરૂપ શબ્દો (Glossary)
1.10 સ્વાધ્યાય લેખન (Assignment)
1.11 પ્રવૃત્તિ (Activities)
1.12 કેસસ્ટડી (Case Study)
1.13 સંદર્ભગ્રંથ (Further Readings)

## 1.0 હેતુઓ

- સમાજકાર્ય અંગેના ધાર્મિક દષ્ટિકોણને સમજી શકાય છે.
- વિચારધારા એટલે શું ? તેની જાણકારી મેળવી શકાય છે.
- હિન્દુ અને બૌદ્ધ ધર્મની વિચારધારાનું સમાજસેવા / કાર્યોમાં શું પ્રદાન છે ? તેને સમજી શકાય.

## 1.1 પ્રસ્તાવના

સમાજકાર્યનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધ સાથે છે. સમાજકાર્ય અન્ય સામાજિક વિજ્ઞાનો સાથે સંબંધ ધરાવે છે અને તેના દ્વારા તેણે પોતાના જ્ઞાન અને કુશળતાઓનો વિકાસ કર્યો છે. સમાજકાર્યની પદ્ધતિઓનું ધ્યેય એક જ છે. કાર્ય કુશળતાઓ ભિન્ન છે અને તેમના ઉપયોગ વ્યક્તિ, જૂથ અને સમુદાયો માટે અલગ અલગ રૂપથી થાય છે. જેના દ્વારા વ્યક્તિ અને સમાજના વિકાસનું ધ્યેય પ્રાપ્ત કરવાનું હોય છે. આ ધ્યેય સમાજકાર્યની વિચારધારાથી પ્રાપ્ત થાય છે. સમાજકાર્યની વિચારધારાએ વ્યક્તિ પ્રત્યેનું વલણ દર્શાવે છે. સમયાંતરે સમાજકાર્યમાં સમાજકાર્યમાં બદલાવ અને વિવિધતા આવતી જોવા મળે છે. સમાજકાર્યની વૈજ્ઞાનિક પદ્ધતિથી વ્યક્તિ અને સમાજમાં આંતરક્રિયા દરમિયાન ઉદ્ભવતી સમસ્યામાં મદદ કરે છે અને મદદની પ્રક્રિયામાં ક્યારેક વાતાવરણમાં પણ પરિવર્તન લાવે છે.

આપણે આજે સમાજકાર્યની આ વિચારધારાને અલગ અલગ ધર્મ અને તેમના નૈતિક મૂલ્યોને આધારે સમજવાના છે. સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સમાજકાર્યની ધાર્મિક અને નૈતિક વિચારધારાને સમજવી ખૂબ જ જરૂરી છે. જે આપણે અહીં વિસ્તારપૂર્વક સમજવાનો પ્રયત્ન કરીશું.

## 1.2 વિચારધારા (ફિલસૂફી) એટલે શું ?

- જ્ઞાનના, સત્યના સાચાં-ખોટા સબંધિત પ્રતિભાવો તથા જીવનના લાક્ષણિક અને સ્વભાવગત પાયાના વિચારોના અભ્યાસને વિચારધારા કહે છે.
- માનવીય સ્વભાવને કારણે ઉત્પન્ન થતાં પ્રતિસાદ અથવા મૂલ્યવાન સત્ય હકીકત જ્ઞાન અથવા તત્ત્વદર્શીય કારણોના અભ્યાસને વિચારધારાનું શિક્ષણ કહે છે.
- વાસ્તવિક જ્ઞાન હૈયાત મૂલ્યવાન કારણો માનસિકતા તથા ભાષાકીય જ્ઞાનના સ્વાભાવિક મૂળભૂત અભ્યાસને વિચારધારા કહે છે.
- વર્તણૂંકના સિદ્ધાંતોને સમજવા માટે મદદરૂપ વિસ્તૃત જ્ઞાન એટલે વિચારધારા.
- ફિલસૂફી વિશેની ટૂંકી સમજૂતી નીચેની આકૃતિ દ્વારા આપી શકાય.

| ધાર્મિક ફિલસૂફી (પૂર્વના ધર્મોની / પશ્ચિમના ધર્મોની) | વૈજ્ઞાનિક ફિલસૂફી |
|---|---|
| – જીવન મૃત્યુના હેતુ અને સ્વરૂપ વિશે વિચારે. | – અસ્તિત્વ અને વાસ્તવિકતાની ગૂઢતાં સમજવા પ્રયત્ન કરે. |
| – મૃત્યુ પછીના જીવન વિશે વિચારે. | – પ્રકૃતિના સત્યો અને જ્ઞાનને શોધવા પ્રયત્ન કરે. |
| – વ્યક્તિના દૈવીતત્ત્વ સાથેના સંબંધ વિશે વિચારે. | – જીવનનું મહત્ત્વ અને તેના પાયાના મૂલ્યો શોધે. |
| – માનવ પ્રકૃતિ વર્તન વિશે વિચારે | – પ્રકૃતિ અને માનવતા તેમજ વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો શોધે. |
| – વ્યક્તિના દુઃખો સમસ્યાઓ વિશે વિચારે, ધાર્મિક ફિલસૂફી શાશ્વત સ્પિરીટનું અસ્તિત્વ સ્વીકારે છે. | |

સામાજિક રચનામાં પરિવર્તન લાવતી કે સંપૂર્ણ નવા માળખા રચતી સામાજિક ચળવળોને પ્રભાવિત કરે છે.

નવી મૂલ્ય વ્યવસ્થા માટે કાયદેસરતા મેળવે જે નવાં મૂલ્યોના પ્રકાશમાં નવા પ્રકારના સંબંધો શોધે જે સામાજિક પરિવર્તન લાવે.

આ રીતે ફિલસૂફી માનવ પ્રકૃતિ, અસ્તિત્વ અને વાસ્તવિકતાની ગૂઢતાં સમજવા પ્રયત્ન કરે છે. પ્રકૃતિ અને માનવતા, વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો શોધવા પ્રયત્નો કરે છે. વ્યક્તિના દુઃખો અને સમસ્યાઓ વિશે વિચારે છે. જેનાથી પ્રભાવિત થઇ નવી મૂલ્ય વ્યવસ્થા ઉદ્દ્ભવે છે અને નવાં પ્રકારના સંબંધો ઉદ્દ્ભવે છે. જે આખરે સામાજિક પરિવર્તન લાવે છે. બીજા શબ્દોમાં કહી શકાય કે સમાજકાર્ય ફિલસૂફીથી દોરાય છે. કેમ કે સમાજકાર્યનું કાર્ય સામાજિક પરિવર્તન લાવવાનું છે. એવું કહી શકાય. સમાજકાર્યનો ઇતિહાસ જોઇએ તો તેને મુખ્યત્વે પૂર્વના અને પશ્ચિમના ધર્મની અનેક ફિલસૂફીઓએ પ્રભાવિત કરી છે.

### 1.2.1 મૂલ્યો

વિચારધારાની વિભાવનાની સ્પષ્ટતા મેળવ્યા પછી ધાર્મિક અને નૈતિક મૂલ્યોને સમજવા માટે મૂલ્યની વિભાવના અંગેની જાણકારી મેળવવી જરૂરી છે.

મૂલ્ય એટલે શું ?

''કરવું જોઇએ કે નહિ, કરવું જોઇએ સારું છે કે ખોટું. કોઇ એવી વાત જે થવી જોઇએ કે નહિ એ મૂલ્ય છે.''

**– Hall**

''મૂલ્યોને વસ્તુ કે મૂલ્ય, વિભાવના, સિદ્ધાંત, ક્રિયા અને પરિસ્થિતિના સંદર્ભમાં વ્યક્તિ, જૂથ અથવા સમાજના બૌધિક અને આવેગાત્મક નિર્ણયના રૂપમાં જોઇ શકાય છે. કોષના મંતવ્ય પ્રમાણે વ્યવહાર અલગ અલગ પરિસ્થિતિઓમાં વિભિન્ન મૂલ્યોના પ્રભાવથી ઘટિત થઇ શકે છે. એથી સ્પષ્ટ થાય છે કે સમજૂ મૂલ્ય વ્યવહારને પરિસ્થિતિ પ્રમાણે પ્રભાવિત કરતાં હોય છે. એટલે કે વ્યક્તિ વિભિન્ન પરિસ્થિતિઓમાં અલગ અલગ સામાજિક મૂલ્યોથી પ્રભાવિત થઇને વિકાસ કરે છે.''

**– Kosh (1963)**

## 1.3 ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ

ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ સમજવા ત્રણ પ્રકારના આંદોલનોને સમજવાં જરૂરી છે. કારણ કે અહીંના સંદર્ભમાં આ ત્રણ આંદોલનો સૌથી વધુ સફળ થયાં છે. આ ત્રણ આંદોલનોમાં છે. પ્રથમ ધાર્મિક પ્રેરણાથી થયેલ આંદોલનો, બીજું સમાજસુધારક આંદોલનો અને ત્રીજું સ્વતંત્રતા પ્રાપ્તિ માટે શરૂ થયેલી ગાંધી પ્રેરિત રાષ્ટ્રીય ચળવળ. ભારતમાં સમાજકાર્ય કેવું હોવું જોઇએ અથવા તો કેવું સમાજકાર્ય ભારતમાં વધુ સફળ થાય તેની સ્પષ્ટ સમજ આપી શકવા આ ત્રણ પ્રકારના આંદોલનો સમર્થ છે. આથી તેની વિગતે સમજૂતી આ પ્રકરણમાં આપવામાં આવી છે. આ ઉપરાંત સ્વતંત્રતા પછી આઝાદ ભારતમાં સમાજકાર્યે કેવા પ્રકારનું સ્વરૂપ લીધું તેની રજૂઆત પણ પ્રસ્તુત વિભાગમાં કરવામાં આવી છે.

## 1.4 ધાર્મિક પ્રેરણાથી થયેલ આંદોલનો

ભારતીય સમાજની રચના અને વ્યવસ્થા પ્રાથમિક રીતે જવાબદારી અને કર્તવ્ય પર આધારિત છે અને આ સમજને દૃઢ રીતે બનાવી રાખવામાં ધર્મ મોટો ટેકો છે. ધાર્મિક વિચારધારાઓની સમજ વ્યક્તિને જવાબદારી અને ફરજની સતત યાદ કરાવ્યા કરે છે. આધ્યાત્મિકતા / ધર્મ એ ભારતીય સામાજિક માળકાઓનું નાભિ સ્થાન છે. ધાર્મિક / આધ્યાત્મિક પ્રેરણા વગર આ માળખું ટકવું શક્ય નથી. આથી ભારતીય સમાજ, તેના માળખા કે તેની સમસ્યાઓ વિશે ચર્ચા કરતાં પહેલાં ભારતીય ધાર્મિક / આધ્યાત્મિક વિચારોની સમજ મેળવવી અનિવાર્ય છે. ભારતમાં મુખ્ય ધર્મ હિન્દુ છે. આથી સૌ પ્રથમ હિન્દુ ધર્મની ફિલસૂફીને સમજવી જરૂરી છે.

હિન્દુધર્મના ધાર્મિક ગ્રંથો જેવા કે વેદ, પુરાણ, ઉપનિષદ, રામાયણ, ભગવદ્ગીતા વગેરેએ માણસને જીવન ઉપયોગી ઉપદેશો આપવામાં આપ્યા છે. જેમાં માનવીએ કેવું આચરણ કરવું અને કેવું ન કરવું તે જણાવવામાં આવ્યું છે. ધર્મગ્રંથોએ માનવીઓને સાંસારિક જીવન, સામાજિક સંબંધો, રાજકીય અધિકારો, સત્તાનો ભોગવટો વગેરે વિચારધારાઓને પ્રગટ કરી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત પાપ અને પુણ્યના ખ્યાલને પણ સમજાવ્યું છે. જેમાં ખરાબ કર્મનું પરિણામ ખરાબ પ્રાપ્ત થાય છે અને સારા કર્મ રૂપે વ્યક્તિ પુણ્ય પ્રાપ્ત કરે છે અને પુણ્ય મેળવનાર વ્યક્તિ મૃત્યુબાદ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આમ આવા વિચારો વ્યક્તિને સારા કર્મ તરફ દોરી જાય છે. જે આપણા ધાર્મિક અને નૈતિક મૂલ્યોને આધારે વ્યક્તિ સમજી શકે છે.

### 1.4.1 હિન્દુ ધર્મની ફિલસૂફી

ભારતીય ધર્મો અને સાંસ્કૃતિક પરંપરાના મૂળ અતિપ્રાચીન છે. ભારતીય સંસ્કૃતિ 5000 વર્ષ કરતાં પણ જૂની છે. તેના સામાજિક માળખા મુખ્યત્વે હિન્દુ વૈદિક ધર્મની સમૃદ્ધ ફિલસૂફી પર રચાયેલાં છે. ઐતિહાસિક સંદર્ભ બદલાતા વિવિધ અસરોને કારણે તેમાં પરિવર્તન આવ્યું છે, છતાં પણ આજ સુધી તે માળખાં ટકી રહ્યાં છે તેનું કારણ ધર્મ / આધ્યાત્મિકતાનો મજબૂત પાયો છે.

શ્રીમતી જી. આર. બેનર્જી કહે છે કે શરૂઆતનું સમાજકાર્ય હિન્દુ ફિલસૂફીથી વધુ પ્રભાવિત હતું. તેનો વિકાસ પરોપકારના સંદર્ભમાં થયો છે. આથી સૌ પ્રથમ હિન્દુ ધર્મની ફિલસૂફી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

હિન્દુ ધર્મની મૂળભૂત ફિલસૂફી એ છે કે પ્રત્યેક જીવંત અસ્તિત્વમાં આત્મા છે. શરીર એ આત્માનાં કાર્યો, અનુભૂતિઓ અને વિચારોને અમલમાં મૂકનાર સાધન છે. તે આવું એટલે કરે છે કે જેથી આત્મા પરમાત્માને પ્રાપ્ત કરી શકે. સાચા વિચારો, સારી લાગણીઓ અને સારા કાર્યો આત્માને મોક્ષ તરફ પ્રગતિ કરવા તરફ દોરી જાય છે. મોક્ષ કે આત્મસાક્ષાત્કાર એટલે આત્માનું પરમાત્મામાં ભળી જવું. માનવજીવનનો આખરી હેતુ સાક્ષાત્કાર અથવા મોક્ષ હોવાથી પ્રત્યેક વ્યક્તિ તે માટે પ્રયત્નશીલ રહે. પરમાત્મા એ પ્રેમ છે, કરૂણા છે, શક્તિશાળી છે અને ત્રિકાળજ્ઞાની છે. તે જ સર્વવ્યાપી શક્તિ છે, જેને તેમનો સાક્ષાત્મકાર થયો હોય તે અસ્તિત્વની શાંતિ અનુભવે છે અને સમગ્ર માટે જે સારું હોય તેવું જ કરે છે. એ વ્યક્તિગત સારાપણાંની પરાકાષ્ટા છે. પરમાત્માનો પ્રેમ અને કરૂણા માણસને તકો અને પસંદગી આપીને પ્રગટ થાય છે. વ્યક્તિ પોતાની ઈચ્છાથી પ્રગતિ કે અધોગતિનો રસ્તો પસંદ કરે છે. શરીરમાં રહેલો આત્મા પસંદ કરી શકે છે. અગત્યતા નક્કી કરવાની શક્તિ પણ તે ધરાવે છે. સારી પસંદ સારા પરિણામો તરફ દોરી જાય છે અને ખરાબ પસંદ ખરાબ પરિણામ તરફ દોરી જાય છે. માણસ પોતે જ ચડે છે અને પોતે જ પડે છે.

કર્મના સિદ્ધાંત પ્રમાણે માણસ પોતે જો પોતાની નિયતિ ઘડે છે. માણસ જાત એ અસ્તિત્વો ધરાવતાં બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. પૃથ્વી પરનું સૌથી સારું અને વિકસિત પ્રાણી છે. સારું વિચારે, સારું કરે, સારી અનુભૂતિ કરે તો તે જલ્દી પરમાત્માને મળી શકે છે. જ્યારે ખરાબ કરનારને ખરાબ જન્મ મળે છે અને અનેક જન્મોમાંથી પસાર થવું પડે છે. આથી જીવનને તેના અંતિમ ધ્યેય પરમાત્માનો સાક્ષાત્કારને પ્રાપ્ત કરવાની તક તરીકે જોવામાં આવતું અને જીવનને સ્વસુધારણા તેમજ અન્યની મદદ લેવાની અને અન્યને મદદ કરવા માટેની તક તરીકે જોવામાં આવતું.

પરમાત્મા બધામાં છે આવી માન્યતાને લીધે એવું મનાતું કે અન્યની સેવા કરીને કે તેમને માન આપીને આપણે પરમાત્માની સેવા કરીએ છીએ કે પરમાત્માને માન આપીએ છીએ. અંતમાં અન્યને કરેલી મદદ પોતાની જાતને જ મળે છે. આમ પોતે જ પોતાની જાતને બચાવી શકે તેમ છે. અન્યને મદદ કરીને વધુ શક્તિશાળી થઇ શકે છે અને પોતાની જાતને વધુ સારી રીતે મદદ કરી શકે છે. એટલે સુધી કે અન્યને મદદ કરીને જ પોતાની જાતને મદદ કરી શકાય છે તે સમજ આધ્યાત્મિક પ્રગતિનો ફાયદો થઇ ગયો. પરમાત્મા બધામાં છે. તેના ગુણો બધાં જ જીવંત પ્રાણીઓમાં છે. આથી જ્યાં સુધી માણસ પરમાત્માની જેમ કાર્ય ન કરે ત્યાં સુધી તેનામાં ભળી ન શકે.

ભારતીય ધર્મમાં ચાર તત્ત્વો મુખ્ય હતા. જેમાં વ્યક્તિ પોતાનું જીવન વ્યતિત કરતો. જેમાં ધર્મ, કામ, અર્થ અને મોક્ષ. વ્યક્તિનું સમગ્ર જીવન આ ચાર તત્ત્વોની આજુબાજુ રહેતું. જેમાં 'ધર્મ' એ માનવ જીવનના આત્મા તરીકે સ્વીકારવામાં આવ્યો છે. 'કામ' એ સાંસારિક જીવનને ગતિશીલ બનાવવા માટે કરવામાં આવતું. 'અર્થ' અહીં અર્થને અર્થોપાર્જન દ્વારા સમજાવી શકાય. જીવન જીવવા અને ટકાવી રાખવા માટે જરૂરિયાતો પૂર્ણ કરવા માટે અપનાવવામાં આવતી પ્રવૃત્તિ જેમાં કોઇપણ પ્રકારના કાર્યનો સમાવેશ થાય છે, જેના બદલામાં વળતર પ્રાપ્ત કરવાનો હેતુ રહેલો છે અને અંતમાં 'મોક્ષ'

માનવ જીવનનો અંતિમ ધ્યેય એ 'મોક્ષ' છે. જેમાં મૃત્યુ બાદ વ્યક્તિ સંપૂર્ણપણે દુનિયાનો ત્યાગ કરી પરમાત્માને ધારણ કરે છે તેવો ખ્યાલ રહેલો છે અને 'મોક્ષ' સારા કર્યો દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. તેથી વ્યક્તિ હંમેશા પોતાના જીવનમાં સારા કર્મો કરતોં રહે છે. જેથી મોક્ષ પ્રાપ્ત કરી શકે. હાલના સમયમાં ઐતિહાસિક સંદર્ભ બદલાતાં વિવિધ અસરોને કારણે આમાં પરિવર્તન આવ્યું છે, છતાં પણ આજ સુધી તે માળખું ટકી રહ્યું છે. તેનું કારણ ધર્મ અને આધ્યાત્મિકતાનો મજબૂત પાયો છે.

વ્યક્તિમાં પરમાત્મા જોવા જોઇએ. આમ આખરે અન્ય પ્રત્યેનો પ્રેમ અને સેવા એ પોતાની જાત માટેનો પ્રેમ અને સેવા તરીકે પૂરવાર થાય છે. આથી જ જીવનને કિંમતી અને પવિત્ર મનાતું.

આ બધાં મૂલ્યોમાંથી આવતા વલણો સ્પષ્ટ છે, જે નીચે મુજબ છે.

– માણસે દુન્વયી વસ્તુઓ કરવી, પણ તેની સાથે લાગણીથી જોડાણ ન કરવું.
– માણસે તેની ફરજો અને આનંદને પણ લાગણીના જોડાણ વગર માણવા.
– વ્યક્તિઓ પાસે કશાની અપેક્ષા વગર તેને મદદરૂપ થવું.
– સારાં કૃત્યો પોતે જ પોતાની જાત માટે ફાયદો કરનારા છે.
– માણસે નિઃસ્વાર્થ ભાવે સમસ્યાગ્રસ્ત વ્યક્તિની મદદ કરવી.
– મોહ વ્યક્તિને ખરાબ કર્મો તરફ દોરી જનાર છે તેથી જે મળે છે તેને સ્વીકારી આગળ વધવું.
– સારા કર્મનું ફળ હંમેશા સારું જ પ્રાપ્ત થાય છે.

આ આદર્શો, મૂલ્યો અને વલણો પ્રત્યેક વ્યક્તિની જીવન પદ્ધતિ સાથે વણાઈ ગયાં છે. તેને સાર્વત્રિક ફરજ તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. આ બધા મૂલ્યો સાથે મળીને વ્યક્તિત્વનો વિકાસ કરે છે અને પરોક્ષ કે અપરોક્ષ રીતે સમાજસેવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

વૈદિક પુસ્તકોમાં માણસની સામાન્ય ફરજો વિશે લખાણ મળે છે. જેવી કે દાન, જરૂરિયાતવાળા પર દયા, બધાં પ્રત્યે પ્રેમ, કરૂણા વગેરે. દયા અને સહાનુભૂતિનો અર્થ સરખો થતો નથી. સહાનુભૂતિ ફક્ત લાગણી બતાવે છે. જ્યારે દયા બધી જ પરિસ્થિતિમાં મદદનો સક્રિય અર્થ બતાવે છે. દયાએ ક્રિયા સૂચક છે. તે કાર્યપ્રક્રિયા છે અને પીડિત વ્યક્તિ પાસે તેના ભલા માટે અને લાભ માટે દોરી જાય છે. ક્રિયા, હિત અને શુભ આ ત્રણે શબ્દોમાં સમાજકાર્યની બધી જ બાબતો સમાઇ જતી હતી.

હિન્દુ ધર્મની સંસ્કૃતિમાં પહેલેથી જ પિતૃઋણ, દેવઋણ, ત્યાગ, યજ્ઞ, દાન, દયા, કરૂણાનું મહત્ત્વ રહેલું છે. પિતૃઋણ, દેવઋણ ચુકવવા માટે દાન, યજ્ઞ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

દયા અને દાનવો વ્યવહાર ક્રિયા રૂપે એક મદદ કરતાં પ્રક્રિયા તરીકે થાય છે. જે આત્મસાક્ષાત્મકારની એક રીત તરીકે સંગઠિત થાય છે. અહિંસા એ કશુંક ન કરવાનું કહે તો સદ્‌ગુણ છે, પણ દયા અને દાન બંને હકારાત્મક ગુણો છે. આ બંને બાબતો વ્યક્તિઓની વિચારવાની પદ્ધતિ અને વ્યવહારને લગતાં સિદ્ધાંતો બની જાય છે. એટલી હદે અહીંના વ્યક્તિઓમાં શ્રદ્ધા જોવા મળે છે કે દયા અને પરોપકાર કરતાં કરતાં જો તે મૃત્યુ પામે તો પણ તે પરમાત્માને પ્રાપ્ત કરશે અને એકદમ નવું અને સંપૂર્ણ તેમજ સમૃદ્ધ જીવન પામશે તેવો તેમને વિશ્વાસ હોય છે. ભારતીય સમાજ વ્યવસ્થાનો મુખ્ય આધાર સ્તંભ જ્ઞાતિપ્રથા (વર્ણ વ્યવસ્થા), સંયુક્ત કુટુંબ પ્રથા અને ધર્મ ગણાય છે. ભારતીય સમાજ વ્યવસ્થાની બીજી ખાસિયત એ છે કે આ સમાજવ્યવસ્થા સમૂહવાદી છે, વ્યક્તિવાદી નથી.

### 1.4.2 સમસ્યા વિશેની ધર્મ આધારિત પરંપરાગત સમજ

પ્રાચીન ભારતમાં સામાજિક અને વ્યક્તિગત સમસ્યાઓ વિશેની સમજ બહુ સરળ હતી ત્યારે મનાતું કે વ્યક્તિના ભૂતકાળના કર્મો પ્રમાણે તેની વર્તમાન સ્થિતિ રહે. જન્મથી જ શારીરિક, માનસિક અપંગ વ્યક્તિઓ તેમના ભૂતકાળમાં કરેલાં કર્મોની સજા ભોગવે છે તેવું મનાતું. આવા લોકો બધાની

દયાને પાત્ર ગણાતાં. આજ વસ્તુ એક યા બીજા સ્વરૂપે બધા જ પુરાણોમાં પણ કહેવામાં આવી છે. આ જન્મે કર્મના ફળોમાંથી છટકવાનો પ્રયત્ન કરવામાં આવે તો આવતાં જન્મ પણ તેને જરૂર ભોગવવા પડે છે. જે કર્મ કર્યું તેનું પ્રાયશ્ચિત કરવું જરૂરી મનાતું. આ માટે સ્નાન, ઉપવાસ, જાત્રા અને દયા-દાનમાં લોકો માનતા. આ બધું માનવતાવાદી દૃષ્ટિ, શ્રદ્ધા અને પ્રાયશ્ચિતના ભાવ સાથે થતું. સારા કર્મોથી પાપીને તેના કર્મોથી મુક્તિ મળે અને ભવિષ્યની જીંદગીમાં શારીરિક, માનસિક અશક્તિઓમાંથી છૂટકારો મળે. આ શ્રદ્ધાને લીધે મગજની શાંતિ મળતી અને ચિંતા દૂર થતી.

આવા લોકોનાં દુઃખ ઓછા કરવા સહાનુભૂતિ અને દયાથી પ્રેરાઈ મદદ કરી પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે સારા કર્યોનું ભાથું બાંધવું જોઈએ તેવો ભાવ રહેતો. વ્યક્તિઓ પણ આવતો જન્મ સારો જાય તે માટે કર્મનું ભાથું બાંધવા સારા કાર્યો કરવા તરફ પ્રેરાતા. આવું જે જરૂરિયાતમંદ લોકો માટે નહીં, પણ પોતાને માટે કરે છે તે ભાવ રહેતો. આવી વિચારધારા મોટાભાગના બધાં ધર્મોમાં પ્રચલિત હતી. ધર્મ હક નહીં, પણ ફરજ અને જવાબદારી શીખવતો અને તે જ ભારતીય સંસ્કૃતિનો આધાર હતો. તેના આધારે જ સમાજવ્યવસ્થા ગોઠવાઈ હતી. આ ભાવ સમાજકાર્ય માટેખૂબ અગત્યનો છે. કેમ કે તેનાથી સ્તરીકરણ રચના સંબંધો થાય નહિ અને નવું શોષણ ઊભું થઈ શકે નહીં.

### 1.4.3 પ્રાચીન ભારતની ત્રિસ્તરીય કલ્યાણ વ્યવસ્થા

ગરીબ, જરૂરિયાતવાળા અને દબાયેલાં માણસોને સામાન્ય રીતે પૈસા આપીને, સલાહ કે સીધી સેવા આપીને સંગઠિત કે અસંગઠિત બંને રીતે મદદ થતી હતી. પ્રાચીન ભારતમાં શારીરિક અને માનસિક અપંગો, અનાથ અને વિધવાઓની સંભાળ રાખવાની જવાબદારી કુટુંબની ગણાતી. સંયુક્ત કુટુંબમાં આવા નબળા સભ્યોની સંભાળ લેવાને ધાર્મિક, આધ્યાત્મિક, નૈતિક, સામાજિક ફરજ તરીકે ગણવામાં આવી છે. રાજાઓના આવ્યાં પછી બધાના રક્ષણ અને કલ્યાણની જવાબદારી તેમણે સ્વીકારી. છતાં પણ જરૂરિયાતવાળા લોકોની કાળજી લેવાને કુટુંબની આધ્યાત્મિક, નૈતિક અને કાયદાકીય ફરજ ગણવામાં આવી છે. જ્યાં કુટુંબ નિષ્ફળ નીવડે ત્યાં જ્ઞાતિ, સંસ્થા, ગ્રામપંચાયત અને ધર્માદા સંસ્થા આગળ આવે અને જ્યાં આવી સ્થાનિક સંસ્થા પણ ઉપયોગી સિદ્ધ ન થાય, ત્યાં રાજ્ય આ કામ કરે. આ રીતે પ્રાચીન ભારતમાં જરૂરિયાતવાળા લોકોના કલ્યાણની વ્યવસ્થા ત્રણ સ્તરમાં વહેંચાયેલી હતી. કુંટુંબ, સ્થાનિક સત્તા અને રાજ્ય. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રક્ષણ માટેની અને કલ્યાણની જવાબદારીનો આખરી ભાર રાજા પર ગણાતો. રાજ્યને મદદ માટેનો સતત પ્રવાહ માનવામાં આવતો. કાલિદાસે કહ્યું છે કે ''રાજા પ્રત્યેક નાગરિકનો સાચો પિતા છે, કેમ કે તે બધાનું રક્ષણ કરે છે. બધાનું ભરણપોષણ કરે છે.'' સાચો પિતા એ રાજા ગણાતો અને પોતાના પિતા તો ફક્ત જન્મ દેનાર તરીકે દ્વિતીય સ્થાને ગણાતાં. ટૂંકમાં કહી શકાય કે પ્રાચીન ભારતમાં કલ્યાણની વ્યવસ્થા ત્રણ સ્તરમાં વહેંચાયેલ હતી.

(1) પ્રાથમિક સ્તર પર સંયુક્ત કુંટુંબ

(2) દ્વિતીય સ્તરે સ્થાનિક સત્તા અને

(3) તૃતીય સ્તરે રાજ્ય

આ દરેક સ્તરે જરૂરિયાતવાળી વ્યક્તિઓને મદદ કરવા માટેની પ્રેરણાનો સ્ત્રોત હિન્દુ ધર્મની ફિલસૂફી હતો. સમાજકાર્યનું સામાન્ય તત્ત્વદર્શન હિન્દુ જીવનશૈલી અને આચારસંહિતાને ટેકો આપે છે. હિન્દુ જીવનશૈલી અને આચારસંહિતાના મૂલ્યો સમાજકાર્યના તત્ત્વદર્શનમાં પણ દેખાય છે.

મદદની ક્રિયા વ્યક્તિગત સ્તરે મોક્ષપ્રાપ્તિના હેતુથી દયા, દાન સ્વરૂપે થતી. પોતાની મોક્ષ પ્રાપ્તિ માટે લોકકલ્યાણના કાર્યો થતાં. જ્યાં અપંગોને સહાય, રોગી, વિધવા, અનાથ માટેની વ્યવસ્થા અને

લોકકલ્યાણ માટે મંદિર, મઠ, કૂવા, તળાવ, ધર્મશાળા વગેરે બંધાવવા જેવા કાર્યો મોટા પ્રમાણમાં થતાં. વ્યક્તિ કોઈપણ કારણસર પાછળ રહી જાય, જરૂરિયાતમંદ હોય, અક્ષમ હોય તો તેની જવાબદારી સામુદાયિક સ્તરે કુટુંબ, સ્થાનિક સત્તા અને રાજા ઉઠાવી લેતા. એકબીજાં સાથે ફરજ અને કર્તવ્યના તાણાવાણા સાથે એવી મજબૂત ગૂંથણીની સમાજ વ્યવસ્થા ગોઠવાયેલી હતી કે ત્યાં સમસ્યા એ સમસ્યા રહી જ નહોતી. સમસ્યા ઉદ્ભવે પરંતુ તેનું સમાધન કરવાની પદ્ધતિ, સમસ્યાને ગંભીર સ્વરૂપ સુધી પહોંચવા દેતી નહીં. તેના પરિણામે સમસ્યાઓ જેટલી વિકરાળ આજે દેખાય છે તેવી પહેલા નહોતી.

હિન્દુ ફિલસૂફીમાંથી પ્રતિપાદિત થતી આ સુંદર વ્યવસ્થા એકબીજાં સાથે જોડાયેલી. એકબીજાં પર આધારિત અને સર્વ માટે કલ્યાણકારી હતી. પરંતુ અન્ય ધર્મોના આક્રમણ પછી ધીરે ધીરે ધાર્મિક ક્રિયાકાંડો ઊભા થયાં અને બ્રાહ્મણો દ્વારા તે મજબૂત થયાં. જ્ઞાતિપ્રથા અને ધર્મગુરુની સત્તા બહુ દઢ રીતે સ્થાપિત થતી ગઈ. વર્ણવ્યવસ્થા વધુ દઢ થઈ અને સ્ત્રીઓ અને કેટલીક જ્ઞાતિઓ માટેના નિષેધો આવ્યાં. જો કે તેના વિરોધમાંથી બૌદ્ધ ધર્મ જેવી ફિલસૂફી પણ આવી. જેઓએ બધા ક્રિયાકાંડો ફેકી દેવાનું કહ્યું. ન્યાય પર વધુ ભાર મૂકવાનું કહ્યું. પ્રેમ, અહિંસા અને કરૂણાની વાત કરી.

હિન્દુ ધર્મની અમુક ધાર્મિક પરંપરાએ વ્યક્તિ માટે માનસિક સલામતીનું કાર્યપણ કરતી હતી. મરણ પ્રસંગે 12 દિવસ સગા વ્હાલાનું સતત મરનારના કુટુંબ સાથે રહેવાથી તેની માનસિક રીતે પડી ભાંગતા તે બચાવતી હતી. કેમ કે હાલ સમાજકાર્યનું મુખ્ય કાર્ય એ વ્યક્તિને માનસિક સક્ષમ બનાવવાનું છે.

## 1.5 બૌદ્ધ ધર્મ

સુરેશભાઈ શેઠે બૌદ્ધ ધર્મની સમાજ પર પડેલી અસરોને ઐતિહાસિક રીતે બહુ સરસ રીતે વર્ણવી છે. એક બાજુ બ્રાહ્મણોની સત્તા સર્વોપરી હતી. બ્રાહ્મણો, રાજા તેમજ સમૃદ્ધ વૈશ્ય વર્ગ પર જીવનનિર્વાહ માટે આધારિત હોવા છતાં સમાજમાં પ્રથમ સ્થાન ભોગવતા. સૌ પ્રથમવાર આ ક્ષત્રિય રાજાઓમાં પોતાના દ્વિતીય સ્થાન અંગે અસંતોષ થયો. પરિણામે વૈશ્ય અને ક્ષત્રિય વર્ગમાં અસંતોષ જન્મ્યો અને આ સમયમાં રાજાઓની સત્તા વધુ પ્રભાવવાળી બની. બ્રાહ્મણોની વધુ પડતી સત્તાને લીધે વિસ્તૃત કર્મકાંડો, હિંસાત્મક યજ્ઞો અને પુરોહિતોની લાલચુવૃત્તિ પરાકાષ્ઠાએ પહોંચી હતી. ગરીબ તેમજ સમૃદ્ધ વર્ગ સૌને બ્રાહ્મણોની આવી બિનઉત્પાદક અને અર્થહીન પ્રવૃત્તિનો ભાર ઉપાડવો પડતો. તેનો પણ મોટો અસંતોષ ઊભો થયો.

બીજી બાજુ આ સમયમાં અર્થવ્યવસ્થા ગોપ અર્થવ્યવસ્થામાંથી કૃષિ અર્થવ્યવસ્થા તરફ વળી રહી હતી. પરિણામે પશુ વધુ ઉપયોગી અને કિંમતી બન્યાં હતા. આવા વખતે પશુબલિ ચડાવવો રિવાજ સહજ ન રહ્યો. તેનો પણ અસંતોષ શરૂ થયો. ત્રીજી બાજુ ભારતમાં વેપાર વાણિજ્યની વૃદ્ધિ થતાં સમૃદ્ધિનું કેન્દ્રિકરણ થવા લાગ્યું. સમાજમાં આર્થિક અસમાનતા વધી. ગરીબી વધી. જેથી પણ અસંતોષ વધ્યો. આ બધાં અસંતોષે બળવાની મનઃ સ્થિતિ સર્જી જેમાંથી બૌદ્ધધર્મરૂપી ક્રાંતિ સર્જાઇ.

ગૌતમબુદ્ધે સમકાલીન ધર્મ, તેના ક્રિયાકાંડ, અંધશ્રદ્ધા/વહેમ, બ્રાહ્મણ વર્ગની વૃત્તિ/પ્રવૃત્તિ અને પ્રસ્થાપિત થયેલાં તેમના હિતસંબંધો પર પ્રહાર કર્યો. પ્રવર્તમાન ધાર્મિક દૃષ્ટિ અને ચમત્કારો સામે બુદ્ધે તર્ક, બુદ્ધિ અને અનુભવની વાત કરી. વહેમ, ક્રિયાકાંડ અને પરલૌકિક બાબતોથી વિરૂદ્ધ નૈતિકતા અને સદાચારનો ઉપદેશ આપ્યો. અહિંસાની વાત કરી જે વધુ લોકભોગ્ય બની અને લોકોમાં વધુ આવકાર પામી.

બુદ્ધની આ વાત તે સમયે ઉદ્ભવેલ અસંતોષને લીધે લોકોમાં સ્વીકૃત બની તો બીજી બાજુ આ સમય

દરમિયાન બિંબિસાર, અજાતશત્રુ, મહાપદ્નંદ, ચંદ્રગુપ્ત મૌર્ય અને પ્રિયદર્શી અશોક વગેરે સમ્રાટો સત્તા પર આવ્યાં. જેને બ્રાહ્મણો અનાર્ય તરીકે ઓળખાતા. આ રાજાઓ શ્રેષ્ઠીઓ વગેરે બ્રાહ્મણોની કાર્યપ્રણાલી સાથે સમાયોજન કરી શકે તેમ નહોતા. આથી તેઓએ બૌદ્ધધર્મ અપનાવ્યો અને યોગ્ય સમાજની રચનામાં પ્રવૃત્ત થયાં.

બૌદ્ધધર્મ વેદ ધર્મથી અલગ ધર્મસંપ્રદાય ગણાય છે, છતાં તેનો ઉદ્ભવ વેદધર્મમાંથી જ થયો છે. આથી બુદ્ધ તત્ત્વજ્ઞાનમાં કે સિદ્ધાંતોમાં તેની છાંટ જોવા મળે છે. હિન્દુ ગ્રંથોમાંથી અલગ કશું જ તેના ઉપદેશમાં નથી. (જવાહરલાલ નહેરુ, મારુ હિન્દુ દર્શન - 223, શેઠ-1990-7) તેમનો વિદ્રોહ હિન્દુધર્મ સામે હતો અને બલિનો અસ્વીકાર કર્યો. તેમના સમયમાં ધર્મનું નેતૃત્વ બદલાઇને બ્રાહ્મણોના હાથમાંથી છીનવાયું. તેમના સ્થાને શ્રમણો, મુનિઓ અને ભિખ્ખુઓ આવ્યાં. જેમાં સર્વે જાતિ, જ્ઞાતિનો સમાવેશ થતો. આમ તેઓનો વિદ્રોહ બ્રાહ્મણધર્મની પ્રચલિત પ્રથા વિરુદ્ધ હતો. બૌદ્ધધર્મે ખૂબ મહત્ત્વની સામાજિક ક્રાંતિ આણી. તેમણે જ્ઞાતિપ્રથાના દૂષણો દૂર કરવા પ્રયત્નો કર્યા. પોતાના ધર્મસંઘની વ્યવસ્થામાં આ પ્રથા તેમણે માન્ય ન રાખી. બુદ્ધે વ્યક્તિના કુળ, જન્મ, ગોત્ર કરતાં તેની શક્તિ, ચારિત્ર્ય અને વ્યવસાયને વધુ મહત્ત્વ આપ્યું. બૌદ્ધ સંઘનો વ્યવહાર પણ લોકશાહી બંધારણ પ્રમાણે ચાલતો. સ્ત્રીઓને પણ આમાં પ્રવેશ મળતો.

બૌદ્ધકાળમાં પણ લોકોના કલ્યાણ માટે ભગવાન બુદ્ધે રસ્તાઓ બનાવડાવ્યા, બંધો બંધાવ્યા, પુલોનું નિર્માણ કર્યું અને તળાવ ખોદાવ્યા. આ ઉપરાંત તેમણે સમાજમાં પ્રચલિત કુરીતિઓ જે પરંપરાઓથી ચાલી આવતી હતી તેને દૂર કરવાના પણ પ્રયત્નો કર્યા.

## 1.6 ઉપસંહાર

આ એકમમાં દર્શાવ્યા અનુસાર અભ્યાસકર્તા વિદ્યાર્થી સમાજકાર્યના નૈતિક અને ધાર્મિક દષ્ટિકોણ કે પૃષ્ઠભૂમિને સારી રીતે જાણી શકાય છે. સમાજકાર્યની ઘણી પદ્ધતિ કે રીતો છે અને આજના સમયમાં સમાજકાર્ય અંગેના ઘણાં બધાં ખ્યાલો અને વિચારોનો ઉદ્ભવ થયેલો છે. પરંતુ આ એકમમાં દર્શાવ્યું છે તે મુજબ સમાજકાર્યનું કેન્દ્રબિંદુ એ ધાર્મિકતા કે નૈતિક મૂલ્યો છે. જેણે દરેક ધર્મમાં સમાજકાર્યને પ્રદર્શિત કર્યું છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. કરવું જોઈએ કે નહીં કરવું જોઈએ, સારું છે કે ખોટું, કોઈ એવી વાત જે થવી જોઈએ કે નહિ એ મૂલ્ય છે – આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) હેલ (B) મેરી રીચમંડ
   (C) સ્ટુપ (D) ફ્રિડલેન્ડર

2. હિંદુ ધર્મની ફિલોસોફી કયા આંદોલનમાં સમાવેશ કરવામાં આવ્યો છે ?

   (A) ધાર્મિક પ્રેરણાથી થયેલ આંદોલનો (B) સમાજ સુધારક આંદોલન
   (C) સ્વતંત્રતા પ્રાપ્તિ માટે શરૂ થયેલી ગાંધી પ્રેરિત ચળવળ
   (D) ઉપરોક્ત ત્રણેય

3. પ્રાચીન ભારતમાં જરૂરિયાતવાળા લોકોના કલ્યાણની વ્યવસ્થા ....... સ્તરમાં વહેંચાયેલી હતી ?

   (A) 1 (B) 2
   (C) 3 (D) 4

4. ભારતમાં સમાજકાર્ય ઇતિહાસ સમજવા કેટલાં પ્રકારના આંદોલનો સમજવા જરૂરી છે.

(A) 3 (B) 5

(C) 4 (D) 2

5. પ્રાચીન ભારતમાં જરૂરિયાતવાળા લોકોના કલ્યાણની વ્યવસ્થામાં પ્રાથમિક સ્તર પર કોણ આવે છે ?

(A) સ્થાનિક સત્તા (B) સંયુક્ત કુટુંબ

(C) રાજ્ય (D) રાજા

## 1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) હેલ
2. (A) ધાર્મિક પ્રેરણાથી થયેલ આંદોલનો
3. (C) 3
4. (A) 3
5. (B) સંયુક્ત કુટુંબ

## 1.9 ચાવીરૂપ શબ્દો :

- **વિચારધારા (ફિલસૂફી) :** જ્ઞાનના, સત્યના સાચાં-ખોટા સબંધિત પ્રતિભાવો તથા જીવનના લાક્ષણિક અને સ્વભાવગત પાયાના વિચારોના અભ્યાસને વિચારધારા કહે છે.
- **ધર્મ :** વિશ્વાસ અને ઉપાસનાની એક ખાસ સિસ્ટમ

## 1.10 સ્વાધ્યાય લેખન (Assignment)

1. પ્રાચીન ભારતની ત્રિસ્તરીય કલ્યાણ વ્યવસ્થા દર્શાવવો.

.....................................................................

.....................................................................

.....................................................................

2. બૌદ્ધ ધર્મ અને સમાજકાર્ય વચ્ચેનો સંબંધ ટૂંકમાં દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 1.11 પ્રવૃત્તિ (Activities)

- લોકોના કલ્યાણ સંદર્ભે હિન્દુ ધાર્મિક સંગઠનોના પ્રયત્નો વિશે સંક્ષિપ્ત લખો.
- બૌદ્ધ ધર્મના કોઈ પણ બે અનુયાયીઓ વિશે ટૂંકમાં લખો.
- કઈ વિભાવનાઓ, મૂલ્યો અને વ્યવહાર બૌદ્ધ ધર્મ અને સમાજકાર્યમાં સામાન્ય છે.

## 1.12 કેસસ્ટડી (Case Study)

- હિન્દુ ધર્મ અને વ્યાવસાયિક સામાજિક કાર્ય વચ્ચેના જોડાણ વિશેની તમારી માન્યતા શું છે ? તે જણાવો.

## 1.13 સંદર્ભગ્રંથ


| | | |
|---|---|---|
| 1. વ્યાવસાયિક સમાજકાર્ય | : | ગીતા ચાવડા<br>લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, પ્રથમ આવૃત્તિ : 2008 |
| 2. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો | : | ડૉ. આનંદી પટેલ<br>પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ-26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009 |

# એકમ–2 સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો અને ખ્રિસ્તી, મુસ્લિમ ધર્મની પરંપરા

## : એકમનું માળખું :

2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 મધ્યયુગ (મુસ્લિમ ધર્મ)

2.3 સમાજકાર્યની વિચારધારા ખ્રિસ્તી ધર્મને આધારે

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

2.9 પ્રવૃત્તિ (Activities)

2.10 કેસસ્ટડી (Case Study)

2.11 સંદર્ભગ્રંથ (Further Readings)

## 2.0 હેતુઓ

- મુસ્લિમ ધર્મની વિચારધારાનું સમાજકાર્યમાં શું પ્રદાન છે તે સમજી શકાય છે.
- ખ્રિસ્તી ધર્મની વિચારધારાનું સમાજસેવા / કાર્યોમાં શું પ્રદાન છે ? તેને સમજી શકાય.

## 2.1 પ્રસ્તાવના

ઈસ્લામનો જન્મ ભારતની બહાર થયો હોવા છતાં, ભારતીય સમાજના લોકોના મનમાં તેનો નોંધપાત્ર પ્રભાવ હતો. ઇસ્લામની આધ્યાત્મિક માર્ગદર્શિકા અને ફિલસૂફીએ દેશના સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેથી, ભારતમાં ઇસ્લામની પ્રથા અને સામાજિક કાર્ય પ્રથા વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરવું તે ખૂબ મહત્ત્વનું છે.

ખ્રિસ્તી ધર્મ પણ એક વિદેશી ધર્મ છે જે મિશનરીઓ દ્વારા ભારતમાં આવ્યો હતો અને ભારતમાં ગરીબ અને જરૂરતમંદોના સામાજિક-આર્થિક વિકાસ પર તેની ખૂબ અસર પડી હતી. ઐતિહાસિક રીતે એવું જોવા મળે છે કે ખ્રિસ્તી મિશનરીઓએ ભારતમાં મોટી સંખ્યામાં પછાત લોકોની જીવન પદ્ધતિને બદલવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી અને ભારતમાં સામાજિક કાર્યની પ્રથામાં નવા મૂલ્યો અને પરંપરા ઉમેરવામાં ઘણું યોગદાન આપ્યું હતું.

આ એકમમાં આપણે મુસ્લિમ અને ખ્રિસ્તી પરંપરા મુજબ સામાજિક કાર્ય વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યોને સમજીશું.

## 2.2 મધ્યયુગ (મુસ્લિમ ધર્મ)

મધ્યયુગમાં ઈસ્લામના પ્રવેશ પછી તુર્ક, અફઘાન અને મોગલ સમયમાં હિન્દુ સમાજ ઘણો કઠોર બન્યો. તુર્ક અને મોગલના હુમલાના ડરથી જીવન વધુ અસુરક્ષિત થયું. સ્ત્રીઓને પરાણે મુસ્લિમ સાથે પરણાવી ધર્મ પરિવર્તન કરાવાતું. આથી આ સમય દરમિયાન પડદા પ્રથા પ્રચલિત બની. બાળલગ્નો

શરૂ થયાં. દહેજ પણ અસ્તિત્વમાં આવ્યું. પુત્રી કરતાં પુત્રનો જન્મ વધુ આવકાર્ય ગણાવા લાગ્યો. ધીમે ધીમે પુત્રી મા-બાપ માટે બોજ ગણાવા લાગી. સતીપ્રથા પણ પ્રચલિત બની. વિધવાની સ્થિતિ ઘણી બગડી. બહુપત્નીત્વની પ્રથા વધવા લાગી. જે સામાજિક ખરાબીઓ તુર્ક, અફઘાનના સમયમાં શરૂ થઇ તે મુગલ સમયમાં પણ ચાલુ રહી. બાળલગ્ન, દહેજ સતીપ્રથા, બંગાળની કુલિનપ્રથા વગેરે.

મધ્યયુગમાં મુસ્લિમ રાજાઓના આગમનની સાથે ઈસ્લામ ધર્મના પ્રચારનું કાર્ય શરૂ થયું. હિન્દુ પ્રજા અપમાનિત જીવન જીવતી થઈ. વિરોધ કરવાની શક્તિ પણ ગુમાવી બેઠી હતી. તેણે ઈસ્લામની અસરથી બચવા, સંરક્ષણાત્મક રીતો અપનાવવાની શરૂઆત કરી. પરિણામે જ્ઞાતિ બંધનો વધુ સખત બનાવાયા. પડદાપ્રથા, બાળલગ્નો, સતીપ્રથા જેવી કુપ્રથાઓ શરૂ થઇ. પુત્રી જન્મ અનિચ્છનીય ગણાયો અને સ્ત્રી પર અનેક નિયંત્રણ લદાયાં જેની વિપરીત અસર તેના દરજ્જા પર પડી.

મુગલોના ભારતમાં આવ્યાં બાદ ભારતીય સમાજ વ્યવસ્થાને ઈસ્લામના સિદ્ધાંતો અનુસાર ચલાવવાના પ્રયત્ન કરવામાં આવ્યાં. ઈસ્લામની 'જકાત' અને 'ખૈરાત' ની અવધારણાઓને સામાજિક સ્વીકૃતિ આપવામાં આવી. ભારતીય મુસલમાન પોતાની આવકની 2.5% રકમ ફરજિયાત રૂપથી નિર્ધન લોકો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને આપવા લાગ્યા. આ પ્રકારે તે ખૈરાતના રૂપમાં નિરાશ્રિતોને ભિક્ષા આપવાની શરૂઆત કરી. ઘણાં મુસલમાન વ્યક્તિઓ સમયાંતરે જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહાય આપવાની વ્યવસ્થાઓ કરી. ઉ.દા. રોગી વ્યક્તિઓના ઉપચાર માટે ચિકિત્સાલયો, બાળકોના શિક્ષણ માટે શિક્ષણ સંસ્થાઓ સ્થાપી, યાત્રિકો માટે વિસામા ગૃહો બંધાવ્યા, શિક્ષણ સંસ્થાના રૂપમાં મદરેસાઓની સ્થાપના કરી, આ ઉપરાંત વૃદ્ધો, બીમારો અને અપંગ વ્યક્તિઓ અને તેના પરિવારોને સહાય આપવામાં આવતી હતી.

### 2.2.1 ભક્તિ આંદોલન

મધ્યકાલીન યુગની અતિશય વિષમ પરિસ્થિતિમાં ભક્તિ આંદોલનની શરૂઆત થઇ. ઈસ્લામધર્મના આક્રમણથી બચવા અને પોતાના ધર્મનું રક્ષણ કરવા ભક્તિ આંદોલન સહજ સરળ બન્યું. આ શક્તિશાળી અને ક્રાંતિકારી ફેરફાર તેરમી સદીથી શરૂ થયાં. દેશમાં ચારેબાજુ તેની અસર થઇ અને લગભગ 400 વર્ષ તેની અસર રહી. આ આંદોલનની સમાજજીવન પર ઘણી અસર થઇ. તેરમી સદીથી સત્તરમી સદી સુધીનો સમય આ આંદોલનનો સમય હતો. સંતો દેશના દરેક ભાગમાં થયાં હતા. ઉત્તરમાં રામાનંદ, કબીર, રવિદાસ, તુલસીદાસ, સૂરદાસ, નાનક, દાદુ થયાં તો ચૈતન્ય, વિદ્યાપતિ, ચંડીદાસ પૂર્વ થયાં રામાનુજ, આનાગીરી દક્ષિણમાં થયાં અને જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ, નરસિંહ ભગત, મીરાંબાઇ, મુક્તાબાઇ, બાહિનાબાઇ પશ્ચિમમાં થયાં. તેઓએ માનવતાવાદ પર ભાર મૂક્યો. સીધો ભગવાન સાથેનો સંબંધ. ભગવાન સુધી પહોંચવા માટે સગુણ કે નિર્ગુણ ભક્તિ અને પ્રેમનો રસ્તો અપનાવ્યો. સંસ્કૃતની જગ્યાએ સ્વભાષામાં રજૂઆત કરી. આ ખાસિયતોએ ભક્તિ આંદોલનને ધાર્મિક સુધારણા ક્ષેત્રે ખાસ સ્થાન અપાવ્યું. આ આંદોલન ક્રાંતિકારી અને લોકશાહી મૂલક તત્ત્વો ધરાવતું. તેને ફક્ત ધાર્મિક સુધારણા આંદોલન ન ગણાવતાં સામાજિક દૂષણો સામે અવાજ ઉઠાવતું સામાજિક સુધારણા આંદોલન ગણવું જોઇએ તેવો પ્રતિભાવ ઊભો થયો. આ આંદોલન શોષણ સામે કોઇ અસરકારક જવાબ આપે છે કે નહીં તેને સંશોધનનો એક વિષય બનાવવો જોઇએ તેવી લાગણી ઉદ્ભવી.

આ આંદોલનમાં દ્વારિકાનાથ ટાગોર, દેવેન્દ્રનાથ ટાગોર તથા કેશવચંદ્ર સેન દ્વારા બ્રહ્મોસમાજની સ્થાપના રાજા રામમોહનરાયના અનુયાયીઓ દ્વારા કરવામાં આવી. જેનો મુખ્ય ધ્યેય સતી પ્રથા

નાબુદીનો હતો. ત્યારબાદ 1893માં કેશવચંદ્ર સેને મહિલાઓની શિક્ષા માટેનું કાર્ય આગળ ધપાવ્યું. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા પુનઃ લગ્ન પ્રથા શરૂ કરવાના પ્રયત્નો કર્યો.

**રાજારામ મોહનરાય દ્વારા થયેલ સુધારાવાદી પ્રવૃત્તિઓ :**

1. સતીપ્રથાનો અંત.
2. બ્રહ્મોસમાજની સ્થાપના.

**1. સતીપ્રથાનો અંત**

એ વખતના સમયમાં પતિના મૃત્યુ પછી તેની પત્નીએ પણ તેના જીવનનો અંત લાવવો એવી માન્યતા હતી. આ માન્યતા રાજારામ મોહનરાયને અયોગ્ય લાગી અને આના વિશે રાજારામ મોહનરાયે લખવા માડ્યું. આ પ્રથા અંગ્રેજોના શાસન પહેલા ક્ષત્રિય રાજાઓમાં પણ આના ઉદાહરણ પ્રાપ્ત થાય છે. આ પ્રથાનું એકમાત્ર કારણ ભારતીય વિધવાઓ પુનઃ વિવાહ કરી શકતી નથી. રાજારામ મોહનરાયે આના વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો.

સતી પ્રથાનો અંત લાવવા માટે તેઓને અનેક આંદોલન કર્યા. જેના પરિણામ સ્વરૂપે 1826માં વિલિયમ બૅન્ટિંગની સરકારે સતીપ્રથા નાબૂદ કરી. હિન્દુ ધર્મમાં સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરવા અનેક પ્રથાઓ છે. જેમાં બાળવિવાહ અને સ્ત્રીઓ માટે આજીવન વિધવા નિર્વાહ માટે અને બાળવિવાહનો વિરોધ કર્યો. મેક્સમૂલરે કહ્યું કે રાજારામ મોહનરાય પહેલી વ્યક્તિ છે જેમણે ભારતીય સામાજિક સમસ્યા પર પહેલી નજર નાખી. હિન્દુ રૂઢિવાદીઓની સામે ઇંગ્લેન્ડની 'પ્રીવી' (Privy) કાઉન્સિલમાં રજૂઆત કરી. રાજારામ મોહનરાય પણ ઇંગ્લેન્ડ ગયા અને આ પ્રથા સામે રજૂઆત કરી. અંગ્રેજ સરકારે સતીપ્રથાનો અંત લાવવા માટે કાયદો ઘડ્યો અને 1930થી આ અમાનુષી પ્રથાનો અંત આવ્યો.

**2. બ્રહ્મોસમાજની સ્થાપના**

રાજારામ મોહનરાય તેમના વિચારોને અને સિદ્ધાંતોને વ્યક્તિ સુધી પહોંચાડવા માટે એક માધ્યમના રૂપમાં કેટલાંક લોકોના સહયોગથી 20મી ઓગસ્ટ સન 1828માં કલકત્તામાં બ્રહ્મસમાજની સ્થાપના કરી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં વ્યાપેલી પ્રચલિત રૂઢિઓ, અંધવિશ્વાર અને કુપ્રથાઓને સમાપ્ત કરી સામાજિક સુધારો લાવવાનો હતો. બ્રહ્મોસમાજ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો અને પોતાની રૂઢિઓને પહેલા છેદ કરી. સતીપ્રથાનો છેદ કર્યો તથા સતીપ્રથાને મૂળમાંથી સમાપ્ત કરી દીધી. આ અભિગમ હિન્દુ સમાજમાં હિન્દુત્વનું એકરૂપ છે અને મૂર્તિ પૂજાનો બહિષ્કાર કર્યો. બ્રહ્મોસમાજની સૌથી મોટી વિશેષતા એ છે કે તે બધાં કામો પ્રત્યે સહાનુભૂતિ અને ઉદારતા રાખતી હતી.

રાજારામ મોહનરાયે સમાજ માટે જે ભવન ઊભું કર્યું તેના ટ્રસ્ટીનું દસ્તાવેજીકરણ પર સ્પષ્ટ પ્રતિબંધ રાખ્યો હતો. આ ઉપરાંત બ્રહ્મોસમાજ દ્વારા તેમને જ્ઞાતિપ્રથાનો વિરોધ અને સ્ત્રી જીવનમાં સુધારણા કરવા પ્રયત્નો કર્યા.

**3. મહાદેવ ગોવિંદ રાનડે**

ન્યાયમૂર્તિ રાનડે એ સમાજ સુધારક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમના મત અનુસાર રાજકીય અને સામાજિક સુધારણાસાથે સાથે થવી જોઇએ અને રાષ્ટ્રીય વિકાસમાં રાજકીય અને સામાજિક બન્ને પાસાં સંકળાયેલાં છે. તેમના મત અનુસાર જ્યાં સુધી સમાજરચના બુદ્ધિ, ન્યાય, વિવેક અને સમાનતા ઉપર રચના નહિ હોય ત્યાં સુધી રાજકીય હક્કો ભોગવવા સમર્થ બની શકાય નહિ.

**સ્ત્રી જીવનમાં સુધાર :**

ન્યાયમૂર્તિ રાનડેએ સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી જીવનની મુશ્કેલી દૂર કરવાનો પ્રયાસ કર્યો. તેમણે ધર્મશાસ્ત્રમાંથી સ્ત્રીના હક્કો અંગેના વિધાનો તારવી પુસ્તક લખ્યું. તેમણે કહ્યું કે જે સ્ત્રી પતિ ભક્તિના કારણે વિધવા જીવન જીવવા ઈચ્છતી હોય તે તેમ કરી શકે છે, પણ જે સ્ત્રી વિધવા જીવન ઈચ્છતી ન હોય તે સ્ત્રીને ફરી લગ્ન માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

આ ઉપરાંત રાનડે દહેજ પ્રથા, ખર્ચાળ લગ્નો, ખર્ચાળ મૃતસંસ્કાર, બહુપત્નીપ્રથા, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા, મદ્યપાન વગેરે પ્રથાનો વિરોધ કરી તે દૂર કરવા લોકમનના ઘડતરનો પ્રયોગ કર્યો.

**આધુનિક શિક્ષણનો પ્રસાર**

રાનડેના મત મુજબ લોકોમાં રાજકીય જાગૃતિ તથા સામાજિક સુધારણા શિક્ષણ દ્વારા લાવી શકાય. શિક્ષણને તેઓ પ્રાથમિક જરૂરિયાત ગણતા અને અંગ્રેજી ભાષા અને શિક્ષણને મહત્ત્વના ગણતા. શિક્ષણમાં તેમને વિજ્ઞાનના અભ્યાસને પ્રાધાન્ય આપ્યું. શિક્ષિત વ્યક્તિ જ સારું ખરાબ, ઉચિત-અનુચિત, યોગ્ય-અયોગ્યનો ભેદ પારખી શકે છે તેવું તેઓ માનતા.

**4. સ્વામી વિવેકાનંદ**

સ્વામી વિવેકાનંદનો જન્મ 1863માં કોલકત્તામાં થયો હતો. તેમનું મૂળ નામ 'નરેન્દ્રનાથ' હતું. સ્વામી વિવેકાનંદ કહેતા કે, ''માનવ સેવા તથા રાષ્ટ્ર સેવા એ જ પ્રભુસેવા'' તેઓ આ બંને સેવાને જ સાચો ધર્મ કહેતા. તેમણે માનવ ધર્મ ફેલાવવા દેશ-વિદેશની યાત્રા કરી. તેમણે શિક્ષિત યુવાનોને દેશની અજ્ઞાનતા અને ગરીબી દૂર કરવા પ્રયાસો કર્યા છે.

સ્વામી વિવેકાનંદ હેઠળ ચાલતું 'રામકૃષ્ણ મિશન' દ્વારા ભારતમાં શાળાઓ, દવાખાના તથા અનાથ આશ્રમો શરૂ કર્યા. સ્વામી વિવેકાનંદે સ્ત્રીની પરાધિનતા દૂર કરવા માટે તેમજ તેમનો દરજ્જો ઉંચો લઇ જવા માટે તેમણે પશ્ચિમી દૃષ્ટિ અપનાવવા પર ભાર મૂક્યો હતો. સ્ત્રી શિક્ષણ, શિક્ષક દ્વારા તેમનું ઘડતર, તેમની આત્મનિર્ભરતા, તેમની બુદ્ધિ વિસ્તૃત બને તે માટેના પ્રયાસો કર્યા. આ ઉપરાંત તેમને રક્તપિત્તના દર્દીઓની સારવાર તથા બાળલગ્નોનો વિરોધ કર્યો.

**5. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર દ્વરા બાળ વિધવા અને યુવાન વિધવાઓને બચાવવાની કામગીરી થઈ. આ માટે તેમણે 1854માં વિધવા પુનઃ લગ્નને લગતું પુસ્તક લખ્યું. ત્યારબાદ તેઓએ 1855માં દલીલો રજૂ કરતી પત્રિકાઓ પ્રસિદ્ધ કરી અને વિધવા પુનઃ લગ્નોને શાસ્ત્રો માન્ય છે તેવું સાબિત કર્યું અને આ દ્વારા વિધવા પુનઃ લગ્ન માટેનો કાયદો ઘડવા અંગે માન્યતા મળી. તેમજ આવા લગ્નથી થતા બાળકોને કાયદેસરનો દરજ્જો મળવા લાગ્યો. રૂઢિચુસ્ત લોકોએ તેનો વિરોધ કર્યો, પરંતુ ધીરે ધીરે અનુકૂળ લોકમત ઘડાવા લાગ્યો અને વિધવા પુનઃ લગ્ન મંડળો રચાવા લાગ્યા. આ ઉપરાંત તેમણે વિવિધ કાર્યો કર્યા જે આ પ્રમાણે દર્શાવી શકાય.

- આરોગ્ય અંગેના કાર્યક્રમો
- ખેતી અને પશુપાલન અંગેના કાર્યક્રમો
- સામાજિક કલમ તેમજ બાળક્રિયા અંતર્ગત કાર્યક્રમો
- આગાખાન હેલ્થ સેન્ટર, ખાંડુ ઈન્દિરા દ્વારા મંજૂર થયેલ શૌચાલય, બાથરૂમ વગેરે અંગેની તકલીફ જાણી અને તેને હલ કરી.

## 6. જ્યોતિબા ફુલે

ભારતીય સમાજને સુધારણાની દિશા તરફ લઇ જવા માટે એક સમાજ સુધારક તરીકે જ્યોતિબા ફુલેનું આગવું પ્રદાન છે. 1857માં પૂનામાં કન્યા શાળાની સ્થાપના કરી, વિધવા પુનઃ લગ્ન,, બાળલગ્ન, બહુપત્નીપ્રથા નાબૂદ કરવાના પ્રયત્નો કર્યા હતાં. 1873માં સત્યશોધક સમાજની સ્થાપના કરી. આના દ્વારા મહારાષ્ટ્રમાં સુધારણા ચળવળનું કેન્દ્ર બન્યું. આ સંસ્થા દ્વારા જ્ઞાતિવાદને નાબૂદ કરવા પ્રયાસો કર્યા.

## 7. દાદાભાઈ નવરોજી

અંગ્રેજી કેળવણી પામેલાં પારસી યુવાનો ધર્મ અને સમાજ સુધારણા માટે 1851માં 'રહનુમા ઈ. મઝદપરબન' સભાની સ્થાપના થઈ. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. તેમણે શિક્ષણના પ્રચાર ઉપર, સ્ત્રી ઉન્નતિ પર, બાળલગ્ન વગેરેના ઉપર કાર્યો સમાજ સુધારક તરીકે કર્યા. તેમણે સમાજમાં પરિવર્તન લાવવા તેમજ કુરિવાજો દૂર કરવા સમાજ સેવાના સુધારક તરીકે કાર્ય કર્યું.

## 8. રામકૃષ્ણ ગોપાલ ભંડારકર

રામકૃષ્ણ ગોપાલ ભંડારકર 'પ્રાર્થનાસભા'ના આગેવાન હતાં. 1867માં પ્રાર્થનાસમાજની સ્થાપના થઈ હતી. પ્રાર્થનાસભા દ્વારા આત્માની ઉન્નતિ સાથે ભાર મૂક્યો. તેઓએ મૂર્તિ પૂજાનો વિરોધ કર્યો અને અંતઃકરણની શુદ્ધિ દ્વારા સમાજ સુધારણાની સામાજિક સુધારણા શક્ય બનશે. તેમજ સમાજ સુધારણા માટે કુરિવાજો જડમૂળથી કાઢી નાખવા હિમાયત કરી હતી.

## 9. દયાનંદ સરસ્વતી

તેમનુ મૂળ નામ 'મૂળશંકર' હતું. દયાનંદ સરસ્વતીએ 1875માં આર્યસમાજની સ્થાપના કરી હતી. તેમને નાનપણથી જ ઈશ્વર વિશેનું જ્ઞાન પ્રાપ્ત થયું. તેઓએ સરસ્વતી સંપ્રદાયમાં દિક્ષા લીધી અને તેમનું નામ દયાનંદ સરસ્વતી પડ્યું.

દયાનંદ સરસ્વતી એ ધાર્મિક સુધારણાના અનુયાયી હતા. તેમના દ્વારા સામાજિક અને શૈક્ષણિક બાબતોમાં સ્ત્રી પુરુષના સમાન હકની હિમાયત કરી. તેઓએ પરદાપ્રથાનો વિરોધ કર્યો હતો. બાળલગ્ન પ્રથા બંધ થાય તે માટે પ્રયાસો કર્યા અને શિક્ષણના પણ તેઓ હિમાયતી હતા.

## 10. રવિશંકર મહારાજ

રવિશંકર મહારાજનો જન્મ 1884માં થયો હતો. એક સમાજ સુધારક તરીકે તેમણે ગુજરાતમાં અગત્યની ભૂમિકા ભજવી છે. ગાંધીજીના સંપર્કમાં આવ્યાં બાદ ખાસ કરીને આઝાદીની લડતમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. દારૂબંધી, દુકાળ, કોલેરા, અતિવૃષ્ટિ વગેરે ઉપર કાર્યો કર્યા. વિનોબા ભાવે સાથે પણ ભૂદાન ચળવળમાં પોતાનો ફાળો આપ્યો.

## 11. સર સૈયદ અહમદખાન

અહમદખાનનો જન્મ મુઘલ દરબારમાં ઉમરાવ કુંટુંબમાં થયો હતો. 1857ના વિપ્લવ વખતે કંપનીમાં સરકારી નોકરીમાં હતા. 1809માં નિવૃત્તિ પછી ઈંગ્લૅન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયાં. મુસલમાનોને અંગ્રેજી કેળવણી લઈને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. 1870માં 'તહા જલ ઉલ અખલાક' નામનું સામયિક બહાર પાડ્યું. 1875માં અલીગઢ મુસ્લિમ કૉલેજની સ્થાપના કરી, જે આજે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે.

આમ, દર્શાવ્યા મુજબ જાણી શકાય કે ભારતીય સમાજ સુધારકોના અથાગ પ્રયત્નો અને તેમના કાર્યો દ્વારા સમાજની સુધારણાનું કાર્ય ખૂબ મોટાપાયે થયું. જેમાં લોકજાગૃતિ, બ્રહ્મોસમાજ, આર્યસમાજ, પ્રાર્થના સમાજ વિવિધ સંસ્થા દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યાં.

## 2.3 સમાજકાર્યની વિચારધારા ખ્રિસ્તી ધર્મને આધારે

સમાજકાર્યની વિચારધારા ખ્રિસ્તી ધર્મના અનેક સમાજકાર્યકરોએ આપી છે. જેમાં જનમન, બિસ્ટેક, કોચ કોકોનટ (Konpka) અને હર્બટ બ્રિસ્નોનો સમાવેશ થાય છે. વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્ભવ ઈંગ્લૅન્ડમાં થયો હોવાથી ત્યાંની સભ્યતા, સંસ્કૃતિ, મૂલ્યો, માન્યતાઓમાંથી સમાજકાર્ય મૂલ્યોનું નિર્માણ થયું છે. ઈંગ્લૅન્ડની સભ્યતા સંસ્કૃતિ કેટલીક માન્યતાઓ પર આધારિત છે. મુખ્યત્વે નૈતિક અને આધ્યાત્મિક સમાનતા, વ્યક્તિ વિકાસ માટેની સ્વતંત્રતા, તકોની મુક્ત પસંદગી, સ્વતંત્ર હરીફાઈ, સામાન્ય વ્ય.ક્તિની સ્વતંત્રતા વગેરે. આ વ્યવસ્થામાં લોકોના હકો માટે સમાનતાના ધોરણો ધ્યાનમાં રાખનારી હતી. લોકશાહીના વિચારો પણ આ સમાજમાં વિકસ્યા છે. તેથી સમાજકાર્ય આ બધા વિચારોથી પ્રભાવિત છે. હર્બટ બ્રિસ્નોએ સમાજકાર્યકરની વિચારધારાનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમણે સમાજકાર્યની વિચારધારાને ચાર ક્ષેત્રમાં વિભાજીત કરી છે. (1) વ્યક્તિની પ્રકૃતિના સંદર્ભમાં (2) સમૂહો, વ્યક્તિઓ અને સમૂહો અને વ્યક્તિઓના આપસી સંબંધોના સંદર્ભમાં (3) સમાજકાર્યની પદ્ધતિ અને કાર્યના સંદર્ભમાં (4) સામાજિક કુસમયોજન અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં.

### 2.3.1 વ્યક્તિ અને પ્રકૃતિના સંદર્ભમાં

- વ્યક્તિ પોતાના અસ્તિત્વને કારણે મૂલ્યવાન છે.
- માનવીય પીડાએ અનિચ્છનીય છે એટલે તેને દૂર કરવી જોઈએ અથવા જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી ઓછી કરવી જોઈએ.
- સમસ્ત માનવ વ્યવહાર જૈવિકતા અને પર્યાવરણ વચ્ચેના આંતરક્રિયાનું પરિણામ છે.
- સંભવ હોય ત્યાં સુધી માનવી વિવેકપૂર્ણ કાર્ય કરતો નથી.
- જન્મના સમયે મનુષ્ય નૈતિક અને અસામાજિક હોય છે.
- માનવીની જરૂરિયાતો વૈયક્તિક અને સામાજિક બન્ને પ્રકારની હોય છે.
- વ્યક્તિઓમાં મહત્ત્વપૂર્ણ અંતર હોય છે તેથી તેનો સ્વીકાર કરી લેવો જોઈએ.
- માનવીય પ્રેરણાઓ અત્યંત જટિલ અને અસ્પષ્ટ હોય છે.
- વ્યક્તિના પ્રારંભિક વિકાસમાં કૌટુંબિક સંબંધોનું પ્રાથમિક મહત્ત્વ હોય છે.
- શીખવાની પ્રક્રિયામાં અનુભવ એક આવશ્યક પાસું છે.

### 2.3.2 જૂથો, વ્યક્તિઓ અને જૂથો અને વ્યક્તિઓ વચ્ચેના આપસી સંબંધોના સંદર્ભમાં

- સમાજકાર્ય હસ્તક્ષેપ ન કરવાની નીતિ અને સૌથી વધારે યોગ્ય જીવન જીવવાના સિદ્ધાંતને નથી માનતા.
- એ જરૂરી નથી કે ધનવાન અને શક્તિશાળી વ્યક્તિ યોગ્ય હોય અને નિર્ધન અને દૂર્બળ વ્યક્તિ અયોગ્ય હોય.
- સદસ્યના કલ્યાણની મુખ્ય જવાબદારી સમુદાય ઉપર હોય છે.
- સામાજિક સેવા ઉપર સમુદાયના બધા વર્ગોને સમાન અધિકાર છે. સમુદાયની એ જવાબદારી

છે કે તે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સમુદાયના બધાં જ સભ્યોનું મુશ્કેલઓમાં નિરાકરણ કરે.

- કેન્દ્ર સરકારની એ જવાબદારી છે કે તે સ્વાસ્થ્ય, આવાસ, પૂર્ણરોજગારી, શિક્ષણ તથા અન્ય વિવિધ પ્રકારની જનકલ્યાણ અને સામાજિક વીમાયોજના સંબંધી કાર્યક્રમો લાગુ કરે.
- જનસહાયતા જરૂરિયાતોના આધાર ઉપર થવી જોઇએ.
- સંગઠિત શ્રમનું સામુદિયક જીવનમાં સક્રિય યોગદાન હોય છે એટલે તેની શક્તિને નકારાત્મક ન માનતા રચનાત્મક માનવી જોઇએ.
- સંપૂર્ણ સમાનતા અને પારસ્પરિક સન્માનના આધાર પર બધી જ પ્રજાતિઓ અને પ્રજાતિય સમૂહમાં સંપૂર્ણ સહયોગ હોવો જોઇએ.
- સ્વતંત્રતા અને સુરક્ષામાં કોઇ પારસ્પરિક વિરોધ હોવો જોઇએ નહીં.

### 2.3.3 સમાજકાર્યની પદ્ધતિ અને કાર્યના સંદર્ભમાં

- સમાજકાર્ય લોકશાહી પદ્ધતિને સ્વીકારે છે.
- સમાજનો દૃષ્ટિકોણ દ્વિમુખી છે. એકબાજુ તે વ્યક્તિઓ અને વ્યક્તિઓને સામાજિક સંસ્થાઓ સાથે સમાયોજન સ્થાપિત કરવામાં સહાયતા કરે છે, તો બીજી બાજુ તે સામાજિક સંસ્થાના જરૂરી ક્ષેત્રોમાં પરિવર્તનનો પ્રયાસ કરે છે.
- માનવ વ્યવહારના અધ્યયન માટે વૈજ્ઞાનિક પદ્ધતિને જરૂરી સાધન તરીકે માનવામાં આવે છે.
- સામાન્યતઃ એક સક્ષમ વ્યક્તિ પોતે જ પોતાના હિતોનું સૌથી સારો નિર્ણાયક હોય છે. આથી તેને પોતે નિર્ણય લેવો જોઇએ અને સમસ્યાનું નિરાકરણ કરવું જોઇએ.
- વ્યવહારમાં સુધારણા અને સામાજિક વિકાસને માટે વાતાવરણમાં પરિવર્તન અને અંતઃદૃષ્ટિના વિકાસ પર વિશ્વાસ રાખે છે તે આદેશ ઉપર વિશ્વાસ રાખતો નથી.
- સાર્વજનિક અને ખાનગી સંસ્થાઓમાં સેવા આપવા માટે સમાજકાર્ય તાલીમ પામેલાં વ્યક્તિ હોવા જોઇએ.

### 2.3.4 સામાજિક કુસમાયોજન અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં

- સામાન્યતઃ સંસ્કૃતિમાં ગંભીર, રાજનૈતિક, આર્થિક અને સામાજિક કુસમાયોજન જોવા મળે છે. જેને સમાયોજન તરફ દોરવું આવશ્યક છે.
- ક્રમિક વિકાસ દ્વારા કરવામાં આવેલ સુધારા સમાજ માટે ઈચ્છનીય છે. તેના માટે સામાજિક આયોજનની આવશ્યકતા છે.

## 2.4 ઉપસંહાર

આ એકમમાં તમે નોંધ્યું છે કે સોશ્યલ વર્ક ફિલસૂફી અને પ્રેક્ટિસ અને ધાર્મિક વિચારધારાઓ ખૂબ સમાન છે. સમાજકાર્યનું કેન્દ્રબિંદુ એ ધાર્મિકતા કે નૈતિક મૂલ્યો છે. જેણે દરેક ધર્મમાં સમાજકાર્યને પ્રદર્શિત કર્યું છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. બ્રહ્મોસમાજની સ્થાપના કોણે કરી હતી ?

   (A) રાજારામ મોહનરાય (B) મહાદેવ ગોવિંદ રાનડે

   (C) સ્વામી વિવેકાનંદ (D) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

2. સ્વામી વિવેકાનંદનો જન્મ 1863માં ....... થયો હતો.

   (A) મુંબઈ (B) કોલકત્તામાં

   (C) દિલ્લી (D) કાનપુર

3. જ્યોતિબા ફુલે 1857માં પૂનામાં કોની સ્થાપના કરી હતી ?

   (A) શૌચાલય, બાથરૂમની (B) કન્યા શાળાની

   (C) પશુપાલન અંગેના કાર્યક્રમોની (D) હેલ્થ સેન્ટરની

4. હર્બટ બ્રિસ્નોએ સમાજકાર્યની વિચારધારાને કેટલાં ક્ષેત્રમાં વિભાજીત કરી છે.

   (A) 2 (B) 6

   (C) 4 (D) 8

5. હર્બટ બ્રિસ્નોએ સમાજકાર્યની વિચારધારા - વ્યક્તિ અને પ્રકૃતિના સંદર્ભમાં શું કહ્યું છે ?

   (A) વ્યક્તિ પોતાના અસ્તિત્વને કારણે મૂલ્યવાન છે.

   (B) સમસ્ત માનવ વ્યવહાર જૈવિકતા અને પર્યાવરણ વચ્ચેના આંતરક્રિયાનું પરિણામ છે.

   (C) જન્મના સમયે મનુષ્ય નૈતિક અને અસામાજિક હોય છે.

   (D) A અને B બન્ને

   (E) A, B અને C

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) રાજારામ મોહનરાય
2. (B) કોલકત્તામાં
3. (B) કન્યા શાળાની
4. (C) 4
5. (E) A, B અને C

## 2.7 ચાવીરૂપ શબ્દો :

- **વિચારધારા (ફિલસૂફી) :** જ્ઞાનના, સત્યના સાચાં-ખોટા સબંધિત પ્રતિભાવો તથા જીવનના લાક્ષણિક અને સ્વભાવગત પાયાના વિચારોના અભ્યાસને વિચારધારા કહે છે.
- **ધર્મ :** વિશ્વાસ અને ઉપાસનાની એક ખાસ સિસ્ટમ
- **આંદોલન :** ફેરફાર અથવા વિકાસ

## 2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સતીપ્રથા વિશે જણાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

2. ન્યાયમૂર્તિ રાનડેની પ્રવૃત્તિમાં સ્ત્રી જીવન સુધારણા સમજાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

3. સ્વામી વિવેકાનંદ, રવિશંકર મહારાજના પ્રયત્નો સમાજ સુધારણા પ્રત્યેના જણાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

4. મુસ્લિમ (મોઘલ) યુગમાં સમાજકાર્યનિ વિચારધારા વર્ણવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

5. ભક્તિ આંદોલન સમજાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

6. સમાજકાર્યને ખ્રિસ્તીધર્મના આધારે સમજાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

7. ખ્રિસ્તીધર્મ આધારિત સમાજકાર્યના 4 સંદર્ભ દર્શાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## 2.9 પ્રવૃત્તિ (Activities)

- સ્વતંત્રતા પહેલા અને સ્વતંત્રતા પછી ભારતના સમાજ સુધારકો અને તેમની ભૂમિકાઓ દર્શાવતો એક ચાર્ટ તૈયાર કરો.

## 2.10 કેસસ્ટડી (Case Study)

- ભક્તિ આંદોલનના સંત અને શિક્ષકોની સૂચિ તૈયાર કરો અને સમાજમાં તેમના મોટા યોગદાન અંગે કેસ સ્ટડી કરો.
- સમાજ સુધારકો પર કેસ સ્ટડી તૈયાર કરો જેમણે મહિલા ઉત્થાન માટે કામ કર્યું હતું.

## 2.11 સંદર્ભગ્રંથ


1. વ્યાવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા
   લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, પ્રથમ આવૃત્તિ : 2008
2. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદી પટેલ
   પ્રાપ્તિસ્થાન : 304, આંગન એપાર્ટમેન્ટ-26, ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : જુલાઈ 2009

# એકમ–3 ગાંધી વિચારધારા

## : એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 ગાંધી વિચારધારા

3.3 ઉપસંહાર

3.4 તમારી પ્રગતિ ચકાસો

3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.6 ચાવીરૂપ શબ્દો (Glossary)

3.7 સ્વાધ્યાય લેખન (Assignment)

3.8 પ્રવૃત્તિ (Activities)

3.9 કેસસ્ટડી (Case Study)

3.10 સંદર્ભગ્રંથ (Further Readings)

## 3.0 એકમના હેતુઓ

- સમાજકાર્ય અંગેના ગાંધીજીના વિચારને સમજી શકાય છે.
- ગાંધીજી સમાજકાર્યમાં, તેમની ભૂમિકા સમજી શકાય છે.
- ગાંધીજીની સમાજકાર્યની કાર્યપદ્ધતિની લાક્ષણિકતાઓ સમજી શકાય છે.

## 3.1 પ્રસ્તાવના

આપણે સૌ ગાંધીજીને ખૂબ સારી રીતે ઓળખીએ છીએ. ગાંધીજીને આપણે હંમેશા દેશને સ્વતંત્રતા અપાનવનાર વ્યક્તિ તરીકે પરિભાષિત કર્યા છે. અહીં આપણે સમાજકાર્યની દૃષ્ટિએ ગાંધીજીને સમાજ સુધારક તરીકે ઓળખવાનો એક પ્રયાસ કરવાનો છે. ઘણાં લોકોને એવો પ્રશ્ન થતો હશે કે સમાજકાર્યમાં ગાંધીજીની ઉપયોગિતા શું છે ? તેના જવાબમાં સમાજ અને સમાજ અને સામાજિક સમસ્યાના સમાધાન માટે ગાંધીજી દ્વારા જે પ્રવૃત્તિઓ કરવામાં આવતી તે મહદ્અંશે સમાજકાર્ય સંબંધિત હતી. સમાજને સુસમાયોજીત કરવા માટેની ગાંધીજીની વિચારસરણી એ સત્ય, અહિંસા અને ગાંધીજીએ આપેલાં 18 રચનાત્મક કાર્યક્રમોના માધ્યમથી સામાજિક ક્રિયા અને આંદોલનના સ્વરૂપમાં જોવા મળતી હતી.

અહીં આ એકમમાં આપણે સમાજકાર્યમાં ગાંધી વિચારધારાની ઉપયોગિતા અને અસરકારકતા કેટલી છે ? તે જોવાનો પ્રયત્ન કરીશું.

## 3.2 ગાંધી વિચારધારા

ગાંધીજીનો જન્મ એવા સમયમાં થયો જ્યારે ભારત દેશ ધાર્મિક, રાજનૈતિક તથા સામાજિક દૃષ્ટિએ ગંભીર સમસ્યાથી ઘેરાયો હતો. 2 ઑક્ટોબર 1869માં કાઠિયાવાડના બરડા પંથકમાં પોરબંદર નામના ગામમાં તેમનો જન્મ થયો. તેમના પિતા રાજકોટના દિવાન હતાં અને માતા ધાર્મિક પ્રવૃત્તિમાં માનનાર હતાં. 13 વર્ષની ઉંમરે તેમના લગ્ન થયાં હતા અને 1857માં બેરિસ્ટર શિક્ષણ માટે ઈંગ્લેન્ડ ગયા.

ઈંગ્લૅન્ડમાં તેમને રોસ્કન વિચારોનું અધ્યયન કર્યું. ભારતમાં આવી તેમણે વકીલાત ચાલુ કરી. 1913માં મુકદ્દાના સંબંધમાં દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં જ ગાંધીજીના સાર્વજનિક જીવનનો ઉદય થયો. ત્યાંના ભારતીયોને તેમણે માનવીય અધિકાર પ્રદાન કરાવ્યો. ભારતની આઝાદી માટે તેમણે ઘણા પ્રયત્નો કર્યા અને સાથે સાથે માનવજીવનની વિટંબણાઓ અને સામાજિક દૂષણોને દૂર કરવાના પ્રયત્નો કર્યા. ગાંધીજી એવા સમાજની સ્થાપના કે નિર્માણ કરવા ઇચ્છતા હતા જેમાં સર્વત્ર પ્રેમ વ્યાપેલો હોય અને વ્યક્તિના બહુમતી વિકાસ માટે જરૂરી પરિસ્થિતિની ઉપસ્થિતિ હોય. તેમણે કેટલાંક રચનાત્મક કાર્યક્રમો આપ્યા, જે નીચે મુજબ દર્શાવી શકાય.

**ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો**

- સાંપ્રદાયિક એકતા
- આત્માનો વિકાસ
- દારૂબંધી
- અસ્પૃશ્યતા નિવારણ
- નવી તાલીમ
- ગ્રામોદ્યોગ
- ગામ સ્વચ્છતા
- પ્રૌઢ શિક્ષણ
- રાષ્ટ્રભાષાનો પ્રચાર
- કચડાયેલાં માટે અલગ સુધારો
- આર્થિક સમાનતા
- પ્રાથમિક શિક્ષણ
- સર્વધર્મ સમભાવ
- શારીરિક શ્રમ
- ખેડૂતો, મજૂરો, યુવાનોના સંગઠનની સ્થાપના

ગાંધીજીએ ઉપરોક્ત દર્શાવેલ રચનાત્મક કાર્યક્રમો દ્વારા સમાજમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવવાના પ્રયત્નો કર્યા. ગાંધીજીએ હંમેશા સમાજના વિકાસ માટે લડત આપી હતી અને તેઓ માનતા કે ભારતમાં સામાજિક દૂષણો, કુપ્રથાઓ, કુરિવાજોને દૂર કરવામાં આવશે ત્યારે જ સાચી રીતે ભારત સ્વતંત્ર થશે.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં બિન અંગ્રેજો સાથે સત્તાધીશોની રંગભેદની નીતિ જેવા જુદાં જુદાં નકારાત્મક અનુભવોથી પ્રેરિત થઈને સામાજિક ન્યાયની શોધ કરવા માટે પ્રોત્સાહિત થયાં હતાં. ત્યારથી તેઓ સમાજમાં અન્યાય, હિંસા અને અત્યાચારના અહીંસક વિકલ્પની શોધ કરવા પ્રેરાયા. એમણે શોધી કાઢ્યું કે અન્યાય કરનાર અને અન્યાયનો ભોગ બનનાર એ બંનેની નૈતિક નબળાઇઓનો ઉપચાર કરવાની જરૂર છે. તેઓ બન્ને માનવીય સંબંધોથી જોડાયેલાં છે. એ બન્નેને સમજાવું જોઇએ કે તેઓ માનવ છે. આ દૃષ્ટિએ જોઇએ તો ગાંધીજીની સમાજકાર્ય માટેની પ્રેરણા માણસને હિંસાના અનિષ્ટમાંથી મુક્તિ અપાવી તેના જીવનમાં સત્ય અને અહિંસાની પ્રતિષ્ઠા કરાવવાની હતી.

ગાંધીજીના સમાજકાર્યમાં બે મુખ્ય મૂલ્યો જોવા મળે છે. (1) નૈતિક (Moral) (2) આધ્યાત્મિક (Spiritual)

ગાંધીજીના મતે ધર્મ એટલે, ‘નૈતિકતા, સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, સ્વદેશી, સર્વધર્મ સમભાવ, અસ્પૃશ્યતા નિવારણ, શરીરશ્રમ, અભય અને અસ્વાદ’ તેમના નીતિધર્મના પાયાના સિદ્ધાંત છે. ગાંધીજીના 11 વ્રતો ગાંધી વિચારધારાનું એક મહત્ત્વપૂર્ણ પાસું છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ મનુષ્યમાં આપોઆપ પાંગરે છે અને એવી રીતે પાંગરેલી શક્તિઓનો વિવેકપૂર્ણ ઉપયોગ વ્યક્તિ અને સમાજ બંને માટે ઉદ્ધારક છે.

ગાંધીજી માટે આધ્યાત્મિકતા એટલે સત્યની શોધ અને સત્યની પ્રાપ્તિ અર્થે આત્મબળને જાગૃત કરવું. ગાંધીજી માને છે કે હિંસા અને અસત્ય વ્યક્તિના વિકાસમાં અવરોધક પરિબળ છે. તેમના મત મુજબ માણસનું અંતિમ ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર છે. તેથી સામાજિક, રાજકીય, ધાર્મિક બધી પ્રવૃત્તિઓ ઈશ્વરદર્શનના અંતિમ ધ્યેયને અનુલક્ષીને થવી જોઇએ. ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધવું હોય તો તે માનવ

સેવા દ્વારા જ સાધી શકાય છે અને આ માન્યતા ગાંધીજીને સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં ખેંચી ગઇ. આમ, ગાંધીજીના સમાજકાર્યમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો મહત્ત્વના છે. જ્યારે સમાજકાર્યમાં માનવનું ગૌરવ, સામાજિક ન્યાય અને લોકશાહીના મૂલ્યો મહત્ત્વના છે.

ગાંધીજીએ ભારતમાં 7 લાખ ગામડાના પુનઃ નિર્માણ માટે 18 રચનાત્મક કાર્યક્રમો આપ્યાં. એમણે આ કાર્યક્રમોને કાર્યાન્વિત કરવા ઘણાં રચનાત્મક કાર્યક્રમો આપ્યાં.

ગાંધીજી અને સમાજકાર્યમાં તેમની ભૂમિકા સમજવી હોય તો સમાજકાર્યમાં ગાંધીજીના અભિગમો સમજવા જરૂરી છે. જે પ્રમાણે છે.

### 3.2.1 ગાંધીજીના સમાજકાર્યના અભિગમ

1. **ક્રાંતિકારી અભિગમ :** ગાંધીજીની દરેક પ્રવૃત્તિ પાછળનો અભિગમ ક્રાંતિકારી હતો. તેમના રચનાત્મક કાર્યક્રમો એ ક્રાંતિના સાધનો હતા.

   ઉ.દા.

   - સાંપ્રદાયિક એકતા
   - આત્માનો વિકાસ
   - દારૂબંધી
   - અસ્પૃશ્યતા નિવારણ
   - નવી તાલીમ
   - ગ્રામોદ્યોગ
   - ગામ સ્વચ્છતા
   - પ્રૌઢ શિક્ષણ
   - રાષ્ટ્રભાષાનો પ્રચાર
   - કચડાયેલા માટે અલગ સુધારો
   - આર્થિક સમાનતા
   - પ્રાથમિક શિક્ષણ
   - સર્વધર્મ સમભાવ
   - શારીરિક શ્રમ
   - ખેડૂતો, મજૂરો, યુવાનોના સંગઠનની સ્થાપના

   આમ, ઉપરોક્ત ઉદાહરણમાં દર્શાવેલ ગાંધીજીની પ્રવૃત્તિ અને તેના પાછળ રહેલ તેમનો હેતુ ક્રાંતિકારી હતા. જેના કારણે સમાનતા, ન્યાય, સ્વતંત્રતા જેવાં મૂલ્યો સમાજમાં પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો થયાં.

2. **લાગણીશીલ અભિગમ :** ગાંધીજીને ભારતીય સમાજમાં જે પ્રશ્નો હલ કરવાના હતાં એમાં આ લાગણી પ્રધાન અપીલના કારણે પણ મોટા પરિવર્તન આવ્યાં છે. ગાંધીજી કહેતા કે, **''ઊંચનીચના ભેદભાવ અને અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં નહિ આવે તો હિન્દુ સમાજનો અને હિન્દુ ધર્મનો નાશ અનિવાર્ય છે.'' ''કાગડા-કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહીં આવું''**

   ગાંધીજીની આવી લાગણીસભર અપીલો લોકોના હૃદયને સ્પર્શી જતી અને જ્યારે આવી અપીલમાં ખામી રહી જાય ત્યારે ગાંધીજી ઉપવાસનો સહારો લેતાં. તેમના ઉપવાસો દેશના મોટાભાગના લોકોને સ્પર્શતા અને પરિવર્તનના દ્વારોને ખોલી નાખતાં.

3. **અહીંસક અભિગમ :** સાધ્યની પ્રાપ્તિ માટે સાધન શુદ્ધ હોવું જોઇએ અને એ સાધન અહીંસક હોવું જોઇએ.

   એ વાત પર ગાંધીજીએ જેટલો ભાર મૂક્યો છે એટલો દુનિયાના કોઇ સુધારકે મૂક્યો નથી. સાધન સારું હશે તો સાધ્ય સારું આવશે, **''જેવા બીજ તેવા વૃક્ષ''**

   ઉ.દા. દેશની ગરીબી, ગુલામી, અસ્પૃશ્યતા નાબૂદી, કોમવાદ, શોષણ જેવી સમસ્યાના હલ માટે તેમણે અહીંસક અભિગમ અપનાવ્યો.

4. **અંત્યોદય અભિગમ :** ગાંધીજીનો આદર્શ સમાજના તમામ વર્ગોના સમુચિત ઉદય કે કલ્યાણનો હતો પણ તેમને જોયું કે સમાજમાં જેઓ છેવાડે પડેલાં છે એ લોકોનો ઉદ્ધાર નહિ થાય ત્યાં સુધી સર્વોદયનો આદર્શ ક્યારેય સિદ્ધ થઈ શકે નહિ.

 ઉ.દા. અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રી ઉન્નતિ, આદિવાસી કલ્યાણ, રક્તપિત્ત, ગ્રામોદ્ધાર વગેરે રચનાત્મક કાર્યક્રમો એમનાં અંત્યોદયના અભિગમના સૂચક છે.

5. **સામૂહિક અભિગમ :** ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમો આપ્યા તે દેશના મોટા જનસમૂહની સમસ્યાઓના ઉકેલ માટેના હતાં. કારણ કે ભારતની મોટાભાગની પ્રજાનો પ્રશ્ન અન્ન, વસ્ત્ર અને રહેઠાણનો હતો. ગાંધીજી તેમની સાથે કાર્ય કરતાં લોકો સાથે લાગણી રાખતા, પરંતુ તેમના કાર્યક્રમો જે સમુદાયો કે જૂથો વિવિધ ભેદભાવયુક્ત વ્યવહારોના ભોગ બનેલા છે તેવા જૂથો, સમુદાયોની સમસ્યાઓની અગ્રતા આપતાં હતા. ગાંધીજી કોઈપણ પ્રશ્ન હાથ ધરતા એ પ્રશ્નને તેઓ રાષ્ટ્રીય રૂપ આપતા અને આખા રાષ્ટ્રને તે પ્રશ્નના સમાધાન માટે અપીલ કરતાં. આમ, સામૂહિક અભિગમએ ગાંધીજીની કાર્યપદ્ધતિની આગવી લાક્ષણિકતા હતી.

### 3.2.2 ગાંધીજીના કાર્યપદ્ધતિની લાક્ષણિકતા

ગાંધીજી દ્વારા થયેલાં સમાજકાર્યને સમાજકાર્યને વધુ સમજવા માટે તેમની કાર્યપદ્ધતિની કેટલીક લાક્ષણિકતાઓ જોઈએ.

**1. માનવજીવન અનેક પાસાંઓના સમન્વયથી બનેલું છે :**

ગાંધીજીની કાર્યપ્રણાલીની દૃષ્ટિએ કહીએ તો ગાંધીજી માનતા હતા કે માનવીનું જીવન અનેક વિવધ પાસાંઓના સમન્વયથી બનેલું છે અને તે એક છે કે અખંડ છે. આથી તેના વિવિધ પાસાંઓ જેવાં કે ધાર્મિક, નૈતિક, સામાજિક, આર્થિક, રાજકીય, વ્યક્તિના અને સામુહિક એવા જુદાં જુદાં ભાગમાં વહેંચી ન શકાય અને તે માનવ જીવનના અલગ લાગતા ભાગોએ અલગ અલગ પાસાંઓ છે અને જેની સતત એકબીજાં ઉપર અસર થતી રહે છે. નૈતિક-રાજકીય-આર્થિક, સામાજિક વ્યક્તિગત તથા સામુહિક પ્રશ્નોને અલગ કરી શકાય નહી. એ બધાં પાસાંઓ એકબીજાંની સાથે ગૂંથાયેલાં છે. ગાંધીજીના મત અનુસાર તેઓ જો રાજકારણમાં ભાગ ના લે તો ખરા અર્થમાં એ આધ્યાત્મિક જીવન જીવી શકે નહિ. સાથે સાથે તેમનો એક મત એવો પણ હતો કે રાજકીય તાબેદારી, આર્થિક શોષણ, સામાજિક અત્યાચાર આ દરેક બાબત એ સત્ય અને અહિંસાને સાક્ષાત્કાર કરવામાં અડચણરૂપ પાસાંઓ છે. રાજકીય પાસાંઓમાં તેના કાર્યો વગર સમાજકાર્ય શક્ય નથી. વ્યાવસાયિક સમાજકાર્યકરો રાજકીય કાર્ય પ્રવૃત્તિઓ ટાળે છે. કારણ કે સમાજકાર્યકરો એ સમાજ કે રાજ્યના કોઈપણ ભાગ સાથે કે કોઈ પાસાંના કારણે સંઘર્ષમાં ઉતરવા ઈચ્છતા નથી. વ્યાવસાયિક સમાજકાર્ય જુદાં જુદાં ક્ષેત્રોને, ભાગોને અને તેના પાસાંઓને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે.

**2. સમાજમાં રહેલ અનિષ્ટો સામે અહીંસક પ્રતિકાર :**

ગાંધીજીની દૃષ્ટિએ એમના સમાજકાર્યમાં સમાજમાં પ્રવર્તતા દૂષણો જેવા કે અન્યાય, શોષણ, ઊંચનીચના ભેદભાવ, અસ્પૃશ્યતા વગેરેનો અહીંસક રીતે પ્રતિકાર આવશ્યક માનવામાં આવે છે અને સાથે તેઓ એમ પણ માનતા હતાં કે બૂરાઈનો સામનો કરવો કે પ્રતિકાર કરવો એ દરેક વ્યક્તિની ફરજ છે અને પ્રતિકાર માટે આત્મશુદ્ધિને આવશ્યક ગણતા હતાં. સાથે તઓ કહેતા કે બૂરાઈ સામે પ્રતિકાર કરવો જોઈએ. લૂંટ કરનાર વ્યક્તિઓ નહિ અહીંસક પ્રતિકારથી દરેક વ્યક્તિએ પોતાના હક્કોને મેળવી શકે અને પોતાનું જીવન સારી રીતે જીવી શકે.

**3. વ્યક્તિની આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ દ્વારા સમાજની નવરચના કરવી :**

ગાંધીજીના સમાજકાર્યનો હેતુ નવરચના કરવાનો હતો. જે વ્યક્તિની આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ

દ્વારા કરવાનો હતો. ક્રાંતિકારી અભિગમ દ્વારા સામાજિક ક્રાંતિમાં સામાજિક ક્રિયાનો ઉપયોગ કરીને સમાજમાં પ્રવર્તતા સામાજિક માળખાને તોડી, સામાજિક પ્રશ્નો, સમસ્યાઓ, દૂષણોનો નિકાલ કરી તેના સ્થાને નવું સામાજિક માળખું બનાવવા માટે થાય છે. જે સામાજિક સંસ્થાઓ તથા સામાજિક મૂલ્યોને તેમજ તેની વ્યવસ્થાને અસ્વસ્થ કરે છે. જેના ઉપર સમાજનો આધાર છે. વિચારો પરંપરાઓ અને સંસ્થાઓ જે સામાજિક માળખાને ટકાવી રાખે છે. તેમાં સામાજિક ક્રાંતિની પ્રક્રિયા દરમિયાન પરિવર્તન ઈચ્છતા હતા. જેમાં લોકોના વલણોમાં પરિવર્તન લાવીને સ્વીકૃત સામાજિક મૂલ્યો, સામાજિક સંસ્થાઓના સ્થાને નવો અર્થ તથા નવા જ હેતુઓની શરૂઆત કરવા માંગતા હતા. ગાંધીજીએ સમાજના દરેક ભાગને બદલવા માંગતા હતા, તેથી તે મનુષ્યની જીવન શૈલીમાં પરિવર્તન કરવા માંગતા હતાં. તેમની જીવન પદ્ધતિની નવરચના કરવા માંગતા હતા. આમ સામાજિક ક્રિયા દ્વારા સમાજની પ્રક્રિયામાં મનુષ્યની આધ્યાત્મિક, નૈતિક ઉન્નતિ અંગે પણ નવરચના થાય છે.

### 4. સમસ્યા અને સમસ્યાગ્રસ્ત લોકો બન્ને સાથે તાદાત્મય સાધવું :

ગાંધીજી હંમેશા સમસ્યા કે પ્રશ્નો તથા સમસ્યાગ્રસ્ત લોકો કે સેવાર્થીઓ આ બન્ને સાથે તાદાત્મ્ય સાધતા હતા. તેમાં જોઈએ તો ગરીબોની અસહાય પરિસ્થિતિ, કોમી વૈમનસ્ય, દારૂબંધી, અસ્પૃશ્યતા, સ્ત્રીઓની અવદશા, ગરીબોની અસહાય પરિસ્થિતિ વગેરે જેવી સમસ્યાઓ સાથે તેમજ આ સમસ્યામાં પીડાતા લોકો સાથે તેઓ એકરૂપ થયાં. જેમાં કહેવું હોય તો હરિજન ઉદ્ધારનું કામ એમણે ઉપાડયું. તેમજ હરિજનોને માથે મેલું ઉપાડવાની પ્રથા પણ બંધ કરવાનું કાર્ય ઉપાડયું. આ કામ દ્વારા હરિજન વાલ્મીકિ સમાજ સાથે ગાંધીજીએ અદ્‌ભૂત તાદાત્મ્ય સાધ્યું. વળી, સાથો સાથ તેમણે ઊંચનીચના ભેદભાવો તથા અસ્પૃશ્યતા દૂર કરવા તેમણે એવું પણ નક્કી કર્યું કે તે એવાં જ લગ્ન પ્રસંગોમાં હાજરી આપશે જેમાં એક પક્ષ હરિજન હોય અને એક પક્ષ સવર્ણોનો હોય. આવી જ રીતે ગાંધીજી જ્યારે વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે તેમણે ત્યાં પોતાના ઘરે હરિજન વ્યક્તિને ઘરના એક સભ્ય તરીકે રાખી હતી. તેમજ અમદાવાદમાં હરિજન આશ્રમમાં પણ તેમણે ત્યાંના આશ્રમવાસીઓનો વિરોધ હોવા છતાં એક કુંટુંબ ત્યાં આશ્રમ વસાવ્યું હતું. તેમના ભારત દર્શનો દરમિયાન થયેલાં દર્શનમાં એક ગરીબ સ્ત્રીની પાસે પહેરવા પૂરતાં વસ્ત્રો નહોતા. આ પરિસ્થિતિને જોઈને તેમણે પોતે સ્વૈચ્છિક ગરીબી અપનાવી અને માત્ર કચ્છ (માત્ર ટૂંકુ ધોતિયું) ધારણ કર્યું. ત્યારબાદ 1931માં તેઓ ઈંગ્લેન્ડમાં રાઉન્ડ ટેબલની કોન્ફરન્સમાં ગયા. ત્યારે ત્યાં રાજની મુલાકાત દરમિયાન તેઓ ધોતિયું પહેરીને ગયા તે વખતે તેમણે મંતવ્ય આપ્યું હતું કે દેશના કરોડો જનસંખ્યાને પહેરવા કપડાં નથી કે નથી મેળવી શકતા તો એવી સ્થિતિમાં મને પૂરતાં કપડાં પહેરવાનો અધિકાર નથી. ગાંધીજીની આ હમદર્દીના કારણે જ લોકોને એ પોતાના નજીકના કે સ્વજન લાગતા હતા. કારણ કે ગાંધીજીનું દરેક કાર્ય આવા લોકોના હિતાર્થે જ હતું અને એ સંપૂર્ણ નિઃસ્વાર્થભાવે કરતાં હતાં. પરમાર્થભાવે કરતાં તેમણે સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું અને એટલે જ તેમની અપીલ એ લોકો સુધી પહોંચી શકતી હતી.

### 5. કાર્યક્રમોમાં વ્યક્તિ અને સમાજના પુનઃનિર્માણનો ખ્યાલ :

સમાજસુધારકો પ્રવર્તમાન સામાજિક માળખાનો અસ્વીકાર કરીને માળખામાં રહેલી ખામીઓને દૂર કરવા માટે પ્રયત્ન કરતાં હતાં, જ્યારે ગાંધીજીનો તેમના કાર્યક્રમો દ્વારા વ્યક્તિઓમાં વ્યક્તિ તથા સમાજના પુનઃનિર્માણનો ખ્યાલ હતો અને ગાંધીજીએ પ્રવર્તમાન સામાજિક માળખાના સ્થાને નવા સમાજનું પુનઃનિર્માણ કરવાની વાત કરી હતી. તેમણે નવરચના કરવાનું કાર્ય શરૂ કર્યું હતું. તેમણે લોકોના વલણોમાં રૂઢિઓમાં પરિવર્તન લાવવાનું શરૂ કર્યું તથા પરંપરાગત સ્વીકૃતિ પામેલ તથા દોષપૂર્ણ સામાજિક મૂલ્યોના તેમણે નવા અર્થ કર્યા.

### 6. વ્યક્તિ અને સમાજનું પુનઃનિર્માણ :

સર્વોદય એ ગાંધીજીનો આદર્શ હતો. આ આદર્શમાં સમાજની તમામ વ્યક્તિઓના ઉદયની, કલ્યાણની તથા હિતની કલ્પના રહેલી છે. ગાંધીજીની દૃષ્ટિએ દરેક વ્યક્તિએ પોતાનો વિકાસ એવી રીતે કરવો કે તે પોતાના દેશવાસીઓની ઉત્તમ સેવા કરી શકે, તેમજ તેઓ દરેક વ્યક્તિ પ્રત્યે તેઓ આત્મસન્માનનો ભાવ રાખતા. દરેક વ્યક્તિનું હિત કરવું. એક પણ વ્યક્તિની ઉપેક્ષા થાય કે તિરસ્કાર થાય કે એનો વિકાસ રૂંધાય કે અવરોધાય એ ગાંધીજીને મંજૂર હતું નહીં. તેમજ કોઈ વ્યક્તિના કારણે સમાજનો વિકાસ રૂંધાય કે અવરોધાય તે પણ તેમને મંજૂર હતું નહીં. તેથી જ તેમણે સૂચવેલા રચનાત્મક કાર્યક્રમો શોષણ રહિત અહીંસક સમાજ નવરચનાના કાર્યક્રમો હતાં. તેમજ કોઈ એકબીજાંનું શોષણ ન કરે કે એકબીજાંને લૂંટે નહીં એવી યોજના હતી. તથા વ્યક્તિ અને સમાજનું પુનઃનિર્માણ એ કાર્યક્રમની વિશેષતા હતી.

### 7. પદ્ધતિમાં આચાર-વિચારની એકતા :

ગાંધીજીમાં જે તેમનામાં વિચાર હોય તે જ તેમની વાણીમાં વ્યક્ત થતું આથી તેમના આચાર-વિચારમાં એકતા પ્રવર્તતી જોવા મળતી અને સાથે વાણીમાં હોય તે જ પોતાના આચરણમાં દેખાતું. તેથી જ એ એમના વિશ્વવ્યાપી પ્રભાવનું કારણ હતું. ગાંધીજીએ પોતાના જીવનમાં જે કાંઈ અનુભવો કર્યા છે તેને જ એણે વાણી વર્તન અને લેખો દ્વારા લોકો સમક્ષ મૂક્યાં છે. ગાંધીજીનો દરેક વિચાર અને એમના આચરણ ઉપરથી આવ્યો છે. તે કહેતાં, ''માણસ પોતે જે નથી કરતોં, નથી કહી શકતો તેને વિશે તે ગમે તેટલાં જોરથી બોલે, છતાં તેની અસર લોકો ઉપર પડતી નથી.'' આથી આ દરેક બાબત એ આચરણથી જ જોડાયેલી છે અને તેથી જ તેઓ કહેતાં હતાં કે, ''મારું જીવન એ જ મારો સંદેશ છે.'' તેમના વિચારો વિનયલક્ષી છે. જીવનમાં જ સર્જાય છે એ દરેક બાબતમાં પ્રથમ પોતાના જીવનમાં સાંકળતાં. તેમણે આશ્રમવાસીઓના વ્રતોનું પાલન પહેલાં એમણે કર્યું અને તેમાં રહી જતી ત્રૂટીઓ ભૂલોને જાહેરમાં કબૂલાત કરતાં એમના કોઈપણ કાર્ય કે આદર્શ એ સૌ પ્રથમવાર એ પોતાના સ્વજનો, કુટુંબીજનોને લાગુ પાડે છે પછી જ વ્યાપક સમાજ સમક્ષ મૂકે છે. તેમજ તેઓ કહે છે કે ''હું જે કરું છું કે કહું છું તેને હંમેશા અચૂક કસોટીએ કસીને જોઉં છું. તેઓ જે પણ કરવા બેઠા છે તે મારા અંગતમાં અંગત કે નજીકના સ્નેહીજનોની બાબતમાં પણ લાગુ પાડી શકાય કે નહીં આ વિચારથી અને આચારની સભ્યતાના આધારે જ તેમના વિચારોને સ્વીકૃત મળતી રહી. જ્યારે આજના સમાજસેવાના ક્ષેત્રમાં કાર્યકર્તાઓ જે વિચારને રજૂ કરે છે તેનાથી તદ્દન વિરૂદ્ધનું આચરણ કરે છે કે જીવન જીવે છે અને સમાજ તેમના બેવડા ધોરણોને પારખી જાય છે અને એટલે જ તેમની સમાજમાં કોઈ અસર ઊભી થતી નથી.

### 8. ગાંધીજીનું જીવન ખુલ્લી કિતાબ સમાન :

ગાંધીજીએ પોતાનું જીવન ખુલ્લી કિતાબ જેમ જીવતા. કશું છુપાવવું કે ગુપ્ત રાખવું તેને તેઓ પાપ માનતા હતાં અને તેઓ કહેતા કે, ''આપણે જેવી છીએ તેવા જ જગત સમક્ષ દેખાઈએ અને આપણે પોતાને દેખાઈએ તો આપણી અડધી લડાઈ આપણે જીત્યા એમ હું માનું છું, પરંતુ મનુષ્ય કે સમુદાય પોતે જેવો નથી તેવો દેખાય છે ત્યારે તે જગતને અને પોતાને છેતરે છે.'' ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન જેવું વિચાર અને જીવન જીવતા હતાં તેવાં જ જગત સમક્ષ રજૂ કર્યાં છે અને પોતાની આત્મકથામાં પણ વ્યક્ત કર્યા છે. તેમની આત્મકથાનું નામ પણ ''સત્યના પ્રયોગો'' આપ્યું. સત્યની અવિરત સાધનોના કારણે એમના જીવનમાં કશું છૂપું રહ્યું નથી. તેઓ કહેતાં કે, ''તમામ પ્રકારની ગુપ્તતા એ પાપ છે. કોઈપણ લડત એ ગુપ્તતા વગર ચાલી શકે તેમ ન હોય તો ભલે તૂટી પડે અને એ ગુપ્તતાના કારણે લડત ચાલતી હોય તો તે એક મોટો ભ્રમ કે માયાજાળ છે.'' એટલે જે કાંઈ પણ કાર્ય કરો તે ખુલ્લેઆમ કરવું જોઈએ અને છૂપામણોને તેઓ હિંસા કરતાં પણ ભયંકર સમજે છે. ગાંધીજીએ

પોતાની વ્યક્તિગત સાધનામાં પોતાની ભૂલને સ્વીકારવી અને જાહેર કરવી એ આત્મશુદ્ધિની પહેલી અને અનિવાર્ય ભૂમિકા વડે સ્વીકારે છે અને કયાં સુધી દોશાવાન હોવા છતાં સ્વીકારવાની જગ્યાએ જયારે એ છૂપાવવામાં આવે છે ત્યાર સુધી આપણા જીવનમાં પડેલ મેલ જવાનો નથી. ગાંધીજીને ઘણીવાર લોકોએ એમના અંગત જીવનને લગતા પ્રશ્નો પૂછયાં છે. તેમના વિચારોને લગતા પ્રશ્નો, કુંટુંબને લગતા પ્રશ્નો તો તેમને સત્યને તેમની સમક્ષ મૂક્યું છે. ગાંધીજી કહે છે કે, ''વ્યક્તિઓના જીવનની જાહેર પ્રવૃત્તિઓને અસર થતી નથી. એમ કદી પણ મેં માન્યું નથી. આમ મારું જીવન અનીતિમય હોય અને તેમ છતાં હું અસરકારક પ્રજાસેવક બની શકું એમ હું માનતો નથી. મારા ખાનગી આચરણની મારા જાહેર આચરણ પર અસર પડયા વિના રહેતી નથી. જાહેર અને ખાનગી આચરણ વચ્ચે મેળ ન હોવાના કારણે દુનિયામાં ઘણી આફતો પેદા થાય છે તેમ હું માનું છું.

જયારે આજના સંદર્ભમાં વાત કરીએ તો આપણા પ્રવર્તમાન સમાજ કાર્યકરો વિશે વિચારીએ તો એ સેવાર્થીને મદદ કરવા માટે તેના વિશેની સંપૂર્ણ માહિતી એકત્રિત કરે છે. પરંતુ સેવાર્થીને કાર્યકર્તાને વિશે જાણવાનો અધિકાર આપતા નથી. તેમજ કાર્યકર્તાઓનું જીવન ખાનગી હોય છે, તેથી એ પોતાનાથી થયેલી ભૂલોને જાહેરમાં રજૂ પણ કરતાં નથી અને સ્વીકારતા પણ નથી. કારણ કે તેના સ્વીકારવાના લીધે તેને નુકસાન થવાની સંભાવના રહેતી હોય છે. જેથી ભૂલને જાહેર કરવી એ યોગ્ય સમજતા નથી. આથી કાર્યકરોના જીવનમાં પારદર્શિતા ઓછી હોય છે.

**9. પ્રત્યેક વૃત્તિ અને પ્રવૃત્તિમાં સાર્વત્રિક ન્યાયની દૃષ્ટિએ અને સમગ્ર વિશ્વના કલ્યાણનું લક્ષ્ય :**

ગાંધીજીને કોઈપણ તરફ દ્વેષ નથી. તિરસ્કાર નથી, દુઃખ દેનાર અને સહેનાર બંને એમના પ્રેમ જગતમાં સમાન જ દયાને પાત્ર છે. ગાંધીજીની દરેક પ્રવૃત્તિ અને વૃત્તિમાં સાર્વત્રિક ન્યાયની દૃષ્ટિએ અને સમગ્ર કલ્યાણનું લક્ષ જોવા મળે છે. એમના સત્યાગ્રહોમાં પણ કલ્યાણનો અભિગમ પ્રવર્તતો અને એમણે શોષણ સારાપણું રહેલું છે. તેઓ તે શોષકને તેવા દૃષ્ટિકોણથી જોવાનો પ્રયત્ન કરતાં જેથી તેમના પોતાના વિરોધીના મનમાં પણ એક અલગ છાપ પાડી દેતાં અને તેનો શોષકને હરાવવાનું નહીં, પણ તેને જીતી લેતાં હતાં અને તેને ન્યાય આપીને ન્યાય મેળવવાનું કામ કરતાં હતાં. ગાંધીજી કહેતા હતા કે, ''આપણી તરફ જેવી રીતે વર્તે એમ આપણે ઇચ્છીએ છીએ, તેવી જ રીતે આપણે બીજાઓ તરફ વર્તવું જોઈએ.'' તેમજ ગાંધીજી અન્યાય અને શોષણ કરતી વ્યક્તિઓને સમજવા માટે કહે છે, ''આપણે એ લોકોની જગ્યાએ હોઈએ તો શું કરીએ તે પર વિચાર કરવો અને આપણે કેટલાં લોકો જાહેર છે, વિપક્ષી છે કે નહીં, પરંતુ એક મત કેટલાં છે તે પણ તપાસવું અને સમાધાન થાય તે રીતે ચાલવું'' તેમના મત મુજબ જગતમાં ન્યાયપૂર્ણ શાંતિમય વાતાવરણ સ્થાપિત કરવાનો આ એક માર્ગ છે અને ગાંધીજીના આવા જ અનેક દૃષ્ટિકોણથી સામેવાળા વ્યક્તિનું હૃદય પરિવર્તન થાય છે અને ગાંધીજી માણસને નહીં, પરંતુ તેના દોષોનો જ માત્ર ધિક્કારે છે.

**10. આત્મશુદ્ધિ સમાજકાર્ય માટે અનિવાર્ય :**

ગાંધીજીએ આત્મશુદ્ધિને સમાજકાર્ય માટે અનિવાર્ય અંગ માને છે. જે કોઈ સમાજ માટે સેવા કરવા ઇચ્છિત છે તેમજ નેતૃત્વ કરવા ઇચ્છે છે, પ્રજા માનસ ઉપર પકડ જમાવવા ઇચ્છે છે તેવા સમાજસેવકે પોતાના મન પર પકડ જમાવવી ખૂબ આવશ્યક છે અને આ સ્થિતિ માટે કે ત્યાં સુધી પહોંચવા માટે આત્મશુદ્ધિ એ સમાજસેવક માટે ખૂબ જ આવશ્યક છે. કોઈપણ અસરકારક કાર્ય કે એવા માટે એક માત્ર આવશ્યક બાબત એ સેવકનું ચરિત્ર શુદ્ધ હોવું જોઈએ. નહીંતર એના વિના ઉચ્ચ બૌદ્ધિક ક્ષમતા કે તંત્ર ચલાવવાની કુશળતા પણ વિઘ્નરૂપ નીવડે અને સેવકને આત્મશુદ્ધિ માટે ગાંધીજીએ આપેલાં અગિયાર વ્રતોનું પાલન કરવું અતિ આવશ્યક છે અને તેના દ્વારા વ્યક્તિ પોતાની અંદર રહેલી ત્રૂટિઓને દૂર કરી શકે છે અને તેનો સરળ ઉપાય આત્મશુદ્ધિ છે. જે વ્રતપાલનથી જ શકય બનાવી શકાય છે અને આત્મશુદ્ધિને લીધે પ્રજા પર તેની અસર કે પ્રભાવ પાડી શકાય છે. ગાંધીજીએ પણ

આત્મશુદ્ધિના કારણે જે પ્રજા ઉપર ઊંડી અસર કરી હતી. ગાંધીજીના શુદ્ધ અને સાદા જીવનના કારણે જ અંગ્રેજો પણ ગાંધીજી પ્રત્યે માનભરી દૃષ્ટિએ જોતાં હતાં.

**11. ગાંધીજી પોતાની વિવેકશક્તિ/અંતરાત્માના અવાજને અનુસરતા :**

ગાંધીજી હંમેશા પોતાની અંતરાત્માને જ અનુસરતા હતા અને દરેક મનુષ્યની અંદર સારા-નરસા, શુભ-અશુભ, યોગ્ય-અયોગ્ય વગેરે બાબતને ઓળખવાની વિવેકશક્તિ અમુક પ્રમાણમાં રહેલી જ હોય છે અને સ્વાભાવિક રીતે મનુષ્ય એ વિવેકશક્તિ દ્વારા નિર્ણય શક્તિની વેળાએ પ્રગત થયાં મથતી હોય છે. માણસએ પોતાના વિશુદ્ધ જીવનના કારણે જ જીવનના અંતરઆત્માનો અવાજ કહેતાં અને તેમની સામે કયારેય પણ વિકટમાં વિકટ પરિસ્થિતિ ઉભી થતી ત્યારે એ પોતાનો અંતરઆત્માનો અવાજ કહેતાં અને તેમની સામે કયારેય પણ વિકટમાં વિકટ પરિસ્થિતિ ઊભી થતી ત્યારે એ પોતાનો અંતરઆત્માનો અવાજ સાંભળીને જ નિર્ણય લેતા. આ કોઈ જાદૂઈ ચમત્કાર નથી, પરંતુ સજાગપણે દરેક ક્ષણનો વિચાર કરવો કે વિશુદ્ધ બનતા જવું એ અંતઃકેળવણીનું જ સીધું પરિણામ છે અને તેના આધારે મનુષ્યનું અંતિમ કલ્યાણ શેમાં રહેલું છે તેનો નિર્ણય અંતઃકરણની સજાગતાથી કરી શકે છે.

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્ય માટે વિવેકશક્તિ હોવી અને તેના આધારે કરવાની કોઠાસૂઝ ખૂબ આવશ્યક માનવામાં આવે છે અને ગાંધીજી કહે છે તે મુજબ તેના માટે વિશુદ્ધ હોવું આવશ્યક છે અને તો જ તે મનુષ્ય એ અંતિમ કલ્યાણ વિચારી શકે છે અને આ વિશુદ્ધ જીવન અને આજના સમાજકાર્યકરો સામે મોટો પ્રશ્નાર્થ લાગે છે.

## 3.3 ઉપસંહાર

ગાંધીવાદી વિચારધારા એ આધ્યાત્મિક અથવા ધાર્મિક, નૈતિક, રાજકીય, આર્થિક અને સામાજિક વિચારોનો સમૂહ છે જે મહાત્મા ગાંધી દ્વારા અપનાવવામાં અને વિકસિત છે. ગાંધીવાદી ફિલસૂફીનો ઉદ્દેશ સત્ય અને અહિંસાના સિદ્ધાંતો અનુસાર વ્યક્તિગત અને સમાજને એક સાથે રૂપાંતરિત કરવાનો છે. આમ, ઉર્પોક્ત દરેક મુદ્દાનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી ગાંધીજીના સમાજકાર્ય અંતર્ગતના વિચારોને સ્પષ્ટપણે સમજી શકે છે.

## 3.4 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ગાંધીજીનો જન્મ ક્યારે થયો હતો ?

   (A) ઈ.સ. 1969 (B) ઈ.સ. 1969

   (C) ઈ.સ. 1879 (D) ઈ.સ. 1859

2. ગાંધીજીએ ભારતમાં 7 લાખ ગામડાના પુનઃનિર્માણ માટે ....... રચનાત્મક કાર્યક્રમો આપ્યાં હતાં.

   (A) 18 (B) 17

   (C) 19 (D) 16

3. ગાંધીજીના મંતવ્ય મુજબ સાધ્યની પ્રાપ્તિ માટે સાધન શુદ્ધ હોવું જોઇએ અને એ સાધન કેવું હોવું જોઈએ ?

   (A) અહિંસક (B) હિંસક

   (C) સાદું (D) એકેય નહિં

4. ગાંધીજીના સમાજકાર્યનો હેતુ નવરચના કરવાનો હતો જે વ્યક્તિની ........ દ્વારા કરવાનો હતો.

(A) આધ્યાત્મિક ઉન્નતિ (B) નૈતિક ઉન્નતિ

(C) આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ (D) માત્ર A

5. ગાંધીજીના મતે ધર્મ એટલે ?

(A) નૈતિકતા અને સત્ય (B) અહિંસા અને સત્ય

(C) અપરિગ્રહ, સ્વદેશી, અને સર્વધર્મ (D) ઉપરોક્ત તમામ

## 3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ઈ.સ. 1969
2. (A) 18
3. (A) અહીંસક
4. (C) આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ
5. (D) ઉપરોક્ત તમામ

## 3.6 ચાવીરૂપ શબ્દો :

- **મૂલ્યો :** સિદ્ધાંતો અથવા વર્તનના ધોરણો
- **વિચારધારા :** વિચારોનું વિજ્ઞાન, તેમના મૂળ અને પ્રકૃતિનો અભ્યાસ
- **અંત્યોદય :** એટલે સમાજના સૌથી નબળા વર્ગનું ઉત્થાન
- **સર્વોદય :** એટલે સર્વનો વિકાસ

## 3.7 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ગાંધીજીના સમાજકાર્યના અભિગમ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

2. ગાંધીજીના સમાજસુધારણાના પ્રયત્નો જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

3. ગાંધીજીનો સમાજકાર્ય અંતર્ગત વિચાર ટૂંકમાં દર્શાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.8 પ્રવૃત્તિ (Activities)

- ગાંધીજીએ ભારતમાં ગામડાના પુનઃ નિર્માણ માટે 18 રચનાત્મક કાર્યક્રમો આપ્યાં હતાં તેના પર વિગતવાર નોંધ તૈયાર કરો.

## 3.9 કેસસ્ટડી (Case Study)

- સ્વૈચ્છિક સેટિંગમાં / સ્વૈચ્છિક સંસ્થામાં ગાંધીવાદી સામાજિક કાર્ય કેટલું સુસંગત છે તેના પર કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.10 સંદર્ભગ્રંથ


1. Gandhian Studies & Peace Research Series-4 : The Social Philosophy of Mahatma Gandhi K. S. Bharathi, Concept Publishing Company, New Delhi - 110059
2. મેનેજમેન્ટના મસીહા (મહાત્મા ગાંધી) : ડૉ. ઉષા અરૂણ ચતુર્વેદી (M.A.,Ph.D.) પ્રકાશન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમવાદાદ - 380001
3. ગાંધી દર્શન : પ્રો. સી. એમ. ગાંધી (સુહાસી) ઈદ પ્રકાશન : અમૃત એ. મોદી, રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર 4/773, ટાવર રોડ-સુરત.
4. गांधीमार्ग : अहिंसा संस्कृति का दैमासिक
   वर्ष : ४३ अंक ६ जनवरी-फरवरी १९९९
   संपादक : राजीव वोरा
   संपादक : अनुपम मिश्र महेन्द्रभारुद्म
   सत्येन्द्रकुमार आशा बोधरा
   गांधी शांति प्रतिष्ठान, नरुद्म दिल्ली-११०००२.

# એકમ–4 ગાંધીજીની વિચારસરણી - મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

## : એકમનું માળખું :


**4.0 એકમના હેતુઓ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ગાંધીજીની મુક્ત અર્થતંત્રની વિચારધારા**

**4.3 ગાંધીજી અને સમાજવાદ**

**4.4 ગાંધીજી અને લોકતંત્ર**

**4.5 ગાંધીજી અને માનવતાવાદ**

**4.6 ઉપસંહાર**

**4.7 તમારી પ્રગતિ ચકાસો**

**4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**4.9 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**4.10 સ્વાધ્યાય લેખન (Assignment)**

**4.11 પ્રવૃત્તિ (Activities)**

**4.12 કેસસ્ટડી (Case Study)**

**4.13 સંદર્ભગ્રંથ (Further Readings)**


## 4.0 હેતુઓ

આ એકમના અભ્યાસ પછી,

1. ગાંધીજીની મુક્ત અર્થતંત્રની નીતિને સમજી શકાય છે.
2. ગાંધીજીના માનવતાવાદ, સમાજવાદ અને લોકતાંત્રિક વિચારધારાને સમજી શકાય છે.

## 4.1 પ્રસ્તાવના

ગાંધી અને તેમના અનુયાયીઓના આર્થિક વિચારોને સામૂહિક રીતે ગાંધીવાદી અર્થશાસ્ત્ર કહી શકાય. ગાંધી પોતે વ્યાવસાયિક અર્થશાસ્ત્રી નહોતા. તે એક મહાન રાજકીય અને આધ્યાત્મિક નેતા હતા. પરંતુ તેમના સત્ય અને અહિંસાના દર્શન સાથે સુસંગત, તેમણે આર્થિક વિચારોનો સમૂહ આપ્યો જે પશ્ચિમના પરંપરાગત અર્થશાસ્ત્રની વિરુદ્ધ છે. આ એકમમાં આપણે ગાંધીજીની આર્થિક વિચારધારા તથા માનવતાવાદ, સમાજવાદ અને લોકતાંત્રિક વિચારધારા સમજીશું.

## 4.2 ગાંધીજીની મુક્ત અર્થતંત્રની વિચારધારા

**પ્રસ્તાવના :**

મૂળભૂત આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે દરેક દેશે તેના રાજકીય માળખાને અનુકૂળ નીવડે તેમજ તેની ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અને જરૂરિયાતને અનુરૂપ તેવી આર્થિક પદ્ધતિ અને આર્થિકવાદ અસ્તિત્વમાં આવ્યાં છે. આ વાદ દેશ અને કાળની પરિસ્થિતિ મુજબ આકાર લેતા હોય છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિના અને અનિષ્ટોમાંથી સમાજને બચાવવા સમાજવાદનો વિકાસ થયો, પરંતુ સમાજવાદમાં પણ અનેક મર્યાદાઓ રહેલી હોવાથી વ્યક્તિ અને સમાજમાં હિતોની જે

રીતે જાળવણી થવી જોઈએ તે રીતે થતી નથી. ભારત જેવા દેશમાં સમાજવાદી આર્થિક પદ્ધતિ તેના યોગ્ય સ્વરૂપમાં અમલમાં મૂકી ન શકાય તેવી માન્યતા ગાંધીજી ધરાવતા હતાં. તેથી ગાંધીજીએ ભારતની આર્થિક સમસ્યાનું નિદાન પોતાની આગવી રીતે કરીને તેનો ઉકેલ સૂચવ્યો હતો. પરંતુ આમ કરવા પાછળ તેમનો હેતુ કોઈ આર્થિક પદ્ધતિ ઊભી કરવાનો ન હતો. આમ છતાં જે.સી.કુમારપ્પા, બિપીન બિહારી, એમ.એલ.દાંતાવાલા, શ્રીમન્નનારાયણ અગ્રવાલ જેવા ગાંધીજીના વિચારોના અભ્યાસીઓએ ગાંધીજીના આર્થિક વિચારોને ગાંધીવાદ નામે ઓળખવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગાંધીજીએ આની સામે અણગમો વ્યક્ત કરતાં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, ''મેં કંઈ નવું તત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર શાશ્વત સત્યો છે તેને આપણા નિત્ય જીવનના પ્રશ્નને લાગુ પાડવાની મારી ઢબે પ્રયાસ કર્યો છે. હું જે નિર્ણયો પર આવ્યો છું. તે છેવટના નથી. હું તો કાલે એ બદલું. તમે તેને ગાંધીવાદ ન કહેશો એમાં 'વાદ' જેવું કશું જ નથી.''

### 4.2.1 નીતિપ્રધાન માનવી :

ગાંધીજીના આર્થિક વિચારોને નીતિશાસ્ત્ર સાથે ગાઢ સંબંધ છે, એડમ સ્મિથના આર્થિક માનવી તરીકેના અનુમાનો તેમજ ઓબિસ્નનના અર્થશાસ્ત્રને વાસ્તવિક વિજ્ઞાન દર્શાવતા વિચારોનો ઉગ્ર વિરોધ કરતાં ગાંધીજી જણાવે છે કે, ''જે અર્થશાસ્ત્ર કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્રના વિકાસ અથવા કલ્યાણમાં અવરોધરૂપ નિવડે અને જે અર્થશાસ્ત્ર એક દેશને બીજા દેશની લૂંટ ચલાવવાની છૂટ આપે તે અર્થસાસ્ત્ર અનીતિમય અને પાપરૂપ છે.''

ગાંધીજીના મત પ્રમાણે જે સમાજમાં નીતિવાન માનવીઓ હોય ત્યાં ગળાકાપ હરીફાઈ, ઈર્ષા, સંઘર્ષ, સંગ્રહવૃત્તિ, છેતરપિંડી, શોષણ વગેરે જોવા મળતા નથી. પરિણામે માનવીનો સમાજ એ એક આદર્શ વ્યવસ્થા છે. આમ, ઈર્ષા, સંઘર્ષ, શોષણ, સ્વાર્થને બદલે પ્રેમ, સદ્ભાવના, અહીંસક માર્ગે આર્થિક ક્રાંતિ કરવા જણાવ્યું છે. અર્થતંત્રની સાચી સંપત્તિ ભવ્ય મકાનો, કારખાના અને ઈમારતો નથી, પરંતુ માનવસંપત્તિ છે. આમ, નીતિના પાયા પર રચાયેલી અર્થવ્યવસ્થા જ ઉત્તમ હોઈ શકે છે.

### 4.2.2 વિકેન્દ્રીકરણ

સર્વોદય આદર્શને સિદ્ધ કરવા માટે ગાંધીવાદી આર્થિક વિચારધારામાંથી જે વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા ઉદ્ભવે છે. તે સ્વાવલંબી ગ્રામ સમૂહો ઉપર આધારિત છે. જે વિકેન્દ્રિત વ્યવસ્થા છે. મૂડીવાદી અને સમાજવાદી વ્યવસ્થામાં અનુક્રમે થોડાંક લોકો અને રાજ્ય પાસે આર્થિક સત્તાની જમાવટ ન થાય તે માટે ગાંધીજી સ્વાવલંબી ગ્રામસમૂહો પર આધારિત વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા ઊભી કરવા માંગે છે. ગાંધીવાદી આયોજનમાં પાયાનું ઘટક ગામડું છે. ખેતી અને ગ્રામોદ્યોગ દ્વારા ગામડાઓને સ્વાવલંબી બનાવવા જોઇએ. પંચાયત રાજ દ્વારા ગામડા રાજકીય રીતે પ્રજાસત્તાક એકમોમાં રૂપાંતરિત થવા જોઇએ.

### 4.2.3 અહીંસક અર્થવ્યવસ્થા

ગાંધીજીના વિચારોમાં અહીંસક અર્થરચનાનો આદર્શ રહેલો છે. આર્થિક પરિવર્તનો લોહિયાળ ક્રાંતિ દ્વારા સિદ્ધ કરી શકાય છે, પરંતુ તે કાયમી ટકતા નથી. આર્થિક પરિવર્તન આદર્શ સમાજરચના કરવા અહીંસક ક્રાંતિનો માર્ગ અપનાવવો જોઇએ. હિંસા અનેક પ્રશ્નો અને સમસ્યાઓનું સર્જન કરે છે. ત્યાગીને ભોગવવાનો સિદ્ધાંત આ ક્રાંતિમાં જોવા મળે છે.

### 4.2.4 નૈતિકતા

ગાંધીજી આધ્યાત્મિકતાના પૂજારી હતા. જડ જાહોજલાલી નહીં, પરંતુ આધ્યાત્મિક સંપત્તિ જ આર્થિક પદ્ધતિનું ધ્યેય હોવું જોઇએ. અઢળક સંપત્તિ જ માનવ અનીતિનું પરિણામ છે. એમ ગાંધીજી માનતા હતા. તેઓ અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રને કદી જૂદા પાડતા નહી. તેમના માટે સાચું અર્થશાસ્ત્ર કદી પણ નૈતિક મૂલ્યોની અવગણના કરતું નથી. આમ, ગાંધીજીના નૈતિકતાના વિચારો પૂર્વના અર્થશાસ્ત્ર તરીકે ઓળખાય છે. આમ, ગાંધીજી દરેક આર્થિક પ્રશ્નમાં નીતિને વધારે મહત્ત્વ આપે છે.

ગાંધીજીના આર્થિક વિચારોમાં આર્થિક પસંદગી અને વર્તમાનમાં નીતિમત્તા, માનવીય દષ્ટિકોણ

રહેલો છે. આર્થિક સમાનતા અને શોષણવિહીન સમાજરચના માટે જરૂરિયાતો પર કામ, આર્થિક, સ્વતંત્રતા, સ્વદેશી ચળવળ અને સ્વાવલંબન, યંત્રોની મર્યાદા, વિકેન્દ્રીકરણ, વાલીપણાનો સિદ્ધાંત, અહીંસક અર્થવ્યવસ્થા, નૈતિકતા પર વિશેષ ભાર મૂકીને આદર્શ સમાજ વ્યવસ્થા ઊભી કરવા માંગે છે.

### 4.2.5 જરૂરિયાતોની વૃદ્ધિ પર અંકુશ

ગાંધીજીના અહીંસક અર્થરચનામાં મર્યાદિત જરૂરિયાતો અને મર્યાદિત સાધનોના પ્રશ્નો-અછતના પ્રશ્નોના ઉકેલ માટે જરૂરિયાતો પર અંકુશ મૂકીને સાદું જીવન અપનાવવા પર ભાર મૂકવામાં આવે છે. ગાંધીજીના મતે જો જરૂરિયાતો ઓછી કરવામાં આવે અને લોકો સુખસગવડોવાળા જીવનને બદલે સાદું જીવન જીવવાનું રાખે તો ઘણા દુઃખો દૂર થઇ જાય. આ સાથે બજારની દૃષ્ટિએ નહીં પરંતુ સમાજની દૃષ્ટિએ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં ઓછી વસ્તુઓ વાપરે તેવો ગાંધીજી અનુરોધ કરે છે. આમ, ગાંધીજી 'સાદા જીવન અને ઉચ્ચ વિચારો' પર વજન મૂકતાં હતાં. વધુમાં તેઓ જણાવે છે કે અંતર અને સમયને ટૂંકવવાની શારીરિક હાજતો વધારવાની અને તેની તૃપ્તિ માટે ધરતીના છેડા સુધી જવાની આ ઘેલછા વિશે મને ખરા જાગરથી અણગમો છે. ટૂંકમાં જીવન સુખી સગવડતાવાળું બને એવી અને એટલી જરૂરિયાતો સહુ કોઇએ રાખવી અને સંતોષવી જોઇએ.

### 4.2.6 આર્થિક સ્વતંત્રતા

ગાંધીજી રાજકીય સ્વતંત્રતા કરતાં આર્થિક સ્વતંત્રતાને વધુ મહત્ત્વ આપતા હતા. આર્થિક સ્વતંત્રતા વગર રાજકીય સ્વતંત્રતા માત્ર નામની જ રહે છે. આર્થિક પરતંત્રતા એ રાજકીય પરતંત્રતા લાવે છે. ગાંધીજી કહેતા હતાં કે સાચા સ્વરાજ્યમાં રાજા અને રંક બન્નેને જીવનની જરૂરિયાતો સંતોષવાની પૂરી અને સમાન તક હોવી જોઇએ. ગાંધીજીના મતે દેશમાં કોઇપણ વ્યક્તિ અન્ન વસ્ત્રના અભાવથી પીડાતી ન રહે તેવી આર્થિક સમાજરચના સ્થાપવી જોઇએ. ગાંધીજી હૃદયપરિવર્તન, સંવાદ, સહકાર, અહિંસા વગેરે દ્વારા આદર્શ સમાજ રચનાનો ધ્યેય ધરાવે છે અને તે દ્વારા સમાન બને તેવી ઉમદા ભાવના ગાંધીજી રાખતાં હતાં.

### 4.2.7 સ્વદેશી અને સ્વાવલંબન

ગાંધીજી 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' ના આદર્શના હિમાયતી હતા. જરૂરિયાતો પર અંકુશ મૂકીને જીવનમાં સાદગી અપનાવવાનું સૂચવે છે. સાદાઇના સિદ્ધાંત ઉપરાંત 'સ્વાવલંબન' ને મહત્ત્વનું સ્થાન આપે છે. ગાંધીજી સહયોગ, એકતા, સહકાર પર પરસ્પરાવલંબન અને એકબીજાંને સુખી કરવા માટે કરવાની ભાવના જેમાં વિકસી શકે એમ હોય એવી અર્થવ્યવસ્થા રચવા ઈચ્છતા હતા. ગાંધીજી ગામ સ્વાવલંબનના પાયા પર અર્થવ્યવસ્થાનું માળખું ઊભું કરવા માંગતા હતા. દરેક ગામ એની આર્થિક જરૂરિયાતોને પૂર્ણ કરવાની બાબતમાં સ્વાવલંબી હોવું જોઇએ, એવું એમનું દૃષ્ટિબિંદુ છે. કૌટુંબિક ભાવના પર રચાયેલો આત્મનિર્ભર ગ્રામસમાજ એ એમનો આદર્શ છે. ગામ સ્વાવલંબનના આદર્શ સાથે ગ્રામ પોતાની પ્રારંભિક જરૂરિયાતો પોતે જ પેદા કરે તે હેતુથી સ્વદેશી ભાવના જાગૃત કરવાનો છે. ગાંધીજી સ્વદેશીને આ યુગના મહારોગનું મહાઔષધ ગણતા. સ્વદેશીનું વિસ્મરણ એ આપણી આજની દુર્દશાનું મોટું કારણ છે. સ્વદેશી તેઓને યુગધર્મ તરીકે નવાજતા હતા. રેડિયો અને ખાદીને ગાંધીજીની સ્વદેશી યોજનાના આધારસ્તંભો છે. ભારત જેવા દેશમાં ગરીબી, બેકારી, દૂર કરવા દેશના સાધનો ખાસ કરીને મજૂરોનો ઉપયોગ કરવા સ્વદેશી અને સ્વાવલંબ આર્થિક આત્મનિર્ભરતાના વિચારો ખૂબ જ આવકારદાયક છે.

### 4.2.8 વાલીપણાનો સિદ્ધાંત

ગાંધીજીના આર્થિક વિચારોમાં વાલીપણાનો સિદ્ધાંત વધુ ધ્યાન ખેંચે તેવો અને ક્રાંતિકારી છે, જે ઉત્પાદનના સાધનોની માલિકી સાથે સંકળાયેલોં છે. મૂડીવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હોવાથી આર્થિક સત્તા અને સંપત્તિનું કેન્દ્રિકરણ સર્જાય છે. જ્યારે સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની હોવાથી અમલદારશાહીના અનિષ્ટો દૂર કરી શકાય તેવા ખ્યાલથી વાલીપણાનો

સિદ્ધાંત રજૂ કર્યો હતો. શ્રી પ્યારેલાલના શબ્દોમાં, ''વાલીપણાનો સિદ્ધાંત આધુનિક મૂડીવાદની સમાજવ્યવસ્થાને સમાનતાવાળી સમાજવ્યવસ્થામાં પરિવર્તન કરવા માટેનું સાધન છે. તે મૂડીવાદને સુધારવાની તક પૂરી પાડે છે.'' આમ, માલિકીપણાના હક સાથે માલિકીપણાની ફરજો બજાવવાની હિમાયત કરવામાં આવી છે.

### 4.2.9 યંત્રોની વપરાશ અને મર્યાદા

લગભગ બધા જ પ્રકારની આર્થિક પદ્ધતિઓમાં આર્થિક વિકાસ અને આધુનિક સંસ્કૃતિના આધાર તરીકે યંત્રના સ્વીકાર અને વપરાશ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિના અનિષ્ટોથી જાણકાર કાર્લમાર્ક્સ પણ યંત્રોની મર્યાદા સમજી શક્યા ન હતાં. પરંતુ ગાંધીજી યંત્રોની મર્યાદાઓ અને તેમના ભયસ્થાનો જોઇ શક્યા હતા. તેઓના મતે યંત્રો માનવી માટે છે, માનવી યંત્રો માટે નથી. યંત્રો જનસમાજના સંપર્કો તરીકે રહેવા જોઇએ, શેઠ બનવા જોઇએ નહીં. શ્રમના ભોગે યંત્રો વપરાતા હોય તો તેવા યંત્રોની વપરાશ પર મર્યાદા મુકવાનો ગાંધીજીએ અનુરોધ કર્યો હતો.

## 4.3 ગાંધીજી અને સમાજવાદ

સામાન્ય વિચારધારા કે જે સમાજના અલગ અલગ વિચારોને ધારાધોરણોને તાર્કિક રીતે તથા જુદાં જુદાં વિભાગોમાં વિભાજીત કરી તેના નિયમો હેતુઓના રક્ષણના વિકાસ માટે ઉદારલક્ષી વિચાર શૈલીને સમાજવાદ કહેવામાં આવે છે.

સમાજને વિવિધ વિભાગોમાં વિભાજીત કરવામાં અલગ અલગ પ્રકારની લાક્ષણિકતાનો ઉપયોગ કરી અને તે મુજબનું અનુકૂલન સાધવાનું અને સમાજમાં દરેકનું સ્તરની મૌલિક પ્રાથમિકતા સચવાય અને જળવાઈ રહે તે રીતનું બંધારણીય ઢાંચામાં ગોઠવવું એટલે સમાજવાદ.

ગાંધીજીએ દરેક ક્ષેત્રમાં પોતાના વિચારોનું યોગદાન આપ્યું છે. આપણે આગળ જોયું તેમ અર્થતંત્ર, માનવતાવાદી તે જ પ્રકારે સમાજવાદ અને ગાંધી વિચારધારાને પણ જોડવામાં આવ્યું છે. જેની વિસ્તૃત સમજ આ રીતે આપી શકાય.

મૂડીવાદની મર્યાદાઓને ઘટાડવા એક નવીન પ્રયોગ થયો જે સમાજવાદ તરીકે ઓળખવામાં આવ્યો. બ્રિટનની ઔદ્યોગિક ક્રાંતિના માઠા પરિણામોએ શ્રમિકો અને ગરીબોની સ્થિતિ દયાજનક બનાવી. મૂડીપતિઓએ શ્રમિકોનું શોષણ કરવામાં કોઇ મર્યાદા સ્વીકારી નહીં. આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા લોકશાહી સરકારે સમાજવાદી નવી આર્થિક રીત અપનાવી.

આ નીતિ મુજબ મહત્તમ લોકોનું કલ્યાણ કરવાનો ધ્યેય સ્વીકારાયો. સરકારે મૂડીવાદને સ્વીકાર્યો, પરંતુ ખાનગી મિલ્કત ઉપર, બજારની અનિયંત્રિત રીતિનીતિઓ ઉપર કાયદાઓ દ્વારા મર્યાદા મૂકી આવકની અસમાન વહેંચણીના ઉપાય સ્વરૂપે મદદો આપવા માંડી. તેમની જીવનની પાયાની જરૂરિયાતો માંદગીની જરૂરિયાતો સંતોષવા વ્યવસ્થા ઉભી કરી. મૂડી અને શ્રમ વચ્ચેના વર્ગ વિગ્રહના ઉપાયરૂપે કાયદાઓ પસાર કરાવ્યાં.

અર્થતંત્રમાં મોટા અને નાના પાયાના ઉદ્યોગો સરકાર હસ્તક કર્યા. સરકાર દ્વારા આયોજન અસ્તિત્વમાં આવ્યું. ખાનગીક્ષેત્રના ઉદ્યોગો અને સરકાર હસ્તક ઉદ્યોગો એ રીતે મિશ્ર અર્થતંત્ર સર્જાયું.

માણસને સામાન્ય વ્યક્તિ તરીકેનો દરજ્જો આપી મતાધિકાર આપી લોકશાહી વ્યવસ્થાનું સર્જન થયું. પ્રજાને તેમનો ધર્મ અપનાવવાની પસંદગી આપી. સરકાર ધર્મ પ્રતિ નિર્લેપ બની રહી.

સરકાર વહીવટ ચલાવવા માટે જરૂરિયાત ઊભી થતા હિંસાનો આધાર લેવો સહજ માનતી થઈ. આમ સમાજવાદને મૂડીવાદ અને સામ્યવાદ વિચારધારા વચ્ચેનો મધ્યમવર્ગ કહી શકાય.

શોષિતોને સગવડો આપીને સાથ આપવો. મતાધિકારનો હક આપી વાણી સ્વાતંત્ર્ય આપવું. વર્ગવિગ્રહો ઘટાડવા કાયદાઓનું રક્ષણ અને વિશેષ લાભ આપવા મૂડીપતિઓ ઉપર આંશિક મર્યાદાઓ મૂકી, બજારતંત્ર ઉપર નિયંત્રણો મૂકી તેમને અંકુશમાં લાવવા, સરકારી આયોજન દ્વારા મહત્ત્વના ઉદ્યોગો સરકાર હસ્તક રાખવા જેવા ઉપાયો સમાજવાદની આગવી ઓળખ આપે છે.

ગાંધીજી મહત્તમ પ્રજાનું નહીં પરંતુ સમગ્ર પ્રજાનું કલ્યાણ ઈચ્છે છે. પ્રજાના કલ્યાણ માટે સમાજવાદમાં અપનાવાયેલી સગવડોની વહેંચણી ઘોડીયાથી કબર સુધીની મદદ આપવાની રીતે ગાંધી વિચાર સાથે સુસંગત થતી નથી. ગાંધીવિચાર મુજબ અનાથાલયો નહીં, પરંતુ પરિશ્રમાલયો ચલાવો, મદદ આપી પ્રજાના એ વર્ગને પાંગળા બનાવવાને બદલે તેમને સ્વપાર્જિત આવક મળે તેવી વ્યવસ્થા સર્જી સ્વાવલંબી બનાવવા.

વર્ગ વિગ્રહની નાબૂદી, અન્યાયની નાબૂદી, કાયદા ઉપરાંત મૂડીપતિના અભિગમના પરિવર્તનથી શક્ય બની શકશે. આ માટે ગાંધીવિચારમાં વાલીપણાના સિદ્ધાંતનું મહત્ત્વ છે.

સમાજવાદમાં મોટા ઉદ્યોગો, કેન્દ્રિત ઉદ્યોગો શહેરીકરણ યથાવત રહે છે. ગાંધી વિચાર મૂળભૂત રીતે જ વિકેન્દ્રીય આયોજન, ઉત્પાદનના સાધનોની વહેંચણી, સ્થાનિક શ્રમપ્રધાન ઉત્પાદનો અને ગ્રામ્ય અર્થતંત્રને ટકાવી વિકસાવવાની વાતને મહત્તમ મહત્ત્વ આપે છે. નાના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગોને વિકસાવી સાધનોની મહત્તમ વિકેન્દ્રીકરણને મહત્ત્વ આપે છે.

સમાજવાદી લોકશાહીમાં મૂડીપતિઓનું વર્ચસ્વ જળવાય છે. રાજકારણમાં મૂડીપતિઓનું વર્ચસ્વ આવતા મૂડી અને બજાર ઉપર મૂકાતાં નિયંત્રણો પાંગળાં બની જાય છે. એ ઉપરાંત મૂડીપતિઓને લાભ થાય તેવી કાનૂની વ્યવસ્થા અને અર્થવ્યવસ્થા રચાતી જાય છે. વંચિતોને મદદનો સધિયારો આપી સંતોષ માની લેવાય છે. લોકશાહી સાચી લોકશાહી રહી શકતી નથી.

ગાંધી વિચારમાં સમગ્ર પ્રજાના કલ્યાણ માટે પાયામાંથી જ પરિવર્તનની અપેક્ષા છે. અભિગમના પરિવર્તનની અપેક્ષા છે. સ્વાવલંબી પ્રજાની અપેક્ષા છે. સંપૂર્ણ રોજગારીની અપેક્ષા છે. આ હેતુઓ સિદ્ધ કરવા.

- સ્વદેશી વસ્તુઓ વાપરવાનો ખાસ આગ્રહ છે.
- શહેરો નહીં, ગ્રામ્ય ક્ષેત્રોને પ્રાધાન્ય આપવાનો આગ્રહ છે.
- સગવડો નહીં, રોજી આપી સ્વસ્થ બનાવવા ઈચ્છે છે.
- વિકેન્દ્રિત આર્થિક પ્રવૃત્તિથી સત્તા અને આવકની સમાનતા વધારે છે.
- અનિવાર્ય મોટા કારખાનાઓ માટે 'વાલીપણા' ની રીત સમજાવે છે.

ગાંધી વિચાર સમગ્ર પ્રજાના વિકાસને સમગ્ર પ્રજાના કલ્યાણને મહત્ત્વ આપે છે. પ્રજાનો કોઈ એક વર્ગ ગમે તેટલો મોટો હોય તો પણ કલ્યાણ પામે અને બીજો વર્ગ કચડાય તે ગાંધીવિચારમાં સ્વીકાર્ય નથી. ધનિકોના ભોગે ગરીબોને રક્ષવા નથી અને ગરીબોની પરવા કર્યા વગર ધનિકોને વિકસવા દેવા નથી. બંને વર્ગને એક સાથે રાખી સહકારથી પ્રત્યેક પરિસ્થિતિ સુધારવી છે.

ગાંધી વિચાર સમગ્રનું કલ્યાણ દાનધર્મથી કરાવવા નથી માંગતો, પરંતુ પ્રજામાં શ્રમનું ગૌરવ કરાવી, પ્રજાને ઉદ્યમી બનાવી, પૂર્ણ રોજગારીની સ્થિતિ સર્જી, ધનિકોનો જીવન તરફનો અભિગમ બદલી, મૂળભૂત પરિવર્તન દ્વારા કાયમી સમૃદ્ધિ સ્થાપવા ઈચ્છે છે.

ગાંધી વિચાર માનવધનને વિકસાવવાના હેતુથી અન્ય સાધનોનું વિકેન્દ્રીકરણ, સ્થાનિક ધોરણે આયોજન, શ્રમપ્રધાન ઉત્પાદન રીતો, શ્રમિકોને કાર્યક્ષમ બનાવતા સંશોધનો, પ્રજાના વિકેન્દ્રીકરણથી સારી જીવન વ્યવસ્થા જેવા અનેક વ્યવહારુ ઊપાયો યોજે છે.

ગાંધી વિચાર માત્ર ઉત્પાદન વધારા દ્વારા વિકાસને મહત્ત્વ આપવા નથી માંગતો. પ્રજાના એક વર્ગને અતિસમૃદ્ધ જીવન આપી બીજાને મદદો આપી સંતોષ લેવા નથી માંગતો, પરંતુ ગાંધીવિચાર માણસની માનવતાને ઉજાગર કરવા માંગે છે. સત્ય, ન્યાય અને વ્યાજબી આવક દ્વારા સાચી જરૂરિયાતો સંતોષ સમગ્ર સૃષ્ટિને જાળવી રાખવાનું શીખવવા માંગે છે. પાયાની વિકાસની અને મનોરંજનની વાજબી જરૂરિયાતોને સંતોષી ભાવિ પેઢીને પણ સલામતી આપવા ઈચ્છે છે. કુદરતી સાધનોને સાચવવાની અને વિકસાવવાની જીવનરીત ઈચ્છે છે. ગાંધી વિચાર આર્થિક જીવન સાથે નૈતિક જીવન અને પરાસ્પરાવલંબી જીવનને વિકસાવવા માંગે છે. આમ, ગાંધી વિચાર સાચા અર્થમાં સમગ્ર સમાજનો વિકાસ ઈચ્છે છે.

## 4.4 ગાંધીજી અને લોકતંત્ર

આ વિચારધારામાં માનવીને પોતાના માટે પોતાની પસંદગીનું અને પોતાની બંધારણીય વ્યવસ્થા બનાવવાનું તથા તેનો નિભાવ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે.

અહીં સમાજના કોઈપણ વિભાગનું એક બીજા સાથે વિભાજન થતું નથી. દરેક સ્તરોને એક સમાન ગણીને દરેકને એક સમાન અધિકાર તથા બંધારણીય નિર્ણય લેવાનો અધિકાર આપવામાં આવે છે.

ગાંધીજી એ પોતાના સાર્વજનિક જીવનના લગભગ 55 વર્ષોમાં શાસન વ્યવસ્થાની અનેક ખામીઓને જોઇ. જેણે તેમના વિચારોને પ્રચલિત શાસન વ્યવસ્થાની વિપરીત બનાવી દીધી અને તેઓ વિચારવા લાગ્યા કે રાજનૈતિક સમાજની રચના થાય. જે સરકારી કાનૂનોથી નહીં, પરંતુ સ્વયં અનુશાસનથી સંચાલિત થાશે. તેમણે જે શાસનની કલ્પના કરી તેમાં તેમનો મૂળ આગ્રહ એ હતો કે જે સેવકોના હાથમાં શાસનની જવાબદારી છે, તેમણે બે બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ. સર્વપ્રથમ તેમણે એક ગરીબ દેશની રાજનૈતિક વ્યવસ્થા ચલાવવાની છે અને બીજું તેને ચલાવતા સમયે તેમને ભારતના પછાત અને ગરીબ જનસમુદાયનો પહેલો વિચાર કરવાનો છે.

લોકતંત્ર અંતર્ગત ગાંધીજી વ્યક્તિની સ્વતંત્રતાને વધારે મહત્ત્વ આપતાં હતાં. તેઓએ કહ્યું હતું કે જ્યાં સુધી પોતાની આત્માનો પ્રશ્ન છે તેની આગળ બહુમતનો કાનૂનની કોઇ જગ્યા નથી.

ગાંધીજી પ્રચલિત સંસદીય લોકતંત્રમાં વિશ્વાસ રાખતા ન હતા. લોકતંત્ર જે રૂપથી પશ્ચિમમાં સ્વીકૃત છે અને જેમાં સંસદીય પ્રતિનિધિત્વ માટે સર્વભૌમ વયસ્ક મતદાન થાય છે, તેનાથી ગાંધીજી સહમત નથી. તેમનું માનવું હતું કે આ પ્રકારના શાસનમાં ઈમાનદારી અને જનકલ્યાણની ભાવનાથી કામ ન થતા ઢોંગ અને પ્રદર્શનની બોલબાલા વધારે જોવા મળે છે. તેમણે કહ્યું હતું કે અહિંસા અને નૈતિક શુદ્ધતામાં વિશ્વાસ ન હોવાને કારણે પશ્ચિમમાં લોકતંત્ર નામ પૂરતું જ બની ગયું છે. લોકતંત્રના મૂળ સિદ્ધાંતો પ્રત્યે વાસ્તવિક લગાવ જોવા મળતો નથી.

સન 1908થી ગાંધીજીએ ઈંગ્લૅન્ડમાં પ્રચલિત સંસદીય તંત્રની આલોચના કરી. પરંતુ 1917માં ગુજરાતની પહેલી રાજનૈતિક કોન્ફરન્સમાં સભાપતિની હેસિયતથી તેમણે સંસદીય તંત્રને આ દેશ માટે આવશ્યક બતાવ્યું.

ગાંધીજીએ માન્યું કે જો મતદાતા સમજદાર હોય અને સારામાં સારા સદસ્ય ચૂંટીને સંસદમાં મોકલે તો આવી સંસદોને પ્રાર્થનાપત્રો અને દબાવની આવશ્યકતા રહેતી નથી. સંસદનું કામ એટલું સારું હોવું જોઇએ કે લોકોનો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય. પરંતુ વર્તમાન પરિસ્થિતિ આનાથી વિરૂદ્ધ છે. આ સંસદમાં જવાનો અર્થ એ પોતાની આર્થિક સ્થિતિને મજબૂત કરવાનો છે. બધાં લોકો જાણે છે કે મહત્તમ સંસદ સભ્યો ઢોંગી સ્વાર્થી હોય છે. જો સંસદ કોઈ સારું કામ કરે છે તો સ્વેચ્છાથી નહિ પણ ભયથી કરે છે. મંત્રીઓ પ્રત્યે સંસદની નિષ્ઠામાં કોઈ સ્થિરતા જોવા મળતી નથી.

ગાંધીજી માનતા હતા કે પશ્ચિમના દેશોમાં લોકતંત્ર સફળ ન હોવાનું કારણ સંસ્થાની અપૂર્ણતા એટલી નથી જેટલી સિદ્ધાંતોની અપૂર્ણતા છે. વિશેષ રૂપે હિંસા અને અસત્યની ઉપયોગિતા ઉપર વિશ્વાર છે. લોકતંત્ર તેવા ખોટા વિચારો અને આદર્શોથી વિકૃત હોય છે. મનુષ્યોનું સંચાલન કરે છે. જો જનતાએ શુદ્ધ અહિંસાના માર્ગને અપનાવે તો લોકતંત્રવાદી રાજ્યના બધાં જ દોષો ખૂબ ઓછા થઇ જશે. ગાંધીજીએ વિશ્વાસ પ્રગટ કર્યો કે લોકતંત્રનો વિકાસ પ્રયોગથી થઇ શકતો નથી.

ગાંધીજી લોકતંત્રના દોષોને દૂર કરવા માટે ઠોસ બાબતો રજૂ કરે છે. તેમના મતાનુસાર ચૂંટણીને એ જ અધિકારી થઈ શકે જે સ્વાર્થરહિત થઈને સમાજસેવાની ભાવનાથી ચૂંટણી લડે. ગાંધીજી સંસદ સભ્યોને વેતન આપવાની પણ વિરુદ્ધમાં હતાં. તેઓ માનતા હતાં કે તેમણે પોતાની આજીવિકા પોતાના પરસેવાની કમાણીથી કરવી જોઇએ. તેમનું માનવું હતું કે કોઇ પોતાના સાધારણ જીવનમાં 25 રૂપિયા પ્રતિમાસથી સંતુષ્ટ હોય તો તેને એક મંત્રી બની ગયા પછી વધારે મેળવવાનો અધિકાર નથી.

### 4.4.1 શ્રમ આધારિત મતાધિકાર

ગાંધીજી માનતા હતાં કે વયસ્ક મતાધિકારને વ્યાપક બનાવવો જોઇએ. મતાધિકાર માટેની યોગ્યતા સંપત્તિ અને સામાજિક સ્થિતિના રૂપમાં હોવી જોઇએ નહિ, પરંતુ તે શ્રમ આધારિત હોવી જોઇએ. કેમ કે સંપત્તિ અને સામાજિક માન્યતાઓ ખોટી સાબિત થઈ ચૂકી છે. શારીરિક શ્રમ જ એવી વસ્તુ છે જે દરેક વ્યક્તિને એ અવસર પ્રદાન કરે છે કે જે શાસનતંત્ર અને રાજ્યના કલ્યાણમાં ભાગ લઈ શકે.

ગાંધીજી માનતા હતાં કે શારીરિક શ્રમનો આધાર બનાવી જે વ્યક્તિ રાષ્ટ્રના કલ્યાણ માટે શ્રમદાનમાં ભાગ લેશે તેને જ મતદાન દેવાનો અધિકાર પ્રાપ્ત થવો જોઇએ. જો આવા શારીરિક શ્રમ કરવાવાળા લોકો મતદાતા બનશે તો તે રાજકારણીઓના હાથની કઠપૂતળી બની શકશે નહિ. આવા મહેનતુ લોકો રાષ્ટ્રને બે વિભાગોમાં વહેંચવાથી રોકી શકશે. જો બે વર્ગો પડશે તો એક બાજુ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાવાળા લોકોનો એક નાનો વર્ગ હશે અને બીજી બાજુ બહુ બહોળા પ્રમાણમાં શોષિત જનતા હશે.

આમ, ગાંધીજી લોકતંત્રને એક રાજકીય દૃષ્ટિકોણથી ન જોતાં સત્ય, અહિંસા, માનવતા અને મહેનતના રૂપમાં પારિભાષિત કરે છે.

## 4.5 ગાંધીજી અને માનવતાવાદ

માનવતાબાદ એક મૂળભૂત વિચારધારા છે કે જે જ્ઞાન, ધાર્મિકતાનું સત્ય અને અસત્ય ઉપર તથા જીવનનું સાતત્ય, સ્વાભાવિકતાઓ સાથે સંકળાયેલી વિચારધારાને માનવતાવાદ કહેવામાં આવે છે. વાસ્તવિકતાનું જ્ઞાન તથા નિયમ આધારિત તાર્કિક કારણો સાથેના અભ્યાસને કે વિચારધારાને માનવતાવાદ કહે છે.

માનવતાવાદ એ માણસની સ્વતંત્રતા અને પ્રતિષ્ઠા ઉપર મૂકી તૈયાર કરવામાં આવેલ વિચારધારા છે. જે એક બૌદ્ધિક ચળવળ હતી. 14મી સદીમાં ઈટાલીમાં અને 15મી તથા 16મી સદીમાં યુરોપ પર તેનો ફેલાવો થયો. પ્રખ્યાત ઈંગ્લિશ માનવતાવાદી સર થોમર્સ દ્વારા પ્રકાશિત ગ્રંથ 'યુરોપિયા' આ બાબત માટે ખૂબ જ પ્રચલિત છે.

આપણે અહીં ગાંધીજીના માનવતાવાદી અભિગમ વિશે વાત કરીએ તો માનવતા માટે ગાંધીજીની લાગણીની કોઇ સીમા ન હતી. તેઓને માવતાવાદી તરીકે ઓળખવામાં આવતા. ગાંધીજીએ સત્ય જેવા સિદ્ધાંતો દ્વારા વંચિત જાતિના વર્ગોને સામાજીક ક્રમમાં લાવવા માટેના પ્રયત્ન કર્યા છે. 12 વર્ષની નાની ઉંમરે ગાંધીજીને અસ્પશ્યતા સંબંધિત સંપૂર્ણ જાણકારી હતી.

ગાંધીજીએ ચોક્કસ હિન્દુ ગ્રંથોનો અભ્યાસ કર્યા બાદ એવા તારણ પર આવ્યાં હતાં કે અસ્પૃશ્યતા એક પાપ છે. આનો અનુભવ ગાંધીજીને પણ સાઉથ આફ્રિકામાં તેમના વસવાટ દરમિયાન રંગભેદની નીતિનો ભોગ બન્યા ત્યારે થયો. કોઇપણ ધર્મ એ મનુષ્યના બહિષ્કારની ભલામણ નથી કરી. ભગવાનની આંખોમાં બધા મનુષ્યો એક સમાન છે. તેમના માટે કોઇપણ માનવ અન્ય લોકો કરતાં નીચો કે હલકી ગુણવત્તાવાળો નથી.

ભારત પાછા ફર્યા બાદ ગાંધીજીએ એક સામાજિક ક્રાંતિના વિચાર તરફ આગળ વધ્યા. તેમણે ન્યાય, સમાનતા અને શાંતિ માટેના પ્રયત્ન કર્યા. ગાંધીજીએ દલિત સમુદાયને સામાજીક સુધારણાના એક ભાગ ગમી અછૂત શબ્દમાંથી હરિજન શબ્દ આપ્યો. હરિજન એટલે 'ઇશ્વરના સંતાનો'.

ગાંધીજી માનતા હતાં કે અસ્પૃશ્યતા નાબૂદી એ દરેક હિન્દુની પવિત્ર ફરજ છે. તેમણે તમામ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવી જોઇએ. અસ્પૃશ્યતાના મદ્દા તરફ ગાંધીજીના માનવતાવાદી અભિગમે ગાંધીજીને તેઓના ધાર્મિક, આર્થિક, રાજકીય અધિકાર માટે લડવાની પ્રેરણા આપી. તેઓને હિન્દુઓ કરતાં અલગ વર્ગમાં ગણવામાં આવતા ગાંધીજી સંમત ન થયાં.

ગાંધીજી સામાજીક પરિવર્તન લાવવા માટે બળના ઉપયોગની તરફેણમાં ન હતાં. તેમના મતાનુસાર સામાજિક સુધારણા માટે માનવના હૃદયને પરિવર્તન કરવું એ જરૂરી છે. ગાંધીજીએ દરેક વ્યક્તિની

ક્ષમતા અનુસાર સમાજ તરફની તેમની ફરજોની સલાહ આપી છે. સામાજીક સુધારણા માટે માનવતાવાદ જેવા અલગ જ પ્રકારના અહીંસક અભિગમ દ્વારા નવા યુગના પુનઃ નિર્માણની શરૂઆત કરી.

ગાંધીજીએ હિન્દુ-મુસ્લિમના ઝઘડાઓના નિરાકરણ માટેવારંવાર વિનંતી કરી છે. તેમણે કાયમી શાંતિ લાવવા માટેના પ્રયત્નો કર્યા છે. તેમણે સમાજને અપીલ કરી કે આ સમગ્ર મુદ્દામાં શંકાને વેગ આપવો નહિ, પરંતુ સમજદારીથી સમગ્ર મુદ્દા તરફ માનવીય અભિગમ સાથે કામ કરવા માટે લોકોને જણાવ્યું. ગાંધીજી કોમી ઝઘડાઓ દૂર કરવા અને હિન્દુ મુસ્લિમો વચ્ચે કોમી સંવાદિતા ઉભી થાય તેવી બિનસાંપ્રદાયિક રાજ્ય વ્યવસ્થા સ્થાપિત કરવા ઈચ્છતા હતા. ભારતના વિભાજનની પૂર્વ સંધ્યાએ જે કોમી રમખાણો મોટા પ્રમાણમાં થયાં તેણે ગાંધીજીને ખૂબ વ્યાકુળ કરી દીધા. આ માટેતેમને અગાઉ પણ ભૂખ હડતાળ કરી હતી. ગાંધીજી કહેતાં કે કોમી શાંતિ લાવવી એ મારા જીવનનો એક હિસ્સો છે. ગાંધીજી છેલ્લા શ્વાસ સુધી કોમવાદ સામે લડત ચાલુ રાખી હતી. તેમના મતે રાષ્ટ્રીય એકતા પર ભાર મૂક્યો. તેઓ ભારપૂર્વક કહેતા કે ધર્મ અને રાષ્ટ્રીયતા પર્યાય ન હોઈ શકે. તેમને લડત એ કોઇ સારા કામ માટે કરવી જોઇએ એ જણાવ્યું. અથડામણોમાં વિવિધ સમુદાયોને તેમની આપસી સમજદારી અને સહનશીલતા ઉપર વધુ ભાર મુક્યો હતો.

**ગાંધીજીના વિચાર અનુસાર માનવી કેવો હોવો જોઇએ ?**

1. પહેલા જાતને બદલો.
2. જે નથી તે દેખાવોનો પ્રયત્ન ના કરો.
3. રચનાત્મક પ્રોત્સાહન આપો.
4. શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? તે સમજાવો.
5. હેતુ અને નીતિની સ્પષ્ટ સમજ આપો.
6. પ્રેરણાદાયી બનો.
7. મદદરૂપ બનો, મિત્ર બનીને રહો.
8. યોગ્ય માણસોની પસંદગી કરો.
9. કુશળતા વધે તે કામ સોંપો.
10. તેમને જવાબદારી સોંપો અને સ્વતંત્રતા આપો.
11. સમગ્રનું ધ્યાન રાખી યોજના કરો.

## 4.6 ઉપસંહાર

આમ, ઉપરોક્ત દરેક મુદ્દાનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી ગાંધીજીના સમાજકાર્ય અંગેના ગાંધીજીના વિચારો, તેમની આર્થિક વિચારધારા તથા માનવતાવાદ, સમાજવાદ અને લોકતાંત્રિક વિચારધારા સમાજકાર્યનો અલગ દૃષ્ટિકોણથી ચકાસી શકે છે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. ગાંધીજીએ મુક્ત અર્થતંત્રની વિચારધારાઓ કેટલી આપેલી છે ?

   (A) 4 (B) 6

   (C) 5 (D) 9

2. સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખવો આ વિધાન કોનું છે ?

   (A) ગાંધીજી (B) સુભાષચંદ્ર બોઝ

   (C) સરદાર પટેલ (D) જવાહરલાલ નહેરું

3. કઈ સાલમાં ગાંધીજીએ ઈંગ્લેન્ડની પ્રચલિત સંસદીય તંત્રની આલોચના કરી હતી ?

(A) 1908 (B) 1909

(C) 1907 (D) 1910

4. ......... વિચારધારામાં માનવીને પોતાના માટે પોતાની પસંદગીનું અને પોતાની બંધારણીય વ્યવસ્થા બનાવવાનું તથા તેનો નિભાવ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે.

(A) સમાજવાદ (B) માનવતાવાદ

(C) A, B બંને (D) એકેય નહિ

5. ગાંધીજીના વિચાર અનુસારમાંનો કોણ હોવો જોઈએ ?

(A) જે નથી તે દેખાવાનો પ્રયત્ન ના કરે (B) પહેલા જાતને બદલે

(C) સમગ્રનું ધ્યાન રાખી યોજના કરે (D) ઉપરોક્ત તમામ

## 4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) 9
2. (A) ગાંધીજી
3. (A) 1908
4. (D) એકેય નહિ
5. (D) ઉપરોક્ત તમામ

## 4.9 ચાવીરૂપ શબ્દો :

- **અર્થશાસ્ત્ર :** સંપત્તિના ઉત્પાદન, વપરાશ અને સ્થાનાંતરણ સાથે સંબધિત જ્ઞાનની શાખા.
- **સમાજવાદ :** સામાજિક સંગઠનનો રાજકીય અને આર્થિક સિદ્ધાંત જે હિમાયત કરે છે કે ઉત્પાદન, વિતરણ અને વિનિમયના માધ્યમો સમગ્ર સમુદાય દ્વારા માલિકીની અથવા નિયંત્રિત થવી જોઈએ.
- **માનવતાવાદ :** જે જ્ઞાન, ધાર્મિકતાનું સત્ય અને અસત્ય ઉપર તથા જીવનનું સાતત્ય, સ્વાભાવિકતાઓ સાથે સંકળાયેલી વિચારધારા.

## 4.10 સ્વાધ્યાય લેખન (Assignment)

1. ગાંધીજીની મુક્ત અર્થતંત્ર એટલે શું સમજાવો ?

..................................................................................

..................................................................................

..................................................................................

2. વાલીપણાનો સિદ્ધાંત એટલે શું ?

..................................................................................

..................................................................................

..................................................................................

3. ગાંધીજીના મતે સમાજવાદ કોને કહેવાય છે ?

..................................................................................

..................................................................................

.........................................................................

4. શ્રમ આધારિત મતાધિકાર એટલે શું ?

.........................................................................

.........................................................................

.........................................................................

5. માનવતાવાદ એટલે શું ?

.........................................................................

.........................................................................

.........................................................................

6. ગાંધીજી અને માનવતાવાદ સમજાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

## 4.11 પ્રવૃત્તિ (Activities)

- ઔદ્યોગિકરણ અને મશીનરી સામે ગાંધીજીના મંતવ્ય શું છે – સમજાવો.
- ગાંધીજીએ આપેલી સ્વદેશીની વિભાવના વિગતમાં સમજાવો.

## 4.12 કેસસ્ટડી (Case Study)

- આધુનિક ભારતમાં ગાંધીવાદી અર્થશાસ્ત્રની સુસંગતતા પર કેસ સ્ટડી તૈયાર કરો.

## 4.13 સંદર્ભગ્રંથ


1. Gandhian Studies & Peace Research Series-4 : The Social Philosophy of Mahatma Gandhi K. S. Bharathi, Concept Publishing Company, New Delhi - 110059
2. મેનેજમેન્ટના મસીહા (મહાત્મા ગાંધી) : ડૉ. ઉષા અરૂણ ચતુર્વેદી (M.A.,Ph.D.) પ્રકાશન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - 380001
3. ગાંધી દર્શન : પ્રો. સી. એમ. ગાંધી (સુહાસી) ઈદ પ્રકાશન : અમૃત એ. મોદી, રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર 4/773, ટાવર રોડ-સુરત.
4. गांधीमार्ग : अहिंसा संस्कृति का दैमासिक वर्ष : ४३ अंक ६ जनवरी–फरवरी १९९९ संपादक : राजीव वोरा संपादक : अनुपम मिश्र महेन्द्रभारुद्ध सत्येन्द्रकुमार आशा बोधरा गांधी शांति प्रतिष्ठान, नरुद्ध दिल्ली–११०००२.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-101
# સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન

વિભાગ

# 4

## વ્યાવસાયિક સમાજકાર્ય


એકમ-1 વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-1

એકમ-2 વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-2 (સમાજકાર્યની પદ્ધતિઓ અને કાર્યો)

એકમ-3 વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-3 (સમાજકાર્યની આચારસંહિતા, ભૂમિકાઓ અને કુશળતાઓ)

એકમ-4 સમાજકાર્ય શિક્ષણ

**ISBN : 978-81-937666-0-6**


| **લેખક** | |
|---|---|
| **શ્રી વિપુલ રામાણી** | સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | નિવૃત્ત પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

સમાજકાર્ય એ વ્યાવસાયિક સેવા છે, તેનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન, મૂલ્યો, સિદ્ધાંતો, પદ્ધતિઓ અને કુશળતાઓ ઉપર રહેલો છે. સમાજકાર્ય એ વ્યક્તિ, જૂથ અને સમુદાયની આવશ્યકતાઓની પૂર્તિ માટે મદદ કરે છે. તેમજ સમસ્યા કે સ્થિતિના નિવારણનું કાર્ય કરે છે. એટલે કે સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવા અને સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓને મદદ કરવા માટે વૈજ્ઞાનિક જ્ઞાન, પદ્ધતિ, સિદ્ધાંતો અને કુશળતાઓની જરૂરિયાત છે. લોકોને સહાય કરવાના કાર્યો હવે આવશ્યક સામાજિક કાર્યો તરીકે ગણવામાં આવે છે. વ્યાવસાયિક સમાજકાર્યકરો આ કાર્યો કરે છે અને તેમની સેવાઓ માટે નિશ્ચિત વળતર આપવાની વાતનો પણ સ્વીકાર થયો છે. સમાજકાર્યે પણ સમાજકલ્યાણ અને વિકાસના ક્ષેત્રમાં વ્યવસાય તરીકેની પ્રસ્તુતતા સ્થાપિત કરી છે. સમાજકાર્ય વ્યવસાય તરીકેના જરૂરી ગુણો/લક્ષણો પણ ધરાવે છે. છતાં પણ સમાજકાર્ય અન્ય વ્યવસાયોની જેમ જોઇતી સ્વીકૃતિ મેળવી શક્યું નથી. તેમ છતાં સમાજકલ્યાણનાં ક્ષેત્રમાં સ્વીકૃત થયાં છે. દા.ત. ડૉક્ટરનો વ્યવસાય, વકીલનો વ્યવસાય વગેરે.

આ વિભાગમાં બે એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલાં એકમમાં વિદ્યાર્થીઓ સમાજકાર્ય એક વ્યવસાય તરીકે, સમાજકાર્યના મૂલ્યો અને સિધ્ધાંતો, સમાજકાર્યની પધ્ધતિઓ અને કાર્યો, સમાજકાર્યની આચારસંહિતા, સમાજકાર્યની ભૂમિકા અને કૌશલ્ય તથા બીજા એકમમાં સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ, સમાજકાર્યનો અન્ય સમાજવિજ્ઞાનો સાથેનો સંબંધ, સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય, નિરીક્ષણ અને દસ્તાવેજીકરણની જરૂરીયાત અને મહત્ત્વનું શિક્ષણ મેળવવાનું છે.

સમાજકાર્યના વિદ્યાર્થીઓએ "સમાજકાર્યનું તત્ત્વજ્ઞાન" પેપરમાં ચાર વિભાગો છે. વિભાગ-1 સમાજકાર્ય અને સંબંધિત ખ્યાલો, વિભાગ-2 અલગ અલગ યુગોમાં સમાજકાર્ય, વિભાગ-3 સમાજકાર્યની વિચારધારાનાં સ્ત્રોતો અને વિભાગ-4 વ્યાવસાયિક સમાજકાર્યનો અભ્યાસ કરવાનો છે. વિદ્યાર્થીઓને આ ચાર વિભાગોનું અધ્યયન કરવાથી વ્યાવસાયિક સમાજકાર્યનો ઈતિહાસ અને વિકાસ, સંબંધિત ખ્યાલો, વિવિધ વિચારધારાઓ વગેરેનું ઊંડાણથી અધ્યયન કરવાનું રહેશે.

## ઘટકના હેતુઓ :

(1) સૌ પ્રથમ વિદ્યાર્થીઓને સમાજકાર્ય કેવી રીતે એક વ્યવસાય છે. ? તેની સમજ મળશે.

(2) વિદ્યાર્થીઓએ આ વિભાગમાં વ્યાવસાયિક સમાજકાર્યનું જ્ઞાન, મૂલ્યો, સિધ્ધાંતો, પધ્ધતિઓ, કુશળતાઓ, આચારસંહિતા, સમાજકાર્યની ભૂમિકા અને કાર્યોનું અધ્યયન કરશે. જેથી પોતે એક વ્યાવસાયિક સમાજકાર્ય ભણવા જઈ રહ્યા છે. ત્યારે તેઓએ શું શીખવાનું છે. તેનો ખ્યાલ આવશે.

(3) વિદ્યાર્થી કાર્યકર્તા વ્યાવસાયિક સમાજકાર્યનું જે સૈધ્ધાંતિક જ્ઞાન મેળવશે તેનો ક્ષેત્રકાર્યમાં કેવી રીતે ઉપયોગ કરવો ? તેની આવડત વિકસશે.

(4) સમાજકાર્યનું સૈધ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન મેળવ્યા બાદ વિદ્યાર્થી વ્યાવસાયિક કાર્યકર્તાના ગુણો, કૌશલ્ય, ભૂમિકા વગેરે સમજી શકશે અને શીખી શકશે.

(5) વ્યાવસાયિક સમાજકાર્યના ક્ષેત્રમાં કામ કરવા માટે વિદ્યાર્થીનું ક્ષમતાવર્ધન થશે.

(6) સમાજકાર્ય શિક્ષણ અને તેને સંબંધિત અન્ય સમાજવિજ્ઞાનોનું જ્ઞાન વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્ય, નિરીક્ષણ અને દસ્તાવેજીકરણમાં ઉપયોગી નીવડશે અને કુશળતાનો વિકાશ થશે.

# એકમ–1 વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-1

## : એકમનું માળખું :

1.0 પ્રસ્તાવના

1.1 અધ્યયનના હેતુઓ

1.2 વ્યવસાય તરીકે સમાજકાર્યની ઓળખ

1.3 સમાજકાર્યના મૂલ્યો અને સિધ્ધાંતો

1.4 ઉપસંહાર

1.5 તમારી પ્રગતિ ચકાસો

1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

1.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1.9 પ્રવૃત્તિ (Activities)

1.10 કેસસ્ટડી (Case Study)

1.11 સંદર્ભગ્રંથ (Further Readings)

### 1.0 પ્રસ્તાવના :

સમાજકાર્ય એક વ્યવસાય સેવા છે. સમાજકાર્ય એ સમાજમાં એક વ્યવસાય તરીકે સ્વીકૃત બન્યો છે.

સામાન્ય રીતે "વ્યવસાય" શબ્દનો ઉપયોગ રોજગાર, ધંધો અને વ્યાપારના શબ્દોની અવેજીમાં કરવામાં આવે છે, પરંતુ "વ્યવસાય" શબ્દ અને રોજગાર, ધંધો તથા વ્યાપાર શબ્દ વચ્ચે ઘણો મોટો તફાવત છે. સામાન્ય રીતે, "રોજગાર" શબ્દ નાના ગૃહઉદ્યોગ અને મજૂરી કે વેતન કાર્યના સંદર્ભમાં વપરાય છે, જયારે "ધંધો" શબ્દ દુકાન કે બજારમાં થતી ચીજવસ્તુઓની લે-વેચ સંદર્ભે ઉપયોગમાં લેવાય છે. તેમજ "વ્યાપાર" શબ્દ મોટા કારખાનાં કે ઉદ્યોગમાં બનતી ચીજ-વસ્તુઓનું ઉત્પાદન ખરીદ-વેચાણ અને મોટી પેઢીઓ દ્વારા ચાલતા મોટાં પાયેથી માલ-સામાનની હેરફેરના સંદર્ભમાં વપરાય છે, જયારે 'વ્યવસાય' શબ્દ આ ભૂમિકા માટે થતી પ્રવૃત્તિનાં સંદર્ભમાં ઉપયોગમાં લેવાય છે.

સામાન્ય રીતે રોજગાર, ધંધો અને વ્યાપાર એ ત્યારે જ વ્યવસાય બની શકે જયારે તે પોતાનું આગવું જ્ઞાન, મૂલ્યો, કૌશલ્યો, પધ્ધતિઓ, સિધ્ધાંતો, આચારસંહિતા, વિશેષતા, ભૂમિકા અને કાર્યોને વિકસાવે. તેમજ રોજગાર, ધંધો અને વ્યાપારમાં સમાજકલ્યાણ અને વિકાસનો હેતુ હોય, કાર્ય કરવાની આગવી પધ્ધતિ હોય, શિક્ષણ-પ્રશિક્ષણનું માળખું અને વ્યવસ્થા ઉપલબ્ધ હોય અને સમાજ દ્વારા સ્વીકૃત હોય, તેમજ વ્યવસાય કરવા માટેના ઉત્તમ ગુણો અને વિશેષતા ધરાવતા હોય તે આવશ્યક છે. સમાજકાર્યને વ્યવસાય તરીકે પ્રસ્થાપિત કરવાની સૌથી વધુ જવાબદારી શિક્ષણ આપનારાં અધ્યાપકો, શિક્ષણ મેળવનારા (વિદ્યાર્થી) અને નોકરી આપનાર સરકારી અને બિનસરકારી સંસ્થાઓની છે.

વિદ્યાર્થીઓ પહેલાં એકમમાં વ્યવસાય તરીકે સમાજકાર્યની ઓળખ, સમાજકાર્યનું જ્ઞાન, નૈતિક મૂલ્યો, કૌશલ્યો, સિધ્ધાંતોની સમજણ વિવિધ ઉદાહરણો દ્વારા આપવામાં આવી છે, વિદ્યાર્થીઓએ આ દરેક મુદ્દાઓની સમજ ઉદાહરણ તથા પોતાના વ્યક્તિગત અનુભવો સાથે સાંકળવાની છે. જેથી આ મુદ્દાઓને સમજવા સરળ બને.

## 1.1 અધ્યયનના હેતુઓ

આ એકમના અભ્યાસ પછી, વિદ્યાર્થી સમજી શકશે,

(1) વ્યવસાય એટલે શું ?

(2) સમાજકાર્યની ઓળખ એક વ્યવસાય તરીકે કેવી છે ?

(3) સમાજકાર્યનાં મૂલ્યો કયા છે.

(4) સમાજકાર્યનાં સિદ્ધાંતો કયા છે.

## 1.2 વ્યવસાય તરીકે સમાજકાર્યની ઓળખ :

### 1.2.1 વ્યવસાય એટલે શું ?

વ્યવસાય શબ્દનો સામાન્ય અર્થ રોજગાર, વેપાર કે કારોબાર થાય છે. ટૂંકમાં 'વ્યવસાય' એટલે "આજીવિકા માટે થતી વિવિધ પ્રવૃત્તિ". ઓગણીસમી સદીમાં રોજગાર-ધંધાઓમાં વિશિષ્ટ સેવાઓનો વિકાસ થયો, જેને પરિણામે વ્યવસાયના વિશિષ્ટ ગુણોનો અને વિશેષતાઓનો પણ વિકાસ થયો. વ્યવસાયનો અર્થ સંગઠિત રોજગાર એવો કરવામાં આવે છે. એને માટે ઔપચારિક તાલીમ અને જ્ઞાનની કાર્યપધ્ધતિની આવશ્યકતા હોય છે. વ્યાવસાયિક કાર્યકર્તા વિશિષ્ટ કુશળતા અને નિપૂણતાઓનો ઉપયોગ સેવાર્થીઓને વ્યાવસાયિક સેવા/મદદ પૂરી પાડવા માટે કરે છે, જે વ્યાવસાયિક સમાજકાર્યકર માટે જરૂરી છે.

### 1.2.2 સમાજકાર્યની વ્યાખ્યાઓ :

**(1) કલાર્ક (1940) :**

"સમાજકાર્ય એ જ્ઞાન અને કુશળતાના સમન્વયરૂપ એક વ્યાવસાયિક સેવા છે. એકબાજુ એ વ્યક્તિઓની સામાજિક સમસ્યાઓ હક કરવામાં મદદરૂપ થાય છે, તો બીજી બાજુ એ વ્યક્તિઓમાં પડેલી ઉત્તમમાં ઉત્તમ શક્તિઓના વિકાસની આડે આવતાં અંતરાયોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે."

**(2) વિટસર (1942) :**

"સમાજકાર્યનું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મદદ કરવાનું છે. અથવા આ મદદ સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે. અથવા તો એને કોઈ સમૂહના સભ્ય બનાવી, સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાઓનું નિવારણ કરવામાં આવે છે. "

**(3) શ્રીમતી ડબલ્યુ. એ. ફ્રિડલેન્ડર (1955) :**

"સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યક્તિને વ્યક્તિગત કે જૂથમાં વ્યક્તિગત અને સામાજિક સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સમાજકાર્ય મોટેભાગે કોઈ સામાજિક સંસ્થા કે તેને સંબંધિત મંડળ કે ટ્રસ્ટ દ્વારા થાય છે. "

**(4) સ્ટ્રુપ (1960) :**

"સમાજકાર્ય એક કળા છે. જેના દ્વારા વ્યક્તિ, જૂથ અને સમુદાયની આવશ્યકતાઓની પૂર્તિ માટે વિભિન્ન પ્રકારનાં સાધનો વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા એવી રીતે પૂરાં પાડવામાં આવે છે કે, જેથી વ્યક્તિ પોતાની સહાયતા સ્વયં કરી શકે."

### 1.2.3 વ્યાવસાયિક સમાજકાર્ય વિશિષ્ટ ગુણો / લક્ષણો

વ્યાવસાયિક સમાજકાર્ય વિશિષ્ટ ગુણો / લક્ષણો ધરાવે છે. જે નીચે મુજબ છે.

(1) વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો અને કુશળતાઓ.

(2) વિશિષ્ટ શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા.

(3) વ્યાવસાયિક સંગઠન.

(4) સામુદાયિક માન્યતા, સ્વીકૃતિ અને સામાજિક અનુમોદન.

(5) વ્યાવસાયિક આચારસંહિતા.

ઉપરોક્ત સમાજકાર્યના વિશિષ્ટ ગુણો / લક્ષણો વિસ્તૃત રીતે સમજીએ.

### 1.2.3.1 વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો અને કુશળતાઓ :

વ્યાવસાયિક સમાજકાર્ય એ પોતાનું વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો અને કુશળતા દ્વારા વ્યક્તિ, જૂથ અને સમુદાયને મદદ કરવાની પ્રક્રિયામાં આવશ્યક તમામ સેવાઓ વ્યાવસાયિક ધોરણે પ્રદાન કરે છે. સામાન્ય રીતે વ્યાવસાયિક સમાજકાર્યના વિશિષ્ટ જ્ઞાનનો આધાર મુખ્ય ત્રણ વિશેષતાઓ પર છે. જેમ કે (1) ચકાસણી જન્ય જ્ઞાન (Tested Knowledge), (2) ઉત્કલ્પનાત્મક જ્ઞાન (Hypothetical Knowledge) (3) સ્વીકૃત કે માન્યતાયુક્ત જ્ઞાન (Assumptive Knowledge) અથવા પ્રાયોગિક જ્ઞાન (Practical wisdom). સમાજકાર્યમાં જે વિશિષ્ટ જ્ઞાન છે. તે તમામ જ્ઞાન ચકાસણી જન્ય છે. સમાજકાર્ય અનુમાન કે ઉત્કલ્પનાત્મક જ્ઞાનને સંશોધન દ્વારા તપાસે છે. અને સમાજકાર્ય સમાજ માન્ય કે સ્વીકૃત જ્ઞાનને પણ અનુમોદન આપે છે. આથી આ ત્રણેય વિશેષતાઓને સમાજકાર્યના વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો અને કુશળતા સાથે સંબંધ છે. સમાજકાર્યમાં સામાજિક સમસ્યાઓ અને વ્યક્તિની જરૂરિયાતોનો સંશોધન પધ્ધતિ દ્વારા વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવામાં આવે છે. સમસ્યાના ઉકેલ કે જરૂરિયાત સંતોષ માટે સંશોધન પધ્ધતિ દ્વારા જ્ઞાનનું પરીક્ષણ અને પૂનઃ પરીક્ષણ કરી શકાતું હોવાથી સમાજકાર્યનું જ્ઞાન વૈજ્ઞાનિક અને વિશિષ્ટ છે. આ જ્ઞાનની મદદથી વ્યાવસાયિક સમાજકાર્યકર જરૂરી સિધ્ધાંતોનું નિર્માણ કરે છે. અને તેનો ઉપયોગ કરે છે. આ કળા કુશળતા અને નિપૂણતા સમાજકાર્યની વ્યાવસાયિક સેવાનો આધાર બને છે. આ જ્ઞાન દ્વારા કુશળતા તથા વ્યાવસાયિક ક્ષમતા અને વિશિષ્ટ શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. સમાજકાર્યકર સમાજકાર્યના અભ્યાસ અને ક્ષેત્ર અનુભવમાંથી નવું જ્ઞાન અને કુશળતાઓ વિકસાવે છે. અને જેનો ઉપયોગ સમસ્યા નિવારણમાં અને સેવાર્થીને સહાયરૂપ બનવામાં કરે છે. સમાજકાર્યને પોતાના આગવા મૂલ્યો છે. દરેક સમાજકાર્યકર તેને અનુસરે છે. સમાજકાર્યકર આ મૂલ્યોને આધારે તેઓ પોતાના વ્યવસાયના સભ્યો, સેવાર્થીઓ અને સમાજની અન્ય વ્યક્તિઓની સાથે કાર્ય કરે છે. સામાન્ય રીતે વ્યાવસાયિક સમાજકાર્યની સ્થિતિ ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોની સરખામણીએ ભારતમાં ઘણી નિમ્ન છે. તેની પાછળ જે-તે દેશોની પરિસ્થિતિ જવાબદાર છે. વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્દભવ ઈંગ્લેન્ડમાં અને વિકાસ અમેરિકામાં થયો છે. ઈંગ્લેન્ડ અને અમેરિકામાં વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત ભારતની સરખામણીએ એક સદી અગાઉ થઈ હોવાનું માનવામાં આવે છે. ઈંગ્લેન્ડ, અમેરિકા વગેરે દેશોમાં વ્યાવસાયિક સમાજકાર્યનું શિક્ષણ આપવાની શરૂઆત ભારત (1936) કરતાં ઘણા વર્ષો પહેલાં થઈ છે. જેથી આ દેશોમાં સમાજકાર્યનું વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો, કુશળતાઓ વગેરે જેવાં ગુણોનો વિકાસ ભારત કરતાં વધુ થયો છે. અને સ્થિતિ પણ ખૂબ સારી જોવા મળે છે. આમ, સમાજકાર્યનું વિશિષ્ટ જ્ઞાન, કુશળતાઓ અને મૂલ્યો વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભ છે. તેથી જ ભારતમાં પણ સમાજકાર્ય એક વ્યવસાય તરીકેના ગુણો ધરાવે છે.

### 1.2.3.2 શિક્ષણ અને તાલીમની વ્યવસ્થાઃ

વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણ અને પ્રશિક્ષણ આપવાની શરૂઆત સૌ પ્રથમ ઈંગ્લેંન્ડ અને અમેરિકામાં થઈ. ભારતમાં વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત તેની તુલનામાં ઘણાં વર્ષો પછી થઈ છે. વીસમી શતાબ્દીમાં સૌ પ્રથમ 'સોશ્યલ સર્વિસ વિંગ' દ્વારા સામાજિક કાર્યકર્તાઓના પ્રશિક્ષણ માટે માત્ર છ અઠવાડિયાનો મુંબઈમાં અભ્યાસ શરૂ થયો હતો. ત્યાર બાદ 1936 માં દોરાબજી ટાટા ટ્રસ્ટ દ્વારા સામાજિક કાર્યકર્તાઓને તાલીમ આપવા માટે દોરાબજી ટાટા સ્કુલ ઑફ સોશ્યલ વર્કની સ્થાપના કરીને સમાજકાર્યનું શિક્ષણ આપવાની શરૂઆત થઈ. 1946માં તેનું નામ બદલીને ટાટા સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સિસ રાખવામાં આવ્યું. ત્યાર પછી 1946માં 'દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક', 1947 માં 'સમાજ વિજ્ઞાન સંસ્થા કાશી વિદ્યાપીઠ'(વારાસણી) તથા 1949માં 'લખનૌ વિશ્વવિદ્યાલય'માં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ. ગુજરાતમાં 1952માં 'ફેકલ્ટી ઑફ સોશ્યલવર્ક' એમ.એસ. યુનિવર્સિટી, વડોદરામાં અને 1970માં 'ગૂજરાત વિદ્યાપીઠ' અમદાવાદમાં સમાજકાર્ય શિક્ષણનો પ્રારંભ થયો. ત્યાર પછી મોટાભાગની યુનિવર્સિટીઓમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ. આજે તો સમાજકાર્યના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો અને ક્ષેત્રિય તાલીમ આપવાની પણ શરૂઆત થઈ છે. સમાજકાર્યમાં સ્નાતકથી લઈ પીએચ.ડી. સુધીનું શિક્ષણ અને તાલીમ આપવાની શરૂઆત થઈ છે. છેલ્લાં 18-20 વર્ષોથી ખાનગી કૉલેજોએ અને યુનિવર્સિટીઓ દ્વારા સમાજકાર્યના અભ્યાસક્રમો શરૂ થયાં છે. સમાજકાર્ય શિક્ષણના વિકાસનું અવલોકન કરવાથી જણાય છે કે, બધાં દેશોમાં સમાજકાર્યના

વિદ્વાન અને અનુભવી પ્રેક્ટિસનર્સ તથા પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે. વ્યાવસાયિક સમાજકાર્યની સ્થિતિ સુધારવામાં અને તેનો વિકાસ કરવામાં શૈક્ષણિક સંસ્થાઓ અને ક્ષેત્રિય સમાજકલ્યાણ સંસ્થાઓએ ખૂબ મોટું યોગદાન આપ્યું છે. શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક સમાજકાર્ય અને સંબંધિત વિષયોનું સૈધ્ધાંતિક જ્ઞાનની સમજ પૂરી પાડી છે, જ્યારે ક્ષેત્રિય સમાજ કલ્યાણ સંસ્થાઓ વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્ય સંબંધિત પ્રાયોગિક જ્ઞાનની સમજ સ્પષ્ટ કરવામાં ખૂબ જ મદદરૂપ બની છે. તેમજ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક સમાજકાર્યનું વિશિષ્ટ જ્ઞાન, મૂલ્યો, કુશળતાઓ પધ્ધતિઓ, સિધ્ધાંતો, વિશેષતા, કાર્યો, આચારસંહિતા, ભૂમિકા, અભિગમો વગેરેને સમજવામાં ખૂબ જ સહકાર પૂરો પાડ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓમાંથી વ્યાવસાયિક સમાજકાર્યનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ક્ષેત્રિય સમાજ કલ્યાણ સંસ્થાઓ જેવી કે સરકારી સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ટ્રસ્ટ, બોર્ડ, નિગમ, કંપનીઓ વગેરેમાં વિવિધ પદ ઉપર નોકરીએ રાખીને સમાજકાર્યને વ્યાવસાયિક બનવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે. શિક્ષણવિદોના જણાવ્યાનુસાર ગુજરાતમાં હજુ સમાજકાર્ય એક વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે, કારણ કે સમાજકાર્ય વ્યવસાયમાં હજુ ઘણું કરવાનું બાકી છે. દા.ત. એન્જીન્યતરિંગ અને મેડિકલના વ્યવસાયનો કોઈ વિકલ્પ નથી તેવું સમાજકાર્ય શિક્ષણ અને તાલીમ વ્યવસ્થામાં શક્ય બન્યુ નથી.

**1.2.3.3 વ્યાવસાયિક સંગઠનઃ**

વ્યાવસાયિક સમાજકાર્ય એ આધુનિક યુગમાં વિકસતો વ્યવસાય છે. કોઈ પણ રોજગાર(Occupation) વ્યાવસાયિક સ્તર ત્યારે જ પ્રાપ્ત કરી શકે છે. જ્યારે તેનું કોઈ વ્યાવસાયિક સંગઠન, સમિતિ, સંઘ, મંડળ અથવા સોસાયટી બનેલી હોય છે. વ્યાવસાયિક સંગઠનોને પોતાની આગવી ઓળખ, વિચારધારા, સિધ્ધાંત, આચારસંહિતા અને પ્રવૃત્તિઓ સુનિશ્ચિત થયેલા હોય છે. વ્યાવસાયિક સંગઠનમાં જોડાનાર સભ્યએ તેનું પાલન કરવું આવશ્યક હોય છે. સંગઠનો દ્વારા સેવાનાં ધોરણો નિર્ધારિત કરવામાં આવે છે. પરિણામે વ્યવસાય પોતાનું એક સ્તર અને સ્થિરતા પ્રાપ્ત કરે છે.

સમાજકાર્યમાં વ્યાવસાયિક સંગઠનની સ્થાપના થયેલી છે. ઈંગ્લેન્ડ અને અમેરિકાની સરખામણીમાં ભારતમાં વ્યાવસાયિક સંગઠનોની સ્થિતિ ઘણી નબળી છે. છતા પણ ભારતમાં વિભિન્ન ક્ષેત્રો સંબંધી અનેક સંગઠનો બન્યાં છે. જેમ કે 'કાઉન્સિલ ઑફ સોશ્યલ કોન્ફરન્સ ઑફ સોશ્યલ વર્ક', 'ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ સોશ્યલ વર્ક' (1952), 'સોશ્યલવર્ક એજ્યુકેટર ફોરમ' (1993), 'અમેરિકન એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક', 'ઈન્ડિયન એસોશિયેશન ઑફ ઘ એલુમની સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક' (1951), 'એસોસિયેશન ઑફ સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક ઈન ઈન્ડિયા' (ASSWT-1960), 'ઈન્ડિયન એસોસિયેશન ઑફ ટ્રેઈન સોશ્યલ વર્કસ' (IATSW-1961), 'બોમ્બે એસોસિયેશન ઑફ ટ્રેઈન સોશ્યલ વર્કસ' (BATSW), 'ઈન્ડિયન એસોસિયેશન ઑફ સાઈક્યાટ્રિક સોશ્યલ વર્ક' (1972) વગેરે વ્યાવસાયિક સંગઠનો રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે સ્થપાયેલા છે કે,ટલાંક સંગઠનો વ્યાવસાયિક પત્રિકા પણ ચલાવે છે. અથવા ચાલતી હતી. જેમ કે 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સીઝ' – મુંબઈનું 'ઈન્ડિયન જર્નલ ઑફ સોશ્યલ વર્ક', ઈન્ડિયન એસોસિયેશન ઑફ ઘ એલુમની સ્કૂલ ઑફ સોશ્યલ વર્કનું 'સોશ્યલ વર્ક ફોરમ', લખનૌ યુનિવર્સિટીનું 'કન્ટેમ્પરરી સોશ્યલ વર્ક', નિર્મલા નિકેતન સંસ્થા દ્વારા 'સોશ્યલ વર્ક પ્રોસ્પેકટીવ' વગેરે ત્રિમાસિક પત્રિકા (સામયિકો, જર્નલ) દ્વારા વ્યાવસાયિક સમાજકાર્ય અને સંગઠન કે તેના ક્ષેત્રોની સમસ્યાઓ અને સ્થિતિની ચર્ચા થાય છે. આ ક્ષેત્રોની સમસ્યાઓ અને સ્થિતિ સંબંધે થયેલા સંશોધનોના લેખો પત્રિકાઓમાં પ્રકાશિત કરવા જોઈએ. જેથી સમાજકાર્ય ને વ્યાવસાયિક પ્રોત્સાહન અને મદદ મળે. રાજ્ય અને કેન્દ્ર કક્ષાની સમાજકલ્યાણ ક્ષેત્ર હેઠળની નોકરીઓમાં વ્યાવસાયિક સમાજકાર્યકરને જ તક મળે તેવો આગ્રહ વ્યાવસાયિક સંગઠનોએ રાખવો જોઈએ અને પત્રિકાઓએ સમાજકલ્યાણ ક્ષેત્રોમાં રહેલી નોકરીઓ સંદર્ભે વધુને વધુ લેખો પ્રકાશિત કરે તો રાજ્ય અને કેન્દ્ર સરકારને પણ તેની વધુ સ્પષ્ટતા થાય. પત્રિકાઓ પણ વ્યાવસાયિક સંગઠનના વિકાસ અને લાંબાગાળા સુધી ચલાવવામાં યોગદાન આપી શકે છે. તેમ જ તે સમાજકાર્ય શિક્ષણ અને તાલીમ વ્યવસ્થાને પણ મજબૂત બનાવે છે.

**1.2.3.4 સામુદાયિક માન્યતા, સ્વીકૃતિ અને સામાજિક અનુમોદનઃ**

કોઈ પણ વ્યવસાય પોતાની વિશેષતા, ગુણ કે લાક્ષણિકતા ત્યારે સિધ્ધ કરી શકે જયારે સમાજ તેને અનુમોદન, સ્વિકૃતિ કે માન્યતા આપે. સમાજ જે – તે વ્યવસાયમાં પોતાની સુખાકારી, હિત અને ઉપયોગિતા જુએ છે. અને પછી તે વ્યવસાયને ચોક્કસ દરજ્જો આપે છે. આજે અમેરિકા, કેનેડા જેવાં

દેશોમાં સમાજકાર્યે પૂર્ણ રીતે વ્યાવસાયિક દરજ્જો પ્રાપ્ત કર્યો છે. એટલે કે સમાજે સમાજકાર્ય વ્યવસાયને સ્વિકૃતિ, અનુમોદન અને માન્યતા પ્રદાન કરી છે, જ્યારે ભારતમાં તેની તુલનામાં સામુદાયિક માન્યતા, અનુમોદન અને સ્વીકૃતિ સહેજ ઓછી મળી છે. તેમ છતાં સમાજકાર્યના વિભિન્ન ક્ષેત્રમાં પ્રશિક્ષિત સામાજિક કાર્યકરોની નિયુક્તિઓ થઈ રહી છે. જેમ કે ચિકિત્સા અને મનોચિકિત્સા ઉપચારનાં ક્ષેત્રો યુવા કલ્યાણ અને વિકાસને માટે સંચાલિત નહેરુ યુવા કેન્દ્રોમાં ઔદ્યોગિક ગૃહોમાં જ્યાં 500 થી વધુ કામદારો કાર્ય કરે છે. ત્યાં શ્રમકલ્યાણ અધિકારી તરીકે સક્રિય રીતે સામાજિક કાર્યકર્તાની નિયુક્તિ થાય છે. તેમ જ બાળકલ્યાણ, મહિલાકલ્યાણ, પરિવારકલ્યાણ, અપરાધસુધાર, સંશોધન સંસ્થા વગેરે જેવાં ક્ષેત્રોમાં કોઈને કોઈ પદ ઉપર પ્રશિક્ષિત સમાજકાર્યકરની નિમણૂંક થાય છે. રાજ્યકક્ષા કે રાષ્ટ્રિયકક્ષાના સરકારી વિભાગો, આયોગો, બોર્ડ, સંસ્થાઓ, સંગઠનો વગેરેમાં જાતિનિર્ધારણ કાર્યક્રમનું આયોજન, સંચાલન અને અમલીકરણની કામગીરીમાં વ્યાવસાયિક સમાજકાર્યને સામાજિક માન્યતા, સ્વીકૃતિ અને અનુમોદન મળ્યું છે.

### 1.2.3.5 વ્યાવસાયિક આચારસંહિતાઃ

આચારસંહિતા એટલે પ્રત્યેક વ્યવસાયના કેટલાંક વિશિષ્ટ નીતિનિયમો, પ્રતિબંધો, આદર્શો અને વ્યવહારની સુનિશ્ચિત સીમા આચારસંહિતા દ્વારા પ્રત્યેક વ્યાવસાયિક કાર્યકરે નિશ્ચિત સીમામાં નિયંત્રિત કરીને વ્યાવસાયિક કાર્ય કરે છે. તેમ જ તેના દ્વારા કાર્યકરમાં વર્તન વ્યવહાર અને કાર્યોમાં સમાનતા સ્થાપિત થાય છે. અલગ અલગ વ્યવસાયોની આચારસંહિતા, વ્યવસાયના કાર્યક્ષેત્ર, કાર્યપધ્ધતિ, જ્ઞાન તથા ઉદ્દેશ પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે. દા.ત. શિક્ષણશાસ્ત્ર, તબીબી વિજ્ઞાન, એન્જીન્યરિંગ, નર્સિંગ, કાયદાશાસ્ત્ર વગેરે.

વ્યાવસાયિક સમાજકાર્ય માટે 1970 માં ‘અમેરિકન એસોસિયેશન ઑફ સોશ્યલ વર્કસ’ અને ‘નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્કે’ વ્યાવસાયિક સમાજકાર્યકર્તાઓની પ્રેક્ટિસમાં સમાનતા લાવવા માટે આચારસંહિતા ઘડી હતી. ભારતમાં ‘બોમ્બે એસોસિયેશન ઑફ ટ્રેઈન્ડ સોશ્યલ વર્ક’ (BATSW) દ્વારા 2002 માં વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતા ઘડવામાં આવી છે. 2002 પહેલાં ભારતમાં પશ્ચિમી દેશોના વ્યાવસાયિક સમાજકાર્યકરોના સંગઠનો દ્વારા બનાવવામાં આવેલી આચારસંહિતાનો ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ આજે બી.ઓ.ટી.એસ.ડબલ્યુ. (B.A.T.S.W.) એ ઘડેલી વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતાઓનો અન્ય ભારતી સમાજકાર્ય સંગઠનોએ પણ તેને સ્વીકારી છે, તેનો જ ઉપયોગ ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યકરો કરે છે. અને ભારતીય સમાજે પણ આ આચારસંહિતાને સ્વીકૃતિ આપી. આજે આ આચારસંહિતાનું પાલન કરવું સામાજિક કાર્યકરો માટે અનિવાર્ય બન્યુ છે. (પટેલ આનંદી, પા. 6 થી 25)

## 1.3 સમાજકાર્યનાં મૂલ્યો અને સિધ્ધાંતોઃ

### 1.3.1 સમાજકાર્યનાં મૂલ્યોઃ-

શ્રીમતી ડબલ્યુ. એ. ફ્રિડલેન્ડર (1977) કહે છે કે,, ‘‘સમાજકાર્યનાં મુલ્યો માનવીય સભ્યતાને પોષનારી અને ઊંડાં મૂળ ધરાવતી માન્યતાઓમાં ઉતરી આવ્યાં છે.’’

સમાજકાર્યને એક વ્યવસાય તરીકે પોતાના મૂલ્યો, જ્ઞાન અને પધ્ધતિઓ છે. સમાજકાર્યમાં સારું શું છે? તે શોધે છે. અને પોતાનું ધ્યેય પ્રાપ્ત કરે છે. કોઈ પણ માનવીય પ્રવૃત્તિ નિશ્ચિત, વૈજ્ઞાનિક, ચકાસાયેલી અને ઉપયોગી તથા યોગ્ય સાબિત થયેલાં સિધ્ધાંતો દ્વારા સંચાલિત થતી હોય છે. તે સિધ્ધાંતો મોટે ભાગે ચોક્કસ મૂલ્યોનાં સ્વીકારમાંથી ઉત્પન્ન થયેલાં હોય છે. વ્યકિતનું ગૌરવ અને તેની શક્તિઓના પૂર્ણ વિકાસના સંદર્ભમાં દરેક વ્યક્તિનો અધિકાર આ બે સમાજકાર્યનાં મૂળભૂત મૂલ્યો છે. આ મૂલ્યો લોકશાહીના પાયારૂપ છે.

### 1.3.2 મૂલ્ય એટલે શું ?

માણસ પોતાના આચરણ માટે સારું – ખરાબ, સાચું – ખોટું શું છે? તે ધ્યાનમાં રાખે છે. અમુક ક્રિયા તે એટલા માટે પસંદ કરે છે કે, તે “યોગ્ય” હોય છે. આમ, મૂલ્ય એટલે યોગ્ય છે, તે.

દરેક સામાજિક જૂથ તેનાં તમામ સભ્યો પાસેથી નક્કી કરેલ ઈચ્છિત વ્યવહાર પ્રમાણે વર્તન કરે તેવું તે ઈચ્છે છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂલ્યો, ‘‘આધારભૂત ધારાધોરણો અને ઈચ્છિત વર્તનની તરાહ છે, જે સમાજના અને જૂથના સભ્યો તેનું પાલન કરવા સંગઠનાત્મક રીતે સંકલિત ઉદ્દેશોને પ્રાપ્ત કરે તેને મૂલ્ય કહેવામાં આવે છે.’’

ડૌરોથી લી (1959 -165)એ મૂલ્યની વ્યાખ્યામાં કહ્યું છે કે,, "તે એક એવો આધાર છે. જેના પર એક વ્યક્તિ કોઈ એક માર્ગને બીજા માર્ગ કરતાં સારો કે ખોટો, ઉચિત કે અનુચિત સમજીને એને ગ્રહણ કરે છે. આપણે માનવીય મૂલ્યોને કેવલ વ્યવહારથી જ જાણી શકીએ છીએ."

માનવીય વ્યવહારનો મૂલ્ય સાથેનો સંબંધ બતાવતા કૌસ (1966-62) કહે છે, "વ્યયવહાર ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં જુદાં જુદાં મૂલ્યોથી પ્રભાવિત થઈ શકે છે. એ પ્રભાવનો આધાર વ્યક્તિ કયા ક્ષેત્ર સાથે સંબંધ ધરાવે છે. એના પર છે. તે ક્ષેત્ર ઘર, વેપાર, રાજકારણ, સામુદાયિક સેવા, શતરંજની રમત કે કોઈ અન્ય ક્ષેત્ર હોઈ શકે છે.'' દા.ત. શતરંજની રમતમાં દયાના મૂલ્યને કોઈ સ્થાન નથી. જ્યારે વેપારમાં એનું કોઈક સ્થાન હોઈ શકે છે. જ્યારે ઘરમાં એ મૂલ્ય ખૂબ જ મહત્ત્વનું છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, મનુષ્યનાં મૂલ્યો એનો વ્યવહાર ઘડવામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મૂલ્ય સામાજિક નિયંત્રણનું એક સાધન છે. જે વ્યક્તિ, સમૂહ અને સમુદાયના વ્યવહાર પર નિયંત્રણ રાખે છે. પ્રત્યેક વ્યવસાયનાં કેટલાંક મૂલ્યો છે. જે મૂલ્યો એના સભ્યોના વ્યવહાર પર નિયમન રાખે છે અને વ્યાવસાયિક ઉદ્દેશો સિધ્ધ કરવામાં મદદ કરે છે.

### 1.3.3 મૂલ્યો (માન્યતાઓ) – સમાજકાર્યના તત્ત્વજ્ઞાનની આધારશીલા

કોઈપણ તત્ત્વજ્ઞાન, વાદ-વિવાદ, વિચાર કે વ્યવસાય કેટલાંક પાયાના મૂલ્યો પર આધારિત છે. એ મૂલ્યોનો છેદ ઉડાડી દેવામાં આવે તો એ તત્ત્વજ્ઞાન, વાદ-વિવાદ, વિચાર કે વ્યવસાય ટકી કે વિકસી શકતો નથી.

સમાજકાર્ય આધુનિક યુગનો એક વ્યવસાય છે. એટલે એ પણ કેટલાંક પાયાના મૂલ્યો પર આધારિત છે. આ વ્યવસાયનો જન્મ પશ્ચિમમાં થયો છે. એટલે કે એના મૂલ્યો પર પાશ્ચાત્ય સંસ્કૃતિની છાપ હોય એ સ્વાભાવિક છે. ફ્રિડલેન્ડરે() યોગ્ય જ કહ્યું છે કે, "સમાજકાર્યનાં મૂળભૂત મૂલ્યો આપમેળે જ્યાં ત્યાં પ્રગટ થયાં નથી, બલ્કે સંસ્કૃતિને પોષક એવી ગ્રહન માન્યતાઓમાં તેમનાં મૂળ પડેલા હોય છે. નૈતિક અને આધ્યાત્મિક સમાનતા, વ્યક્તિ વિકાસની સ્વતંત્રતા, તકોની મુક્ત પસંદગી, યોગ્ય સ્પર્ધા, અમુક હદ સુધીનું વ્યક્તિ સ્વાતંત્ર્ય, વાણી અભિવ્યક્તિ અને વિચાર વિનિમયની સ્વતંત્રતા વગેરે મૂલ્યોમાંથી અમેરિકન સંસ્કૃતિ પાંગરી છે. આપણી સલામતીની ભાવના પરસ્પરના આદર અને બીજાના અધિકારોની દરકાર પર આધારિત છે."

### 1.3.4 સમાજકાર્ય મૂલ્યો અંગેનાં વિભિન્ન વિદ્વાનોનાં મંતવ્યો:

સમાજકાર્ય આધુનિક યુગનો વિકસતો વ્યવસાય છે. સમાજકાર્યના મૂલ્યો વિશે વિભિન્ન વિદ્વાનોએ મંતવ્યો આપ્યા છે; જે નીચે મુજબ છે.

**પ્રો. બોએમના મંતવ્ય પ્રમાણે નીચે મુજબ છ મૂલ્યોને સમાજકાર્યમાં સ્વીકારવા જોઈએ.**

(1) દરેક વ્યક્તિને પોતાની શક્તિ અનુસાર પોતાના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ સાધવાનો અધિકાર છે.

(2) સર્વ સામાન્ય હિતમાં અભિવૃધ્ધિ કરી શકે એવી રીતે પોતાનો વિકાસ સાધવાની સમાજના દરેક સભ્યની ફરજ બની રહે છે.

(3) વ્યક્તિના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ સધાય તેવી તકો પૂરી પાડવાની સમાજની જવાબદારી છે. અને એવી રીતે વ્યક્તિઓના વ્યક્તિગત વિકાસ વડે સમાજ પોતે પણ સમૃદ્ધ થાય એવો સમાજનો હક્ક છે.

(4) વ્યક્તિના સ્વસ્થ, સુગ્રથિત અને સંતુલિત વિકાસને માટે વ્યક્તિની મુળભૂત આવશ્યકતાઓ સમાજ દ્વારા સતોષવામાં આવે છે. એ દરેકની જરૂરિયાત બની રહે છે. દા.ત. ભૌતિક, આર્થિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક વગેરે.

(5) સમાજ જેમ વધુને વધુ સંકુલ બનતો જાય, પરસ્પરાવલંબી બનતો જાય તેમ તેમ વ્યક્તિના વિકાસને માટે ખાસ પ્રકારના સામાજિક તંત્ર અને સંગઠનની જરૂરિયાત ઉભી થાય છે. વ્યક્તિને જરૂરી એવા સામાજિક સાધનો પૂરાં પાડવા એ સમાજની ફરજ બની રહે છે. પોતાની જરૂરિયાતને સંતોષી ન શકે એવા સાધનો અને ઉપકરણોમાં પરિવર્તન લાવવાનો દરેક વ્યક્તિનો અધિકાર છે.

(6) વ્યક્તિ આત્મવિકાસની જરૂરિયાત સંતોષવાને કાજે તેમજ જુદી જુદી વ્યક્તિઓ દ્વારા

સમાજને સમૃધ્ધ કરવા માટેનો વ્યક્તિગત ફાળો પણ મળી રહે એવા બંન્ને કારણોસર, સામુદાયિક કલ્યાણને સુદૃઢ કરે એવી અને સમાજ દ્વારા પ્રાપ્ત એવી સુવિધા યોગ્ય પ્રમાણમાં વ્યક્તિને પ્રાપ્ત થવી જોઈએ.

**1.3.5 કૌસે (1966) પણ નીચે મુજબનાં દસ મૂલ્યોને સમાજકાર્યનાં પ્રાથમિક મૂલ્યો ગણાવ્યાં છે.**

(1) પ્રત્યેક મનુષ્યનું મૂલ્યવાન હોવું.

(2) સંપૂર્ણ વિકાસ પ્રાપ્ત કરવાની માનવીય પ્રકૃતિ.

(3) માનવો વચ્ચે રહેલી ભિન્નતાઓની સ્વીકૃતિ.

(4) માનવીની ભૌતિક આવશ્યક્તાઓની સંતુષ્ટિ.

(5) સ્વતંત્રતા.

(6) સ્વ દોરવણી.

(7) અનિર્ણયાત્મક પ્રવૃત્તિ.

(8) રચનાત્મક સામાજિક સહયોગ.

(9) કાર્યોનું મહત્ત્વ અને નવરાશના સમયનો રચનાત્મક ઉપયોગ.

(10) પોતાના અસ્તિત્વનું મનુષ્ય અથવા પ્રકૃતિથી થતાં નુકશાનથી રક્ષણ.

**સંયુક્ત રાષ્ટ્રસંઘનું ત્રીજું આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ અથવા સમાજકાર્યના પ્રશિક્ષણ અંગે થયેલાં સર્વેક્ષણ(1958) જે મૂલ્યો પર આજ સુધીનું વ્યાવસાયિક સમાજકાર્ય આધારિત છે. જે તે નીચે મુજબ છે.**

(1) વ્યક્તિની કક્ષા, જાતિ, ધર્મ, રાજકીય વિચાર અને સ્વભાવ પર ધ્યાન ન આપતાં એનો માનવ તરીકે સ્વીકાર કરવો જોઈએ તથા તેના ગૌરવ અને આત્મવિશ્વાસમાં વૃધ્ધિ થાય એવાં તમામ કામ કરવાં જોઈએ.

(2) વ્યક્તિ, સમૂહ અને સમુદાયની ભિન્નતાઓને આદરની દૃષ્ટિએ જોઈને સમન્વયની વૃધ્ધિ થાય અને સામુદાયિક કલ્યાણ શક્ય બને એવાં કામો કરવાં જોઈએ.

(3) વ્યક્તિઓમાં આત્મનિર્ભરતાની ભાવનાને પ્રોત્સાહન આપવું જોઈએ, જેથી વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે અને તે પોતાની જવાબદારી વહન કરી શકે.

(4) વ્યક્તિ, સમૂહ અને સમુદાયને વિષમ પરિસ્થિતિઓમાં એવી તકો મેળવી આપવી જેનાથી એમનું જીવન સંતોષપ્રદ બની શકે.

(5) સમાજકાર્યના જ્ઞાન અને દર્શન પર આધારિત નીતિઓનો અમલ કરવાની વ્યાવસાયિક જવાબદારીનો સ્વીકાર કરવો જોઈએ, જેથી કરીને વ્યક્તિ પોતાની ઈચ્છાઓ અને આવશ્યકતાઓની તૃપ્તિ માટે સારાંમાં સારું વાતાવરણ અને તક પ્રાપ્ત કરી શકે પોતાની શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરીને સંતુષ્ટ થાય.

(6) વ્યાવસાયિક સંબંધોની ગોપનિયતાનું રક્ષણ કરવું.

(7) પોતાના વ્યાવસાયિક સંબંધો દ્વારા સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, સમૂહ કે સમુદાય વધારે સ્વતંત્ર અને આત્મનિર્ભર બને તેવા પ્રયોગો કરવા. વ્યક્તિઓને સમસ્યાના તૈયાર ઉકેલ બતાવવા નહીં.

(8) વ્યાવસાયિક સંબંધોનો સાવધાનીપૂર્વક અને શક્ય હોય ત્યાં સુધી વ્યક્તિ અને સમાજના વધારે ભલા માટે, પરોક્ષ રીતે ઉપયોગ કરવો.

**હર્બર્ટ બિસ્નો(1952-24)એ પોતાનું પુસ્તક "ધી ફિલોસોફી ઑફ સોશ્યલ વર્ક" માં સમાજકાર્યના દાર્શનિક એવા ચાર મૂલ્યોની વાત કરી છે.**

(1) વ્યક્તિની પ્રકૃતિ.

(2) વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનાં સંબંધો, વ્યક્તિ-જૂથ વચ્ચેના સંબંધો અને જૂથ-જૂથ વચ્ચેના સંબંધો.

(3) સમાજકાર્યના કાર્યો અને સિધ્ધાંતો.

(4) સામાજિક કુસમાયોજન અને સામાજિક પરિવર્તન.

ઉપરના ચારેય મૂલ્યોની ટૂંકમાં સમજ મેળવીએ,

**(1)** **વ્યક્તિની પ્રકૃતિ :** બિસ્નોએ વ્યક્તિની પ્રકૃતિ વિશેની સમજ આપતાં જણાવ્યું છે કે,, "દરેક વ્યક્તિ મૂલ્યવાન છે. સમાજકાર્ય એવો વિશ્વાસ ધરાવે છે કે, દરેક વ્યક્તિ પોતાના અસ્તિત્વના કારણે જ મૂલ્યવાન છે. દરેક વ્યક્તિ માટે તકોની સમાનતા અને અભિવ્યક્તિના અધિકારો મળવા ખૂબ જ મહત્ત્વના છે. દરેક વ્યક્તિ સાથે દુઃખ, પીડા, માનવી વચ્ચેના વ્યવહારો, પર્યાવરણ સાથેની આંતરક્રિયાઓ, નૈતિક-અનૈતિક વર્તન, વ્યક્તિગત-કૌટુંબિક જરૂરિયાતો, વ્યક્તિઓ વચ્ચેની સામ્યતાઓ અને તફાવતો, માનવ પ્રેરણા, શીખવાની પ્રક્રિયા, જીવનના અનુભવો વગેરે બાબતો જોડાયેલી છે, જે વ્યક્તિની પ્રકૃતિ સાથે સંબંધ ધરાવે છે. જેથી સમાજકાર્યના મૂલ્ય તરીકે વ્યક્તિની પ્રકૃતિ સમજવી આવશ્યક છે. અને પછી જ તેના નિરાકરણની કામગીરી કરવામાં આવે છે. "

**(2)** **વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધો, વ્યક્તિ-જૂથ વચ્ચેના સંબંધો અને જૂથ-જૂથ વચ્ચેના સંબંધો** : સમાજકાર્ય બળિયાના બે ભાગનો સિધ્ધાંત, મત્સ્યન્યાયનો સિધ્ધાંત અને બિનહસ્તક્ષેપના મતનો અસ્વીકાર કરે છે. સમાજકાર્યના આ મૂલ્યમાં સ્વીકારવામાં આવે છે કે, "પૈસાદાર અને શક્તિશાળી લોકો જેટલા સત્તા, સંપત્તિ, અધિકારો, રક્ષણ વગેરે મેળવવા માટે લાયક કે યોગ્ય છે; તેટલા જ ગરીબ અને નબળાવર્ગના લોકો પણ લાયક કે યોગ્ય છે. સમાજકાર્ય માને છે કે, સત્તા, સંપત્તિ, અધિકારો, રક્ષણ વગેરે લાયકાત અને ક્ષમતાના ચિહ્નો છે. જે સમુદાય દ્વારા તેના સભ્યોને સમાનતાના ધોરણે મળે તે જોવું આવશ્યક છે. સમાજકાર્યકર જરૂરિયાતમંદ, અધિકારોથી વંચિત, અસલામત વ્યક્તિ, સમસ્યાગ્રસ્ત વગેરે સભ્યોને સમુદાય દ્વારા સમાનતાના ધોરણે સહાય મળે તે જોવે છે. અને આવશ્યકતા મુજબ વ્યક્તિ અને સમુદાયને મદદરૂપ પણ બને છે. સમાજકાર્યકર સામાજિક સેવાઓ, યોજના, કાર્યક્રમો, સહાયતા વગેરેના સંદર્ભમાં વ્યક્ત-વ્યક્તિ, વ્યક્તિ-જૂથ અને જૂથ-જૂથ વચ્ચેના સંબંધો સુમેળભર્યા સંબંધો બનાવવામાં સહાયરૂપ બને છે. "

**(3)** **સમાજકાર્યના કાર્યો અને સિધ્ધાંતો :** સમાજકાર્ય કાર્યાત્મક દૃષ્ટિએ બેવડો અભિગમ અપનાવે છે. તેમાં તે અલગ અલગ પધ્ધતિશાસ્ત્રોને અનુસરે છે. એક બાજુ વૈયક્તિક સેવાકાર્ય અને બીજી બાજુ સામાજિક ક્રિયાને અનુસરે છે. સમાજકાર્ય સમાજના સંસ્થાકીય માળખામાં વ્યક્તિઓને સમાયોજિત થવામાં મદદ કરે છે. અને સંસ્થાકીય માળખામાં જરૂરી સુધારા લાવવા પ્રયત્ન કરે છે. જ્યારે સામુદાયિક સંગઠન અને જૂથકાર્યમાં ત્રીજા પરિબળ તરીકે મધ્યસ્થી પણ કરે છે. સમાજકાર્ય લોકશાહીને એક પધ્ધતિ તરીકે સ્વીકારે છે. સમાજકાર્ય વ્યક્તિ તરીકેના નાગરિક અધિકારો મેળવવામાં અને ટકાવવામાં તેમનાં વ્યાવસાયિક ખ્યાલને વ્યક્તિગત મૂલ્યો પાયો ગણે છે, તેથી તેની અવગણા કરી ન શકાય.

**(4)** **સામાજિક કુસમાયોજન અને સામાજિક પરિવર્તન :** ભારતીય સંસ્કૃતિમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, મનોસામાજિક સમસ્યોઓ દ્વારા કુસમાયોજન ઊભુ થાય છે. સામાજિક – મનોવૈજ્ઞાનિક કુસમાયોજન સહઅસ્તિત્વ, સાતત્ય, સ્થિતિ સુધાર તરફ ધ્યાન દોરે છે. સમાજકાર્યકરે સામાજિક તથ્યો અને સામાજિક મૂલ્યો વચ્ચેના અંતરમાં સેતુ બનવાનું છે. ભારતીય સમાજમાં ક્રમિક વિકાસ દ્વારા પરિવર્તન શક્ય છે. અને ઈચ્છિત પણ છે. આ મૂલ્ય બદલાની જરૂરિયાતો અને સંજોગો પ્રમાણે જરૂરી પરિવર્તનમાં લચીલાપણું સ્વીકારે છે. જેનાથી સામાજિક કુસમાયોજન દૂર થાય છે. અને સામાજિક પરિવર્તન સમાજમાં જોવા મળે છે.

### 1.3.6 સમાજકાર્યનાં મુખ્ય મૂલ્યોઃ

સમાજકાર્યનાં મુખ્ય ચાર મૂલ્યો છે. જે નીચે મુજબ છે.

(1) પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે, તેનું ગૌરવ થવું જોઈએ.

(2) સામાજિક ન્યાય.

(3) સમાજકલ્યાણમાં વ્યક્તિની જવાબદારી.

(4) લોકશાહી મૂલ્યો.

ઉપરોક્ત મૂલ્યોની વિસ્તૃત સમજ મેળવીએ.

**(1) પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે, તેનું ગૌરવ થવું જોઈએ.**

સમાજકાર્યમાં દરેક વ્યક્તિ મૂલ્યવાન છે. સમાજકાર્ય એવો વિશ્વાસ ધરાવે છે કે, પ્રત્યેક વ્યક્તિ પોતાના અસ્તિત્વને કારણે જ મૂલ્યવાન છે. એને માટે તકોની સમાનતા, લઘુમતીઓના અધિકારો, મુક્ત અભિવ્યક્તિનો અધિકાર જેવા સિધ્ધાંતો મહત્ત્વના છે.

સમાજકાર્યમાં દરેક વ્યક્તિનું મૂલ્યવાન હોવું અને ગૌરવ આપવું એ અગત્યનું મૂલ્ય છે. સમાજિક કાર્યકરે તેને અનુસરવું જોઈએ. રિમરના મતે "ગૌરવનો ખ્યાલ એ સૂચિત કરે છે કે, સન્માન મેળવવું એ માનવજાતનો અધિકાર છે. તેથી સમાજકાર્યકરોએ વ્યક્તિઓમાં જાતિ, જ્ઞાતિ, પ્રજાતીય, સ્ત્રી-પુરૂષ જાતિગત અથવા સામાજિક-આર્થિક દરજ્જામાં જોવા મળે છે, તેવા ભેદભાવ નહી કરવા જોઈએ. સમાજકાર્યકરો પણ સામાન્ય રીતે એ માને છે કે, તમામ લોકોને તેમની કેટલીક મૂળભૂત જરૂરિયાતો હોય છે. જેવી કે અન્ન, વસ્ત્ર, રહેઠાણ, આરોગ્ય અંગેની કાળજી અને માનસિક આરોગ્ય સંબંધિ જરૂરિયાતો. આ જરૂરિયાતો પ્રાપ્ત કરવાની સરખી તકો દરેક વ્યક્તિને મળવી જોઈએ. દા.ત. પછાત જ્ઞાતિ સાથેનો અસ્પૃશ્યતાનો વ્યવહાર, સ્ત્રી-પુરૂષ વચ્ચેના જાતિગત ભેદભાવ, અમીર-ગરીબ વચ્ચેના આર્થિક દરજ્જાના ભેદભાવ વગેરે આપણા સમાજમાં જોવા મળે છે. સમાજકાર્યકરે આવા ભેદભાવોથી પર રહીને દરેક વ્યક્તિને મૂલ્યવાન ગણી સમાજ વ્યવહાર કરવો જોઈએ. તેમજ ચોરી, દેહવેપાર, અપરાધ વગેરેમાં જોડાયેલી વ્યક્તિને મૂલ્યવાન ગણી ગૌરવ કરવું જોઈએ.

**(2) સામાજિક ન્યાયઃ**

સામાજિક ન્યાય એ સમાજ તેના સભ્યોને જે સાધનો પૂરાં પાડે છે. તેનો નિર્દેશ કરે છે. "સમાજકાર્ય ન્યાય વ્યક્તિઓ અને સમૂહોની ક્ષમતાઓના યોગ્ય વિકાસ માટેના અને સાર્વજનિક સંપત્તિ માટેના અધિકારોને માંગવાની સમાનતા નિશ્ચિત કરે છે." (Constable 1983, p33)

સામાજિક ન્યાયનો ખ્યાલ એ ભારતીય બંધારણનાં કેટલાંક પાયાના ખ્યાલોમાંનો એક છે. ભારતીય સંવિધાનના આમુખમાં ભારતના લોકોને ન્યાય મળે એ માટે સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ન્યાય અંતર્ગત સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય નિહિત છે. ભારતીય સમાજના સંદર્ભમાં સામાજિક ન્યાયનું મહત્ત્વ વિશેષ છે. હિન્દુ માનવીય રીતોનું સામાજિક માળખું ઊંચનીચના પાયા પર રચાયેલી અને અસ્પૃશ્યતા તથા અન્ય પ્રતિબંધો અને વાડાબંધી સર્જતી જાતિપ્રથાના પાયા પર રચાયેલું છે. આવી સામાજિક અસમાનતા આર્થિક-સામાજિક અન્યાયની સ્થિતિ ઊભી કરે છે. દા.ત. દલિતો અને સવર્ણો વચ્ચેનાં સંઘર્ષો, શોષણ, અન્યાય, અસ્પૃશ્યતા અને દલિતોનો મંદિરોમાં પ્રવેશ પર પ્રતિબંધ છે.

સમાજકાર્યકર આવા સામાજિક અન્યાયને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તે બૃહદ સ્તરે સામાજિક નીતિમાં પરિવર્તન લાવીને, સાધનો અને તકો વધુ ઉપલબ્ધ થાય તે માટે કાર્ય કરે છે. તથા અન્યાયકારી વ્યવહારોને ઓળખવા અને નાબૂદ કરવા માટે ભોગ બનેલા લોકોને સક્ષમ બનાવે છે. ગાંધીજીએ લોકશાહી સંદર્ભે કહ્યું હતું કે, "?ારી લોકશાહીની કલ્પના એવી છે કે, તેના અમલમાં નબળામાં નબળાને સૌથી સબળાના જેટલી તક મળવી જોઈએ." સામાજિક ન્યાયનાં ખ્યાલમાં એ અભિપ્રેત છે કે, સમાજમાં વિતરણની સમગ્રતાની એવી ભાત વિકસાવવી જોઈએ કે જે ન્યાયના સિધ્ધાંત સાથે સુસંગત હોય. આમ સમાજકાર્યમાં સામાજિક ન્યાય મહત્ત્વનું મૂલ્ય છે.

**(3) સમાજકલ્યાણમાં વ્યક્તિની જવાબદારીઃ**

વ્યક્તિ અને સમાજ એકબીજાંના પૂરક છે. વ્યક્તિ પોતાની સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક અને ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ સમાજ દ્વારા જ કરી શકે છે. જ્યારે સમાજના અસ્તિત્વ અને સાતત્યના મૂળમાં વ્યક્તિ જ રહેલો છે. એક બાજુ વ્યક્તિને પોતાના સ્વમાન, આત્મગૌરવ, સ્વનિર્ણય અને સમાન તકના વ્યક્તિગત અધિકારો છે, તો બીજી બાજુ તેની

પોતાની તરફની, કુટુંબ અને સમાજ તરફની જવાબદારી પણ રહેલી છે. આ મૂલ્ય સમાજકાર્યની તમામ પધ્ધતિઓ સાથે સંકળાયેલું છે. આ મૂલ્ય સામે પડકારો પણ છે. જેમ કે વ્યક્તિ, જૂથ અને સમુદાય કે જેઓ પોતાના વિકાસ અને સુખ માટે સહાય, ટેકો, સલાહ અને તકો મેળવે છે. તેમની તથા સમાજની વચ્ચે અધિકાર અને ફરજની સ્પષ્ટ ભાવના વિકસવી જોઈએ. સમાજકાર્યકર વ્યક્તિ અને જૂથોને એ બતાવે છે કે, પોતાના અધિકારોનું સંપૂર્ણ ભાન, પોતાની મર્યાદાઓ તથા ફરજો પ્રત્યેની જાગૃતિ તથા બીજાના અધિકારો તથા જરૂરિયાતો માટે આદર તથા તેમના અધિકાર પણ મહત્ત્વનાં છે. વ્યક્તિ તેમજ જૂથ સાથેના કાર્યમાં સમાજકાર્યકર ઈચ્છનીય સામાજિક ધ્યેયની સિધ્ધિને પ્રોત્સાહન આપે છે. વૈયક્તિક કાર્યકર, જૂથ કાર્યકર અને સામુદાયિક કાર્યકર સામાજિક જવાબદારીની ભાવના વિકસાવી શકાય તે માટે પોતાના વ્યવહાર તથા કાર્યપ્રેરણાનું જૂથના કાર્યક્રમનું અને તેમના વ્યક્તિ સાથેના સંબંધનું જ્ઞાન ઉપયોગમાં લે છે. સામુદાયિક સંગઠનમાં કોઈ કાર્યકરની દરમિયાનગીરીથી બીજા જૂથની કલ્યાણ વિષયક જરૂરિયાતો કે સ્થિતિને હાનિ ન પહોંચવી જોઈએ.

**(4) લોકશાહી મૂલ્યોઃ**

લોકશાહીમાં સ્વતંત્રતા અને સમાનતા એ મહત્ત્વના મૂલ્યો રહેલા છે. લોકશાહી લોકોને સ્વતંત્રતા આપે છે, કાયદા સામે સૌને સમાન ગણે છે. અને ન્યાયની ખાતરી આપે છે. સહકારને ઉત્તેજન આપે છે, જેનાથી સુગ્રથિત સમાજ બને છે. સમાજકાર્યનું ધ્યેય પણ આવા સમાજની રચનાનું છે. તેથી જ સમાજકાર્ય લોકશાહીના સ્વતંત્રતા અને સમાનતાનાં મૂલ્યોને સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે.

લોકશાહીનું પ્રથમ મૂલ્ય છે. 'સ્વતંત્રતા'. સ્વતંત્રતા એટલે "સમાજના સભ્યોના વિચાર", "વર્તન અને વાણી માટેની સ્વતંત્રતા". પરંતુ આ પ્રકારનું સ્વાતંત્ર્ય જો દરેક વ્યક્તિ ભોગવે તો તેમાં પરસ્પર સંઘર્ષ ઉત્પન્ન થાય છે. કારણ કે એક વ્યક્તિનું સ્વાતંત્ર્ય બીજી વ્યક્તિઓના સ્વાતંત્ર્યમાં અવરોધ ઊભો કરે છે. જેથી સામાજિક સંઘર્ષ અને તાણની અવસ્થા ઉત્પન્ન થાય છે. સમાજકાર્ય આવી સ્થિતિમાં સમાજના લોકો પોતાની સ્વતંત્રતા માટે સ્વયંશિસ્ત કેળવે અને પોતાનું હિત અને સમાજના હિત વચ્ચે સમાયોજન સ્થપાય તે દિશામાં પ્રયત્ન કરે છે.

લોકશાહીનું બીજું મૂલ્ય છે. 'સમાનતા'. સમાનતા એટલે "સંપત્તિની સમાનતા", "કાયદા સમક્ષની સમાનતા અને નાતજાત, વંશ, જાતિ, જ્ઞાતિ, રાષ્ટ્ર વગેરેને લગતા તફાવતોને ધ્યાનમાં લીધા વિનાની તકની અને દરજ્જાની સમાનતા". પરંતુ દરેક સમાજમાં આજે કોઈને કોઈ પ્રકારના ભેદભાવો જોવા મળે છે. તેમાંથી ઊભી થતી અસમાનતાને દૂર કરવાનો સમાજકાર્ય પ્રયત્ન કરે છે.

સમાજકાર્ય લોકશાહી મૂલ્યોને આધારે વિશ્વાસ ધરાવે છે કે, સમાજના બધાં સભ્યોને તેમની વ્યક્તિગત સહજ ક્ષમતાઓ તથા યોગ્યતાઓને આધારે સમાન તક પ્રદાન કરવામાં આવે છે. સમાજકાર્યના એક મૂલ્યનાં રૂપમાં એ વિશ્વાસ કરવામાં આવે છે કે,, "આત્મસન્માન, ગરિમા, આત્મનિર્ણય તથા સમાન તકો સંબંધિત વ્યક્તિનો વ્યક્તિગત અધિકારો વ્યક્તિમાં પોતાના પ્રત્યે, પોતાના કુટુંબ અને સમાજ પ્રત્યે જવાબદારીઓ પણ ઊભી કરે છે. " આમ, સમાજકાર્યમાં મૂલ્યો લોકશાહી અને માનવોચિત્ત છે. (પટેલ આનંદી, પા.29 થી 44)

### 1.3.7 સમાજકાર્યના સિધ્ધાંતોઃ

સિધ્ધાંતો એટલે, "કોઈ પણ ક્રિયા માટેનું માર્ગદર્શન આપતાં નિયમો અથવા તે ક્રિયાની સમજુતી આપતા માધ્યમો/ધારાધોરણો." સમાજકાર્યના સિધ્ધાંતો એ સમાજકાર્યના વ્યવહાર માટે માર્ગદર્શન આપતા નિયમો છે. આ નિયમો અનુભવોને આધારે ઊતરી આવ્યા છે. સમાજકાર્યનાં ધ્યેયોની પૂર્તિ તેના સિધ્ધાંતો પર ચાલીને જ થઈ શકે છે.

સમાજકાર્યના મૂલ્યો આપણા વિચારોને ઘડે છે, જ્યારે સમાજકાર્યના સિધ્ધાંતો સમાજકાર્ય પ્રેક્ટિસ દરમિયાન દિશા બતાવે છે. સમાજકાર્યના સિધ્ધાંતો સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધની પ્રકૃતિ અને સેવાર્થીની સમસ્યા ઉકેલમાં કેવી રીતે ઉપયોગી થાય તેની સમજ આપે છે. સમાજકાર્યના સિધ્ધાંતો નીચે મુજબ છે.

(1) સ્વીકૃતિનો સિધ્ધાંત. (Acceptance)

(2) ગોપનીયતાનો સિધ્ધાંત. (Confidentiality)

(3) વૈયક્તિકરણનો સિધ્ધાંત. (Individualization)

(4) સહભાગીદારીનો સિધ્ધાંત. (Participation)

(5) આત્મનિર્ણયના અધિકારનો સિધ્ધાંત. (Self determination)

(6) પ્રત્યાયનનો સિધ્ધાંત. (Communication)

(7) તટસ્થતાનો સિધ્ધાંત. (Objectivity)

(8) અનિર્ણયાત્મકતાનો સિધ્ધાંત. (Non-judgmental)

### 1.3.7.1 સ્વીકૃતિનો સિધ્ધાંતઃ

સ્વીકૃતિ (સ્વીકાર) એટલે, "સેવાર્થી સાથે એની વર્તમાન સ્થિતિ અનુસાર વ્યવહાર કરવો." સ્વીકૃતિ એ કાર્યકરનું સેવાર્થી પ્રત્યેનું વલણ દર્શાવે છે. કાર્યકર સેવાર્થીને એક વ્યક્તિ તરીકે સન્માન આપે છે. વ્યક્તિને એક માનવ તરીકે સમાનતા મેળવવાનો અધિકાર આપે છે. દા.ત. ભિક્ષુક, વેશ્યા સ્ત્રી, બાળ અપરાધી, HIV પેશન્ટ.

સમાજકાર્યકર જે વ્યક્તિ કે સમૂહ સાથે કામ કરવા માંગતો હોય તે વ્યક્તિ કે સમૂહની વાસ્તવિકતાઓનો એમના યથાર્થ સ્વરૂપમાં સ્વીકાર કરવો જોઈએ. સ્વીકારમાં કાર્યકર્તાને સેવાર્થીને જે બાબતો સારી લાગે એનો સ્વીકાર કરવો એવું નથી, એનો ઉદ્દેશ વાસ્તવિકતાની સ્વીકૃતિનો છે. ગરીબોની વચ્ચે કામ કરનાર કાર્યકરને એમના બાળકો ગંદા અને રોગીષ્ટ દેખાશે. ક્યારેક એમનાં કેટલાંક બાળકો નાની મોટી ચોરીઓ કરનાર કે ઘરેથી ભાગી જનારા હશે. દા.ત. ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો ગંદા અને રોગિષ્ટ જોવા મળે છે કે, ડફેર જાતિનાં લોકોમાં દ્વારા ચોરી-લૂંટફાટના ગુનાઓ કરવાનું પ્રમાણ વધુ જોવા મળે છે. અહીં સમાજકાર્યમાં વ્યક્તિ જે સ્વરૂપમાં છે. તે જ સ્વરૂપમાં કાર્યકર તેને સ્વીકારે છે. તેના બધાં ગુણ દોષો બાજુમાં રાખી વ્યક્તિને એક માનવી તરીકે તેનો સ્વીકાર કરવામાં આવે છે. સેવાર્થીની આવી સમસ્યા કે સ્થિતિમાં પણ કાર્યકરે વ્યક્તિનો સ્વીકાર કરવાનો છે. કાર્યકરે સેવાર્થીના દુષ્કૃત્યો પર ધ્યાન ન આપતાં એના માનવોચિત ગુણોને આધારે એનો સ્વીકાર છે. એટલે તે એના વિચલિત વ્યવહાર સ્વીકાર કરતો નથી, પણ તેનો એક માનવી તરીકે સ્વીકાર કરે છે.

કાર્યકર સેવાર્થીનું સન્માન અને ગૌરવનો અને સ્વીકાર કરે છે. ટીલીચ (1962) કહે છે. તેમ, "સેવાર્થીની સ્વીકૃતિમાં જે પ્રેમ છે. તે દાનમાં રહેલા પ્રેમ કરતાં જુદો છે. દાનમાં વિવેચનાત્મક માંગ હોતી નથી. આમ, સ્વીકાર સેવાર્થીની શક્તિ અને ખાસિયતોનાં વિકાસ માટેના વિધેયાત્મક આદરને સૂચવે છે."

કાર્યકરે સેવાર્થીનાં નૈતિક કે ધાર્મિક મૂલ્યોને માન આપવું જોઈએ. સામાજિક મૂલ્યો માનવરચિત છે. અને તેનું મહત્ત્વ સાપેક્ષ છે. તે દૃષ્ટિએ સમાજકાર્યકરે સેવાર્થી જે સ્તરે છે, તે જે અવસ્થા ધરાવે છે, જે ધર્મ, મૂલ્યો અને વિચારધારા ધરાવે છે. તેનો તેને સ્વીકાર કરવાનો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે સેવાર્થીની ચોરી કરવાની વૃત્તિને સ્વીકારવી અને તેના લગ્ન બહારના જાતીય સંબંધને સ્વીકારવા. પરંતુ સેવાર્થીની સમસ્યાને પેદા કરનારા વ્યવહારો, મૂલ્યો, વિચારધારા, અવસ્થાને બદલવા માટે અને સેવાર્થીના ભલા માટે સમાજકાર્યકરે સુધારણાલક્ષી કામગીરી કરવાની છે.

### 1.3.7.2 ગોપનીયતાનો સિધ્ધાંતઃ

ગોપનીયતા એટલે, "કાર્યકર અને સેવાર્થી વચ્ચે થયેલી તમામ વાતચીતને ગુપ્ત રાખવી." માહિતીને ગુપ્ત રાખવી એ સેવાર્થીનો મૂળભૂત અધિકાર છે. અને કાર્યકરનું નૈતિક કર્તવ્ય છે. જો કાર્યકર તેનું આ નૈતિક કર્તવ્ય અદા ન કરી શકે તો કાર્યકર-સેવાર્થીના સંબંધો નબળા પડે છે, સેવાર્થીનો કાર્યકરમાંથી વિશ્વાસ ઊઠી જાય છે. અને તેને મદદ કરવાનું ધ્યેય નિષ્ફળ નીવડે છે.

જો સામાજિક સંસ્થાની ગોપનીયતા અને પ્રકૃતિ યોગ્ય લાગશે તો જ સેવાર્થી તેની સમસ્યાના ઉકેલ માટે ભાગીદાર બનશે, કાર્યકરનો વિશ્વાસપૂર્વક સ્વીકાર કરશે, મુક્ત રીતે સંદેશવહન કરશે તથા પોતાની પરિસ્થિતિનું વૈયક્તિકરણ કરવામાં મદદ કરશે. સેવાર્થી જે કહે તેની કાર્યકર ક્યારેય બહાર ચર્ચા ન કરી શકે. એટલે કે સેવાર્થી વિશેના દસ્તાવેજોની ચર્ચા લોકો સાથે કે સામાજિક વર્તુળમાં ન થઈ શકે. કાર્યકરે સેવાર્થીમાં વિશ્વાસ પેદા કરવો પડે છે. અને તે જે માહિતી આપશે તેનો ઉપયોગ તેના

પ્રશ્નના ઉકેલ માટે જ થશે, જો સેવાર્થી અપૂરતી માહિતી આપશે તો યોગ્ય મદદ નહીં કરી શકે. તેની માહિતીની જાણ બીજા કોઈને પણ નહીં થાય. કાર્યકરે તેની જે માહિતીની નોંધો / દસ્તાવેજો રાખ્યાં હોય તેની જાણ પણ સેવાર્થીને કરવી જોઈએ અને આ માહિતી જ્યારે બિનજરૂરી જણાય ત્યારે તેનો નાશ કરવો જોઈએ. સામાજિક સંસ્થામાં જ્યાં વૈયક્તિક કાર્ય થાય છે. ત્યાં અલગ રૂમ હોવો જોઈએ. જેથી સેવાર્થી કાર્યકરની સમક્ષ મુક્ત રીતે સંપૂર્ણ માહિતી આપી શકે અને તે માહિતીની ગુપ્તતા જળવાઈ શકે.

સેવાર્થીની ગુપ્ત રાખવાની બાબતોમાં સેવાર્થીની ઓળખ, મૌખિક રીતે જાહેર કરેલી બાબતો, સેવાર્થી પ્રત્યેના વ્યાવસાયિક મત અને દસ્તાવેજની બાબતોનો સમાવેશ થાય છે. બાર્કર(1991)ના જણાવ્યા મુજબ નૈતિક સિધ્ધાંત તરીકે ગોપનીયતા વ્યાવસાયિક વર્તનને નિર્દિષ્ટ કરે છે. વિશ્વાસ પૂર્ણ સંબંધો માટેનો આધાર પૂરો પાડે છે. કાર્યકરે સેવાર્થીની ખાનગી બાબતોને તેની પરવાનગી વિના કોઈની સમક્ષ રજૂ કરવી કે ખુલ્લી કરવી જોઈએ નહીં. દા.ત. G.S.N.P. + સ્વૈચ્છિક સંસ્થા (સુરત) HIV/ AIDS ઉપર વિવિધ કામગીરી કરે છે. સંસ્થા અને તેના સેન્ટરો ઉપર HIV પોઝેટિવ વ્યક્તિઓનું કાઉન્સેલિંગ કરવામાં આવે છે. કાર્યકર HIV પોઝેટીવ વ્યક્તિ (સેવાર્થી) કાઉન્સિલિંગ કરે ત્યારે કાર્યકર સેવાર્થી પાસેથી જે કાંઈ માહિતી મેળવે છે. તે તમામ માહિતી ગુપ્ત રાખે છે, પંરતુ જ્યારે કાઉન્સેલર પોતાની ઉપરી અધિકારી કે વડા સાથે HIV પોઝેટીવ વ્યક્તિના પ્રશ્નોની ચર્ચા કરે ત્યારે ગોપનીયતાના સિધ્ધાંતનો ભંગ થતો નથી. એટલે કેટલીક પ્રશ્નોની જરૂરી ચર્ચા યોગ્ય અધિકારી સાથે કરવી જરૂરી હોય છે, જે સેવાર્થીના હિતમાં જ હોય છે. આમ, સેવાર્થીની બધી જ માહિતી ગુપ્ત રાખવી એટલે જ ગોપનીયતાનો સિધ્ધાંત.

**1.3.7.3 વૈયક્તિકરણનો સિધ્ધાંતઃ**

વૈયક્તિકરણ એટલે, ''સમસ્યાગ્રસ્ત વ્યક્તિ જે સ્થિતિમાં મદદ માટે આવ્યો છે. તે સ્થિતિ તથા તેના વલણને સમજવું અને સેવાર્થી પોતાની સમસ્યાને જે રીતે સમજે છે. તેને સમજવું.'' સમાજકાર્યમાં વૈયક્તિકરણના સિધ્ધાંતમાં ભારપૂર્વક કહી શકાય કે સમગ્ર માનવજાતને એ અધિકાર છે કે, તે માત્ર વ્યક્તિ તરીકે જ નહીં, પણ માનવ હોવાને કારણે વ્યક્તિગત ભિન્નતાઓ સાથે તે વ્યક્તિ સાથે અનેક પ્રકારનાં વ્યવહારો કરવામાં આવે છે. જ્યારે સમાજકાર્યકર સેવાર્થીનું વૈયક્તિકરણ કરે છે. ત્યારે તે દરેક સેવાર્થીના અનોખાપણાને માન આપે છે. અનોખાપણાને માન આપવું એટલે કે સમાજકાર્યકરે સેવાર્થીમાં રહેલી ભિન્નાતાઓનો સ્વીકાર કરવો. દા.ત. 'વિધવા સ્ત્રી'. વિધવા સ્ત્રી અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલી હશે. જેમ કે બેરોજગારીનો પ્રશ્ન, બાળકોનાં શિક્ષણ અને ભરણપોષણનો પ્રશ્ન વગેરે. આવી વિધવા સ્ત્રી સેવાર્થી બનીને કાર્યકર પાસે આવે ત્યારે તેની સમસ્યા / સ્થિતિને સમજવી, તેના વલણને સમજવું વગેરે.

સેવાર્થી અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાય જાય અને બહાર નિકળવાનો રસ્તો ન સૂઝે ત્યારે તે કાર્યકર પાસે મદદ માટે આવે છે. ત્યારે કાર્યકરે સેવાર્થીના અનોખાપણાને માન આપીને વૈયક્તિકરણ કરવાનું છે. એટલે કે કાર્યકર સેવાર્થી સાથે મુક્તપણે ચર્ચાઓ કરી તેની સામેના સંભવિત અવરોધોને શક્તિ અને સ્ત્રોતમાં રૂપાંતરિત કરે છે. કાર્યકર સેવાર્થીને વિશાળ દૃષ્ટિકોણ આપે છે. અને વધુ વિકલ્પો પૂરા પાડે છે. સમાજકાર્યકર સેવાર્થીતંત્રની અનોખી લાક્ષણિકતાઓને કેન્દ્રિત કરે છે. ત્યારે તે સેવાર્થી સાથે અધિકાર અને ગૌરવ મેળવનાર વ્યક્તિ તરીકે વ્યવહાર કરે છે. જ્યારે સમાજકાર્યકર અનોખાપણામાં વિશ્વાસ કરે છે. ત્યારે તે વિવિધતાઓમાં રહેલી સંભાવનાઓને શોધે છે.

સમાજકાર્યકરે બાબત ધ્યાનમાં રાખવાની છે કે, દરેક વ્યક્તિ બીજી વ્યક્તિથી ભિન્ન છે. દરેકનું વ્યક્તિ અલગ અલગ હોય છે. અને વ્યક્તિની સમસ્યાઓ જુદી જુદી હોય છે. એટલે કે વ્યક્તિની સમસ્યાઓ તેના વ્યક્તિ અને વાતાવરણના કારણે ઉદ્દભવે છે, દા.ત. બાળકોનો જીદ્દી, ક્રોધી સ્વભાવ એ વ્યક્તિત્વની સમસ્યા છે, જ્યારે બાળ અપરાધ એ વાતાવરણીય સમસ્યા છે. એક પ્રકારની સમસ્યાનો પ્રભાવ અલગ અલગ હોય છે. અને સમસ્યાના ઉકેલની ક્ષમતા વ્યક્તિએ વ્યક્તિ અલગ અલગ હોય છે. સમાજકાર્યકરે સેવાર્થી (વ્યક્તિ) અને તેના વ્યક્તિના સંદર્ભમાં આ બાબત સમજવી ખૂબ જરૂરી છે.

**1.3.7.4 સહભાગીદારીનો સિધ્ધાંતઃ**

સહભાગીદારી એટલે, ''સમસ્યાનો ઉકેલ કે તેની સ્થિતિમાં પરિવર્તન લાવવાની ક્રિયામાં સેવાર્થીની

સક્રિય ભાગીદારી દ્વારા પોતાની શક્તિઓ અને યોગ્યતાઓને ઓળખે તથા આત્મવિશ્વાસુ અને સમર્થ બની કાર્ય કરે.'' સેવાર્થીની શક્તિઓને મજબૂત કરવા માટે સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચે ભાગીદારી જરૂરી બને છે. સમસ્યાની ઓળખ, સાધનોની શોધ, ઉકેલ માટેની વ્યૂહરચના, સમસ્યા નિરાકરણ માટેની પ્રક્રિયા અને પરિણામોની સમજ તથા તેનું મૂલ્યાંકન કરવું વગેરે તમામ કાર્યો કાર્યકર અને સેવાર્થી મળીને કરે છે. સમસ્યા સેવાર્થીની પોતાની છે, પરંતુ તેનો ઉકેલ સેવાર્થી – કાર્યકરની સંયુક્ત ભાગીદારીથી થાય છે. જો સેવાર્થીની ભાગીદારી વિના કાર્યકર સમસ્યાનો ઉકેલ લાવશે તો તે ટૂંક સમય માટેનો જ હશે અને તેમાં સેવાર્થી ફરી સમસ્યાગ્રસ્ત થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે. પરંતુ સમાજકાર્યકરે ક્ષેત્રકાર્યના પાયાની બાબત સમજવી જોઈએ કે "સેવાર્થી જ્યાં છે. ત્યાંથી શરૂ કરવું" એટલે કે સેવાર્થીને તેની ક્ષમતાઓ અને સાધનો શોધવામાં, તેની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં અને તેની યોગ્યતાઓને વિકસાવવામાં ટેકો પૂરો પાડવો અને રચનાત્મક નિરાકરણ માટે આધાર આપવાનો છે. આ માટે સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચે સહભાગીદારીનાં સંબંધો જરૂરી છે. તેમાં કાર્યકર સેવાર્થીનાં અનુભવો અને યોગ્યતાનું મૂલ્યાંકન કરે છે. સમાજકાર્યકર સેવાર્થીની સમસ્યાઓનાં સંદર્ભમાં વ્યાવસાયિક દરમિયાનગીરીમાં નિષ્ણાંત હોય છે. આ નિષ્ણાંતપણા દ્વારા કાર્યકર સેવાર્થીને સમસ્યા ઉકેલની કામગીરીમાં સંપૂર્ણ ભાગીદારી માટે પ્રેરિત કરે છે. કાર્યકર સેવાર્થીની સક્રિય ભાગીદારી અને પરિવર્તનનાં તમામ પ્રયત્નમાં સેવાર્થીના નિર્ણય ઉપર વધુ ભાર મૂકે છે. તેમજ સેવાર્થીની સમસ્યાના નિરાકરણ અને સ્થિતિમાં પરિવર્તન લાવવાનાં તમામ તબક્કામાં કાર્યકર તેની સાથે રહે છે.

સેવાર્થીની ભાગીદારી આપોઆપ થતી નથી, તે માટે સમાજકાર્યકરે ભાગીદારીની રચના, તેનું માળખું અને તેની આંતરક્રિયાત્મક પેટર્ન શું હશે? તે નક્કી કરવું પડે છે. આ પ્રકારની ભાગીદારી માટે સેવાર્થીમાં શક્તિ અને તેની સાથેની નિકટતાનો વિકાસ કરવો પડે છે. સેવાર્થીને તેનામાં રહેલી શક્તિઓ દ્વારા પરિવર્તન લાવવામાં મદદ કરવાની છે. જેથી સેવાર્થીની શક્તિનો વિકાસ થાય, સમસ્યા નિરાકરણ કે સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે આત્મવિશ્વાસુ અને સમર્થ બને, નવો દૃષ્ટિકોણ વિકસાવે અને દરેક કામમાં સહભાગી બને. દા.ત. ગરીબ કુટુંબોમાં બેરોજગારીની સમસ્યા. રોજગારીની સમસ્યાનું નિરાકરણ કરવા માટે કાર્યકરે સેવાર્થીને સમસ્યાની ઓળખ, સાધનોની શોધ, ઉકેલ માટેની વ્યૂહરચના કે પરિણામની સમજ આપવી જોઈએ. તેમજ કયા કયા ક્ષેત્રોમાં રોજગારી ઉપલબ્ધ છે. અને તેમાં કેટલુ વેતન મળે છે. તે સમજાવવું ઉપરાંત જરૂર પડે તો માલિક સાથે સેવાર્થીનો મેળાપ કરાવવો જેથી સેવાર્થીમાં રહેલો ડર દૂર થાય તેમજ સેવાર્થી સમસ્યા નિવારવા માટે સમર્થ બને અને પોતાની શક્તિઓ અને યોગ્યતાઓને ઓળખીને દરેક કાર્યમાં સહભાગીદારી બને.

### 1.3.7.5 આત્મનિર્ણયના અધિકારનો સિધ્ધાંતઃ

આત્મનિર્ણયનો અધિકાર એટલે, "સેવાર્થી પોતાની સમસ્યાના ઉકેલ માટે સ્વતંત્ર રીતે વિચારીને નિર્ણય લેતો થાય અને શક્તિશાળી બનાવવાની પ્રક્રિયા એટલે આત્મનિર્ણયના અધિકારનો સિદ્ધાંત. સમાજકાર્યનું ધ્યેય વ્યક્તિને બીજાની મદદ લીધા વિના સ્વતંત્ર રીતે તેના જીવનની પરિસ્થિતિનો સામનો કરવા માટે શક્તિશાળી બનાવવાનું છે. સમાજકાર્યકર સેવાર્થીની સમસ્યામાં દરમિયાનગીરી કરે છે. એટલે કે સેવાર્થી અને સમાજકાર્યકરે સમસ્યા ઉકેલની જવાબદારીમાં ભાગીદાર બનવાનું છે. સમાજકાર્યકર સેવાર્થીને પ્રત્યેક ક્ષણે આત્મનિર્ણયનો અધિકાર આપે છે. આત્મનિર્ણયનો અધિકાર એ પુખ્તતાનું લક્ષણ છે.

સમાજકાર્યકર સેવાર્થીને તેની સમસ્યા અંગે વિચારવા ચોક્કસ નિર્ણય પર પહોંચવા અને તે અંગે કાર્ય કરવા માટે તેને વાતાવરણ અને પ્રેરણા બંન્ને પૂરાં પાડે છે. હોલીસ કહે છે. તેમ, "સ્વદોરવણી એ વૈયક્તિ કાર્ય અભિગમનું સૌથી મોટું બળ છે." સમાજકાર્યકરે સેવાર્થીને સલાહ આપવાની નથી, પરંતુ સેવાર્થી તેની સમસ્યા માટે વિચારતો થાય અને પોતે પોતાના ચોક્કસ નિર્ણય પર આવે તે માટે મદદ કરવાની છે.

સ્વનિર્ણય એ વ્યક્તિની પસંદગીની સ્વતંત્રતાને સૂચિત કરે છે. સ્વનિર્ણયનો અધિકાર આપવો એટલે સેવાર્થી પ્રત્યે બેપરવાહ બનવું. એટલે કે પોતાની જવાબદારી છોડી દેવી કે દિશા નહી બતાવવી તેવું નથી, પરંતુ સમાજકાર્યકરે સેવાર્થીના સ્વનિર્ણય માટે સક્રિયપણે માર્ગદર્શન આપવાનું છે. તે મદદની પ્રક્રિયામાં જબરદસ્તી ટાળે છે, વિકલ્પો ઊભાં કરે છે, સહયોગ કરે છે, સેવાર્થીની શક્તિને જગાડે છે,

તેનું ક્ષમતાવર્ધન કરે છે, સાધનોને ક્રિયાશીલ કરે છે. અને તકોને વિસ્તારે છે. જેથી સેવાર્થી સમસ્યા ઉકેલમાં સ્વતંત્ર રીતે વિચારતો થાય અને આત્મનિર્ણયના અધિકારનો ઉપયોગ કરતોં થાય છે. દા.ત. આત્મહત્યામાં નિષ્ફળ થયેલી વ્યક્તિ. આવી વ્યક્તિ આત્મનિર્ણયની શક્તિ ગુમાવી બેઠી હોય છે. જીવન જીવવામાં તેને કોઈ ઉમંગ કે ઉત્સાહ હોતો નથી. કાર્યકરે આવી સ્થિતિમાં સેવાર્થીને જીવન જીવવા માટે પ્રેરણા આપવી પડે છે, વાતાવરણનું નિર્માણ કરવું પડે છે, જીવવા અંગે વિચારતો થાય અને આત્મનિર્ણય લઈ શકે તેવી શક્તિઓનો સંચાર કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં સેવાર્થીની અહ્‌મશક્તિ ખૂબ જ નબળી બની ગઈ હોય છે. અને તેને મજબૂત કરવાની છે. જરૂર જણાય તો માર્ગદર્શન પણ આપવું જોઈએ. જો સેવાર્થી ધીમે ધીમે તે વાતાવરણમાંથી બહાર નીકળે જશે તો જીવન જીવવા તરફ દોરાશે છે.

**1.3.7.6 પ્રત્યાયનનો સિધ્ધાંત :**

પ્રત્યાયન એટલે, ''સંદેશાઓની આપ-લે''. બીજા શબ્દોમાં કહીએ તો પ્રત્યાયન એટલે, ''સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચેના વિચાર-વિમર્શ (વાતચીત) ની આપ-લેની પ્રક્રિયા.'' સમાજકાર્યકર સેવાર્થી સાથે હેતુપૂર્વકના સંબંધો દ્વારા સમસ્યાઓના નિવારણમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે. મદદરૂપ થવાની આ પ્રક્રિયામાં પ્રત્યાયન ઉદ્દભવે છે. સમસ્યાના નિવારણ માટે કાર્યકર અને સેવાર્થી વચ્ચે સતત વિચારોની આપ-લે થાય છે. સારો સમાજકાર્યકર તે છે. જે સારો શ્રોતા બની શકે છે. સેવાર્થી જ્યારે સમાજકાર્યકર પાસે આવે છે. ત્યારે તેની લાગણીઓ ખૂબ ઘવાયેલી હોય છે. ત્યારે સમાજકાર્યકર તેની લાગણીઓને સમજી અને સેવાર્થીનો સ્વીકાર કરે તો જ પ્રત્યાયન દ્વારા સેવાર્થીમાં સારવાર અંગે વિશ્વાસ પેદા થાય છે. દા.ત. છૂટાછેડાનો પ્રશ્ન. આવા પ્રશ્નમાં એક પક્ષની લાગણી છેલ્લી હદ સુધી ઘવાયેલી હોય છે. તેથી લગ્ન વિચ્છેદનો કેસ થયેલો હોય છે. બંન્ને પક્ષો વચ્ચેના સમાધાનની પ્રક્રિયામાં કાઉન્સેલિંગ ચાલું હોય છે. આ કાઉન્સેલિંગ પ્રત્યાયન ખૂબ મહત્ત્વનું સાબિત થતું હોય છે. સારો સમાજકાર્યકર પ્રશ્નનું મૂળ શોધી નિરાકરણ સુધી પણ પહોંચે છે. અને પ્રશ્નનો ઉકેલ લાવે છે. આ પ્રક્રિયામાં કાર્યકર અને સેવાર્થી વચ્ચે જે પ્રત્યાયન થાય છે. તેમાં વિચારોનું આપ-લે ખૂબ જ અગત્યનું છે.

પ્રત્યાયન એ કાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધોને પરિભાષિત કરે છે. દરેક પ્રત્યાયનમાં વિષયવસ્તુ અને સંબંધનું પાસુ મહત્ત્વનું હોય છે. એટલે કે પ્રત્યાયન કેટલીક માહિતી પૂરી પાડે છે. અને તે જ સમયે પ્રત્યાયન કરનારનો સંબંધ પરિભાષિત થાય છે. પ્રત્યાયન દરમિયાન સમાજકાર્યકરના મનમાં ર્દઢ પણે સેવાર્થીનું સશક્તિકરણ અને ઉત્પાદકીય પ્રત્યાયનની દૃષ્ટિ હોય છે. સમાજકાર્યકર સેવાર્થીની લાગણીનો અનુભવ કરે અને તેની સાથે આપોઆપ પ્રત્યાયન ઉદ્દભવે ત્યાં સુધી સાતત્યપૂર્ણ રીતે પારસ્પરિક ક્રિયા કરે છે. સમાજકાર્યકર જટિલ, સતત અને ટાળી ન શકાય તેવા પ્રત્યાયનને માન્ય કરે છે. સમાજકાર્યકરમાં એ સમજ જરૂરી છે કે, શબ્દ કેમેરાના કાચ જેવો છે. જે આકાર આપી શકે છે. અને આપણી સામે જે છે. તેનું સર્જન પણ કરી શકે છે.

સેવાર્થી સતત શાબ્દિક અને અશાબ્દિક પ્રત્યાયન કરે છે. તે કાર્યકરને પોતે શું વિચારે છે. અને અનુભવે છે. તે કહે છે. આ માહિતી સમાજકાર્યકરને પસંદગીનો પ્રતિભાવ આપવા દબાણ કરે છે. સમાજકાર્યકરે એવો પ્રતિભાવ આપવો જોઈએ જે સેવાર્થીની સ્વીકૃતિ અને સન્માનને વ્યક્ત કરે છે. જે સેવાર્થીને તેની સામેના પડકારોનો સામનો કરવા માટે પ્રોત્સાહિત કરે છે. પ્રતિભાવ દ્વારા સમાજકાર્યકર પોતાના સંદેશા આપે છે. સેવાર્થી વિચારે છે, તેનું અન્વેષણ કરે છે. અને સેવાર્થી શું લાગણી અનુભવે છે? તેને પ્રતિબિંબિત કરે છે.

**1.3.7.7 તટસ્થતાનો સિધ્ધાંતઃ**

તટસ્થતા એટલે, ''વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કાર્ય કરવું.'' અથવા ''કોઈ પણ કાર્યમાં વસ્તુલક્ષિતા દાખવવી''. કાર્યકરે સેવાર્થીની સમસ્યાઓને તાર્કિક, બુધ્ધિગમ્ય અને વિશ્લેષણાત્મક રીતે જોવી જોઈએ. કાર્યકર સેવાર્થીની સાથેની કોઈ લાગણીમાં સંડોવાયા વગર કાર્ય કરે છે. કાર્યકરે સેવાર્થીને સલાહ આપતો નથી, હુકમ કરતોં નથી, સેવાર્થી ઉપર પોતાની ઈચ્છા ઠોકી બેસાડતો નથી અને સેવાર્થી અંગે કોઈ નિર્ણય લેતો નથી. માત્ર સેવાર્થીની વાસ્તવિક હકીકતોનો તેને સ્વીકાર કરવાનો છે.

વૈયક્તિકરણ, અનિર્ણાયત્મકતા અને હેતુલક્ષિતા તટસ્થા સાથે નિકટનો સંબંધ ધરાવે છે. સમાજકાર્યકર

સેવાર્થીતંત્રની સ્થિતિને સમજવામાં પોતાની અંગત લાગણીઓ, વિચારો, ગ્રહો, પૂર્વગ્રહોને જોડશે નહિ, પરંતુ આવા કથનનો અનર્થ કરવાનું ટાળશે. કાર્યકર સેવાર્થી પ્રત્યેની ખોટી માન્યતાઓ, લેબલો, દોષિતતા, તીવ્ર પ્રતિભાવો આપવાથી દૂર રહેશે ને તેનાથી વિરૂધ્ધના વધુ લાગણીભર્યા કે અનાસક્તિભાવવાળા પ્રતિભાવો આપતાં નથી. કેટલીક વખત તટસ્થતા એટલે, "દૂર રહેવું, પ્રેમભાવ વિનાનું, અંતર રાખવું, બેપરવા રહેવું" એવો અર્થ થતો નથી. પરંતુ તટસ્થતાના સિધ્ધાંતમાં સમાજકાર્યકર સેવાર્થી પ્રત્યેની તેની કાળજી અને નિસ્બતને વ્યક્ત કરે છે. સમસંવેદના, તટસ્થ કાળજી અને પ્રતિબધ્ધતા દાખવે છે, જે સમાજકાર્યમાં ખૂબ જરૂરી છે. દા.ત. જેલના કેદીઓ કે દેહવ્યાપારમાં જોડાયેલી સ્ત્રી. આ સેવાર્થી પ્રત્યેની આપણી લાગણી, પૂર્વગ્રહો અને માન્યતાઓ પહેલેથી જ દ્રઢ થયેલી છે. આપણે તેમને જુદાં જ દ્દષ્ટિકોણથી જોઈએ છીએ. એટલે આપણે દરેક કેદીઓને દોષિત ગણતાં હોઈએ છીએ અને દેહવ્યાપાર કરતી સ્ત્રી પ્રત્યેની આપણી લાગણી નકારાત્મક હોય છે. પરંતુ તેમણે આ પગલું કઈ સ્થિતિથી ભર્યું તેને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણથી કે વસ્તુલક્ષી સ્વરૂપે સમજવું જોઈએ. સમાજકાર્યકરે સેવાર્થી સાથે કાર્ય કરવામાં તટસ્થતા દાખવવી ખૂબ જરૂરી છે. અને મુશ્કેલ પણ છે.

### 1.3.7.8 અનિર્ણયાત્મકતાનો સિધ્ધાંતઃ

અનિર્ણયાત્મકતા એટલે કાર્યકર અને સેવાર્થી વચ્ચે જે પ્રત્યાયન થાય છે. તેમાં સેવાર્થીના વર્તન, વિચાર, વ્યવહાર, મનોવલણ વગેરે રજૂ થતાં હોય છે. એ સમયે કાર્યકરે સેવાર્થીના કોઈ નિર્ણય પર આવવાનું નથી કે તે નિર્ણય સેવાર્થીને જણાવવાનો નથી. કાર્યકર જ્યારે સેવાર્થીની સમસ્યા વિશેની માહિતી મેળવે છે, સાંભળે છે. અને સેવાર્થી જે કાંઈ માહિતી આપે છે. ત્યારે તે તેમાં પોતાના વિચારો, વર્તન, વ્યવહાર, મનોવલણ વગેરે વ્યક્ત કરે છે. આ સમયે કાર્યકર સેવાર્થી વિશેનો કોઈ પણ મત કે અભિપ્રાય આપશે તો સેવાર્થી સાથેના પ્રત્યાયનની પ્રક્રિયા બંધ થઈ જવાની સંભાવના રહે છે. આવા સમયે અનિર્ણયાત્મક સિધ્ધાંતનો ઉપયોગ કરે તો કાર્યકર સેવાર્થીને દોષી કે નિર્દોષ, મૂલ્યવાન કે નકામો, સારો કે ખરાબ કહેતાં નથી. કાર્યકર સેવાર્થીનો માત્ર કાર્યકર તરીકે સ્વીકાર કરે છે, સેવાર્થીને દોષિત નહીં બતાવનાર કાર્યકર હંમેશા સમસ્યા નિવારણની પ્રક્રિયામાં સેવાર્થીની સહભાગીદારી વિકસાવી આત્મનિર્ણય લેતો કરી શકે છે. દા.ત. વિકલાંગ વ્યક્તિનાં પ્રશ્નો, લગ્ન પંસદગીની બાબત, છૂટાછેડાનો પ્રશ્ન વગેરે. દરેક વ્યક્તિ (સેવાર્થી) કોઈને કોઈ પ્રશ્નથી ઘેરાયેલી હોય છે. પરંતુ પ્રશ્નમાંથી બહાર નિકળવાનો રસ્તો વ્યક્તિ (સેવાર્થી) એ જ શોધવાનો છે. આ પરિસ્થિતિમાં સેવાર્થી શું કરે છે. તેનું નિરીક્ષણ કાર્યકરે કરવાનું છે, પરંતુ કાર્યકરે સેવાર્થી ઉપર પોતાના નિર્ણય લાદવાનો નથી કે સલાહ પણ આપવાની નથી, પણ સેવાર્થીને નિર્ણય લેવા સક્ષમ બનાવવાનો છે. અને કાર્યકરે અનિર્ણયાત્મક સિધ્ધાંતને અનુસરવાનું છે. (પટેલ આનંદી, પા. 158 થી 172)

## 1.4 ઉપસંહાર :

ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યને ધીમે ધીમે સામાજિક અનુમોદન અને સ્વીકૃતિ મળી રહી છે. ભારતમાં સમાજકાર્યના જ્ઞાનનો ધીમે ધીમે પગપેસારો થઈ રહ્યો છે. ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યની એક વ્યવસાય તરીકેની ઓળખ ઊભી થઈ રહી છે. વ્યાવસાયિક સમાજકાર્યનું જ્ઞાન, મૂલ્યો, કૌશલ્યો, સિધ્ધાંતો, પધ્ધતિઓ, કાર્યો, આચારસંહિતાઓ અને ભૂમિકાઓને સ્પષ્ટ સમજી અને તેનો ક્ષેત્રકાર્ય દરમિયાન આ જ્ઞાનનો ઉપયોગ કરે છે.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

(1) ભારતમાં સૌ પ્રથમ સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ક્યારે થઈ હતી ?

A – 1976　　B – 1926

C – 1936　　D – 1946

(2) ગુજરાતમાં 1952માં કઈ યુનિવર્સિટીમાં સામજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ હતી ?

A – ગુજરાત યુનિવર્સિટી　　B – એમ. એસ. યુનિવર્સિટી

C – ગુજરાત વિદ્યાપીઠ　　D – ભાવનગર યુનિવર્સિટી

(3) 1946માં 'દોરાબજી ટાટા સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક'નું નામ બદલીને શું રાખવામાં આવ્યું ?

A – દોરાબજી ઇન્સ્ટ્ટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ

B – ટાટા ઇન્સ્ટ્ટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક

C – દોરાબજી ઇન્સ્ટ્ટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક

D – ટાટા ઇન્સ્ટ્ટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ

(4) ગૂજરાત વિદ્યાપીઠમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ક્યારે થઈ ?

A – 1950 B – 1960

C – 1970 D – 1980

(5) 'એસોસિયેશન ઑફ સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક ઈન ઈન્ડિયા' (ISSWT) નામના સમાજકાર્યકરોના સંગઠનની સ્થાપના ક્યારે થઈ ?

A – 1959 B – 1960

C – 1961 D – 1962

(6) 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ' દ્વારા કયું ત્રિમાસિક જર્નલ ચલાવવામાં આવે છે.

A – ઈન્ડિયન જર્નલ ઑફ સોશ્યલ વર્ક

B – ટાટા જર્નલ ઑફ સોશ્યલ વર્ક

C – મુંબઈ જર્નલ ઑફ સોશ્યલ વર્ક

D – દોરાબજી જર્નલ ઑફ સોશ્યલ વર્ક

(7) પ્રો. બોએમે સમાજકાર્યના કેટલાં મૂલ્યો સ્વીકાર્યા છે. ?

A – ચાર B – છ

C – આઠ D – દશ

(8) કોંસે સમાજકાર્યના કેટલાં મૂલ્યો જણાવ્યા છે. ?

A – આઠ B – નવ

C – દશ D – અગિયાર

(9) સમાજકાર્યના મુખ્ય મૂલ્યો કેટલાં છે.

A – બે B – ચાર

C – છ D – આઠ

(10) સંદેશાની આપ-લે એટલે શું ?

A – પ્રત્યાયન B – વૈયક્તિકરણ

C – સહભાગીદારી D – આત્મનિર્ણય

(11) સેવાર્થી સાથે એનો વર્તમાન સ્થિતિ અનુસાર વ્યવહાર કરવો એટલે શું ?

A – પ્રત્યાયન B – સ્વીકૃતિ

C – આત્મનિર્ણય D – સહભાગીદારી

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) C – 1936

(2) B – એમ. એસ. યુનિવર્સિટી

(3) D – ટાટા ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ

(4) C – 1970

(5) B – 1960

(6) A - ઈન્ડિયન જર્નલ ઑફ સોશ્યલ વર્ક

(7) B – છ

(8) C – દશ

(9) B – ચાર

(10) A – પ્રત્યાયન

(11) B – સ્વીકૃતિ

## 1.7 ચાવીરૂપ શબ્દો :

- **વ્યવસાય :** રોજગાર-ધંધો
- **સિદ્ધાંતો :** માર્ગદર્શક ક્રિયાઓ માટેના નિયમો

## 1.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. મૂલ્ય એટલે શું ?

............................................................................

............................................................................

............................................................................

2. કૌંસના દશ મૂલ્યોના નામ આપો?

............................................................................

............................................................................

............................................................................

3. સમાજકાર્યના સિધ્ધાંતોના નામ આપો?

............................................................................

............................................................................

............................................................................

4. વ્યાવસાયિક સમાજકાર્યના લક્ષણો વિસ્તૃત રીતે સમજાવો.

............................................................................

............................................................................

............................................................................

## 1.9 પ્રવૃત્તિ (Activities)

- સામાજિક કાર્યકર માટે વિવિધ વ્યાવસાયિક સંગઠનો સ્થાપના થયેલ છે તેની સૂચિ તૈયાર કરો.

## 1.10 કેસસ્ટડી (Case Study)

- તમે તમારા ક્ષેત્ર કાર્યમાં લાગુ કરેલ સામાજિક કાર્યના કોઈપણ ત્રણ સિદ્ધાંતો ઉદાહરણ સાથે સમજાવો.

## 1.11 સંદર્ભગ્રંથ

(1) પટેલ આનંદી, (જુલાઈ-2009) : "વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો" અમદાવાદઃ વ્યાવસાયિક, અભિવૃત્તિ પ્રકાશન.

(2) ચાવડા ગીતા, (સપ્ટેમ્બર-2010) : "વ્યાવસાયિક સમાજકાર્ય" રતનપુર – બનાસકાંઠા, લોક પ્રકાશન

(3) तेज संगीता, (2006) : "समाजकार्य", लखनऊ, संगीता तेज, निर्देशक: जुबली "H" फाउन्डेशन.

(4) सूदन कृपालसिंह, (2008) : "समाजकार्य" सिद्धांत एवं अभ्यास, लखनऊ रीया बुक डिपो.

(5) पाण्डेय वालेश्वर, (2013) : समाजकार्य सिद्धांत एवं पद्धतिओं, रावत पब्लिकेशन, जयपुर।

(6) सिंह सुरेन्द्र और मिश्र पी. डी. (2010) : समाजकार्य ऱुद्यतिहास दर्शन एवं प्रणालिया, लखनऊ, न्यू रोयल बुक कम्पनी ।

(7) मिश्रा मंजू, (2012) : समाजकार्य, नऱुर्द्य दिल्ली: के.एस.के. पब्लिशर्स एण्ड डिस्ट्रीब्युटर्स ।

| એકમ–2 | વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-2 (સમાજકાર્યની પદ્ધતિઓ અને કાર્યો) |
| --- | --- |

## : એકમનું માળખું :


2.0 પ્રસ્તાવના

2.1 અધ્યયનના હેતુઓ

2.2 સમાજકાર્યની પધ્ધતિઓ

2.3 સમાજકાર્યના કાર્યો

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો (Glossary)

2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

2.9 પ્રવૃત્તિ (Activities)

2.10 કેસસ્ટડી (Case Study)

2.11 સંદર્ભગ્રંથ (Further Readings)


## 2.0 પ્રસ્તાવના

વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્ભવ અને વિકાસ સૌ પ્રથમ ઇંગ્લેન્ડ અને અમેરિકામાં થયો હતો. ત્યારબાદ વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત ભારતમાં થઈ. ભારતમાં સમાજકાર્યનો વ્યાવસાયિક તરીકે વિકાસ થઈ રહ્યો છે. સમાજકાર્યની પદ્ધતિઓ ઇંગ્લેન્ડ અને અમેરિકાની સામાજિક પરિસ્થિતિ અને સમસ્યાના નિવારણની પ્રક્રિયામાંથી ઉદ્ભવી છે.

બીજા એકમમાં વિદ્યાર્થીઓને સામાજિક કાર્યની પદ્ધતિઓ વિશેની સમજણ વિવિધ ઉદાહરણો દ્વારા આપવામાં આવી છે.

## 2.1 અધ્યયનના હેતુઓ

આ એકમનો અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓ સમજી શકશે.

1. સામાજિક કાર્યની પ્રાથમિક પદ્ધતિઓ
2. સામાજિક કાર્યની ગૌણ પદ્ધતિઓ અને
3. સામાજિક કાર્યની કાર્યો

## 2.2 સમાજકાર્યની પધ્ધતિઓ

વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદભવ અને વિકાસ સૌ પ્રથમ ઈંગ્લેન્ડ અને અમેરિકામાં થયો હતો. ત્યારબાદ વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત ભારતમાં થઈ. ભારતમાં સમાજકાર્યનો વ્યાવસાયિક તરીકે વિકાસ થઈ રહ્યો છે. સમાજકાર્યની પધ્ધતિઓ ઈંગ્લેન્ડ અને અમેરિકાની સામાજિક પરિસ્થિતિ અનો સમસ્યાના નિવારણની પ્રક્રિયામાંથી ઉદભવી છે.

સમાજકાર્યની મુખ્ય ત્રણ પદ્ધતિઓ છે.

1. સામાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિ,
2. સામાજિક જૂથકાર્ય પદ્ધતિ અને
3. સામુદાયિક સંગઠન પદ્ધતિ

સમાજકાર્યની ચાર ગૌણ પદ્ધતિઓ છે.

1. સમાજકાર્ય સંશોધન પદ્ધતિ
2. સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિ
3. સામાજિક ક્રિયા પદ્ધતિ અને
4. સંકલિત સમાજકાર્યની પદ્ધતિ

સંકલિત પદ્ધતિ એ ભારતની સામાજિક પરિસ્થિતિ અને સમસ્યાઓનાં ઉકેલ સંદર્ભે ઉદ્‌ભવી છે. જ્યારે અન્ય છ પદ્ધતિઓ ઇંગ્લેન્ડ અને અમેરિકામાં ઉદ્‌ભવી છે. જેની નીચે મુજબ સમજવાનો પ્રયત્ન કરીએ.

### 2.2.1 સામાજિક વૈયક્તિક કાર્ય પધ્ધતિઃ

દરેક વ્યક્તિની પોતાની સામાજિક, આર્થિક અને ભૌતિક પરિસ્થિતિઓ અંગેની પ્રતિક્રિયા અલગ-અલગ હોય છે. તેમજ દરેક વ્યક્તિની સમસ્યા બીજી વ્યક્તિઓથી પણ અલગ હોય છે. સમાજકાર્યમાં વ્યક્તિગત સમસ્યાઓના સંદર્ભમાં વૈયક્તિક સેવાઓની વ્યવસ્થા કરવામાં આવે છે.

ગોર્ડન હેમિલ્ટ (1951) સામાજિક વૈયક્તિક કાર્ય પધ્ધતિની વ્યાખ્યા કરતાં જણાવે છે કે,, “સમાજકાર્ય વૈયક્તિક કાર્ય પધ્ધતિ એ સમાજકાર્યનું એક સાધન અને ક્ષેત્ર છે. તે એક એવી પ્રક્રિયા છે. જેના દ્વારા વ્યક્તિની પ્રગતિ તેની વિશેષ પરિસ્થિતિને અનુરૂપ અને સામાજિક વાતાવરણમાં સમાયોજનની સ્થાપનાથી થાય છે. ”

મેરી રિચમન્ડ (1915)ના મતે, “વિભિન્ન વ્યક્તિઓને માટે તેમની સાથે રહીને તેના સહયોગથી વિભિન્ન પ્રકારનું કાર્ય કરવાની એક કળા છે. તેનો ઉદ્દેશ એક જ સાથે વ્યક્તિઓની અને સમાજની ઉન્નતિ કરવાનું છે. ”

પર્લમેન (1957, પા.4) કહે છે કે,, “સમાજિક વૈયક્તિક કાર્ય પધ્ધતિ એક પ્રક્રિયા છે, જેનો ઉપયોગ માનવ કલ્યાણ સંસ્થાઓ કરે છે. જેના દ્વારા વ્યક્તિઓને સહાય કરવામાં આવે છે. અને તેઓ સામાજિક કાર્યત્મકતાનો સામનો કરી સમાજમાં સમાયોજન સ્થાપિત કરી શકે.”

દા.ત. આ પ્રક્રિયા અને સાધનનો ઉપયોગ નીચેની પરિસ્થિતિમાં કરવામાં આવે છે. (1) અપરાધી બાળક (2) રક્તપિત, ક્ષય કે અન્ય રોગીઓના પુનવર્સન, મનોરંજન અને સારવાર (3) ભિક્ષાવૃતિ (4) અવિવાહિત માતાઓ (5) કૌટુંબિક કુસમાયોજન (6) મનોચિકિત્સા કાર્ય વગેરે.

વૈયક્તિક સમાજકાર્ય પધ્ધતિના મુખ્ય છ અંગો છે. જે આ પ્રમાણે છે.

(1) વ્યક્તિ. (Person)
(2) સમસ્યા. (Problem)
(3) સ્થાન / સ્થળ. (Place)
(4) પ્રક્રિયા. (Process)
(5) સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધો. (Social Worker and Client Relation)
(6) સમસ્યા સમાધાન. (Problem Solving)

**(1) વ્યક્તિ (Person) :**

આ વ્યક્તિ એક પુરૂષ, સ્ત્રી કે બાળક કોઈ પણ હોઈ શકે છે, જે આધારભૂતરૂપથી સમજવું. સદસ્ય હોય તથા સામાજીક માન્યતાઓ આદર્શો, નિયમોનાં પાલન કરતાં હોય અને કોઈ મનોસામાજીક આર્થિક અથવા અન્ય કોઈ કારણસર એનું કાર્ય કરવામાં અસમર્થ હોય, પરંતુ તે સમાજમાં સમાયોજીત રીતે રહેવાની ઈચ્છા રાખતાં હોય જેને પોતાના જીવનની કોઈ સામાજિક સંવેગાત્મક પાસાંમાં મદદની જરૂરિયાત હોય છે. આ વ્યક્તિની વ્યક્તિત્વ એક સંપૂર્ણ સ્વરૂપે જોવા મળે છે. તેના વ્યક્તિત્વના બધાં ભૌતિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક, સાંસ્કૃતિક વગેરે પાસાંઓ એકબીજાં સાથે સંકલિત સ્વરૂપે જોડાયેલાં હોય છે. આ વ્યક્તિત્વ ભૂતકાળના અનુભવો, વર્તમાનનું પ્રત્યક્ષીકરણ તેમજ પ્રતિક્રિયાઓ અને ભવિષ્યની આશાઓ તેમજ અપેક્ષાઓનો સંગમ હોય છે. વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ વ્યવહારનો ઉદ્દેશ સંતોષ

પ્રાપ્ત કરવો, નિરાશાથી દૂર રહેવું અથવા તેને ઓછી કરવી અને વ્યક્તિત્વને સંતુલિત બનાવી રાખવાનું છે. વ્યક્તિનું કલ્યાણ કરવાની દૃષ્ટિથી તેની કાર્યક્ષમતા કેટલીક સીમા સુધી તેના વ્યક્તિત્વ સંબંધી સંરચનાની કાર્યપ્રણાલી ઉપર નિર્ભર રહે છે.

મદદ માટે આવતી વ્યક્તિ હંમેશા સમસ્યાગ્રસ્ત હોય છે. આ સમસ્યાઓ તેના પર્યાવરણીય અસમતુલા / અસફળતા / દબાવ, વ્યક્તિની અંદર થતો આંતરિક સંઘર્ષ, કોઈ મહત્ત્વપૂર્ણ સામાજિક ભૂમિકા ભજવવામાં મળતી નિરાશા, તેના લક્ષ્ય અને સામર્થ્ય વચ્ચે આવતાં પરિબળોને કારણે ઉત્પન્ન થાય છે. તેની આ સમસ્યાઓ દ્વિમુખી છે, (1) તે પોતે સમસ્યાને એક ખતરો અથવા આક્રમણ સ્વરૂપે અનુભવ કરે છે. અને (2) તેની આ સમસ્યા ઉપર નિયંત્રણ મેળવવામાં અસમર્થતા તેની ચિંતામાં વધારો કરે છે.

**(2) સમસ્યા (Problems) :**

સમસ્યાઓ અનેક પ્રકારની હોય છે. તેનું સ્વરૂપ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, શારીરિક, મનોસામાજિક વગેરે હોઈ શકે છે. સામાજિક વૈયક્તિક સેવાકાર્યના ક્ષેત્રોમાં માત્ર એવી જ સમસ્યાઓ આવે છે, જે વ્યક્તિની સામાજિક આંતરક્રિયાને ગંભીરરૂપથી પ્રભાવિત કરે છે. અથવા પ્રભાવિત હોય છે. સમસ્યાઓ વ્યક્તિના જીવન દરેક પાસાંઓને અસર કરે છે. જેનાથી વ્યક્તિનું જીવન નિરસ બની જાય છે. વ્યક્તિની સમસ્યાના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા રાજકીય સંસ્થા સહાય કરે છે. અથવા વ્યક્તિ તેની સમસ્યા લઈને સ્વૈચ્છિક અથવા રાજકીય સંસ્થા પાસે જાય છે. દરેક વ્યક્તિની પ્રકૃતિ અલગ અલગ હોય છે. સ્વૈચ્છિક સંસ્થા વ્યક્તિની પ્રકૃતિ જોયા પછી સમસ્યાનું અર્થ કોઈ એવા અવરોધ જે વ્યક્તિનાં મનોસામાજીક સ્થિતિ સામાજીક સંબંધો અથવા સમાયોજનને પ્રભાવિત કરે છે. તેને સેવાર્થી તરીકે સહાય પૂરી પાડે છે. સહાય પૂરી પાડતા પહેલાં વ્યક્તિની સમસ્યાની ગંભીર સ્વરૂપને જોવું આવશ્યક છે.

**(3) સ્થળ (Place) :**

સમસ્યાગ્રસ્ત વ્યક્તિ જે સ્થળ ઉપર મદદ માટે આવે છે. તેને સામાજિક સંસ્થાઓના નામથી ઓળખવામાં આવે છે. સામાજિક સંસ્થાઓ જુદાં જુદાં પ્રકારની હોય છે. કારણ કે તેના નાણાંકીય સંસાધનો અલગ અલગ હોય છે, વ્યાવસાયિક કુશળતાના સ્ત્રોતો જુદાં જુદાં હોય છે. તથા તેમના વિશિષ્ટ કાર્યો અને ક્ષેત્રો વિભિન્ન હોય છે. આ સામાજિક સંસ્થાઓ સરકારી, અર્ધસરકારી અને સ્વૈચ્છિક એમ ત્રણ પ્રકારની હોય છે. સરકારી સંસ્થાઓ સંપૂર્ણ સરકારના નાણા સ્ત્રોતો દ્વારા ચાલે છે. તેમના ઉપર સમાજ કલ્યાણ, ઉત્કર્ષ, વિકાસના કાર્ય કરવાનું ઉત્તરદાયિત્વ હોય છે, જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ સંપૂર્ણ રીતે સ્વૈચ્છિક અનુદાન દ્વારા ચાલતી હોય છે. જે સમાજ કલ્યાણ વિકાસમાં પોષકરૂપ ઉત્તરદાયિત્વ અદા કરે છે. સામાજિક સંસ્થાઓ ચોક્કસ ઉદ્દેશ, કાર્યપધ્ધતિ, સિધ્ધાંતો, મૂલ્યો, ક્ષેત્રોમાં કાર્ય કરે છે. દરેક સામાજિક સંસ્થાઓ આ દરેક બાબતમાં એકબીજાંથી જુદી પડે છે. માનવ કલ્યાણ સંસ્થાનાં ઉદ્દેશ વ્યક્તિની મનોસામાજીક સમસ્યાઓનું પ્રત્યક્ષ રૂપથી ફક્ત સમાધાન કરવામાં આવતું નથી, પરંતુ સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓને એવી રીતે સહાયતા કરવામાં આવે છે કે, તેઓ પોતાની સમસ્યાનું સમાધાન કરવા જાતે સક્ષમ બને.

**(4) પ્રક્રિયા (Process) :**

સામાજિક વૈયક્તિક કાર્ય પ્રક્રિયા વાસ્તવમાં સમસ્યા સમાધાનની પ્રક્રિયા છે. આ પ્રક્રિયાનું કાર્યક્ષેત્ર સમજવા માટે તે સમજવું આવશ્યક છે કે, કેટલાંક પરિબળો સારી રીતે સમજી લેવા જોઈએ કે જે વ્યક્તિની સમસ્યા સમાધનમાં સામખ્ય પ્રયાસોમાં પણ જોવા મળે છે. સામાજિક વૈયક્તિક કાર્ય પ્રક્રિયાનો ઉદ્દેશ સેવાર્થી પોતાની એક અથવા અનેક સમસ્યાઓ સાથે કાર્ય કરવા અથવા સમાધાન કરવામાં જોડવાની છે. અને તે કાર્યને એવા સાધનો દ્વારા સંકલિત કરવાનો છે કે, તે ભવિષ્યમાં પોતાના જીવનમાં વધારે સારી સ્થિતિમાં રહી શકે.

**(5) સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચેનો સંબંધ (Social Worker and Client Relation) :**

સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે. જે વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવ સંબંધો ઉપર આધારિત

છે. સામાજિક વૈયક્તિક કાર્યમાં વ્યાવસાયિક સંબંધ એટલે કે સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. સમાજકાર્યકર સેવાર્થી સાથે હેતુપૂર્વકના વ્યાવસાયિક સંબંધો બાંધે છે. સેવાર્થી સાથેના કાર્યકરના સંબંધો કાર્યકરમાં રહેલ સમાજકાર્યનું વૈજ્ઞાનિક જ્ઞાન અને કુશળતા ઉપર વધુ આધાર રાખે છે. અને સેવાર્થી સાથેના કાર્યકરના વ્યાવસાયિક સંબંધોની અનુભૂતિ પ્રત્યેક કાર્ય દરમિયાન જ થાય છે. વ્યાવસાયિક સંબંધોમાં કાર્યકર્તાએ પોતાની ભાવના, લાગણીઓ વગેરે ઉપર નિયંત્રણ રાખવું પડે છે. આ વ્યાવસાયિક સંબંધ સેવાર્થીની જરૂરિયાત સંતોષાતા, સમસ્યાનો ઉકેલ થતા અથવા સેવાર્થી પરિસ્થિતિની સુધારણા માટે સક્ષમ થતા તેનો અંત આવે છે.

**(6) સમસ્યા સમાધાન (Problem Solving) :**

સામાજિક વૈયક્તિક કાર્યમાં સેવાર્થી કાર્યકર પાસે પોતાની સમસ્યાઓને લઈને આવે છે. અને કાર્યકર સેવાર્થીની સમસ્યાને સમજવાનો પ્રયત્ન કરે છે. કાર્યકર એ કોઈ સરકારી અથવા સ્વૈચ્છિક સંસ્થાના સભ્ય તરીકે સમસ્યા સમાધાન માટેના ઉકેલો વિચારે છે કે, શોધે છે. સામાન્ય રીતે સેવાર્થીની સમસ્યાઓ સામાજિક માળખામાંથી અને મનોસામાજિક પાંસાથી ઉદ્‌ભવેલી હોય છે. કાર્યકરે સમસ્યાના મૂળને શોધે છે. અને ત્યાર બાદ સમસ્યા સમાધનની પ્રક્રિયા શરૂ થાય છે કે,ટલીક વખત સેવાર્થીની સમસ્યાનું સમાધાન ટૂંકાગાળામાં પણ પૂર્ણ થાય છે, જ્યારે કેટલીક વખતે તે પ્રક્રિયા લાંબાગાળા સુધી ચાલે છે. જ્યાં સુધી સેવાર્થીની સમસ્યાનું સમાધાન ના થાય ત્યાં સુધી કાર્યકર અને સેવાર્થી સહભાગીદારી સમસ્યા સમાધાનની પ્રક્રિયામાં કાર્ય કરે છે. સમસ્યા સમાધાન થતા સેવાર્થી-કાર્યકર છુટા પડે છે.

સામાજિક કાર્યકર્તાનું સૌપ્રથમ કાર્ય સેવાર્થીની સામાજિક સ્થિતિની માહિતી/જાણકારી પ્રાપ્ત કરવાનું છે. આ માહિતી આ પ્રમાણે મેળવી શકાય છે.

(1) સેવાર્થી સાથે મુલાકાત.

(2) સેવાર્થીના માતા-પિતા, સંબંધીઓ, શિક્ષકગણ, મિત્રો અન્ય જે સમસ્યા માટે કારણભૂત હોય તેની મુલાકાત.

(3) સેવાર્થીના પાડોશી તથા તેનું વાતાવરણનું નિરીક્ષણ.

આ પ્રકારે સામાજિક કાર્યકર સેવાર્થીને પોતાના વાતાવરણમાં અને નિરીક્ષણ કરીને સમજી શકે છે. અને તેના વાતાવરણના સંબંધમાં રહેલી હકીકતોનું એકત્રિત કરી શકે છે. વાતાવરણ સંબંધી હકીકતોનો અર્થ એ છે કે, તેનો પરિવાર, પાડોશી, મિત્રો, શિક્ષકો વગેરેના સંબંધમાં જાણકારી મેળવવી. આ જાણકારી દ્વારા વ્યક્તિની પરિસ્થિતિ અને સમસ્યાઓને સમજવી.

### 2.2.2 સામાજિક જૂથકાર્ય પધ્ધતિઃ

વ્યાવસાયિક સમાજકાર્યમાં સામાજિક વૈયક્તિક કાર્ય પધ્ધતિ જ માત્ર શ્રેષ્ઠ નથી, પરંતુ સમૂહ સમાજકાર્ય પધ્ધતિ પણ એટલી જ મહત્ત્વની છે. માનવી સમૂહમાં રહે છે. માનવી કુંટુંબ, જ્ઞાતિ, સંગઠનો, સમાજ વગેરે સાથે રહીને મોટો થયો છે. માનવી માત્રને માટે જૂથજીવન (સમૂહજીવન)નું બુનિયાદી મહત્ત્વ છે. સમૂહજીવનમાં સભ્યો વચ્ચે પારસ્પરિક આદાન-પ્રદાન થાય છે. સામાજિક સમૂહ કાર્ય પધ્ધતિ એ સમાજકાર્યની એક મહત્ત્વની પધ્ધતિ છે. આ પધ્ધતિ દ્વારા વ્યક્તિઓને સહાયતા કોઈ જૂથના માધ્યમથી અને સમૂહના સભ્ય હોવાના સંબંધે આપવામાં આવે છે. સામાજિક સમૂહ કાર્ય પધ્ધતિ એક પ્રકારની પધ્ધતિ અને પ્રક્રિયા છે, જેના માધ્યમથી સમાજકાર્યકર્તા સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓની વ્યવસ્થામાં વ્યક્તિઓ અને સમુહોની સહાયતા એવી રીતે કરે છે કે, તેનામાં બીજા લોકો સાથે સફળ સંબંધો બાંધવાની ક્ષમતાઓનો વિકાસ થઈ શકે. તેમજ પોતે પોતાની જરૂરિયાતોને તથા સ્થિતિઓને અનુરૂપ શક્તિનો ઉપયોગ કરી શકે અને આત્મવિકાસ કરી શકે. સામાજિક સમૂહ કાર્ય પધ્ધતિમાં વ્યક્તિ સમાજકાર્યકરની સહાયતાથી પોતાના વ્યક્તિત્વનો વિકાસ, પરિવર્તન અને સંવર્ધન માટે સમૂહના સાધનના સ્વરૂપમાં ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર સમૂહના સભ્યોની પારસ્પરિક ક્રિયા પ્રતિક્રયાના સંદર્ભમાં નિર્દેશન કાર્ય કરીને વ્યક્તિની પ્રગતિ અને આખા સમૂહના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહે છે.

સામાજિક સમૂહ કાર્યની વ્યાખ્યા આપતા વિલ્સન અને રાયલેન્ડ (1955, પા.7) જણાવે છે કે,,

"સામાજિક સમૂહ કાર્ય પધ્ધતિ એક પ્રક્રિયા અને પધ્ધતિ છે. જેના દ્વારા કાર્યકર્તા સમૂહજીવનને પ્રભાવિત કરે છે. આ કાર્યકર્તા સમૂહની પરસ્પર સંબંધી પ્રક્રિયાને સચેતરૂપી નિર્દેશિત કરે છે. જેનાથી લોકશાહીના ધ્યોયોને પ્રાપ્ત કરી શકાય છે.

ટ્રેકરે (1949) સામાજિક જૂથકાર્યની વ્યખ્યા આપતા જણાવ્યું છે કે,, "સમાજકાર્ય જૂર્થકાર્ય એક પધ્ધતિ છે. જેના દ્વારા વ્યક્તિઓની સામાજિક સંસ્થાઓના સમાયોજનમાં અને જૂથોમાં એક કાર્યકર્તા દ્વારા મદદ કરવામાં આવે છે. આ કાર્યકર્તા કાર્યક્રમ સંબંધી પ્રક્રિયાઓમાં વ્યક્તિઓ સાથેની અંતઃક્રિયાઓમાં માર્ગદર્શન આપે છે, કારણ કે તે બીજાઓ સાથે સંબંધ સ્થાપિત કરી શકે અને વ્યક્તિ, જૂથ તેમજ સમુદાયિક વિકાસનાં ધ્યેયથી પોતાની જરૂરિયાતો તથા ક્ષમતાઓ અનુસાર સંવૃદ્ધિના સુઅવસરોનો અનુભવ કરી શકે."

ગ્રેસ કવાયલ (1937) ના મતે સામાજિક જૂથકાર્યનો ઉદ્દેશ, "સામૂહિક સ્થિતિઓમાં વ્યક્તિઓની અંતઃક્રિયાઓ દ્વારા વ્યક્તિઓનો વિકાસ કરવો તથા એવી સામુહિક સ્થિતિઓને ઉત્પન્ન કરવી જેનાથી ઉદ્દેશો માટે એકીકૃત, સહયોગિક સામુહિક ક્રિયા થઈ શકે."

સામાજિક જૂથકાર્યનો ઉદ્દેશ જૂથ દ્વારા વ્યક્તિઓમાં આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા અને આત્મનિર્દશનનો વિકાસ કરવાનું છે. જૂથ કાર્યકર્તા વ્યક્તિઓમાં સામંજસ્ય વધારવું અને સામુહિક ઉત્તરદાયિત્વ તેમજ ચેતનાનો વિકાસ કરવામાં સહાયતા કરે છે. સામાજિક જૂથ કાર્ય દ્વારા વ્યક્તિઓમાં તે પ્રકારની ચેતના તથા ક્ષમતાઓનો વિકાસ કરવામાં આવે છે કે, જેનાથી તે જૂથ અને સમુદાયના **ક્રિયાકલાપોમાં** જેના તે અંગ છે, બુધ્ધિપૂર્વક ભાગ લઈ શકે છે. તેમને પોતાની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, ભાવનાઓ, રુચિઓ, પસંદ – નાપસંદ વગેરેની અભિવ્યક્તિ માટેની તક મળે છે.

સામાજિક જૂથકાર્ય પધ્ધતિના સર્વસામાન્ય ઉદ્દેશ આ પ્રમાણે છે.

(1) જીવન ઉપયોગી જરૂરિયાતોની પૂર્તિ કરવી.

(2) જૂથના સભ્યોને મહત્ત્વ આપવું.

(3) સામંજસ્ય સ્થાપિત કરવા માટે જૂથની શક્તિઓનો વિકાસ કરવો.

(4) આત્મવિશ્વાસ અને સ્વનિર્ભરતાને વિકસાવવી.

(5) પ્રજાકીય નેતૃત્વ વિકસાવું.

(6) સામાજિક સંબંધોને સુદઢ બનાવવા તથા મનોસામાજિક સમસ્યાઓનું સમાધાન કરવું.

સમૂહ સમાજકાર્યની ઉપયોગિતા એ બાબતે છે કે, તેમાં લોકશાહીની સદ્ભાવના સક્રિયતા સાથે વ્યક્તિ અને સમૂહનો આત્મવિકાસ થાય છે. નેતૃત્વની ક્ષમતામાં વધારો થાય છે. અને લોકોના નવરાશના સમયે રચનાત્મક કાર્યથી ઉપયોગી કાર્યની તક મળે વધુ જરૂરી છે.

દા.ત. કુંટુંબ, જ્ઞાતિ મંડળો, મહિલા મંડળો, સ્વસહાય જૂથો, યુવા જૂથો, વ્યાવસાયિક જૂથો વગેરે સામાજિક સમૂહ કાર્ય પધ્ધતિના ઉદાહરણો છે.

### 2.2.3 સામુદાયિક સંગઠન પધ્ધતિઃ

સામુદાયિક સંગઠન પધ્ધતિ સમાજકાર્યની એક પધ્ધતિ છે. અને સાથે તેનું કાર્યક્ષેત્ર પણ છે. બંન્ને અર્થમાં સમુદાય શબ્દનો ઉપયોગ થાય છે. અન્ય વ્યવસાયોના સંદર્ભમાં પણ તેનો ઉપયોગ થાય છે. શિક્ષણનો પણ પ્રક્રિયા સાથે કાર્યક્ષેત્ર સંદર્ભમાં ઉપયોગ થાય છે. તેમજ ચિકિત્સા એક પ્રક્રિયા પણ છે. અને કાર્યક્ષેત્ર પણ. કાયદા-કાનૂનનાં સંદર્ભમાં પણ આવું જ છે. દા.ત. વેપારી સમુદાય, ધાર્મિક સંગઠનો, મહિલા સમુદાય, આદિવાસી સમુદાય વગેરે. સામુદાયિક સંગઠન સમાજકાર્યનું એક અંગ અને પધ્ધતિ છે.

સામુદાયિક સંગઠન પધ્ધતિમાં કોઈ ભૌગોલિક ક્ષેત્રના સામાજિક સંસાધનોનો તેના સંપૂર્ણ અને આંશિક રીતે સમાજ કલ્યાણ સંબંધી આવશ્યકતાઓની પૂર્તિમાં પ્રભાવશાળી રીતે ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેના ક્રિયાત્મક સંગઠનમાં હકીકતોનું નિરીક્ષણ, સમન્વય, સ્તર સુધાર, વ્યાખ્યા, સમાજકલ્યાણ સંબંધી કાર્યક્રમોનો વિકાસ, સામાજિક કાર્યની ક્રિયાત્મક સંરચનાઓમાં પરિવર્તન અને સામાજિક કાનૂનોનું સંશોધન–સંવર્ધનનો પણ સમાવેશ થાય છે.

સામુદાયિક સંગઠન પધ્ધતિની વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

મરેજી રોસ (1955) ના મતે, "સામુદાયિક સંગઠન પધ્ધતિ એક પ્રક્રિયા છે. જેના દ્વારા સમુદાય પોતાની જરૂરિયાતો અથવા ઉદ્દેશોને ઓળખે અને તેને ક્રમબદ્ધ કરે છે. આ જરૂરિયાતો અથવા ઉદ્દેશો સાથે કાર્ય કરવા માટે વિશ્વાસ તેમજ ઈચ્છાઓને વિકસાવે છે. આ જરૂરિયાતો અથવા ઉદ્દેશો સાથે કાર્ય કરવા માટેના સાધનો (આંતરિક અને બાહ્ય) ની શોધ કરે છે. અને તેને સંબંધિત કાર્ય કરે છે. અને તે સાથે સમુદાયમાં સહપ્રયોગાત્મક તથા હકારાત્મક મનોવલણો તેમજ વ્યવહારોનો વિકાસ અને વિસ્તાર કરે છે. "

મેકમિલન (1947) સામુદાયિક સંગઠનની વ્યાખ્યા આપતા જણાવે છે કે,, "સામુદાયિક સંગઠન સમૂહોની સહાયતા માટે વિચારપૂર્વક કરવામાં આવેલ નિર્દેશિત પ્રયત્ન છે. જેનાથી તે પોતાના ઉદ્દેશો કાર્યોને પ્રાપ્ત કરી શકે છે. તેનાં પ્રયોગનું કદાચ લોકોને જ્ઞાન હોય અથવા ન પણ હોય, તેનાથી પર રહીને તેનો ઉપયોગ તે સ્થાન ઉપર કરવામાં આવે છે કે, જ્યાં બે કે બે થી વધુ સમૂહોની યોગ્યતાઓ તેમજ સાધનોને સામાન્ય અથવા વિશિષ્ટ લક્ષ્યોની પ્રાપ્તિ માટે એકત્રિત કરવાના હોય છે.

સામુદાયિક સંગઠન પધ્ધતિના ઉદ્દેશો અને લક્ષ્યો નીચે મુજબ છે.

વાયલેટ એમ. સીડરે સામુદાયિક સંગઠન પધ્ધતિના ઉદ્દેશો અને લક્ષ્યોના વિકાસની પાંચ સ્થિતિઓ બતાવી છે.

(1) પહેલી સ્થિતિમાં સેવાર્થીઓ દ્વારા સેવાઓનો દુરોપયોગ અટકાવવાના પ્રયત્ન કરવામાં આવે છે.

(2) બીજી સ્થિતિમાં સેવાર્થીઓને સેવા પ્રદાન કરતી વખતે ધન તેમજ પ્રયત્નોના દુર્વ્યય અને પુનરાવર્તનને અટકાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

(3) ત્રીજી સ્થિતિમાં સંસ્થાઓના સાધનોને વ્યક્તિઓની જરૂરિયાતોની સાથે સામંજસ્યની સ્થિતિમાં લઈ જવાના પ્રયાસો કરવામાં આવે છે.

(4) ચોથી સ્થિતિમાં સામુદાયિક સંગઠનને સમુદાય હેઠળ કારણજન્ય પરિબળોને શોધીને સામાજિક સમસ્યાઓને અટકાવવા ઉપર ભાર દેવામાં આવ્યો છે.

(5) પાંચમી સ્થિતિમાં સામુદાયિક સંગઠનને સમુદાયની એક પ્રત્યક્ષ સેવાના સ્વરૂપમાં જોવામાં આવે છે.

સામુદાયિક સંગઠન પધ્ધતિના તબક્કાઓ નીચે મુજબ છે.

(1) સમુદાયનો પધ્ધતિસર અભ્યાસ/સર્વે કરવો.

(2) સમુદાયની સામાજિક જરૂરિયાતોને શોધવી અને પ્રાથમિકતા નક્કી કરવી.

(3) જરૂરિયાતોની પૂર્તિ માટે ઉપલબ્ધ સાધનોની તપાસ કરવી.(આંતરિક અને બાહ્ય)

(4) સમાજકલ્યાણના કાર્યક્રમોમાં અવરોધક સામાજિક સમસ્યાઓ અને સામાજિક નબળાઈઓનું નિવારણ કરવું અથવા અટકાવવી.

(5) જરૂરિયાતો અને સાધનોનું સ્પષ્ટરૂપથી દર્શાવવી અને નિરંતર પરિવર્તન પામતી જરૂરિયાતોની પૂર્તિ માટે સાધનોનો સતત જોડાણ કરતાં રહેવું.

સામુદાયિક સંગઠનકર્તા સમુદાયમાં સૌ પ્રથમ જાગૃતિ ઊભી કરે છે. આ સમુદાયની સહાયતા એવી રીતે કરવામાં આવે છે કે, સમુદાય પોતાની જરૂરિયાતો, સંસાધનો અને સમસ્યાઓનું સમાધાનના ઉપાયોથી પરિચિત થાય. સમુદાયને શિક્ષિત કરીને અને તેને પોતાના સર્વ સામાન્ય ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે કાર્યોન્મુખ કરવા માટે સામુદાયિક સંગઠનકર્તાએ પોતાની પ્રક્રિયા, વ્યવસ્થા, માધ્યમો અને પધ્ધતિઓનો અમલ અને પ્રયોગ કરવો પડે છે.

સામુદાયિક સંગઠન પધ્ધતિનો ઉપયોગ વિભિન્ન ક્ષેત્રોમાં કરવામાં આવે છે. તેના કેટલાંક કાર્યક્ષેત્રો છે. જેમ કે આર્થિક ક્ષેત્ર, શિક્ષણ, આરોગ્ય, રોડ-રસ્તાઓ અને આવાસો, મનોરંજન, સામાજિક સેવા વગેરે ક્ષેત્રોમાં સામુદાયિક સંગઠન પધ્ધતિ ઉપયોગ થાય છે.

### 2.2.4 સમાજકલ્યાણ વહીવટી પધ્ધતિઃ

સમાજકલ્યાણ વહીવટી પધ્ધતિએ સમાજકાર્યની ગૌણ પધ્ધતિ છે. આ એક એવી પધ્ધતિ છે. જેના માધ્યમથી નિર્ધારિત લક્ષ્યોની પ્રાપ્તિ અને સામાજિક નીતિને લાગુ પાડવા માટે સમાજકાર્યની વ્યાવસાયિક

ક્ષમતાઓનો ઉપયોગ કરવામાં આવે છે, શિક્ષણ, ચિકિત્સાલય, ન્યાયાલય, સુધારગૃહ વગેરે અનેક વ્યવસાયોમાં સેવાર્થીને આવશ્યક સેવાઓ પ્રદાન કરવામાં સમાજકલ્યાણ વહીવટની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.

સમાજકલ્યાણ વહીવટ પધ્ધતિને સમજવા કેટલીક વિભાવનાઓને સમજીએ.

ડનહમ(1949) ના મતે, "સમાજ કલ્યાણ વહીવટ ક્રિયા કલાપોમાં સહાયતા પ્રદાન કરે છે. તથા આગળ વધવામાં યોગદાન આપવા સ્વરૂપે તેને પરિભાષિત કરવામાં આવે છે કે, જે કોઈ પણ સામાજિક સંસ્થા દ્વારા પ્રત્યક્ષ સેવા આપવા માટે અનિવાર્ય છે."

જોન કિડનાઈ (1957) ના મતે, "સમાજ કલ્યાણ વહીવટ સામાજિક નીતિને સમાજ સેવાઓમાં બદલવાની એક પ્રક્રિયા છે. "

સમાજ કલ્યાણ વહીવટનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રની સુરક્ષા, કાનૂન અને વ્યવસ્થાનું સંરક્ષણ કરવું તેમજ આર્થિક વિકાસ અને સામાજિક વિકાસને સુનિશ્ચિત કરવાનું છે.

રાજ્ય દ્વારા નિયંત્રિત અને સંચાલિત સેવાઓના વહીવટને 'જન પ્રશાસન' (Public Administration) કહેવામાં આવે છે. પરંતુ સમાજ સેવાઓથી સંબંધિત વહીવટને 'સામાજિક વહીવટ' (Social Administration) કહેવામાં આવે છે. આ સામાજિક સેવાઓ સરકાર દ્વારા અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. સમાજ કલ્યાણ વહીવટ સામાજિક વહીવટનો એક ભાગ છે. સામાજિક વહીવટ મનોરંજન વગેરેનું સંચાલન અને નિયંત્રણ કરે છે. અને કોઈ ભેદભાવ કર્યા વગર સામાન્ય પ્રજાજનોને પ્રદાન કરવામાં આવે છે. સમાજ કલ્યાણ અથવા જન કલ્યાણ વહીવટનો અભિપ્રાય તે સેવાઓને નિયંત્રિત કરવાથી છે, જે પીડિતો, ગરીબો, આશ્રિતો, પછાત વર્ગો, અનુસૂચિત જાતિ, જનજાતિ, રોગીઓ વગેરેને પ્રદાન કરવામાં આવે છે.

સમાજકલ્યાણ વહીવટના કાર્યો સૌ પ્રથમ 1916માં હેનરી ફેયાલે રજૂ કર્યા છે. તેના મતે વહીવટ કરવાનો હેતુ કલ્પના અને આયોજન કરવું, સંગઠન બનાવવું, આદેશ આપવા, આજ્ઞા આપવી, સંકલન કરવું તથા નિયંત્રણ કરવાથી છે. લ્યૂથર ગુલિકે તેનાથી આગળ ચાલીને સમાજ કલ્યાણ વહીવટના સાત કાર્યોનું વર્ણન કર્યુ છે. જે એક જાદુઈ સુત્ર 'પોસ્ટકાર્બ' (POSTCORB) પ્રસ્તુત કર્યું છે. વહીવટના સાત કાર્યો જોઈએ તો,

(1) આયોજન (Planning)

(2) સંગઠન (Organizing)

(3) કર્મચારીની ભરતી (Staffing)

(4) નિર્દેશન (Directing)

(5) સંકલન (Co-ordination)

(6) અહેવાલ આપવો (Reporting)

(7) બજેટ (Budgeting) છે.

કુન્ટજ અને ઓ. કોનેલે પણ સમાજ કલ્યાણ વહીવટના પાંચ (5) કાર્યોની વાત કરી છે. જેમ કે

(1) આયોજન

(2) સંગઠન

(3) નિર્દેશન

(4) નિયંત્રણ અને

(5) કર્મચારીની ભરતી.

આમ, સામાન્ય રીતે આધારભૂત કાર્ય માટે આયોજન, સંગઠન, સંકલન અને નિયંત્રણ મોટાભાગના વિદ્વાનો સ્વીકાર કરે છે. જ્યારે નિર્દેશન, કર્મચારીની ભરતી વગેરેને કેટલાંક વિદ્વાનો સમાજ કલ્યાણ વહીવટના આધારભૂત કાર્ય તરીકે સ્વીકારતા નથી.

સમાજકલ્યાણ વહીવટમાં બે મહત્ત્વના પાસાંઓ છે. એક કાર્યક્રમ અને વ્યાવસાયિક સેવાઓના વિષયવસ્તુનું વૈજ્ઞાનિક જ્ઞાન અને બીજું આયોજન, સંગઠન (વિભાગ), ભરતી, સંચાલન, સંકલન, અંદાજપત્ર(નાણાં) વગેરેની પધ્ધતિસર કામ કરવા અંગેની જાણકારી સાથે સંબંધ છે. સમાજકલ્યાણ

વહીવટમાં ત્યારે જ નિર્ધારિત લક્ષ્યો અને સામાજિક નીતિમાં સફળતા પ્રાપ્ત કરી શકાય જ્યારે તેના બંન્ને પાંસાઓમાં વ્યવસ્થિત તાલમેળ હોય.

સામાજિક સમસ્યાઓનું સ્વરૂપ જટિલ છે. અને સમાજકલ્યાણ વહીવટમાં સંગઠનોનો આકાર વિશાળ અને સંખ્યા ખૂબ જ છે. સમાજના બધાં પ્રકારના સંગઠનો વહીવટીની દૃષ્ટિથી વ્યવસ્થિત અને મજબૂત હોવા જોઈએ. સમાજકાર્યનો હેતુ નિર્ધારિત પધ્ધતિઓ દ્વારા સમાજની સેવા કરવાનું છે. વહીવટ એ એકબીજાંના પૂરક છે. આ દૃષ્ટિકોણથી સમર્થ સમાજકલ્યાણ સેવાઓ સમર્થ સમાજકાર્યનું હૃદય અને તંદુરસ્ત વહીવટ તેનું માથું છે. સમાજકાર્ય વહીવટના કેટલાંક એવા નિશ્ચિત સિધ્ધાંતો છે. જે સમાજકાર્ય, જાહેર વહીવટ અને સંચાલનના સિધ્ધાંતો ઉપર આધારિત છે. સંચાલનના વિભિન્ન ક્ષેત્રો છે, જેમાં આયોજન, સંગઠન, કર્મચારીગણ, સંચાલકીય નેતૃત્વ, કાર્ય-પધ્ધતિ, સંકલન, મૂલ્યાંકન, લોકસંપર્ક વગેરે સંસાધનોનો સમાવેશ થાય છે. સમાજકલ્યાણ વહીવટને સફળ બનાવવા માટે કામગીરી (વ્યવહાર)ની સાચી જાણકારી, પ્રશિક્ષણ, કાર્યકર્તા, સામુહિક ઉત્તરદાયિત્વ અને સમયાંતરે મૂલ્યાંકન કરવાની ખૂબ જ આવશ્યકતા છે.

દા.ત. સંસ્થાઓ જે વિકલાંગ વ્યક્તિને સાધન સહાય, વિધવા સ્ત્રીને પેન્સન સહાય, ગરીબ બાળકોને અભ્યાસ માટે શૈક્ષણિક શિષ્યવૃત્તિ વગેરે સેવાઓ સમાજ કલ્યાણ વહીવટનાં આધારે સેવાઓનું સંપાદન કરે છે.

### 2.2.5 સમાજકાર્ય સંશોધન પધ્ધતિઃ

સમાજકાર્ય સંશોધન પધ્ધતિ સમાજકાર્યની એક સક્ષમકારી અને મહત્ત્વપૂર્ણ પધ્ધતિ છે. સંશોધન એટલે 'સત્તાની શોધ', 'નવું જ્ઞાન મેળવવાનો પધ્ધતિસરનો પ્રયાસ'. આ એક એવો પ્રયાસ છે. જેનો ઉદ્દેશ અભ્યાસ અને નિરીક્ષણ-પરીક્ષણ દ્વારા નવી જાણકારી પ્રાપ્ત કરવાનો છે. આ એક એવી પ્રક્રિયા છે કે, જેના દ્વારા આપણે સમાજકાર્યના ક્ષેત્રમાં ઊભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે.

સમાજકાર્ય સંશોધનની વ્યાખ્યા નીચે મુજબ છે.

ફ્રીડલેન્ડર (1957) ના મતે, "સમાજકાર્ય સંશોધન સમાજકાર્યનું જ્ઞાન, કુશળતાઓ, વિભાવનાઓ, સિધ્ધાંતોની તપાસ, સામાન્યીકરણ અને તેનો ફેલાવો કરવા માટે સમાજકાર્ય સંગઠન, કાર્ય તેમજ પધ્ધતિઓની પ્રમાણભૂતતાની ટીકાત્મક પૂછપરછ અને વૈજ્ઞાનિક પરીક્ષણ છે."

'નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્કર્સ' (1957)માં જણાવ્યાનુસાર, "સમાજકાર્ય સંશોધન અંતર્ગત તેમાં એના પ્રશ્નો સમાવિષ્ટ હોય છે. જે સમાજકાર્ય પ્રયોગ દરમિયાન અથવા વ્યવસ્થાપન દરમિયાન અથવા સમાજકાર્ય સેવાઓના આયોજન અને અમલીકરણ દરમિયાન ઊભા થાય છે, જે સંશોધનના માધ્યમથી ઉકેલી શકાય તેવા હોય છે. જે સમાજકાર્યના તત્ત્વધાનો (Auspices) અંતર્ગત તપાસ માટે ઉપસ્થિત થાય છે."

રિયલ (1980) ના મતે, "સમાજકાર્ય સંશોધન વ્યવહારી સમસ્યાઓથી શરૂ થાય છે. જેનો ઉદ્દેશ્ય એવા જ્ઞાનનો વિકાસ કરવાનો છે; જેને સામાજિક કાર્યક્રમોના આયોજન તથા અમલીકરણમાં ઉપયોગમાં લાવી શકાય."

સમાજકાર્ય સંશોધનનો મુખ્ય ઉદ્દેશ સમાજની સમસ્યાઓને સંશોધન દ્વારા ઓળખવી અથવા બહાર લાવવી, તેની અસર તપાસવી તથા નિરાકરણ માટેના ઉપાયો સૂચવવાનો છે. બીજા અર્થમાં કહીએ તો વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતને સમજવી અને સમસ્યાઓને શોધવી, કારણો શોધવા, અસરો તપાસવી અને નિવારણલક્ષી ઉકેલો બતાવવાનો છે. તેમજ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યક્રમો, યોજનાઓ વગેરેનું મૂલ્યાંકન કરી નીતિ તેમજ ભાવિ આયોજનલક્ષી સૂચનો કરવાનો છે.

સમાજકાર્ય સંશોધન વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યાઓથી અને તેનાથી પ્રભાવિત લોકોની અને તેના નિવારણ માટે ઉપલબ્ધ પધ્ધતિઓની જાણકારી પ્રાપ્ત કરવા માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે. સંશોધન વગર સામાજિક આયોજનનું કાર્ય સફળ થઈ શકતું નથી, કારણ કે સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલી જાણકારીના માધ્યમથી જ આયોજનકર્તા સમુદાયની જરૂરિયાતને સમજી શકે છે. સામાજિક સેવાઓ અને સમાજકાર્ય સંશોધન બધી જગ્યાએ એકબીજાં સાથે સંકળાયેલી છે. તેનું કારણ એ છે કે, કાર્યક્રમો અને યોજનાઓથી સંશોધન માટે જરૂરી હકીકતો પ્રાપ્ત થાય છે. સમાજકાર્ય સંશોધન સામાજિક

કાર્યકર્તાઓને કાર્યક્રમો અને યોજનાઓ વધુ અસરકારક, ઉપયોગી અને સફળ બનાવવા સક્ષમ બનાવે છે. આ સમસ્યાઓના નિરાકરણમાં ઉપલબ્ધ પધ્ધતિઓ અને પ્રયુક્તિઓને સહાયક બને છે. સંશોધનના ઘણાં પ્રકારો છે, જેમ કે પાયાનું સંશોધન, શુદ્ધ સંશોધન, ક્રિયાત્મક સંશોધન, પ્રયોગાત્મક સંશોધન, અનુભવજન્ય સંશોધન, આરંભિક સંશોધન, મૂલ્યાંકનાત્મક સંશોધન વગેરે. સમાજકાર્યમાં સંશોધન પધ્ધતિની સમસ્યા શું છે ? સંશોધક શું શોધવા માંગે છે. ? વગેરે જેવા પ્રશ્નોના આધારે નક્કી થાય છે.

સમાજકાર્ય સંશોધનના અનેક તબક્કાઓ છે, જે નીચે મુજબ છે.

(1) વિષય કે સમસ્યાની પસંદગી.

(2) સંસોધન યોજના.

(3) માહિતી એકત્રીકરણ કરવા માટે ઉપલબ્ધ પ્રયુક્તિઓ.

(4) માહિતી એકત્રીકરણ અને ચકાસણી.

(5) માહિતીનું વર્ગીકરણ, પૃથ્થકરણ અને વિશ્લેષણ.

(6) સંશોધન અભ્યાસના તારણો, ઉપકલ્પનાની ચકાસણી અને ક્રિયાત્મક પગલાંઓ.

(7) અહેવાલ લેખન.

### 2.2.6 સામાજિક ક્રિયા (Social Action) :

ઐતિહાસિક વિકાસની દષ્ટિથી સમાજકાર્યનું વર્તમાન વૈજ્ઞાનિક સ્વરૂપનું અવલોકન કરવાથી એ ખ્યાલ આવે છે કે, 1922 માં જ મેરી રિચમન્ડ સામાજિક ક્રિયાનો ઉલ્લેખ સમાજકાર્યની મુખ્ય ચાર પધ્ધતિઓમાંની એક પધ્ધતિ તરીકે કર્યો હતો. 1940માં જોન ફિચે એક કોન્ફ્ન્સમાં સામાજિક ક્રિયાની પ્રકૃતિ (સ્વરૂપ) ઉપર એક મહત્ત્વપૂર્ણ નિબંધ રજૂ કર્યો. એક વર્ષ પછી તેમણે સોશ્યલ વર્ક ઈયર બુકમાં સામાજિક આંદોલન ઉપર એક નિબંધ લખ્યો, તેના કેટલાંક દિવસો પછી સમાજકાર્યના ક્ષેત્રમાં સામાજિક ક્રિયાની વ્યાપાક ચર્ચા શરૂ થઈ. સન-1945માં કેનિથ એલિયમ પ્રેને સોશ્યલ વર્ક એન્ડ સોશ્યલ એક્સન વિષય સંદર્ભે એક લેખ લખ્યો. જેના આધારે એવું મનાવા લાગ્યું કે સામાજિક ક્રિયા સામુદાયિક સંગઠનનો એક ભાગ નથી. આ સમાજકાર્યની એક અલગ પદ્ધતિ છે. ત્યાર બાદ એ સ્પષ્ટપણે સ્વીકારવા લાગ્યુ કે સામુદાયિક સંગઠન હેઠળનું કાર્ય એક સીમિતક્ષેત્રમાં કરવામાં આવે છે, જ્યારે સામાજિક ક્રિયાનું કાર્ય વિશાળક્ષેત્રમાં કરવામાં આવે છે. જેમાં અસપૃશ્યતા નિવારણ, દહેજ, બાલવિવાહ, પર્યાવરણ પ્રદૂષણ વગેરેનો સમાવેશ થાય છે.

સામાજિક ક્રિયાની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

ફીડલેન્ડર (1963) ના મતે, “સમાજકાર્ય ક્રિયા સમાજકાર્ય દર્શન તથા અભ્યાસની સંરચના હેઠળ એક વૈયક્તિક, સામુહિક અથવા સામુદાયિક પ્રયત્ન છે. જેનો ઉદ્દેશ્ય સામાજિક પ્રગતિને પ્રાપ્ત કરવી, સામાજિક નીતિમાં પરિવર્તન કરવું તથા સામાજિક કાયદાઓ, સ્વાસ્થ્ય અને કલ્યાણ સેવાઓમાં સુધાર લાવવાનો છે. ”

કવાયલ (1937) સામાજિક ક્રિયાની વિભાવના રજૂ કરતાં જણાવે છે કે,, “સમાજકાર્ય ક્રિયા સામાજિક પર્યાવરણમાં પરિવર્તન માટે કરવામાં આવેલા પ્રયત્નોને કહે છે. જેનાથી જીવન વધુ સંતોષપ્રદ થઈ શકે. તેનો ઉદ્દેશ્ય વ્યક્તિને પ્રભાવિત ન કરી સામાજિક સંસ્થાઓ, કાનૂનો, પ્રથાઓ તથા સમુદાયોને નીતિનિયમો દ્વારા પ્રભાવિત કરવાનો છે. ”

**સામાજિક ક્રિયાના ઉદ્દેશ્યો.**

સામાજિક ક્રિયાના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

(1) સ્વાસ્થ્ય તેમજ કલ્યાણના ક્ષેત્રમાં સ્થાનિક, પ્રાદેશિક, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર ઉપર કરવામાં આવનારા કાર્યોને કરવાં.

(2) સામાજિક નીતિઓના નિર્માણની સામાજિક પૃષ્ઠભૂમિ તૈયાર કરવી.

(3) સામાજિક આંકડાઓને એકમ કરવા તથા માહિતીનું વિશ્લેષણ કરવું.

(4) અવિકસિત સમૂહો માટે તેમના વિકાસ અંગેની આવશ્યકતા સેવાઓની માંગણી કરવી.

(5) સામાજિક સમસ્યાઓ માટે નક્કર સૂચનો અને ભલામણ રજૂ કરવી.

(6) નવા સામાજિક સંસાધનોની શોધ કરવી.

(7) સામાજિક સમસ્યાઓ સંદર્ભે લોકોમાં જાગૃતતા લાવવી.

(8) લોકોની સહભાગીદારી ઊભી કરવી.

(9) સરકારી તંત્રને પોતાની ઉદ્દેશોની પ્રાપ્તિમાં સહયોગ આપવા માટે તૈયાર કરવા.

(10) નીતિ નિર્ધારણ કરવાવાળી સત્તા પાસે ભલામણ/માંગણીનો સ્વીકાર કરાવવો.

થોડાં સમય પહેલાં સામાજિક આદોલનો સામુદાયિક સંગઠનોનું એક અંગ ગણવામાં આવતું હતું. પરંતુ હવે તેને સમાજકાર્યની એક નવી પધ્ધતિ તરીકે તેનો સ્વીકાર થયો છે. સામાજિક અને આર્થિક સંસ્થાઓમાં સુધારણા અને પરિવર્તન માટે સંગઠિત પ્રયાસોને સામાજિક આંદોલનની સંજ્ઞા આપવામાં આવતી હતી. સામાજિક આંદોલનમાં રાજનૈતિક સુધારણા, ઔદ્યોગિક લોકતંત્ર, પ્રજાતીય અને સામાજિક ન્યાય, ધાર્મિક અને નાગરિક સ્વતંત્રતા સંબંધી આંદોલન વગેરેનો સમાવેશ થાય છે.

ટૂંકમાં કહી શકાય કે વર્તમાન સામાજિક તથા આર્થિક સંસ્થાઓમાં પરિવર્તન અથવા સુધારણા કરવા માટે સામાજિક આંદોલન એક સામુહિક અને શાંતિપૂર્ણ ઉપાય છે. જેની આવશ્યકતા એ કારણે હોય છે કે, આ સંસ્થાઓ પોતાની ભૂમિકા પૂર્ણ કરી શકતી નથી અને પરિણામ સ્વરૂપ સામાજિક ક્રિયાને પ્રભાવી બનવામાં અવરોધરૂપ બને છે.

દા.ત. દહેજપ્રથા, અંધવિશ્વાસ, બાળ વિવાહ, ધાર્મક કટ્ટરતા, નર્મદા બચાવો આંદોલન, લોકપાલ બિલ, મોંઘવારી, ભ્રષ્ટાચાર, જમીન સંપાદન વિરોદ્ધી આંદોલન વગેરે સામાજિક ક્રિયા અથવા સામાજિક આંદોલન સંબંધી મુદ્દાઓ છેલ્લા વર્ષોમાં રહ્યાં છે.

### 2.2.7 સંકલિત સમાજકાર્ય પધ્ધતિઃ

સમાજકાર્યની મહત્ત્વની પધ્ધતિ એ સંકલિત સમાજકાર્ય પધ્ધતિ છે. સંકલિત પધ્ધતિનો વિકાસ ભારતમાં થયો છે. અન્ય બધી મુખ્ય અને ગૌણ પધ્ધતિઓ પશ્ચિમી દેશોમાં ઉદ્દભવી અને વિકાસ પામી છે. સંકલિત પધ્ધતિ ભારતમાં 1970માં અસ્તિત્વમાં આવી હોવાનું જાણવા મળે છે. સંકલિત પધ્ધતિમાં વ્યક્તિ, જૂથ અને સમુદાયને સેવાર્થી તરીકે જોવામાં આવે છે. તેમજ સમાજકાર્યમાં સંકલિત પધ્ધતિ સંબંધિત સામાજિક તંત્ર સિધ્ધાંતનો ઉપયોગ વ્યાપક રીતે શરૂ થયો. ઈ.સ. 1970 માં સંકલિત પધ્ધતિનાં બે પુસ્તકો પ્રકાશિત થયાં. Carol Meyer નું Social Work Practice: A Response to the Urban Crisis અને Harriett Burtlett's નું The Common Base of Social Work Practice પ્રકાશિત થયાં. આ બંન્ને પુસ્તકો સંકલિત પધ્ધતિની વિભાવનાનો વિકાસ સમજાવતા હતા. આ પુસ્તકોમાં નવા પાંચ અભિગમો જેવા કે આકારણી, વ્યક્તિનું પર્યાવરણ, પ્રક્રિયા, સંબંધો અને દરમિયાનગીરીની વાત કરવામાં આવી છે. સંકલિત પધ્ધતિના વિકાસ દ્વારા પરંપરાગત વૈયક્તિક કાર્ય, જૂથકાર્ય અને સામુદાયિક સંગઠન પધ્ધતિથી આગળ સમાજકાર્ય વ્યવસાયની એકીકૃત સિધ્ધાંતનો વિકાસ થયો. જે સમસ્યા અને જરૂરિયાતને પ્રતિભાવ આપે છે. ઘણી બધી વખત વ્યક્તિ, જૂથ અને સમુદાયો સેવા મેળવવામાં અસમર્થ હતા, ત્યાં સંકલિત પધ્ધતિના વિકાસથી તેમને સેવા આપવાની શરૂઆત થઈ છે. સંકલિત પધ્ધતિમાં સામાજિક તંત્રો એકબીજાં સાથે જોડવામાં આવે છે. અને મદદ પહોંચાડવામાં આવે છે. સેવાર્થી તંત્રને સમાજકાર્યકર તંત્ર (પરિવર્તનતંત્ર) વ્યવસ્થાતંત્ર સુધી દોરવણી કરે છે. વ્યવસ્થા તંત્ર લક્ષ્ય તંત્રમાં સમાયેલી સેવાઓ સેવાર્થીને આપે છે. અને તેની જરૂરિયાત કે સમસ્યાઓના નિરાકરણ માટેના પ્રયાસો કરે છે. આમ, સંકલિત પધ્ધતિમાં સેવા આપનારા વ્યવસ્થાતંત્રને સેવાર્થીતંત્ર સુધી લઈ જવાનું કાર્ય પરિવર્તનતંત્ર કરે છે.

## 2.3 સમાજકાર્યનાં કાર્યો (Function of Social Work) :

સમાજકાર્યના કાર્યો એ વ્યક્તિ, જૂથ અને સમુદાયનું કલ્યાણ અને સુખાકારી વિકાસ, સશક્તિકરણ સાથે જોડાયેલા છે. સામાન્ય રીતે સમાજકાર્ય વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો સંતોષવા સંબંધી અને સમસ્યાનાં નિરાકરણ સંબંધી કાર્યો કરે છે. કલ્યાણ રાજ્યના હેતુઓને સિધ્ધ કરવા સામાજીક નીતિ અને સેવા વિતરણ સંબંધી કાર્યો પણ સમાજકાર્યમાં કરવામાં આવે છે. ઔદ્યોગિક ક્રાંતિ થયાં પછી આધુનિક યુગમાં સમસ્યાઓનું સ્વરૂપ બદલાયું છે. નવી ઊભી થયેલી સમસ્યાઓના નિરાકરણ માટે નવો દષ્ટિકોણ અને ઉકેલોની રીતો પણ બદલાઈ છે. સમાજકાર્યમાં આજે ઉપચારાત્મક

કાર્યથી માંડીને સ્થિતિ કે તંત્ર પરિવર્તન અથવા સશક્તિકરણના કાર્યો પણ કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

(1) ઉપચારાત્મક કાર્ય. (Curative Function)

(2) અટકાયતી કાર્ય. (Preventive Function)

(3) વિકાસનું કાર્ય. (Function of Development)

(4) પુનઃ સ્થાપનાનું કાર્ય. (Function of Rehabilitation)

(5) સામાજિક પુનઃ નિર્માણનું કાર્ય. (Function of Social Reconstruction)

(6) સામાજિક પરિવર્તનનું કાર્ય. (Function of Social Change)

ઉપરોક્ત સમાજકાર્યનાં કાર્યોને વિસ્તૃત રીતે સમજીએ.

### 2.3.1 ઉપચાકાત્મક કાર્ય (Curative Function) :

સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ કે સમુદાયને તાત્કાલિક રાહત આપવાનું કાર્ય એટલે ઉપચારાત્મક કાર્ય. ઉપચારાત્મક કાર્યમાં સેવાર્થીની સમસ્યા સમજી, નિદાન કરી તેનો ઉપચાર કરવાનો પ્રયત્ન થાય છે. દા.ત. અનાથ બાળક કે જેના માતા-પિતા મૃત્યુ પામ્યા છે, કુંટુંબમાં તેની સંભાળ લે તેવું કોઈ નથી; ત્યારે અનાથ બાળકને રહેવા માટે આશ્રય અપાવવો પડે છે. તેની જરૂરિયાતો પૂરી કરવા વ્યવસ્થા કરવી પડે છે. અને તેની સાથે પરામર્શ કાર્ય કરવું પડે છે. જેને ઉપચારાત્મક કાર્ય કહેવાય. વ્યક્તિ પોતાના વ્યક્તિત્વના કારણે કે વાતાવરણ અથવા અન્ય તંત્રમાં ઉદ્દભવતી ખામીના કારણે મુશ્કેલીમાં મુકાય છે. અને પોતાની જાતને નિઃસહાય સમજે છે. ત્યારે કાર્યકર તેનાં વ્યક્તિત્વની કે સમયાંતરે વાતાવરણ અને તંત્રની ખામીઓને સુધારવાનો પ્રયત્ન કરે છે. અથવા વાતાવરણમાં પરિવર્તન કરવાના પ્રયત્ન કરે છે. દા.ત. વિધવા સ્ત્રી, અપંગ, અનાથ બાળક વગેરે.

સમાજકાર્યમાં પ્રેક્ટીસને બે રીતે જોવામાં આવે છે. (1) પ્રત્યક્ષ અને (2) પરોક્ષ. ઉપચારાત્મક કાર્ય એ પ્રત્યક્ષ પ્રેક્ટીસ છે. જેમાં વ્યક્તિ, જૂથ અને સમુદાયને તેની સમસ્યામાં દરમિયાનગીરી કરીને પ્રત્યક્ષ રીતે રાહત આપવાનો કે તેની સ્થિતિમાં સુધારો કરવાનો પ્રયત્ન થાય છે. વ્યાવસાયિક સમાજકાર્યના ઉદ્દભવ પહેલાં ધાર્મિક પ્રેરણાથી જે કાર્યો થતાં હતા તે પણ ઉપચારાત્મક કાર્યો હતા. દા.ત. અન્ન-વસ્ત્રનું દાન. પરંતુ વ્યાવસાયિક સમાજકાર્યકર્તા સેવાર્થી માટે રાહતનું કાર્ય વૈજ્ઞાનિક આધાર પર થાય છે.

### 2.3.2 અટકાયતી કાર્ય (Preventive Function) :

અટકાયતી કાર્ય એટલે વ્યક્તિ, જૂથ કે સમુદાય માટે એવી કોઈ પરિસ્થિતિઓ કે પરિબળો છે. જે તેમને માટે સમસ્યાઓ ઊભી કરે છે. તેને શોધીને દૂર કરવી અથવા ઉદ્દભવતા અટકાવવી તે એટલે અટકાયતી કાર્ય. આવા કાર્ય માટે કાર્યકર દૂરદેશી, વિશ્લેષણાત્મક અને આલોચનાત્મક દષ્ટિકોણ ધરાવતો હોય તે ખૂબ જરૂરી છે. જેથી જે તે સમાજની સ્થિતિ કે તેમાં આવતાં પરિવર્તનો શું સમસ્યાઓ ઊભી કરી શકશે તેનો અંદાજ મેળવી શકે છે. અથવા તો કોઈ પણ સ્થિતિ વધુ વિકટ બને તે પહેલાં જ તેમાં સુધારો કરવાનું કાર્ય સમાજકાર્યકર હાથ પર લે છે. એક કહેવત છે કે, “પાણી પહેલાં પાળ બાંધો.” તે મુજબ અટકાયતી કાર્યો મહત્ત્વના છે. દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રીઓ સાથે સમાગમ કરતી વ્યક્તિઓ એ ફરજીયાત નિરોધનો ઉપયોગ કરવો જોઈએ. જેથી દેહવ્યાપાર કરતી કોઈ સ્ત્રીને HIV / AIDS હોય તો તેનો ચેપ અન્ય વ્યક્તિને ન લાગે અથવા બચી શકાય. આ કાર્ય અટકાયતી કાર્ય છે.

### 2.3.3 વિકાસનું કાર્ય (Function of Development) :

સમાજકાર્યકર જ્યારે વિકાસના કાર્યમાં જોડાય છે. ત્યારે પોતાનામાં વિકાસનો ખ્યાલ સ્પષ્ટ હોવો જોઈએ. કોઈ વ્યક્તિના સંદર્ભમાં તેનો વિચાર કરીએ તો તેની ક્ષમતાઓમાં અને જીવનની ગુણવત્તામાં વધારો કરવો એટલે વિકાસ. સમાજના સંદર્ભમાં વિચાર કરીએ તો સમાજના લોકોની ક્ષમતાઓમાં અને જીવનની ગુણવત્તાઓમાં વધારો કરવો એટલે સામાજિક વિકાસ. વિકાસ એ લોકોની ભૌતિક અને નાણાંકીય પાસાંઓ ઉપરાંત અન્ય અનેક પાસાંઓને આવરી લે છે. માત્ર આર્થિક વૃધ્ધિ એ વિકાસ નથી. દેશના મોટાભાગના લોકોનાં જીવનની ગુણવત્તામાં સુધારો એ વિકાસનું મૂળભૂત તત્વ છે. દા.ત. ગરીબી, બેરોજગારી અને આર્થિક અસમાનતામાં ઘટાડા સિવાય જીવનની ગુણવત્તામાં

સુધારો (Qualitative) શક્ય નથી. એટલે વિકાસનું કાર્ય કરવા માટે લોકોની ક્ષમતાઓમાં અને જીવનની ગુણવત્તાઓમાં સુધારો કરવો પડશે.

સમાજકાર્યકરે વિકાસના કાર્યો કરવા માટે ત્રણ મૂલ્યોને ધ્યાનમાં લેવા પડશે. (1) જીવન માટેનું પોષણ (ભોજન, રહેઠાણ, સ્વાસ્થ્ય અને રક્ષણ – પાયાની વસ્તુઓ જીવનમાં વધારવી) (2) સ્વમાન (સાંસ્કૃતિક અને માનવતાવાદી મૂલ્યોના જીવન ધોરણમાં ઉમેરો) અને (3) સ્વતંત્રતા (ગુલામી અને પરાવલબંનમાંથી મુક્ત). વિકાસની છેલ્લી વિભાવના જે યુ.એન.ડી.પી. ના માનવ વિકાસ અહેવાલમાં વ્યક્ત થઈ છે. તેમાં ઉપરોક્ત ત્રણેય મૂલ્યોનું પ્રતિબિંબ પડે છે. મહેબુબ ઉલહકે કહ્યું છે. તેમ, ‘‘વિકાસમાં માનવી જ કેન્દ્રમાં હોવો જોઈએ.’’ અમર્ત્યસેને વિકાસને સ્વતંત્રતાના પર્યાયરૂપે જોયો છે. તેમણે કહ્યું છે કે,, ‘‘વિકાસ એટલે જ વિવિધ પ્રકારની એવી અસ્વતંત્રતાઓની નાબૂદી જે લોકો પાસે અલ્પ પસંદગીઓ કે અલ્પ તકો રહેવા દે છે. મોટી અને મહત્ત્વની અસ્વતંત્રતાઓની નાબૂદી એ વિકાસનું હાર્ટ છે. ’’

વિકાસ અંગેનાં મહેબૂબ ઉલ હક અને અમર્ત્યસેને આપેલા ખ્યાલને ધ્યાનમાં રાખીને સમાજકાર્યકરે ગરીબોને રોજગારીનાં સાધનો મળે એ માટે રોજગારીની વિવિધ તકો તેમને પૂરી પાડવાની છે કેન્દ્ર અને રાજ્ય દ્વારા ગરીબો અને બેરોજગારો માટે સરકારશ્રી દ્વારા સ્વરોજગારલક્ષી કાર્યક્રમો ચલાવવામાં આવે છે. દા.ત. ‘મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના’, ‘સ્વસહાય જૂથ’, ‘સખી મંડળ’, ‘સ્વર્ણ જંયતી ગ્રામ સ્વરોજગાર યોજના’ વગેરે દ્વારા ગરીબ-બેરોજગાર કુટુંબોને આજીવિકા આપવામાં આવે છે. એમાંથી તેઓ પસંદગી કરી શકે તે માટે કાર્યકરે પ્રયત્ન કરવાનો છે. તદ્પરાંત જેઓ સમાજમાં ભેદભાવોનો ભોગ બન્યા છે. તેવાં દલિતો, મહિલાઓ, વિકલાંગો, વૃદ્ધો બાળકો વગેરે માટે સમાન તક અને સમાન દરજ્જાના નિર્માણ માટેના પણ પ્રયત્નો કરવાના છે. કાનૂની અને વૈજ્ઞાનિક રીતે સમાન તક અને સમાન દરજ્જા માટેની બધી જોગવાઈઓ છે. સમાજકાર્યકરનું કામ તેને લોકો સુધી પહોંચાડવાનું અને એ તકોને વાસ્તવિકતાઓમાં બદલવાનું છે. દા.ત. મહિલાઓને પંચાયતમાં પ્રતિનિધિત્વ મળ્યું, પરંતુ તેમની ક્ષમતાઓમાં વધારો કરવો અને અવરોધક પરિબળો દૂર કરી વિકાસની પ્રક્રયાઓમાં ક્ષમતા વર્ધક તાલીમમાં મહિલાઓને સામેલ કરવી, તમામ ભેદભાવો દૂર થાય તેવા સમાજકાર્યકરે પ્રયત્નો કરવા અને અંતમાં વિકાસાત્મક કાર્યોનું વિશ્લેષણ કે મૂલ્યાંકન કરવું.

યુનાઈટેડ નેશને જણાવ્યું છે. તેમ, ‘‘રોજગારી વિનાનો (Jobless), ગરીબો તરફી ક્રૂરતાભર્યો (Ruthless), મજબૂત પાયા વિનાનો (Rootless), ગરીબોના અવાજ વિનાનો (Voiceless) અને સ્પષ્ટ હેતુ વિનાનો (Pointless) આર્થિક વિકાસ એ વિકાસ નથી.’’ એની સમજ કાર્યકરમાં સ્પષ્ટ હોવી જોઈએ. કાર્યકરે આવા સામાજિક આર્થિક માળખાને તોડીને માનવ કેન્દ્રીત ટકાઉ અને તંદુરસ્ત વિકાસના કાર્યો કરવાનાં છે.

સમાજકાર્યકરે પોતાના વિકાસલક્ષી કાર્યના પરિણામને કેવી રીતે માપવું જોઈએ તેના સંદર્ભમાં ગાંધીજીનું એક વિધાન ખૂબ જ પ્રસ્તુત છે. દેશની આઝાદી પૂર્વે ગાંધીજીને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો : “હિન્દને પૂર્ણ સ્વતંત્રતા મળી એમ ક્યારે કહેવાય ?” જવાબમાં ગાંધીજીએ કહ્યું હતું : “જનતાને એમ લાગે કે પોતાના જ પ્રયાસોથી તે પોતાની સ્થિતિ સુધારી શકે છે. તથા પોતાને રુચે તે રીતે પોતાનું ભાવિ ઘડી શકે છે. ત્યારે.” ગાંધીજીનો વિકાસ અંગેનો આ ખ્યાલ હોકાયંત્રની ગરજ સારે છે.

### 2.3.4 પુનઃ સ્થાપનનું કાર્ય (Function of Rehabilitation) :

પુનઃ સ્થાપન એટલે સમસ્યાગ્રસ્ત સ્થિતિમાં જ્યારે વ્યક્તિ, જૂથ કે સમુદાય સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌતિક જીવનથી વંચિત બને છે. ત્યારે મનોસામાજિક કે જરૂરી સેવાઓ અને વ્યવસ્થાઓનું સર્જન કરીને અસરગ્રસ્તોના જીવનને પૂર્વવત્ બનાવાનું કાર્ય. પુનઃસ્થાપનને બીજાં શબ્દોમાં પુનઃવસન પણ કહેવામાં આવે છે. દા.ત. ઉકાઈ ડેમ કે નર્મદા ડેમના અસરગ્રસ્તો. આ ડેમો બનવાથી ઘણા ગામડાંઓમાંથી હજારો લોકોને પોતાનું ઘર, જમીન, ગામ છોડીને અન્ય જગ્યાએ વસવાટ કરવાની ફરજ પડી છે. અને અસરગ્રસ્તોને પોતાના ગામમાં જે વ્યવસ્થાઓ અને સેવાઓ-સુવિધાઓ મળતી હતી તથા જે સંસાધનો ભોગવતા હતા તે અન્ય વસવાટના સ્થળે ઉપલબ્ધ કરાવવાનું કાર્ય એટલે પુનઃ સ્થાપનનું કાર્ય.

સમાજકાર્યમાં સમાજકાર્યકર જે સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે કાર્ય કરે છે. તે વ્યક્તિત્વ

કે પર્યાવરણનાં કેટલાંક પરિબળોની અસરને કારણે કુસમાયોજિત થયાં હોય છે કે, સ્થિતિનો ભોગ બન્યા હોય છે. જેને પરિણામે તેઓનું સામાન્ય જીવન ખોરવાયું હોય છે. તેમનું ભૌતિક અને સામાજિક જીવન પૂર્વવત બને તે માટે સેવાર્થીને અસરકર્તા પરિબળોમાંથી બહાર કાઢવાનું અને પૂર્વવત જીવનમાં ફરીથી લઈ આવવાનું કાર્ય કાર્યકરે કરવાનું છે. કૌટુંબિક સંઘર્ષને કારણે કે કોઈ કુદરતી આપત્તિઓ જેવી કે ભૂકંપ, વાવાઝોડું, સુનામી, વિનાશક પૂર તેમજ માનવસર્જિત આપત્તિ, કોમી રમખાણ, ગેસ દુર્ઘટનાઓને કારણે વ્યક્તિ, જૂથ કે સમુદાય પોતાની ભૌતિક વ્યવસ્થાઓ ગુમાવે છે. જેવી કે અન્ન, આવાસ, રોજગારી તથા અન્ય પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ કરતી તમામ સુવિધાઓથી તે વંચિત બને છે. સેવાર્થીની આ જરૂરિયાતો માટે સ્વૈચ્છિક અને સરકારી સેવા સંસાધનોનો લાભ આપવાનું કાર્ય તે પુનઃવસનનું કાર્ય છે. દા.ત. કચ્છ જીલ્લામાં આવેલો વિનાશકારી ભૂકંપ, અમરેલી-બનાસકાંઠામાં આવેલ વિનાશક પૂર, ઉત્તરાખંડમાં આવેલ વિનાશકારી પૂર, નેપાળમાં આવેલ ધરતીકંપ, ભોપાલ ગેસ દુર્ઘટના, ગોધરાકાંડ, નરોડા પાટીયા હત્યાકાંડ, લઠ્ઠાકાંડ વગેરે. આવી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ હજાર – લાખો લોકોને અસરગ્રસ્ત બનાવે છે. આવી સ્થિતિમાં અસરગ્રસ્ત લોકો પ્રાથમિક જરૂરિયાતો, અન્ન, આવાસ, રોજગારી વગેરેથી વંચિત બને છે. ત્યારે આ અસરગ્રસ્તોનાં પુનઃસ્થાપન માટે સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ જરૂરી સેવાઓ અને વ્યવસ્થાઓ આપવી પડે છે. અને અસરગ્રસ્તો સમસ્યાગ્રસ્ત સ્થિતિમાંથી બહાર કાઢવાનું કાર્ય કરવું પડે છે.

પુનઃસ્થાપનાના કાર્યમાં જીવન નિર્વાહના પ્રશ્નો અને વ્યવસ્થાઓને ધ્યાનમાં રાખવા જરૂરી છે. આજે સમુદાયલક્ષી પુનઃ સ્થાપનનો ખ્યાલ વિકસ્યો છે. તેમાં સમુદાયમાં રોજગારીની તકો, સમુદાયના લોકોનાં સંસાધનો અને અકસ્માતો, આપત્તિના સમયમાં લોકોને સુરક્ષા પૂરી પાડતાં સામાજિક માળખાં, પાણી-આહારની પ્રાપ્યતા, આવાસની તકો, આરોગ્યની સેવાઓ અને તેની પહોંચ, આરોગ્ય સેવાની ગુણવત્તા અને અસરકારકતા, સંદેશા વ્યવહારનાં સાધનો, રાહત અને સરકારની નીતિ, લોકોનાં કૌશલ્યો, સામુદાયિક સંસાધનોના સંચાલનની પ્રથા, સમુદાયના સામાજિક સંગઠનોનું કાર્ય વગેરે બાબતોના સંદર્ભમાં પુનઃ સ્થાપનનો વિચાર કરવો પડે છે. સમાજકાર્યનો કેન્દ્રવર્તી ખ્યાલ મુજબ સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ કે સમુદાયને સક્ષમ કરવાનો છે. લોકો જાતે પોતાનું પુનઃવર્સન કરે તે માટે લોકોને કાર્યકરે સહયોગ આપવાનો છે. પુનઃ સ્થાપનનું કાર્ય લોકભાગીદારીના અભિગમથી થાય તો એ સૌથી ઉત્તમકાર્ય બને છે.

### 2.3.5 સામાજિક પુનઃ નિર્માણનું કાર્ય (Function of Social Reconstruction) :

સામાજિક પુનઃનિર્માણનું કાર્ય એટલે, “કોઈ ચોક્કસ પ્રકારના સમાજની સંકલ્પના કરીને તેને અનુરૂપ વિચારો, મૂલ્યો, સંસ્થાઓ અને કાર્યોને સ્થાપિત કરવાનું કાર્ય.” સામાજિક પુનઃનિર્માણનાં કાર્યમાં સમાજકાર્યકરે સૌપ્રથમ સમાજની જરૂરિયાતોનો અંદાજ, વાસ્તવિકતા, સમસ્યાઓની ઊંડી સમજ, નવી સમાજ રચનાની સંકલ્પનાની વિશાળ દૃષ્ટિ વિકસાવવી પડે છે, કારણ કે કાર્યકરે સામાજિક પુનઃ નિર્માણના કાર્યમાં જૂના વિચારોના સ્થાને નવા વિચારો, જૂના મૂલ્યોના સ્થાને નવા મૂલ્યો, જૂની સંસ્થાઓના સ્થાને નવી સંસ્થાઓ અને જૂના કાર્યોની સ્થાને નવા કાર્યોને સ્થાપિત કરવાનાં છે.

દા.ત. ગાંધીજીનો પુનઃરચનાનો દૃષ્ટિકોણ. ઈ.સ.1915માં ગાંધીજીએ એક વર્ષ ભારતનું પરિભ્રમણ કર્યું. આ પરિભ્રમણ દરમિયાન ગાંધીજી ભારતમાં વ્યાપેલાં દૂષણો જેવાં કે ગરીબી, બેકારી, અસ્પૃશ્યતા, કોમવાદ, ઊંચનીચના ભેદભાવ, દારૂનું દૂષણ, સ્ત્રીઓની અવદશા, ગામડાની ગંદકી વગેરે જોયા. જેથી ગાંધીજીને ભારતની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવ્યો. તેમને સમજાયું કે આ બધી સમસ્યાઓ મૂળ ખૂબ જ ઊંડા છે. અને તેને નાબુદ કરવા સમાજનું પાયામાંથી ચણતર કરવું પડશે એવું લાગ્યું. જેથી તેમણે ગામોદ્ધાર માટેના અઢાર રચનાત્મક કાર્યક્રમો આપ્યા. આ કાર્યક્રમો દ્વારા ગામડાંઓનું અને સમાજનું પુનઃ નિર્માણ કરવાનું કાર્ય શરૂ કર્યું. આમ, ગાંધીજી સમાજમાં પ્રવર્તતા સામાજિક દૂષણો સામે અવાજ ઊઠાવીને સમાજના પુનઃનિર્માણનો નવો દૃષ્ટિકોણ આપ્યો. જેનાં આધારે સમાજમાં નવા વિચારો, મૂલ્યો, સંસ્થાઓ અને કાર્યો ઊભા થયાં.

### 2.3.6 સામાજિક પરિવર્તનનું કાર્ય (Function of Social Change) :

સામાજિક પરિવર્તન એટલે સામાજિક મૂલ્યો અને સામાજિક વ્યવહારની ઢબમાં પરિવર્તન. સમાજકાર્યકરે

વ્યક્તિ, જૂથ કે સમુદાયની જરૂરિયાતોમાં મદદ પૂરી કરવાની છે. જ્યારે તેમની જરૂરિયાતો અપૂર્ણ રહે ત્યારે કારણરૂપ પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાનું છે. સમાજકાર્યકરે વ્યક્તિ અને તેના પર્યાવરણમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરવાનું છે. સમાજકાર્યકરે સામાજિક પરિવર્તનનું કાર્ય કરતી વખતે બહોળા સમુદાયના પ્રશ્નો (જાહેર પ્રશ્નો)ને ખાસ ધ્યાનમાં રાખવાના છે, જેમ કે જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતા, સામાજિક-આર્થિક અસમાનતા, અસ્પૃશ્યતા, સામાજિક અન્યાય-શોષણ, ગરીબી, બેકારી, વગેરે પ્રશ્નોના નિરાકરણ માટે સમાજકાર્યકરે પરિવર્તનના એજન્ટ તરીકેનું કાર્ય કરવાનું છે.

સમાજકાર્યમાં સમાજકાર્યકરે ત્રણ પ્રકારના સ્તરે કાર્ય કરવાનું છે. (1) સમાજ / બૃહદસંસ્થાઓ (Macro) (2) કુટુંબ / જૂથ (Mezzo) અને (3) વ્યક્તિ (Micro).

જ્યારે વ્યક્તિની જરૂરિયાતો સંતોષાતી નથી ત્યારે સમાજકાર્યકરે સમાજના બૃહદતંત્રોમાં કયા મૂલ્યો, વિચારધારાઓ, સંસ્થાઓ એવી છે. જે વ્યક્તિની જરૂરિયાતો સંતોષવામાં અવરોધક બને છે. તેને શોધવાના છે. અને તેમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરવાનું છે. દા.ત. ગ્રામીણ ગરીબી. સમાજકાર્યકર ગામડાંઓમાં ગરીબ વ્યક્તિ સાથે કાર્ય કરે છે; ત્યારે ગરીબ વ્યક્તિની અન્ન, વસ્ત્ર, આવાસ વગેરે જેવી તેની તત્કાલિન જરૂરિયાતો પૂરી પાડવા પ્રયત્ન કરે છે. કાર્યકર સૌ પ્રથમ એ તપાસ કરે છે કે, આ વ્યક્તિ શાથી ગરીબ છે?, કયાં કારણો જવાબદાર છે? કયાં પરિબળો અવરોધક છે ? ત્યાર પછી કારણો કે પરિબળો શોધીને સક્રિય કાર્ય માટે બૃહદ સમાજમાં પરિવર્તન લાવવા કાર્ય કરે છે, દરમિયાનગીરી કરે છે, ચળવળ ચલાવે છે. અને અંતમાં બૃહદ્‌સમાજ જરૂરી પરિવર્તન થાય છે. ત્યારે વ્યક્તિ (Micro) અને કુટુંબ (Mezzo) સ્તરે પણ ફેરફાર થાય છે. પરિણામે સમાજમાં અનેક લોકોની જરૂરિયાતો સંતોષાય છે. આ દૃષ્ટિએ સમાજકાર્યકરને સામાજિક પરિવર્તનના એજન્ટ કહીએ છીએ. (પટેલ આનંદી, પા. 199 થી 208)

## 2.4 ઉપસંહાર

સામાન્ય રીતે પદ્ધતિ કંઇક કરવાની રીતસરની રીતને સૂચિત કરે છે. સામાજિક કાર્યમાં પદ્ધતિને લોકોની મદદ કરવાની વ્યવસ્થિત અને આયોજિત રીતે તરીકે સમજવામાં આવે છે. સામાજિક કાર્યનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોની માનસિક-સામાજિક સમસ્યાઓ હલ કરવાનો છે. સામાજિક કાર્યકર સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ કરી લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરે છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

(1) સમાજકાર્યની મુખ્ય પધ્ધતિઓ કેટલી છે?

A – એક | B – બે
C – ત્રણ | D – ચાર

(2) સમાજકાર્યની ગૌણ પધ્ધતિઓ કેટલી છે. ?

A – ત્રણ | B – ચાર
C – પાંચ | D – છ

(3) વૈયક્તિક સમાજકાર્ય પધ્ધતિના મુખ્ય અંગો કેટલાં છે?

A – ત્રણ | B – ચાર
C – પાંચ | D – છ

(4) યુ.એન.ડી.પી.ના માનવ વિકાસ અહેવાલની શરૂઆત કોણે કરી?

A – અમર્ત્ય સેન | B – મહેબુબ ઉલ હક
C – મનમોહનસિંગ | D–પ્રો. બોએમ

(5) સમાજકલ્યાણ વહીવટી પદ્ધતિ એ સમાજકાર્યની ....... પદ્ધતિ છે.

A – ગૌણ | B – મુખ્ય
C – A અને B બંને | D– પ્રાથમિક

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) C – ત્રણ

(2) B – ચાર

(3) D – છ

(4) B – મહેબુબ ઉલ હક

(5) A – ગૌણ

## 2.7 ચાવીરૂપ શબ્દો :

- **પદ્ધતિ :** કંઈક પરિપૂર્ણ કરવા અથવા તેની નજીક પહોંચવાની વિશેષ પ્રક્રિયા
- **કાર્ય :** કોઈ વ્યક્તિ અથવા વસ્તુનો હેતુ

## 2.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. સમાજકાર્યની પધ્ધતિઓના નામ આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

2. સમાજકાર્યના વિવિધ કાર્યો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.9 પ્રવૃત્તિ (Activities)

- તમારી ફિલ્ડ વર્ક સેટિંગમાં જૂથ/સમુદાય સંબંધિત પ્રોગ્રામ્સ ગોઠવો. દા.ત.

– આરોગ્ય, શિક્ષણ, સરકારી કાર્યક્રમો, માનવ અધિકાર વગેરેથી સંબંધિત જાગૃતિ શિબિરનું આયોજન.

– શેરી નાટકો ગોઠવો.

– શાળા અથવા સમુદાયમાં રમતગમતના કાર્યક્રમનું આયોજન કરો અને સમજાવો કે તમે આવા કાર્યક્રમના આયોજનમાં જૂથકાર્ય / સમુદાય સંગઠન પદ્ધતિને કેવી રીતે લાગુ કરી છે.

## 2.10 કેસસ્ટડી (Case Study)

- તમારા કારણો જણાવો અને સમજાવો કે સ્વ-સહાય જૂથ કેવી રીતે સામાજિક કાર્યનું વિકાસલક્ષી કાર્ય છે.
- ભારતમાં વિવિધ સામાજિક કાયદાઓની સૂચિ તૈયાર કરો અને સામાજિક કાયદા કેવી રીતે સામાજિક કાર્યનું અટકાયતી કાર્ય (Preventive Function) છે તેનું મૂલ્યાંકન કરો.

## 2.11 સંદર્ભગ્રંથ


(1) પટેલ આનંદી, (જુલાઈ-2009) : "વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો" અમદાવાદઃ વ્યાવસાયિક, અભિવૃત્તિ પ્રકાશન.

(2) ચાવડા ગીતા, (સપ્ટેમ્બર-2010) : "વ્યાવસાયિક સમાજકાર્ય" રતનપુર – બનાસકાંઠા, લોક પ્રકાશન

(3) तेज संगीता, (2006) : “समाजकार्य", लखनऊ, संगीता तेज, निर्देशक: जुबली “H” फाउन्डेशन.

(4) सूदन कृपालसिंह, (2008) : "समाजकार्य" सिद्धांत एवं अभ्यास, लखनऊ रीया बुक डिपो.

(5) पाण्डेय वालेश्वर, (2013) : समाजकार्य सिद्धांत एवं पद्धतिओं, रावत पब्लिकेशन, जयपुर।

(6) सिंह सुरेन्द्र और मिश्र पी. डी. (2010) : समाजकार्य ऱ्रुइातिहास दर्शन एवं प्रणालिया, लखनऊ, न्यू रोयल बुक कम्पनी।

(7) मिश्रा मंजू, (2012) : समाजकार्य, नऱ्रुइ दिल्ली: के.एस.के. पब्लिशर्स एण्ड डिस्ट्रीब्युटर्स।

# એકમ–3

## વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્ત્વો-3
## (સમાજકાર્યની આચારસંહિતા, ભૂમિકાઓ અને કુશળતાઓ)

### : એકમનું માળખું :


**3.0 પ્રસ્તાવના**

**3.1 અધ્યયનના હેતુઓ**

**3.2 સમાજકાર્યની આચારસંહિતા**

**3.3 સમાજકાર્યની ભૂમિકાઓ અને કુશળતાઓ**

**3.4 ઉપસંહાર**

**3.5 તમારી પ્રગતિ ચકાસો**

**3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.7 ચાવીરૂપ શબ્દો (Glossary)**

**3.8 સ્વાધ્યાય લેખન (Assignment)**

**3.9 પ્રવૃત્તિ (Activities)**

**3.10 કેસસ્ટડી (Case Study)**

**3.11 સંદર્ભગ્રંથ (Further Readings)**


### 3.0 પ્રસ્તાવના

આચારસંહિતા મૂલ્યો અને નૈતિક સિદ્ધાંતો દર્શાવે છે કે જેના પર વ્યવસાય આધારિત છે. આચારસંહિતા દરેક સમાજમાં સામાજિક કાર્ય પ્રથા માટેનો પાયો પૂરો પાડે છે. કેટલાંક દેશોએ સામાજિક કાર્યને એક વ્યવસાય તરીકે માન્યતા આપી છે અને દેશ સંબંધિત નૈતિકતા સંહિતાનો મુસદ્દો તૈયાર કર્યો છે. 1920માં યુ.એસ. માં મેરી રિચમોન્ડ દ્વારા સામાજિક કાર્યકરો માટે પ્રથમ નૈતિકતાની સંહિતા પ્રદાન કરવામાં આવી હતી. ત્યારબાદ 1960માં નેશનલ એસોસિએશન ઑફ સોશ્યલ વર્કર્સ (NASW) એ તેની આચારસંહિતા વિકસાવી.

આ એકમમાં તમને સામાજિક કાર્યકરની આચારસંહિતા, કુશળતા અને વિવિધ ભૂમિકાઓ વિશેની વિગતવાર સમજ પ્રદાન કરશે. જે વિદ્યાર્થી સામાજિક કાર્યકર માટે જાણવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

### 3.1 અધ્યયનના હેતુઓ

આ એકમનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓ સમજી શકશે.

1. સમાજકાર્યની આચારસંહિતા
2. વ્યાવસાયિક સમાજકાર્યકરની ભૂમિકાઓ
3. વ્યાવસાયિક સમાજકાર્યકરની કુશળતાઓ

### 3.2 સમાજકાર્યની આચારસંહિતાઃ

સમાજકાર્યની આચારસંહિતા એટલે, ‘‘સમાજકાર્યની કામગીરી દરમિયાન સમાજકાર્યકરે સેવાર્થીની સાથે વ્યવહારમાં આચરવાનાં નૈતિક ધારાધોરણો.’’ દરેક વ્યવસાયને પોતાની આચારસંહિતા હોય છે. સમાજકાર્ય પણ એક વ્યવસાય છે. અને તેને પોતાની અલગ આચારસંહિતા છે. આચારસંહિતા એ વ્યવસાય અંગેના નૈતિક ધારાધોરણો છે. કોઈ પણ વ્યવસાય માટે તેના સભ્યો દ્વારા પૂરી પડાતી સેવા માટે નૈતિક ધારાધોરણો સ્થાપવા એ આવશ્યક છે.

વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતાનું પાલન કરવું એ દરેક સમાજકાર્યકર માટે જરૂરી છે. વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતાને નીચેના પાંચ તત્વો / પાસાંઓ સાથે સંબંધ છે. જેમ કે,

(1) સેવાર્થી સાથે સંબંધ.

(2) સંસ્થા સાથે સંબંધ.

(3) વ્યવસાય સાથે સંબંધ.

(4) સમુદાય સાથે સંબંધ.

(5) સમાજકાર્ય વ્યવસાય સાથે સંબંધ.

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકરે ઉપરોક્ત દરેક સાથે સંબંધ આચારસંહિતા સમજવા, પાલન કરવા જાણવો આવશ્યક છે. જે સમાજકાર્યકરને વ્યક્તિ, જૂથ અને સમુદાય સાથે કાર્ય કરવામાં મદદરૂપ બને છે.

### 3.2.1 સમાજકાર્યમાં આચારસંહિતાની જરૂરિયાતઃ

(1) આચારસંહિતા દરેક સમાજકાર્યકર ને પ્રેક્ટિસ તેમજ કાર્યનું મૂલ્યાંકન કરવા માટે સ્વીકાર્ય ધારાધોરણો પૂરા પાડે છે. વ્યવસાયના દરેક સભ્યને સંઘર્ષાત્મક પરિસ્થિતિમાં કઈ રીતે કામ કરવું તેનો નિર્ણય કરવામાં મદદરૂપ બને છે.

(2) આચારસંહિતા સમાજકાર્યકરને સેવાર્થી પ્રત્યેની જવાબદારી સ્પષ્ટ કરવામાં સહાય કરે છે. મદદ દરમિયાન સેવાર્થીએ આપેલી અને ખાનગી રાખવા જણાવેલી માહિતીને પ્રગટ નહીં કરવા સામે તે રક્ષણ આપે છે.

(3) આચારસંહિતા સમાજકાર્ય વ્યવસાયને અનિચ્છનીય સભ્યો સામે રક્ષણ પૂરું પાડે છે. વ્યવસાયના દરેક સભ્યે કાર્યનું ઉચ્ચ ધોરણ જાળવવાનું છે, તેના ઉપર તે ભાર મૂકે છે.

(4) આચારસંહિતા સમાજને કંઈક એવી બાંયધરી આપે છે કે, સમાજકાર્યકર જે સમાજમાં કામ કરે છે. તે સમાજમાં ધોરણો અને નૈતિક અપેક્ષાઓ પ્રત્યે સમાજકાર્યકરને આદર છે.

(5) આચારસંહિતા સમાજકાર્યકરને પોતાનું ખાનગીપણું અને પ્રામાણિકતા જાળવવામાં નિર્ભય કે નિશ્ચિત બનાવે છે, તેથી તે સારી રીતે કાર્ય કરી શકે.

દરેક વ્યાવસાયિક સંગઠનો પોતાના વ્યવસાય ટકાવવા માટે વ્યવસાયના કાર્યકર માટે ચોક્કસ અને મહત્ત્વપૂર્ણ નિયમો ધારાધોરણો અને પ્રતિબંધોનું સર્જન કરે છે. તેનું પાલન કરવું દરેક કાર્યકર માટે આવશ્યક છે. આ નિયમો ધારધોરણો અને પ્રતિબંધો એ કાર્યકરોના વર્તન-વ્યવહાર, કાર્યો અને પ્રેક્ટિસની પ્રક્રિયામાં એકરૂપતા લાવવાનો પ્રયત્ન કરે છે.

સમાજકાર્યની આચારસંહિતા અમેરિકા અને અન્ય પાશ્ચાત્ય દેશોમાં સૌ પ્રથમ બની છે. અને ત્યાંના સમાજે તેને માન્યતા પણ આપી છે. ભારતમાં સમાજકાર્યની આચારસંહિતા પશ્ચિમના દેશોથી અલગ નથી. 13 ઓક્ટોબર, 1960 માં 'નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્કસ'ના એક સંમેલનમાં ઘડવામાં આવેલી અને 11 એપ્રિલ, 1967 માં સંશોધનના આધારે ફરીથી ઘડેલી આચારસંહિતાને પાશ્ચાત્ય દેશોમાં માન્યતા મળી છે. અને ભારતમાં પણ તે જ આચારસંહિતા છે. આ આચારસંહિતા વ્યાવસાયિક સંબંધોના સ્થાપન માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. અને સમાજકાર્ય નીચે મુજબનું નિવેદન કરે છે કે,,

(1) હું સેવાર્થી (વ્યક્તિ, જૂથ, સમુદાય)ની સાથે સાથે સામાજિક સ્થિતિઓના વિકાસ સંબંધી ક્રિયાને પોતાની પ્રાથમિક જવાબદારી સમજું છું.

(2) હું જાતિ, જ્ઞાતિ (પ્રજાતિ), ધર્મ, રંગ, વય અને રાષ્ટ્રીયતાના કારણે ભેદભાવ નહીં કરું તથા મારી કાર્યક્ષમતા દ્વારા સેવા પ્રદાન કરવા, કાર્ય નિર્ધારિત કરવા તથા આવા ભેદભાવોને ઉત્પન્ન થવા અટકાવવા પ્રયત્ન કરીશ.

(3) હું પોતાના વ્યક્તિગત સ્વાર્થ કરતાં વ્યાવસાયિક જવાબદારીને વધારે મહત્ત્વ આપીશ.

(4) હું પોતાના દ્વારા પૂરી પડાતી સેવાકાર્યની ગુણવતા અને વિસ્તરણ પ્રત્યે પોતાને જવાબદાર સમજીશ.

(5) હું સેવાર્થી પ્રત્યેની ગોપનીયતાનો આદર કરીશ.

(6) હું વ્યાવસાયિક સંબંધો દ્વારા સંકલિત તથ્યોનો ઉપયોગ જવાબદારીપૂર્વક કરીશ.

(7) હું સહકાર્યકરોનાં કાર્યો, વિચારધારાઓ, ઉપલબ્ધિઓનો આદર કરીશ તથા તે બાબતો અંગે નિર્ણય આપવામાં યોગ્ય પધ્ધતિ / રીત અને સાધનોનો ઉપયોગ કરીશ.

(8) હું વ્યાવસાયિક જ્ઞાન અને કુશળતાઓ મુજબ જ સમાજકાર્ય પ્રેક્ટિસ કરીશ.

(9) હું મારા વિચારોને સમાજકાર્ય – જ્ઞાન અને પ્રેક્ટિસમાં જોડતી વખતે પોતાની વ્યાવસાયિક જવાબદારી તરીકે તેને માન્યતા આપીશ.

(10) હું સમાજકલ્યાણ કાર્યો કરતી વ્યક્તિઓ અથવા સંગઠનો દ્વારા અનૈતિક પ્રેક્ટિસ થતી હોય ત્યાં સમુદાયની સુરક્ષામાં મદદ કરવાની પોતાની જવાબદારી સ્વીકારીશ.

(11) હું સાર્વજનિક આપત્તિઓમાં સમુચિત વ્યાવસાયિક સેવા આપવા સદાય તૈયાર રહીશ.

(12) હું જનતાની વચ્ચે, વ્યક્તિગત તથા કોઈ સંગઠનના પ્રતિનિધિના રૂપમાં કરેલાં નિવેદનો અને ક્રિયાઓના સ્પષ્ટ ભેદને સમજીશ.

(13) હું તે સિધ્ધાંતને સમર્થન આપું છું કે વ્યાવસાયિક પ્રેક્ટિસ માટે વ્યાવસાયિક શિક્ષણની આવશ્યકતા છે.

(14) હું સંસ્થાઓની તે સ્થિતિના સર્જન અને જતન માટેનાં કાર્યો કરવા પોતાને જવાબદાર સમજીશ, જે સામાજીક કાર્યક્રરોને આ સંહિતાને અનુરૂપ આચાર કરવા માટે યોગ્ય બનાવે છે.

(15) હું માનવકલ્યાણ સંબંધી કાર્યક્રમો માટે પોતાના જ્ઞાન, કૌશલ્યથી યોગદાન આપીશ.

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકરે આચારસંહિતાઓનું પાલન કરવામાં કેટલીક મુશ્કેલીઓ અનુભવે છે, જે આ પ્રમાણે છે.

(1) વ્યાવસાયિક સમાજકાર્યકર સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી – બિન સરકાર સંસ્થાઓમાં કાર્ય કરે છે. આ સંસ્થાઓના માળખાઓ જુદાં જુદાં હોય છે. આ સંસ્થાઓનાં મૂલ્યો, કાર્ય પધ્ધતિ, સિધ્ધાંતો અને આચારસંહિતાનું, પાલન કરવું મુશ્કેલ બને છે.

(2) સમાજકાર્યમાં કાર્યકરે વિભિન્ન પરિસ્થિતિનો સામનો કરીને કાર્ય કરે છે. તેમજ કેટલાંક કાર્યો કરતી વખતે નૈતિક ધોરણો, મૂલ્યો સંઘર્ષમાં આવતાં જોવા મળે છે. તેથી કાર્યકરે આચારસંહિતાનું પાલન કરવું મુશ્કેલ બને છે. અથવા પાલન કરી શકતાં નથી.

ઉપરોક્ત આચારસંહિતાનું પાલન કરવું સમાજકાર્યકરો માટે આવશ્યક બાબત છે. આ આચારસંહિતા દ્વારા સમાજકાર્યકરોમાં એકરૂપતા અને વ્યાવસાયિક વ્યવહારોમાં સમાનતા ઊભી થાય છે. (પટેલ આનંદી, પા. 22 થી 25)

## 3.3 સમાજકાર્યની ભૂમિકાઓ અને કુશળતાઓ

### 3.3.1 વ્યાવસાયિક સમાજકાર્યકરની કુશળતાઓ

કોઈ પણ મદદ કરનાર વ્યવસાયની કુશળતાઓ વ્યાવસાયિક સમાજકાર્યની સ્વીકૃતિ માટે મહત્ત્વનું પરિબળ છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં પ્રેક્ટિસ કરવા માટે સમાજકાર્યકર ઉચ્ચ દરજ્જાની કુશળતા હોવી આવશ્યક છે. વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાના ઉકેલ માટે કે જરૂરિયાતો સંતોષવા માટે સમાજકાર્યમાં વિવિધ પ્રકારની કુશળતા હોવી ખૂબ જ મહત્ત્વની છે. કુશળતાની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- જહોનસન (1995) કુશળતાની વ્યાખ્યા આપતા જણાવે છે કે,, "પ્રેક્ટિસ દરમિયાન સેવાર્થીની જરૂરિયાતો પૂરી કરવામાં અને તેની અસમાયોજનની સ્થિતિમાં મદદ કરવા માટે જ્ઞાન અને મૂલ્યોને ક્રિયામાં ફેરવવા તે કુશળતા છે. "
- મોરેલ અને શેફર (1998)ના મતે, "કુશળતા એટલે જ્ઞાન અને દરમિયાનગીરીની રીતનો અસરકારક ઉપયોગ કરવાની ક્ષમતા"

- મીડલમેન અને ગોલ્ડબર્ગ (1990)ના મતે, "કુશળતા એટલે ચોક્કસ સ્થિતિમાં વિશિષ્ટ વર્તન કરવું જે તેના માટે નિયોજન હોય."
- હેનરી (1981) કુશળતાની પરિભાષા આપતા જણાવે છે કે,, "કુશળતા એટલે વર્તન કે કાર્યના વિશિષ્ટ ઝૂમખાંના ઉપયોગ દ્વારા કાર્યકરની ચોક્કસ સમયે ચોક્કસ હેતુ માટે વર્તનની રીત."
- બેરી કોર્નીયર (2000) કુશળતાની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે કે,, "સમાજકાર્યની કુશળતાઓ તે જ્ઞાન વિષયક અને વર્તણુંકનાં કાર્યોનું મર્યાદિત ઝૂમખું છે. જે (1) સમાજકાર્યના જ્ઞાનમાંથી અને સમાજકાર્યનાં મૂલ્યો, નૈતિક ધોરણો તેમજ જવાબદારીમાંથી આવેલું હોય, (2) કાર્યમાં સરળતા કરી આપનાર આવશ્યક ગુણો સાથે સુસંગત હોય, (3) તે વ્યાવસાયિક પૂર્ણતાના ગુણોને પ્રદર્શિત કરતી હોય, (4) વ્યવહારની પ્રક્રિયાઓના સંદર્ભમાં સમાજકાર્યના હેતુ સાથે મેળ ખાતી હોય."

વિવિધ વિદ્વાનો દ્વારા કુશળતાની વ્યાખ્યાઓ આપવાનો પ્રયત્ન થયો છે. 'નેશનલ એસોશિયેશન ઑફ સોશ્યલ વર્કસ' (NASW) દ્વારા વ્યાવસાયિક સમાજકાર્યકરની 12 કુશળતાઓ નીચે મુજબ જણાવવામાં આવી છે.

(1) વ્યક્તિ (સેવાર્થી)ને પૂરતી અને હેતુપૂર્વક સાંભળવી.

(2) માહિતી કઢાવવી અને સંબંધિત હકિકતોનાં સામાજિક ઈતિહાસ, આકારણી અહેવાલ તૈયાર કરવામાં ઉપયોગ કરવો.

(3) મદદકર્તા વ્યાવસાયિક સંબંધો બાંધવા અને ટકાવવા.

(4) શાબ્દિક અને બિનશાબ્દિક વર્તણૂંકના નિરીક્ષણ અને અર્થઘટન કરવાં તથા વ્યક્તિત્વના સિધ્ધાંત અને નિદાનાત્મક પધ્ધતિના જ્ઞાનનો ઉપયોગ કરવો.

(5) સેવાર્થી (વ્યક્તિ, જૂથ અને સમુદાય) ને તેમની સમસ્યાના ઉકેલ માટેના પ્રયત્નોમાં પ્રવૃત કરવા અને તેમનો વિશ્વાસ જીતવો.

(6) કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર લાગણી પ્રધાન રીતે સંવેદનશીલ વિષયોની ચર્ચા કરવી.

(7) સેવાર્થીની જરૂરિયાત અનુસાર નવીન ઉકેલો શોધવા.

(8) ઉપચારાત્મક સંબંધોનો અંત લાવવાની જરૂરિયાત અંગે નિર્ણય કરવો.

(9) સંશોધન કરવા અને સંશોધનના તારણો અર્થે વ્યવસાય સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવી.

(10) સંઘર્ષ ધરાવતા પક્ષો વચ્ચે મધ્યસ્થી બનીને વાટાઘાટો કરવો.

(11) સંગઠનો વચ્ચે સંપર્ક સેવાઓ પૂરાં પાડવી.

(12) સામાજિક જરૂરિયાતો ઓળખવી અને તેની રજૂઆત ફંડ આપતા સ્ત્રોતો, લોકો કે કાયદા ઘડનારાઓ સમક્ષ કરવી.

બેરી કાર્નીયરે સમાજકાર્ય પ્રેક્ટિસ માટે આવશ્યક કુશળતાઓને પ્રેક્ટિસના વિવિધ તબક્કા અનુસાર સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જે કુશળતાઓને સમજવા માટે અને વ્યવહારમાં તેનો ઉપયોગ કરવામાં ઘણી ઉપયોગ થઈ શકે તેમ છે. જે નીચે મુજબ છે.

(1) આરંભનો તબક્કોઃ

- સંબંધ સ્થાપનની કુશળતા.
- શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા.
- સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવાની કુશળતા.
- પ્રતિપુષ્ટિ મેળવવાની કુશળતા.

(2) શોધ / તપાસ કરવાનો તબક્કોઃ

- પ્રશ્ન પૂછવાની કુશળતા.
- સ્પષ્ટતા મેળવવાની કુશળતા.

- વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતા.

- લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા.

(3) આકારણીનો તબક્કોઃ

- વર્ણનાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતા.

- કામચલાઉ આકારણી કરવાની કુશળતા.

(4) કરારનો તબક્કોઃ

- મુદ્દો / સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા.

- સમસ્યા ઓળખની કુશળતા.

- કાર્ય કરવા માટેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાની કુશળતા.

- ધ્યેયો સ્થાપિત કરવાની કુશળતા.

- કાર્ય આયોજન વિકસાવવાની કુશળતા.

- ક્રિયાના પગલાં નક્કી કરવાની કુશળતા.

(5) પરિવર્તન માટે કાર્ય કરવું અને મૂલ્યાંકનનો તબક્કોઃ

- પરિવર્તન માટે કાર્ય કરવાની કુશળતા.

- મૂલ્યાંકનની કુશળતા.

(6) મદદનો અંતનો તબક્કોઃ

- મદદના અંતની કુશળતા.

ઉપરોક્ત કુશળતાઓ ઉપરાંત અન્ય ત્રણ કુશળતા જે દરેક તબક્કામાં મહત્ત્વની છે.

- પ્રત્યાયનની કુશળતા.

- મુલાકાત કરવાની કુશળતા.

- અહેવાલ રાખવાની કુશળતા.

ઉપરોક્ત કુશળતાઓને વિગતે ઉદાહરણ સાથે સમજીએ

**3.3.1.1 આરંભનો તબક્કો :**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં સમાજકાર્યકરે સેવાર્થીતંત્ર સાથે કાર્ય કરતી વખતે સૌ પ્રથમ આરંભના તબક્કામાં સંબંધ સ્થાપન, શરૂઆતનો હેતુ વર્ણવવો, સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવી અને પ્રતિપૃષ્ટિ મેળવવી જેવી કુશળતાઓનો ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર જ્યારે સેવાર્થીને પહેલીવાર મળે છે. ત્યારે તેની પ્રથમ છાપ મહત્ત્વની હોય છે. આરંભના તબક્કાની આ છાપ ભવિષ્યનાં જોડાણ અને કાર્ય ઉપર પ્રભાવ પાડે છે. આરંભની કુશળતાઓના યોગ્ય ઉપયોગથી સેવાર્થી સાથેની મુલાકાતને હકારાત્મક અને અર્થપૂર્ણ બનાવી શકાય છે. અસરકારક શરૂઆત સમસ્યા મુદ્દા સંબંધિત માહિતી ભેગી કરવામાં, સેવાર્થીને માહિતી આપવામાં, સમસ્યાની આકારણી કરવામાં અથવા વ્યક્તિ કે તેના પર્યાવરણમાં પરિવર્તન લાવવામાં સારુ પરિણામ આપી શકે છે.

સામાન્ય રીતે સેવાર્થી સમાજકાર્યકરના સંપર્કમાં બે રીતે આવે છે. (1) વ્યક્તિ, કુટુંબ કે જૂથ પોતાની સમસ્યાનો પોતાનાં સાધનોથી ઉકેલ લાવી શકે તેમ નથી તેવું તેમને લાગે છે. અને તેઓ પોતાની સમસ્યા સાથે સમાજકાર્યકર પાસે આવે છે. (2) સમુદાયના કોઈક સ્ત્રોત દ્વારા વ્યક્તિ, કુટુંબ કે જૂથની ગંભીર સમસ્યાઓમાં સમાજકાર્યકરને દરમિયાનગીરી કરવાનું કહેવામાં આવે છે. દા.ત. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના ઝગડાઓ, પતિ-પત્ની વચ્ચેના ઝઘડાઓ વગેરે સમાજકાર્યકરને જ આરંભના તબક્કામાં દરમિયાનગીરી કરવી પડે છે.

**સંબંધસ્થાપનની કુશળતાઃ**

આરંભિક મુલાકાતમાં સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચેના સંબંધનો પાયો રચાય છે. સેવાર્થી જયારે કાર્યકર પાસે આવે ત્યારે કાર્યકર તેને આવકારે છે. કાર્યકર પોતાનું નામ કાર્ય અને સંસ્થાનો પરિચય

આપે છે. અને કાર્યકર સેવાર્થીનું નામ, સરનામું, સમસ્યા વિશેની જાણકારી મેળવે છે. કાર્યકર સેવાર્થી સાથે એવું પ્રત્યાયન કરે છે કે, તે સેવાર્થીને સમજે છે. અથવા સમજવાનો પ્રયત્ન કરે છે. જેના દ્વારા કાર્યકર અને સેવાર્થી વચ્ચે પરસ્પર વિશ્વાસ, માનસિક ઐક્ય, ઉષ્મા, મૈત્રીભાવ વગેરે સંબંધ ઉદ્‌ભવે છે. પ્રારંભિક મુલાકાત મદદ માટેના સંબંધોનો સબળ અને રચનાત્મક પાયો નાંખે છે. આ મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સેવાર્થી પોતાની સમસ્યા પ્રત્યેના મનોવલણો વ્યક્ત કરે છે. કાર્યકર સેવાર્થીના મનોવલણ, લાગણીઓ, સમસ્યાનું વૈજ્ઞાનિક રીતે અન્વેષણ કરે છે. અને જરૂર જણાય ત્યાં કાર્યકર સેવાર્થીને પરોક્ષ રીતે મદદરૂપ બને છે. દા.ત. કોઈ સંસ્થા કે સમાજકાર્યકર અજાણ્યા ગામડામાં કોઈપણ કામગીરીની શરૂઆત કરે. જેમ કે મહિલા શક્તિકરણ માટે સ્વસહાય જૂથો બનાવવા, બેરોજગારોને રોજગારલક્ષી તાલીમ, યોજનાકીય કાર્ય, જળ વ્યવસ્થાપન, ગ્રામીણ સમસ્યાઓ વગેરે. ત્યારે સંસ્થાએ કે સમાજકાર્યકરે આરંભિક તબક્કામાં સંબંધસ્થાપનની કામગીરી સૌ પ્રથમ કરવાની હોય છે. સેવાર્થી (વ્યક્તિ, જૂથ કે સમુદાય) સાથે પ્રત્યાયનનો દોર શરૂ થાય છે. અને ધીમે ધીમે પરસ્પર વિશ્વાસ ઊભો થાય છે. જે તે સમસ્યા કે મુદ્દા ઉપર સેવાર્થી સાથે ઊંડાણથી વાતચીત થાય છે. અને સાથે સાથે સંબંધ સ્થાપનની પ્રક્રિયા પણ થાય છે.

**શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતાઃ**

સમાજકાર્યકરે સેવાર્થીને પોતાની પ્રાથમિક મુલાકાતનો હેતુ શો છે? તે સેવાર્થીને જણાવવો જોઈએ અથવા સેવાર્થી સંસ્થામાં આવે છે. ત્યારે કાર્યકરે સેવાર્થી સંસ્થા પાસે કોઈ સેવા મેળવવા ઈચ્છે છે? તે જાણવું જોઈએ અથવા કાર્યકરે સેવાર્થીને સંસ્થા પાસેથી કઈ સેવા મળશે કે કયા કાર્યક્રમો/સેવાઓ ઉપલબ્ધ છે? તે જણાવવા જોઈએ. સમાજકાર્યકરે સેવાર્થીને સેવા આપવામાં પોતાની કઈ ભૂમિકા રહેશે તે પણ જણાવવું જોઈએ. સમાજકાર્યકર તરીકે સામાન્ય ભૂમિકા જેવી કે માહિતીદાતા, કાઉન્સેલર, મધ્યસ્થી, શિક્ષક, સંશોધક, મૂલ્યાંકનકર્તા, વકીલ, સારવાર કર્તા વગેરે હોય છે. ક્યારેક પ્રથમ મુલાકાતમાં ઘણી વખત ભૂમિકા સ્પષ્ટ કરવી મુશ્કેલ હોય તેવું પણ બને છે. દા.ત. ગ્રામીણ ગરીબ અને બેરોજગાર લોકોની મુલાકાત, ઝૂંપડપટ્ટીના લોકોની મુલાકાત, જેલના કેદીઓની મુલાકાત, સ્વસહાય જૂથની મહિલાઓ સાથેની મુલાકાત, HIV પ્રોઝેટિવ વ્યક્તિ સાથેનું કાઉન્સેલિંગ વગેરે સેવાર્થી કાર્યકર પાસે પોતાની સમસ્યા લઈને આવે છે કે, પછી સેવાર્થીની સમસ્યા સમજવા જાય છે. ત્યારે કાર્યકરે સેવાર્થીને મુલાકાત દરમિયાન શરૂઆતનો હેતુ અસરકારક રીતે વર્ણવવો જોઈએ. જેથી સમસ્યા સમાધાન સુધી પહોંચી શકાય.

**સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવાની કુશળતાઃ**

આરંભિક તબક્કાની મુલાકાત દરમિયાન સેવાર્થી કાર્યકર કે સંસ્થા પાસેથી વ્યાવસાયિક મદદ માટે જાય છે. ત્યારે તે કયા પ્રકારની સેવા મેળવવા માંગે છે. તેના વિશે અસ્પષ્ટ હોય છે. જેને કારણે કાર્યકર કે સંસ્થા એ નક્કી નથી કરી શકતા કે સેવાર્થીને કેવી રીતે મદદ કરવી. આવી પરિસ્થિતિમાં સમાજકાર્યકર સેવાર્થીની અસ્પષ્ટ સ્થિતિમાં સ્પષ્ટતા મેળવવામાં મદદ કરે છે. તથા મદદની પ્રક્રિયામાં સેવાર્થીની સંપૂર્ણ ભાગીદારી કયા પ્રકારની હશે તેની સેવાર્થીને જાણ કરે છે. આ રીતે સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત થાય છે. સાથે કાર્યકર સંસ્થાના નીતિનિયમો કે સિધ્ધાંતોની જાણ કરે છે, જે લેખિત અથવા મૌખિક હોઈ શકે છે. દા.ત. HIV ગ્રસ્ત વ્યક્તિનું કાઉન્સેલિંગ, બેરોગાર યુવાનો માટે કૌશલ્યવર્ધન તાલીમ, સરદાર આવાસ યોજનાના લાભાર્થીઓ, સ્વસહાય જૂથની મહિલાઓ, ભ્રષ્ટાચાર મોંઘવારી સામેના આંદોલનો વગેરે. સમાજકાર્ય પ્રેક્ટિસમાં સમાજકાર્યકરે જે તે સમસ્યા-સ્થિતિમાં સેવાર્થીની ભૂમિકા સ્પષ્ટ કરવી અને મદદની પ્રક્રિયામાં સંપૂર્ણ ભાગીદાર બનાવવો જોઈએ.

**પ્રતિપુષ્ટિ મેળવવાની કુશળતાઃ**

સેવાર્થીને શરૂઆતનો હેતુ, સેવાર્થીની ભૂમિકા, સમાજકાર્યકરની ભૂમિકા, નીતિ અને નૈતિક નિયમોની બાબતો વિશે પ્રતિભાવ આપવા જણાવે છે. તેના દ્વારા સમાજકાર્યકર એ તપાસે છે કે, પોતે જે કાંઈ જણાવ્યું છે. તે સેવાર્થી કેટલે અંશે સમજ્યા છે. ? સેવાર્થીના પ્રતિભાવ દ્વારા સમાજકાર્યકર તેની સંમતિને સમજે છે, તેમજ અસ્પષ્ટ મુદ્દાઓ, વિચારો સમજવા વધુ પ્રેરણા પૂરી પાડે છે. આ રીતે સમાજકાર્યકર સેવાર્થી પાસેથી પ્રતિપુષ્ટિ મેળવે છે. આ પારસ્પરિક સંમતિની પ્રક્રિયા છે. દા.ત. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ સાથેનું પરામર્શકાર્ય – નર્મદા ડેમના અસરગ્રસ્તો. કાર્યકર દ્વારા સેવાર્થીઓને શરૂઆતનો હેતુ અને સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કર્યા બાદ કાર્યકરે કરેલ સેવાર્થી સાથેની મદદની

પ્રક્રિયા કેટલે અંશે સારી રહી કે કેમ? તેની કાર્યકર દ્વારા સ્પષ્ટતા મેળવવામાં આવે છે કે, સંમતિ તપાસવામાં આવે છે.

### 3.3.1.2 શોધ / તપાસ કરવાનો તબક્કોઃ

આરંભિક તબક્કો પૂર્ણ થાય બાદ સમાજકાર્યકર દ્વારા સેવાર્થી (વ્યક્તિ, જૂથ, સમુદાય)ની સમસ્યાઓ અને સ્થિતિ વિશે શોધ / તપાસ કરવાનો તબક્કો શરૂ થાય છે. આ તબક્કામાં સમાજકાર્યકર સેવાર્થીને સમસ્યા, સ્થિતિ વિશેની શોધ / તપાસમાં જોડે છે. સમાજકાર્યકર શોધ / તપાસ કરવાની કુશળતા દ્વારા સેવાર્થીને તેની માહિતી આપવામાં વિચારો દર્શાવવામાં, પોતાની વિશેની લાગણીઓ રજૂ કરવામાં, સામાજિક સંદર્ભો અને તેના પર્યાવરણને રજૂ કરવા પ્રોત્સાહિત કરે છે.

શોધના તબક્કામાં સેવાર્થી અને સમાજકાર્યકર વ્યક્તિ – સમસ્યા – સ્થિતિ વિશેની સંપૂર્ણ અને વાસ્તવિક માહિતી મેળવે છે. સેવાર્થીની પોતાની જાત વિશેની સમજણમાં વધારો થાય છે. જ્યારે વ્યક્તિ પોતાના વિશે મુક્ત રીતે બીજાની સમક્ષ વાત કરે છે. અને તેના સંદર્ભમાં બીજાને સાંભળે છે. ત્યારે તેની સ્વજાગૃતિ વધે છે. જ્યારે સેવાર્થી પોતાનાં વિચારો, લાગણીઓ રજૂ કરે છે. ત્યારે તે માત્ર સમાજકાર્યકરના પ્રતિભાવો જ નથી ઈચ્છતો, પણ પોતાની જાતમાં તેને અનુભવે છે.

શોધ / તપાસ કરવાનાં તબક્કામાં (1) પ્રશ્ન પૂછવાની કુશળતા, (2) સ્પષ્ટતા મેળવવાની કુશળતા, (3) વિષયવસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતા, (4) લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતાને સમાજકાર્યકરે ઉપયોગ કરવાનો છે.

**પ્રશ્ન પૂછવાની કુશળતાઃ**

સેવાર્થી મુલાકાતના હેતુ માટે સંમત થાય છે. ત્યાર બાદ તેના સંબંધી માહિતી મેળવવાની ક્રિયા શરૂ થાય છે. કાર્યકરે સેવાર્થીને પ્રશ્નો પૂછીને સમસ્યા-સ્થિતિ સંબંધિ સત્ય બહાર લાવવાનો પ્રયત્ન કરવાનો છે. કાર્યકરે સેવાર્થીને એવા પ્રશ્નો પૂછવા જોઈએ કે સેવાર્થીને પોતાની વિશે મુક્ત અને સંપૂર્ણ રીતે વ્યક્ત થવાની તક આપતા હોય. આ પ્રશ્નો વ્યક્તિ, સમસ્યા, સ્થિતિ અને વિવિધ સંજોગો સંદર્ભે કે તત્કાલીન સ્થિતિ સંદર્ભના હોઈ શકે. પ્રશ્નો સેવાર્થીની માહિતી અને લાગણી કે મનોવલણો વ્યક્ત થાય તે સ્વરૂપના પણ હોવા જોઈએ. આ પ્રશ્નો બંધ અને ખુલ્લા પ્રકારના હોઈ શકે. તેમજ સળંગ સૂત્રતા ધરાવતા હોવાં જોઈએ.

કાર્યકરે સેવાર્થીને ખુલ્લા પ્રકારના પ્રશ્નો વધુ પૂછવા જોઈએ. જેનાથી જરૂરી મુદ્દાઓ ઉપર વિસ્તુત માહિતી મળી શકે અને સેવાર્થીના વિશિષ્ટ વર્તનને સમજી શકાય, સેવાર્થીની લાગણીઓ અને વલણોને સમજવામાં મદદરૂપ બને તેવા પ્રશ્નો ખાસ હોવા જોઈએ.

દા.ત. ગ્રામીણ ગરીબ કે બેકાર લોકોની મુલાકાત, વ્યસન કરતાં યુવાનોની મુલાકાત, વિકલાંગોની મુલાકાત, કારખાનામાં કામ કરતાં મજૂરોની મુલાકાત વગેરે. સમાજકાર્યકરે વ્યક્તિ-સમસ્યા-સ્થિતિ-ઘટનાને ધ્યાનમાં રાખીને પ્રશ્નો તૈયાર કરવા જોઈએ. પ્રશ્નના જવાબો કેવા મળશે તે પણ વિચારી લેવું જોઈએ અને પ્રશ્નો ક્રમબધ્ધ રાખવા, વિષયવસ્તુ સંબંધિત પ્રશ્નો સેવાર્થીને પૂછવા જોઈએ. જેથી કાર્યકરને જરૂરી માહિતી મળી શકે અને સેવાર્થીની લાગણીને સમજી શકાય અને જો સેવાર્થી કાર્યકર કોઈ પ્રશ્ન પૂછે. તો તેણે સેવાર્થીની લાગણીને ધ્યાનમાં રાખીને જવાબ આપવો જોઈએ.

**સ્પષ્ટતા મેળવવાની કુશળતાઃ**

સેવાર્થી સાથે મુલાકાતમાં સેવાર્થીને પ્રશ્ન પૂછવાનો દોર ચાલુ હોય છે. ત્યારે સેવાર્થી ઘણા એવા નિવેદનો કરે છે. જે અસ્પષ્ટ, અપરોક્ષ, અપૂર્ણ, વિરોધાભાસી હોય છે, ત્યારે સમાજકાર્યકરે સેવાર્થીને વચ્ચે જ અટકાવીને આવા નિવેદનોની સ્પષ્ટતા મેળવી લેવી જરૂરી હોય છે. સેવાર્થી ઘણી વખત મુખ્ય સમસ્યા વિશે નથી કહેતાં કે કેટલીક બાબતો છોડી દે છે. જે તેના વ્યક્તિગત જીવનના અનુભવના મહત્ત્વના પાસાંઓ હોય છે. તેથી આવી અસ્પષ્ટ સ્થિતિમાં સમાજકાર્યકર જે પ્રતિભાવ આપે છે. તે સેવાર્થી સાથેના સંબંધોને, કામની દિશાને અને મદદના પરિણામને અસર કરે છે. આવી સ્થિતિમાં કાર્યકરે સ્પષ્ટતા મેળવવી ખૂબ જરૂરી બને છે. સેવાર્થીએ બોલેલા શબ્દમાં રહેલાં ભાવોનો અર્થ સમાજકાર્યકરને સ્પષ્ટ થવો જોઈએ. તેમજ સેવાર્થીની માહિતી લાગણીઓ, શાબ્દિક બાબતોની ચોક્કસ અને ઝીણવટપૂર્વકની સ્પષ્ટતા કાર્યકરને થવી જરૂરી છે. દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રીઓની મુલાકાત, HIV પ્રોઝેટિવ વ્યક્તિની મુલાકાત, સમલૈંગિકતા ધરાવતા સ્ત્રી-પુરૂષોની મુલાકાત વગેરે. આ

સેવાર્થીઓની મુલાકાત દરમિયાન પ્રશ્નો પૂછતી વખતે સ્પષ્ટતા મેળવવાની જરૂરિયાત વધુ છે, કારણ કે આ બધાં સેવાર્થીઓ અસ્પષ્ટ ભાષા, શબ્દો, સંકેતો કે વર્તનનો વધુ ઉપયોગ કરતાં હોવાથી કાર્યકર માટે વારંવાર સ્પષ્ટતા પણ મેળવવી પડે છે, જેનાથી સમસ્યાઓના સ્વરૂપને સમજી શકાય.

**વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતાઃ**

વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવું તે સેવાર્થીના સંદેશા વિશેની સમાજકાર્યકરની સમજ અને માહિતીને રજૂ કરવાની કુશળતા તેમજ વિષયવસ્તુને પ્રતિબિંબિત કરીને સમાજકાર્યકર એ જણાવે છે કે, પોતાને સેવાર્થીએ જે કહ્યું છે. તેને ધ્યાનથી સાંભળ્યું છે. અને બરાબર સમજ્યા છે. સમાજકાર્યકર સેવાર્થીએ કહેલી વાતને ટૂંકમાં રજૂ કરે છે, પરંતુ તેણે કહેલાં જ શબ્દોમાં સમાજકાર્યકરે કહેવું ન જોઈએ. દા.ત. છૂટાછેડાનો પ્રશ્ન – સેવાર્થી જ્યારે કાર્યકર પાસે આવે ત્યારે તે છૂટાછેડા લેવા પાછળની શરૂઆતથી અંત સુધીની લાંબી લાંબી ઘણી માહિતી કાર્યકરને આપે છે. કાર્યકરે વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતામાં અન્ય કોઈને એ વાતનો મતલબ ટૂંકમાં જ સમજાવી દેવાનો છે. સેવાર્થીએ કહેલા શબ્દો ને લાંબી ચર્ચાના રૂપમાં રજૂ ન કરવી જોઈએ.

**લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતાઃ**

લાગણીને પ્રતિબિંબિત કરવી એટલે સેવાર્થીએ વ્યક્તિ કરેલાં મનોવલણો કે લાગણીઓ માટે સમાજકાર્યકરના નવા શાબ્દિક રૂપાંતરો કે કથનો, લાગણીને પ્રતિબિંબિત કરવી એ સક્રિય સાંભળવાની બીજી કુશળતા છે. તેમાં સમાજકાર્યકર સેવાર્થીની વ્યક્ત લાગણીઓને સમસ્યા સ્વરૂપે જોવે છે. અને તેનો ટૂંકો પ્રતિભાવ આપે છે. ઘણી વખત એ પ્રતિભાવ એક વાક્ય કે શબ્દ સ્વરૂપે હોય છે. દા.ત. "ખરેખર તમે ભયાનક મુશ્કેલીમાંથી બહાર આવ્યા", ઉત્તમ, અદ્ભુત, વાહ...ભાઈ..વાહ, તમે મોટું જોખમ ખેડ્યું. સેવાર્થીની લાગણીને વ્યક્ત કરવા માટે સમાજકાર્યકર પાસે લાગણીસભર શબ્દો હોવા જોઈએ. સમાજકાર્યકર પોતાની સમજણ અને સેવાર્થીએ વ્યક્ત કરેલાં મનોવલણો અને લાગણીઓનું સ્પષ્ટ પ્રતિબિંબ પાડવા પ્રયાસો કરે છે. તે માટે સમાજકાર્યકર સેવાર્થી દ્વારા વપરાયેલા શબ્દોનો પુનઃ ઉપયોગ કે સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરે છે. પ્રતિબિંબ પાડવામાં માત્ર વિષયવસ્તુ નહીં, પણ જે કાંઈ પણ કહેવાયું હોય તેની પાછળ રહેલી સેવાર્થીની લાગણીના પડઘા પડવાં જોઈએ.

લાગણીને પ્રતિબિંબિત કરવી એ સમાજકાર્યકરની મહત્ત્વની કુશળતા છે. તે સેવાર્થીને પોતાની જાતને ઊંડાણથી સમજવામાં સહાય કરે છે. તે સેવાર્થીને તેની સુષુપ્ત પ્રેરણાઓના પરીક્ષણમાં સહાય કરે છે. લાગણીઓ એ જરૂરિયાતનું પ્રગટીકરણ છે. સમાજકાર્યકર સેવાર્થીને સમર્થન આપે છે. અને તેને સામાન્ય માનવીની જેવું માન આપે છે.

**3.3.1.3 આકારણીનો તબક્કોઃ**

શોધના તબક્કામાં સેવાર્થી અને સમાજકાર્યકર ઘણી વખત વ્યક્તિ - સમસ્યા – સ્થિતિ અંગેની ઉપયોગી માહિતી મેળવે છે. જ્યારે આકારણીના તબક્કામાં સેવાર્થી વ્યક્તિ – સમસ્યા – સ્થિતિ સંબંધિ માહિતીનાં વિશ્લેષણની પ્રક્રિયા શરૂ થાય છે. અને સમાજકાર્યકર તથા સેવાર્થીને દિશા આપે છે. આકારણી સેવાર્થી – સમાજકાર્યકર વચ્ચે સાથે કામ કરવા અંગેના કરારને સ્પષ્ટ આધાર પૂરો પાડે છે. આકારણીની પ્રક્રિયાની બે મુખ્ય કુશળતાઓ છે. (1) વર્ણાનાત્મક માહિતીને આયોજિત રીતે મુકવી, (2) કામચલાઉ આકારણી કરવી.

સમાજકાર્યમાં તમામ આકારણીની પ્રક્રિયા મોટેભાગે વ્યક્તિ અને તેનાં પર્યાવરણના સંદર્ભમાં થાય છે. આકારણીની પ્રક્રિયા સતત ચાલે છે. જેમાં સેવાર્થી અને સમાજકાર્યકર બન્ને સાથે મળીને પ્રાથમિક સેવાર્થી તંત્ર જે દરમિયાનગીરીમાં સામેલ થવાના છે. તેને ઓળખે છે, પરિવર્તન માટે લક્ષ્ય નક્કી કરે છે, પ્રગતિમાં આવનારા અવરોધો અને સંભવિત ખામીઓને જોવે છે. અને અંતમાં ચોક્કસ નિર્ણય પર આવે છે.

આકારણીની પ્રક્રિયા દરમિયાન નીચે મુજબની બે કુશળતાઓ જરૂરી છે.

**વર્ણાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતાઃ**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં સેવાર્થી સાથેની મુલાકાતોને આધારે મેળવેલી માહિતી એવા સ્વરૂપે નથી હોતી કે જેને સમાજકાર્યકર તાર્કિક રીતે વર્ણવી શકે. સમાજકાર્યકરે સૌ પ્રથમ આકારણીની પ્રક્રિયામાં શોધના તબક્કામાં મેળવેલી માહિતીને પુનઃ પ્રાપ્ત કરી શકાય અને આકારણી માટે ઉપયોગ કરી

શકાય તે સ્વરૂપે મુકવી જોઈએ એટલે કે માહિતીને એવી રીતે અલગ-અલગ ભાગોમાં ગોઠવવી કે જેથી તેનું મહત્ત્વ સમજી શકાય.

માહિતીને સંગઠિત સ્વરૂપે મૂકવી તે દસ્તાવેજ રાખવાનું જ એક સ્વરૂપ છે. પરંતુ તેમાં કહેવાયેલી અને નિરીક્ષણ કરેલી બંન્ને માહિતીને એવી રીતે મૂકવાની છે. જેને આધારે કોઈ નિષ્કર્ષ તારવી શકાય છે. આવી માહિતીને રજૂ કરવાના અનેક નમૂનાઓ નિષ્ણાંતો દ્વારા રજૂ થયાં છે. તેનો ઉપયોગ કરી શકાય. સેવાર્થીની સમસ્યાના સંદર્ભમાં નીચે મુજબની માહિતીને આયોજિત રીતે રજૂ કરવામાં આવે છે.

(અ) સેવાર્થીની ઓળખ.

(બ) પરિસ્થિતિતંત્ર. (સેવાર્થીતંત્ર, કુટુંબતંત્ર અને સમુદાયતંત્ર)

(ક) વ્યક્તિ – સમસ્યા – સ્થિતિ સંબંધિત મુદ્દાઓ.

(ડ) તંત્રોની શક્તિઓ, નિપુણતા અને સાધનો.

(ઈ) સમસ્યાના ઉકેલમાં ઉપલબ્ધ અને ઉપયોગી આનુષાંગિક માહિતી, સાધનો અને પ્રક્રિયાઓ.

(ઈ) સામાજિક ઈતિહાસ, વ્યક્તિગત અને કૌટુંબિક, આપત્તિજનક ઘટનાઓ, જાતીય બાબતો, નશાકારક દ્રવ્યનો ઉપયોગ અને તબીબી સારવાર, કાનૂની, શૈક્ષણિક રોજગારી, મનોરંજન, ધાર્મિક, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક સેવાઓ વિશેની માહિતી.

દા.ત. HIV પ્રોઝેટિવ વ્યક્તિએ આપેલ માહિતી

**કામચલાઉ આકારણી કરવાની કુશળતાઃ**

સેવાર્થીએ આપેલી માહિતીને આયોજિત સ્વરૂપે ગોઠવ્યા બાદ કાર્યકરે તેને ભાગીદારીથી માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરીને કામચલાઉ આકારણી કરવામાં આવે છે. વિશ્લેષણ અને અર્થઘટનમાં છૂટી છવાઈ માહિતીને એકબીજાં સાથે જોડીને એકબીજાં સાથેના સંબંધમાં સૈધ્ધાંતિક જ્ઞાન અને અનુભવને આધારે તેનો અર્થ કરવામાં આવે છે; આકારણીમાં મુખ્યત્વે આલોચનાત્મક રીતે વિચારવાની કુશળતાની જરૂર પડે છે. કામચલાઉ આકારણીમાં વ્યક્તિનું વ્યક્તિત્વ, કુટુંબ અને પર્યાવરણ સંબંધિત બાબતોની આકારણીમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(અ) વ્યક્તિ – અસ્મિતા અને વ્યક્તિત્વનું માળખું, લાગણી, જીવનચક્રનો વિકાસ, નિપુણતા, જોખમો.

(બ) કુટુંબ – કુટંબીજનો, પ્રાથમિક – સામાજિક તંત્રો – ઓળખ / અસ્મિતા અને માળખું, લાગણીઓ અને જીવનચક્ર વિકાસ.

(ક) પર્યાવરણ – સંસાધનો અને સામાજિક સાંસ્કૃતિક પર્યાવરણ.

દા.ત. HIV પ્રોઝેટિવ વ્યક્તિ આપેલી છૂટીછવાઈ માહિતીને અર્થસભર બનાવવી અને માહિતીનું વિશ્લેષણ તથા અર્થઘટન કરવું એટલે કામચલાઉ આકારણી.

**3.3.1.4 કરારનો તબક્કોઃ**

કરારએ આકારણીની પ્રક્રિયા પછીનું પગલું છે. કરારના તબક્કામાં (1) મુદ્દો/ સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા, (2) સમસ્યા ઓળખની કુશળતા, (3) કાર્ય કરવા માટેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાની કુશળતા, (4) ધ્યેયો સ્થાપિત કરવાની કુશળતા, (5) કાર્ય આયોજન વિકસાવવાની કુશળતા, (6) ક્રિયાનાં પગલાં નક્કી કરવાની કુશળતાનો સમાવેશ થાય છે. દરેક કુશળતાઓને નીચે મુજબ સમજીએ.

**મુદ્દો / સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતાઃ**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં મુદ્દો / સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતામાં સમાજકાર્યકર સેવાર્થીને એ દર્શાવે છે કે, તે સેવાર્થીની સમસ્યા સંબંધિત સમજણ ધરાવે છે. સમસ્યાને પ્રતિબિંબિત કરવી એ સક્રિય રીતે અને સહાનુભૂતિથી સાંભળનાર તરીકેનો સમાજકાર્યકરનો ગુણ છે. અથવા કુશળતા છે. સેવાર્થી-કાર્યકર કે સ્વૈચ્છિક સંસ્થા પાસે સામાજિક સેવા મેળવવામાં આવે છે. તેમાંથી કેટલાંક સેવાર્થી એવા હોય છે. જે સામાન્ય રીતે પોતાની સમસ્યા તથા હિતને સરળતાથી રજૂ કરે છે, જયારે કેટલાંક

સેવાર્થીને કાર્યકરે રજૂઆત માટે પ્રોત્સાહન કે માર્ગદર્શન અથવા ટેકો આપવો જ પડે છે. જ્યારે કેટલાંક સેવાર્થીની સમસ્યાની ઓળખ કાર્યકરે પોતે જ કરવી પડે છે. સેવાર્થી કેટલીક વખત કાર્યકરને તપાસે છે કે, તે તેને કેવી સેવાઓ આપશે. જેથી આવા સેવાર્થી મુખ્ય સમસ્યા ઝડપથી કે સરળતાથી જણાવતાં નથી. આવા કિસ્સાઓમાં સમાજકાર્યકરે સેવાર્થીની લાગણીઓને, વિષયવસ્તુને અને અર્થને સતત પ્રતિબિંત કરતાં રહેવું પડે છે. સમાજકાર્યકરે આ સમયે સેવાર્થીને ખાસ જણાવવું પડે છે કે, તમે તેને મદદ કરવા ઈચ્છો છો. દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રી, આત્મહત્યામાં નિષ્ફળ ગયેલી વ્યક્તિ વગેરે. આ સેવાર્થીઓ ઘણી વખત કાર્યકરને પોતાની સમસ્યા સરળતાથી જણાવતા નથી. કાર્યકરે આ સેવાર્થી સાથે સતત તેમની લાગણીઓ કે વિષયવસ્તુને પ્રતિબિંબિત કરતાં રહેવું પડે છે. અને મદદ કરવાની પ્રતીતિ કરાવતાં રહેવું પડે છે.

**સમસ્યા ઓળખની કુશળતા**

સમાજકાર્યકર કરારના તબક્કામાં વ્યક્તિ – સમસ્યા – સ્થિતિ અંગેની જે શોધ અને આકારણી કરી છે. તેમાંથી કાર્યકર સેવાર્થીએ નથી જણાવેલી એવી સમસ્યાઓને ઓળખે છે. અથવા સેવાર્થીના દૃષ્ટિકોણથી આગળ વધી જુદાં દૃષ્ટિકોણથી સમસ્યાઓને જોવે છે. સામાન્ય રીતે સમસ્યાને ઓળખવી અને ધ્યેય નક્કી કરવાની જવાબદારી કાર્યકરની છે. અથવા તે સંભવિત સમસ્યા અંગે પોતાના વિચારો રજૂ કરે છે. કાર્યકર પાસે વ્યાવસાયિક જ્ઞાન અને અગાઉનો અનુભવ હોય છે, જે સમસ્યાઓને ઓળખવામાં ઉપયોગી બને છે. સેવાર્થીએ જણાવેલી સમસ્યાનાં સંદર્ભમાં કાર્યકર પોતે ઓળખેલા મુદ્દાઓ કે સમસ્યા અંગેના વિચારો જણાવે છે.

દા.ત. ત્યજેલી સ્ત્રી, વિધવા સ્ત્રી, ગ્રામીણ લોકોની મુલાકાત, ઝૂંપડપટ્ટીની મુલાકાત વગેરે. આ દરેક સેવાર્થીઓ પોતાને હિતમાં લાગે તેવા મુદ્દાઓ કે સમસ્યાઓની જાણ કાર્યકરને કરે છે કે,ટલીક વખત અમુક ગુપ્ત વાતો સેવાર્થી કાર્યકરને કરતાં નથી. જે ગુપ્ત વાતો કાર્યકરે સેવાર્થી સાથેની વાતમાં નિરીક્ષણ દ્વારા શોધવાની છે. અને સેવાર્થીને પોતે ઓળખેલી સમસ્યાના પ્રતિભાવો પણ આપવાના છે.

**કાર્ય કરવા માટેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાની કુશળતાઃ**

સમસ્યાની સ્પષ્ટતા એટલે કે ‘‘જે સમસ્યા સેવાર્થી સમાજકાર્યકરને કહી છે. તે અને જે સમસ્યા બંન્ને વ્યક્તિ વચ્ચેની વાટાઘાટોમાંથી જે નીપજ્યું છે. તેવું કથન.’’ સમસ્યા ઉકેલ લાવવા માટે સેવાર્થીની સંમતિ મેળવવાનો આ પ્રથમ સંકેત છે. સમસ્યાની સ્પષ્ટતા વ્યક્તિ-સમસ્યા-સ્થિતિની શોધ અને આકારણીને આધારે થાય છે. કાર્યકર સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા દ્વારા સમસ્યાને ઓળખે છે. સેવાર્થી અને કાર્યકર તે સમસ્યા ઉપર કામ કરવા સંમત થાય છે. જ્યારે સમસ્યા સ્પષ્ટ થાય છે. ત્યારે બંન્ને સાથે મળીને સમસ્યાના ઉકેલ માટે કયા ક્ષેત્રો કે પાસાં ઉપર કામ કરવું તે નક્કી કરે છે.

દા.ત. HIV પ્રોઝેટિવ વ્યક્તિ કે દેહવ્યાવાપારમાં જોડાયેલી સ્ત્રી સાથે કાર્ય કરવાનું હોય ત્યારે ખાસ સમસ્યા સંદર્ભ કાર્યમાં વધુ સ્પષ્ટતાની આવશ્યકતા ઊભી થાય છે. કાર્યકરને સેવાર્થી સાથે કાર્ય કરવા અંગે સંમતિ ના મળે કે મુદ્દાની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી કાર્યકર સમસ્યા ઉકેલ તરફ આગળ વધી શકતો નથી. એટલા માટે કાર્ય શરૂ કરતાં પહેલાં મુદ્દાઓની સ્પષ્ટતા કરવી મહત્ત્વની છે. અથવા સેવાર્થીનું સંમત થવું જરૂરી છે.

**ધ્યેયો સ્થાપિત કરવાની કુશળતાઃ**

ધ્યેયો સ્થાપિત કરવા એટલે, ‘‘સેવાર્થીને તેની સમસ્યાના ઉકેલમાં સહભાગી બનાવીને પરિવર્તન તરફની પ્રક્રિયા.’’ સમસ્યાઓની સ્પષ્ટતા બાદ કાર્યક્રરે સેવાર્થીને ધ્યેય નિર્ધારિત કરવાની દિશામાં સહભાગી બનાવવા પ્રેરિત કરવો જોઈએ. ધ્યેય એ સેવાર્થી અને કાર્યકરને તેમના જ્ઞાન, ભાવાત્મકતા, વર્તણૂક અને સ્થિતિ અંગે શું ક્રિયા કરવાની છે. તે અંગેની દિશા આપે છે. ધ્યેયો નિર્ધારિત કરવા માટે સ્માર્ટ (Smart) ના પત્રકના નમૂનાને અનુસરવું જરૂરી છે. તે માટે ચોક્કસ (Specific), માપી શકાય તેવા (Measurable), પ્રાપ્ત કરી શકાય (Achievable), વાસ્તવવાદી (Realistic) અને નિશ્ચિત સમય (Timely) માટેના ધ્યેયો હોવા જોઈએ. ધ્યેયો એવા નિર્ધારિત કરવા જોઈએ કે જેને ચોક્કસ રીતે સમજી શકાય, માપી શકાય અને ચકાસી શકાય. ધ્યેયો સેવાર્થીનાં મૂલ્યો અને સમાજના ધારાધોરણો સાંસ્કૃતિક તંત્રને ધ્યાનમાં લે તેવાં હોવાં જોઈએ. તે માટે કાર્યકર અને સેવાર્થીએ સાથે મળીને ધ્યેયો નક્કી કરેલાં હોવાં જોઈએ.

**કાર્ય આયોજન વિકસાવવાની કુશળતાઃ**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં વ્યક્તિ – સમસ્યા – સ્થિતિના ઉકેલ સંદર્ભના ધ્યેય નક્કી કર્યા બાદ કાર્યકર સેવાર્થીને કાર્ય આયોજન કરવામાં સક્રિય રીતે સહભાગી બનાવે છે. અને પરિવર્તન કેવી રીતે આવશે?, કોણ કોણ સામેલ હશે?, કેવી રીતે અસર કરશે? વગેરેનો તેમાં વિચાર કરવામાં આવે છે. તેમજ સમાજકાર્યકરની પોતાની ભૂમિકા શું રહેશે તે પોતે નક્કી કરવાનું છે. ધ્યેય નિર્ધારિત થયાં પછી તેને સાર્થક બનાવવામાં કાર્યકર કયાં સૈધ્ધાંતિક અભિગમ કે દરમિયાનગીરીની રીતને અખત્યાર કરવાના છે; તેમજ કાર્યકર સેવાર્થીને ક્યારે ક્યારે મળશે? અને પરિવર્તનના કેવા કેવા પ્રયત્ન કરશે? તે નક્કી થાય છે. સમાજકાર્ય પ્રેક્ટિસમાં કાર્ય આયોજન દ્વારા ચોક્કસ પરિવર્તનનો સમાવેશ થાય છે. આ પરિવર્તન સમસ્યા ઉકેલ લાવે છે. પરિવર્તનનું લક્ષ્ય વ્યક્તિના વલણ, વર્તન કે લાગણીઓમાં બદલાવનું તથા તેના પર્યાવરણમાં સુધારાનું હોઈ શકે છે.

દા.ત. ઝૂંપડપટ્ટીના બાળકોનો શિક્ષણ અને સ્વાસ્થ્યનો પ્રશ્ન, ત્યજેલી સ્ત્રીની માનસિક સ્થિતિ, HIV પોઝિટિવ વ્યક્તિની સામાજિક સ્વીકૃતિનો પ્રશ્ન વગેરે પ્રશ્નોમાં ધ્યેય નિર્ધારિત કર્યા બાદ ઉત્તમ કાર્ય આયોજન કરવું આવશ્યક છે. તો જ સેવાર્થીની સ્થિતિમાં કે વાતાવરણમાં જરૂરી પરિવર્તન લાવી શકાય છે.

**ક્રિયાના પગલાં નક્કી કરવાની કુશળતાઃ**

ક્રિયાના પગલાં નક્કી કરવા એટલે, ''સેવાર્થીની સમસ્યાની શોધ અને આકારણી દ્વારા નક્કી કરેલાં ધ્યેયો સિધ્ધ કરવાના પગલાં / કાર્યો.'' સમાજકાર્યમાં કેટલીક વખત કાર્યકર અને સેવાર્થીએ નિર્ધારિત કરેલા ધ્યેયો એક જ ક્રિયાથી પૂર્ણ નથી થતાં અને તેમ કરવું એ યોગ્ય પણ નથી. ધ્યેયો અનેક કાર્યો દ્વારા સાર્થક થાય છે. ક્રિયાના આ પગલાંમાં પણ કાર્યકરમાં સેવાર્થીની સંપૂર્ણ ભાગીદારી કરવી આવશ્યક છે. ક્રિયાના પગલાં અંગે સેવાર્થીને વિચાર-મત કહેવાનું સેવાર્થીને વાતાવરણ પૂરુ પાડે છે. આ પ્રક્રિયામાં પ્રશ્નો પૂછવાની કુશળતા, સ્પષ્ટતા મેળવવાની કુશળતા, પ્રતિબિંબ પાડવાની કુશળતા વગેરે કુશળતાનો ફરી ઉપયોગ કાર્યકર કરે છે. ક્રિયાના પગલાંમાં સમસ્યા ઉકેલની પ્રક્રિયા સમાયેલી છે. તેથી કાર્યકર અને સેવાર્થીએ સમાન ધોરણે અને પૂર્ણ સહયોગ દાખવીને કાર્યો કરવાનાં છે.

દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રીના પ્રશ્નો, છૂટાછેડાનો પ્રશ્ન, ગ્રામીણ સમુદાયની સમસ્યા વગેરે. દરેકે પોતાની સમસ્યા નિરાકરણ માટે સહભાગીતાથી ક્રિયાના પગલાં નક્કી કરવાના છે. અને તે પ્રમાણે કાર્ય કરવાનું છે. તો જ સમાજકાર્યકર સેવાર્થી પરિવર્તનની દિશા તરફ લઈ જઈ શકે છે.

### 3.3.1.5 પરિવર્તન માટે કાર્ય કરવું અને મૂલ્યાંકનનો તબક્કોઃ

સમસ્યા ઉકેલની / મદદની પ્રક્રિયામાં અત્યાર સુધી સમાજકાર્યકરે માહિતી મેળવી એકઠી કરી, સંબંધ સ્થાપન, શોધ/તપાસ કરવી, આકારણી કરવી અને કરાર કરવાની વિવિધ કુશળતાનો ઉપયોગ કર્યો હોય છે. આ તબક્કામાં પરિવર્તન માટે કાર્ય કરવાની કુશળતા અને મૂલ્યાંકનની કુશળતાનો ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર – સેવાર્થી સાથેના કરાર મુજબ વ્યક્તિ – સમસ્યા – સ્થિતિનાં વિવિધ પાસાંઓમાં પરિવર્તન લાવવાની કુશળતાનો ઉપયોગ કરવાનો છે. જેને પરિવર્તન માટેનું કાર્ય કરવું અને મૂલ્યાંકનની કુશળતાઓ કહેવામાં આવે છે.

**પરિવર્તન માટે કાર્ય કરવાની કુશળતાઃ**

પરિવર્તન માટે કાર્ય કરવું એટલે સેવાર્થી સાથે થયેલા કરાર મુજબ કાર્ય કરવું – કાર્યકર સમાજકાર્ય પ્રેક્ટિસના પોતાના વ્યાવસાયિક જ્ઞાન, અનુભવો અને નિષ્ણાંતપણાનો ઉપયોગ કરે છે. હવે સમાજકાર્યકર સહાનુભૂતિથી બહાર નીકળીને પરિવર્તન લાવવા માટે સૂચનકર્તા તરીકેનો દૃષ્ટિકોણ અપનાવે છે. સમાજકાર્યકર પોતાના વિચારો, લાગણીઓ, માન્યતાઓ, અભિપ્રાયો, ઉત્કલ્પનાઓ, નિગમન અને નિષ્કર્ષોને અર્થપૂર્ણ રીતે રજૂ કરે છે. સમાજકાર્યકર જ્યારે સૂચનકર્તા બને છે. ત્યારે તેનો હેતુ સેવાર્થીને બહોળા અનુભવો આપવા તથા તેવા અનુભવોને વિસ્તારવાનો હોય છે. સમાજકાર્યકર વ્યાવસાયિક દૃષ્ટિકોણથી વ્યક્તિ – સમસ્યા – સ્થિતિ અંગે સેવાર્થી પાસેથી જે સમજ્યા છે. તેનો ઉપયોગ કરે છે. અને પોતાને વ્યક્ત કરે છે. જે સેવાર્થીને તેના ધ્યેયની દિશામાં આગળ વધવામાં ઉપયોગી બને છે. દા.ત. દલિતો અને આદિવાસી સમુદાયના પ્રશ્નો. સમાજકાર્યકરે પોતાના વ્યાવસાયિક દૃષ્ટિકોણ દ્વારા પરિવર્તનનું કાર્ય કરવાનું છે.

**મૂલ્યાંકનની કુશળતાઃ**

મૂલ્યાંકન કરવું એટલે, "કાર્યકરે નિર્ધારિત કરેલા ધ્યેયોના સંદર્ભમાં શું પ્રગતિ થઈ છે. તેની સમીક્ષા." સેવાર્થીને સતત પ્રવૃત રાખવા માટે કાર્યકરે સેવાર્થીનું શિક્ષણ કરવું, પરામર્શ કરવો, વકીલાત કરવી, ક્રિયા અંગે પ્રતિભાવો આપવા, આયોજનમાં જરૂર જણાય ત્યાં પુનઃ ઘડતર કરવું તથા પ્રગતિનો અહેવાલ તૈયાર કરવો વગેરે જેવી કુશળતાઓનો ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર અને સેવાર્થી સાથે મળીને પરિવર્તનના કાર્યનું કે પરિણામોનું મૂલ્યાંકન કરે છે. મૂલ્યાંકનની અનેક પધ્ધતિઓ છે. તેમાંથી સેવાર્થીની સમસ્યાના સંદર્ભમાં અનુકૂળ પધ્ધતિ કાર્યકર અપનાવે છે. અંતમાં નિર્ધારિત કરેલાં ધ્યેયો કેટલાં સિધ્ધ થયાં તે તપાસે છે. દા.ત. ત્યજેલી સ્ત્રીના પ્રશ્નો, દેહવ્યાપાર કરતી સ્ત્રીના પ્રશ્નો, ગરીબી અને બેરોજગારીના પ્રશ્નો વગેરે. આ સેવાર્થીની સમસ્યા કે સ્થિતિના સંદર્ભમાં જે પરિવર્તન માટેનું કાર્ય કર્યુ છે કે, ધ્યેયોના સંદર્ભમાં પ્રગતિ થઈ છે. તેની કાર્યકરે સમીક્ષા અથવા મૂલ્યાંકન કરે છે.

**3.3.1.6 મદદના અંતના તબક્કાની કુશળતાઃ**

સમાજકાર્યનું અંતિમ ધ્યેય સેવાર્થીને સ્વસહાય કરતાં કરવાનું છે. એટલે કે સેવાર્થી પોતાનો નિર્ણય જાતે લઈ શકે અને પોતાની સમસ્યા કે સ્થિતિનો સામનો કરી શકે એટલો આત્મવિશ્વાસુ બનાવવાનો છે. સમાજકાર્યકરને જ્યારે લાગે છે કે, સેવાર્થી હવે સ્વનિર્ભર બન્યા છે. ત્યારે તે મદદનો અંત લાવે છે. મોટેભાગે સેવાર્થી તરફથી એવા સંકેતો મળવાની શરૂઆત થાય છે કે, હવે તેને મદદની જરૂર નથી.

**પ્રત્યાયન (સંદેશાવ્યવહાર) ની કુશળતાઃ**

પ્રત્યાયન એટલે, "શાબ્દિક અને બિનશાબ્દિક સંદેશાઓની આપ-લે." સમાજકાર્ય પ્રેક્ટિસમાં સમાજકાર્યકર સેવાર્થીની પ્રથમ મુલાકાતથી માંડીને તેની સાથેના કરારનો અંત થાય છે. ત્યાં સુધી સતત પ્રત્યાયન ચાલે છે. પ્રત્યાયનમાં ત્રણ પ્રકારની કુશળતાઓ ખૂબ જ મહત્ત્વની છે. (1) ધ્યાનથી સાંભળવું, (2) પ્રશ્નો પૂછવા અને (3) પ્રતિપુષ્ટિ મેળવવી. પ્રત્યાયનમાં શાબ્દિક અને બિનશાબ્દિક પ્રત્યાયન દરમિયાન આ ત્રણ કુશળતાઓનો ઉપયોગ સમાજકાર્યકરે સતેજ થઈને કરવાનો છે.

પ્રત્યાયનના બે પ્રકાર છે. (1) શાબ્દિક પ્રત્યાયન અને (2) બિનશાબ્દિક પ્રત્યાયન. શાબ્દિક પ્રત્યાયન એટલે, "બોલીને કે લખીને જે પ્રત્યાયન કરવામાં આવે છે. તે." દા.ત. સેવાર્થીને મૌખિક પ્રશ્નો પૂછીને મેળવવામાં આવતાં જવાબો, કાર્યકર અને સેવાર્થી વચ્ચેની સલાહ – પરામર્શની પ્રક્રિયા, પ્રશ્નાવલિ કે મુલાકાત અનુસૂચિ દ્વારા મેળવાતા સેવાર્થીના લેખિત જવાબો. જ્યારે બિનશાબ્દિક પ્રત્યાયન એટલે, "ચહેરાના હાવભાવ, આંખોથી સંપર્ક અને શરીરના હલનચલન તથા વર્તન દ્વારા સંદેશાની જે આપ-લે થાય છે. તે." દા.ત. સેવાર્થીની લાગણી, મનોભાવો, પીડાઓ, વિચારો એક પણ શબ્દ બોલ્યા વિના માત્ર નિરીક્ષણથી અનુભવવા.

સમાજકાર્યકરે સેવાર્થી સાથે કોઈ પણ સ્થિતિ કે સમસ્યા ઉપર કાર્ય કરવાનું છે. ત્યારે શાબ્દિક અને બિનશાબ્દિક એમ બંન્ને પ્રકારના પ્રત્યાયનની આવશ્યકતા ઊભી થાય છે. પ્રત્યાયન દરમિયાન સેવાર્થી – સમાજકાર્યકર વચ્ચે અસંખ્ય સંદેશાઓની આપ – લે થાય છે. આ પ્રત્યાયનની પ્રક્રિયા સમાજકાર્યકર માટે સેવાર્થી તેના કેન્દ્રમાં હોવો જોઈએ. કાર્યકરે ઉત્તમ શ્રોતા બનીને સેવાર્થીને ગર્ભિત વાતો, ઘટનાઓ કે સમસ્યાઓની રજૂઆત કરે તેવું વાતાવરણ પરું પાડવાનું છે. અને સ્પષ્ટતાઓ પણ મેળવવાની છે. પ્રત્યાયનની કુશળતા સમાજકાર્યકર માટે ખૂબ જ મહત્ત્વની છે.

**મુલાકાત લોવાની કુશળતાઃ**

મુલાકાત એટલે, "વ્યક્તિ અને તેની પરિસ્થિતિને જાણવા સમજવા માટે રૂબરૂ મળવું." મુલાકાત એ સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચે સંભવે છે. જેમાં પ્રત્યાયન અભિપ્રેત છે. સેવાર્થી જ્યારે પોતાની કોઈ સમસ્યા કે સ્થિતિમાં અસહાયતા અનુભવે છે. ત્યારે સમાજકાર્યકર મુલાકાત દ્વારા મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે. મુલાકાત દરમિયાન સેવાર્થી પોતાના પ્રશ્નો, સ્થિતિ, મૂંઝવણો કાર્યકરને જણાવે છે. અને કાર્યકર સેવાર્થીને ધ્યાનથી સાંભળે છે. બન્ને વચ્ચે પ્રત્યાયન થાય છે. અને નિકટનો સંબંધ બંધાય છે. મુલાકાત દ્વારા સેવાર્થીને કાર્યકર પ્રત્યે માનસિક સંતોષ થાય છે. અને મદદની આશા બંધાય છે, પરિણામે એક કરતાં વધુ મુલાકાતો સંભવે છે. અને કાર્યકર ધીમે ધીમે સેવાર્થીની ગર્ભિત મૂંઝવણોને સમજવાનો પ્રયત્ન કરે છે. અને સેવાર્થીને પોતાની મૂંઝવણો જણાવવા પ્રેરણા પૂરી પાડે

છે. તેમજ ભયજનક સ્થિતિમાં કાર્યકર સેવાર્થીને સહાનુભૂતિ અને હૂંફ પણ પૂરી પાડે છે.

મુલાકાતને સફળ બનાવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

(1) મુલાકાત માટે સાનુકૂળ સ્થળ હોવું આવશ્યક છે.

(2) શાંત, સગવડ અને આરામદાયી તેમજ સાનુકૂળ વાતાવરણ હોવું જરૂરી છે.

(3) યોગ્ય નિદાન પર પહોંચી શકાય તે માટે યોગ્ય ધ્યાન, યોગ્ય રસ અને મદદરૂપ થવાની સાચા દિલની લાગણી આવશ્યક છે.

(4) સેવાર્થી સાથેની વાતચીત દરમિયાન કે હાવભાવ વ્યક્ત કરતી વખતે કાર્યકરે વાતચીત પ્રવાહિતતામાં દાખલ ન થાય તે જોઈએ.

(5) કાર્યકરે મુલાકાત દરમિયાન પોતાનું વર્તન, રીત ભાત, અવાજનો સૂર કે પ્રત્યાયનની મુલાકાતમાં નકારાત્મક અસર ન થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ.

**અહેવાલ રાખવાની કુશળતાઃ**

અહેવાલ રાખવાની કુશળતા એટલે, ''સમાજકાર્યકરે સેવાર્થી સાથેની પ્રથમ મુલાકાતથી અંત સુધીની જે કાર્યપ્રક્રિયા કરી તેની નોંધ તૈયાર કરવી.'' અહેવાલ ગુણવત્તાયુક્ત તૈયાર થાય તે માટે કેટલીક બાબતોની કાળજી રાખવી જરૂરી છે. જેમ કે અહેવાલ સુવાચ્ય હોવો જોઈએ, વાચક જરૂરી માહિતી ઝડપથી શોધી અને વાંચી શકે તેવો હોવો જોઈએ, લેખન કાર્ય સાદું, સ્પષ્ટ અને ચોકસાઈ પૂર્વકનું હોવું જોઈએ. હેમ્લિલટનના શબ્દોમાં કહીએ તો, "અહેવાલ સાદો, સ્પષ્ટ અને યથાશક્ય ટૂંકો હોવો જોઈએ." અહેવાલ મુલાકાતની સંપૂર્ણ પ્રક્રિયાનું અર્થસભર અને વૈજ્ઞાનિક રીતે લખાયેલો હોવો જરૂરી છે. સમાજકાર્યકરે અહેવાલમાં મૂકેલી બાબત પોતાના મનમાં પૂરે પૂરી સ્પષ્ટ હોવી આવશ્યક છે. અહેવાલને અસરકારક બનાવવા માટે ઉપરની બાબતો ધ્યાને રાખવી આવશ્યક છે.

અહેવાલ લેખનમાં સમાજકાર્યકરે સેવાર્થીની સમસ્યા કે સ્થિતિ સંદર્ભે પૂછાતા પ્રશ્નો જેમ કે કેમ?, શા કારણે?, કેવી રીતે?, કોણ?, ક્યાં? વગેરે મેળવેલી માહિતીની નોંધ સુવ્યવસ્થિત લેવાવી જોઈએ. તેમજ સેવાર્થીનું વર્તન વ્યવહાર, હાવભાવ, વલણો, મનોસ્થિતિ, લાગણી સહકારની ભાવના વગેરે બાબતોનું અહેવાલલેખનમાં વર્ણન કરવું આવશ્યક છે. તેમજ સમગ્ર સમસ્યા કે પરિવર્તનના સારરૂપ વેધક વિધાનોની રજૂઆત અહેવાલમાં અક્ષરશઃ કરવી જરૂરી છે. દા.ત. ઘરેલું હિંસા, કોઈ સ્ત્રી ઉપર તેના પતિ દ્વારા ભયંકર જૂલમનો ભોગ બની છે. મુલાકાત દરમિયાન તે જણાવે છે કે,, "આ કસાઈના ત્રાસમાંથી હવે છોડાવો" "હવે મારા પતિનો ત્રાસ સહન કરી શકુ તેમ નથી, મને તેના ત્રાસમાંથી નહી છોડાવો તો હું આત્મહત્યા કરી લઈશ." વગેરે જેવા વિધાન મુલાકાતની પ્રક્રિયાની ચર્ચાનો સાર હોય છે. (પટેલ આનંદી, પા. 173 થી 198)

### 3.3.2 સમાજકાર્યકરની ભૂમિકાઓઃ

સામાન્ય રીતે કાર્યો અને ભૂમિકા વચ્ચે તફાવત દર્શાવવો મુશ્કેલ છે. છતાં બંન્ને વચ્ચે ઘણો મોટો ભેદ છે. ભૂમિકા એટલે, ''વ્યક્તિના કાર્યસ્થાન કે પદને અનુરૂપ તેની પાસેથી કાર્યની પરિપૂર્ણતાની રખાતી અપેક્ષા.'' વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકર પાસે લોકોની સમસ્યાઓનું નિવારણ અથવા સ્થિતિમાં સુધાર કે પરિવર્તન કરવાની અપેક્ષા રખાય છે. એ સમાજકાર્યકરની ભૂમિકા છે. જ્યારે સમાજકાર્યમાં કાર્ય એ સમાજકાર્યકરે પોતાની ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે જે કંઈ વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોય તેનું વર્ણન કરવા વપરાય છે. સમાજકાર્યકરની ભૂમિકા નીચે મુજબ છે.

(1) પરામર્શકની ભૂમિકા. (Consultant)

(2) સઘન સંપર્કકર્તાની ભૂમિકા.(Outreach Worker)

(3) તાલીમકારની ભૂમિકા.(Trainer)

(4) સમર્થકર્તાની ભૂમિકા.(Enabler)

(5) મધ્યસ્થીની ભૂમિકા.(Mediator)

(6) શિક્ષકની ભૂમિકા.(Educator)

(7) સંશોધકની ભૂમિકા.(Researcher)

(8) દલાલ તરીકેની ભૂમિકા.(Broker)

(9) વકીલાતની ભૂમિકા.(Advocate)

(10) કર્મશીલની ભૂમિકા.(Activist)

(11) સરળતા કરી આપનારની ભૂમિકા. (Facilitator)

(12) આયોજક તરીકેની ભૂમિકા. (Planner)

(13) પરિવર્તનકર્તા તરીકેની ભૂમિકા. (Change Agent)

ઉપરોક્ત સમાજકાર્યકરની ભૂમિકાઓ સવિસ્તાર સમજીએ,

**3.3.2.1 પરામર્શકની ભૂમિકા (Consultant)** :

સમાજકાર્ય પ્રેક્ટિસ દરમિયાન સમાજકાર્યકર જ્યારે પરામર્શની ભૂમિકા ભજવે છે. ત્યારે તે સેવાર્થીની સમસ્યાનું નિવારણ કે સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે તેની સાથે મળીને આયોજન અને વિચાર – વિનિમય કરે છે. પરામર્શનની પ્રક્રિયામાં વ્યક્તિગત, કૌટુંબિક, સંસ્થાગત અને સામાજિક સમસ્યાના નિવારણ માટે પરામર્શક અને સેવાર્થી વચ્ચે વિચાર-વિનિમય થાય છે. પરામર્શકને એ વિશ્વાસ હોય છે કે, સેવાર્થી તેની સમસ્યાના નિવારણના સંદર્ભમાં આવશ્યક સાધનો ધરાવે છે. પરામર્શક તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકરે વિવિધ ભૂમિકા જેવી કે શિક્ષણ, તજજ્ઞ, મધ્યસ્થી કે સહકાર્યકર તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. પરામર્શક તરીકે સમાજકાર્યકરનું મુખ્ય ધ્યેય સેવાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવું, સંબંધોમાં સુધારણા કરવી, વ્યક્તિગત અસરકારકતામાં સુધારણા, નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રોત્સાહિત કરવી અને સમસ્યા નિરાકરણનું છે.

પરામર્શનની પ્રક્રિયા એ પરામર્શક અને જરૂરિયાતમંદ સેવાર્થી વચ્ચેનો સ્વૈચ્છિક સંબંધ છે. જેમાં પરામર્શક સેવાર્થીને કોઈ વર્તમાન કે સંભવિત સમસ્યાને નિવારવામાં સહાયરૂપ થવાનો પ્રયત્ન કરે છે. આમ, પરામર્શનની પ્રક્રિયામાં સેવાર્થીને સમસ્યાનું નિદાન કરવામાં અને તેનો ઉકેલ લાવવામાં મદદ કરવામાં આવે છે. દા.ત. HIV/AIDS ગ્રસ્ત વ્યક્તિ. આ સમસ્યાગ્રસ્ત વ્યક્તિ જ્યારે સેવાર્થી તરીકે સમાજકાર્યકર પાસે જાય છે. ત્યારે કાર્યકર સેવાર્થીની સમસ્યાને સમજવા માટે પરામર્શનની પ્રક્રિયા દ્વારા મદદ કરવાનો પ્રયત્ન કરે છે. કાર્યકર સેવાર્થીની સમસ્યા ઓળખે છે, નિદાન કરે છે. અને અંતમાં સમસ્યાના ઉકેલ માટે અથવા અટકાવવા માટે સમાજકાર્યકરે સેવાર્થીની સમસ્યાનું નિદાન અને ઉકેલ માટે પરામર્શન કરવું આવશ્યક છે. આવા પ્રશ્નો કે સ્થિતિમાં સમાજકાર્યકરે પરામર્શક તરીકે ભૂમિકા ભજવવાની છે.

**3.3.2.2 સઘન સંપર્ક કર્તાની ભૂમિકા (Outreach Worker) :**

સઘન સંપર્ક કર્તાની ભૂમિકામાં સમાજકાર્યકર સમાજની સમસ્યાઓ કે પરિસ્થિતિઓ અંગે લોકજાગૃતિ ઊભી કરીને અટકાયાત્મક કાર્યો કરવાની આ ભૂમિકા ભજવે છે. સમાજમાં વિભિન્નતા ધરાવતાં લોકોને સામાજિક સમસ્યાઓ જેવી કે અન્યાય, શોષણ, દૂષણોના પ્રભાવ અંગે તથા ઉપલબ્ધ સામાજિક સેવાઓ અંગેની માહિતી પૂરી પાડે છે. સઘન સંપર્ક કર્તા સમાજના લોકોને સરકારી અને ખાનગી સેવાઓ વિશેની જાણકારી આપે છે. અને આ સેવાઓ કેવી રીતે મેળવવી? તે વિશેની માહિતી પૂરી પાડે છે. બૃહદ્તંત્ર સ્તરે સમુદાય અને સમાજની સમસ્યાને ઊભી થતી અટકાવવા માટે આ ભૂમિકા મહત્ત્વની છે. દા.ત. ગરીબી, બેરોજગારી, આપઘાત, અપરાધ, બાળમૃત્યુ, રોગચાળાનું નિયંત્રણ, કૌટુંબિક સમસ્યાઓ વગેરે. આ સમસ્યાઓમાં અટકાયતી કાર્યો માટેના ઉપાયો પૂરાં પાડવાના છે. જેના માટે સંચાર માધ્યમોનો ઉપયોગ, માહિતી કેન્દ્રો સ્થાપવા, જાહેર મિટીંગો, પત્રિકાઓ વહેંચણી, પોસ્ટરો લગાવવાં વગેરે જેવાં કાર્યક્રમો દ્વારા લોકજાગૃતિ લાવવાનું કાર્ય સઘન સંપર્કકર્તા તરીકે સમાજકાર્યકરે કરવાનું છે.

**3.3.2.3 તાલીમકારની ભૂમિકા (Trainer) :**

વ્યાવસાયિક સમાજકાર્યકર જ્યારે ઔપચારિક જૂથો જેમ કે, મહિલા મંડળો, જ્ઞાતિ મંડળો, વિદ્યાર્થી મંડળો, યુવક મંડળો, વ્યાવસાયિક જૂથો, કર્મચારી મંડળો, મજૂર મંડળો વગેરે જૂથો સાથે કામગીરી કરે ત્યારે કેટલીકવાર તજજ્ઞ, તાલીમકાર તરીકેની પણ ભૂમિકા ભજવે છે. વિવિધ મેળાવડાઓ, બેઠકો કે લોકમંચમાં તજજ્ઞ તરીકે કામ કરે છે કે,ટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ કે સંગઠનો સમાજકાર્યકરને

પોતાના કર્મચારી તાલીમ આપવાનું પણ આમંત્રણ આપે છે. તાલીમકાર જે કોઈ મુદ્દો સંવેદનશીલ વિષય ઉપર લોકો, જૂથના વ્યક્તિઓ કે સંસ્થાના કર્મચારીને અસરકારક તાલીમ આપે છે, ત્યારે તાલીમકાર સતત તાલીમાર્થીઓનું નિરીક્ષણ કરે છે કે, તાલીમાર્થીઓ કેવી રીતે શીખી રહ્યા છે? અને કેટલું શીખ્યા છે? તાલીમકાર તાલીમાર્થીઓના વિકાસ માટે વ્યૂહરચના ઘડવાનું કાર્ય કરે છે. જૂથો કે સંસ્થાની જરૂરિયાતોની કાળજીપૂર્વકની ચકાસણી, ધ્યેય વિશેની સ્પષ્ટ સમજ, વિષયવસ્તુ વિશેનું સંશોધન આધારિત જ્ઞાન, ક્ષમતા વિકાસ અને મૂલ્યાંકનની પ્રક્રિયા વિકસાવે છે. દા.ત. સ્વસહાય જૂથની મહિલાઓ કે સ્વૈચ્છિક સંસ્થાના કર્મચારીઓને તાલીમ દ્વારા તાલીમકાર વલણ પરિવર્તન, ક્ષમતાવર્ધન, વ્યક્તિત્વ વિકાસ, જ્ઞાનવર્ધન, ધ્યેય સ્પષ્ટતા વગેરે પાંસાઓમાં ચોક્કસ રીતે સમજાવવા કામ કરે છે.

### 3.3.2.4 સમર્થકર્તાની ભૂમિકા (Enabler) :

સમર્થકર્તાની ભૂમિકામાં સમાજકાર્યકર પરિવર્તનના એજન્ટ તકીકે કાર્ય કરે છે. સમર્થકની ભૂમિકામાં સમાજકાર્યકરનો ઉદ્દેશ, "લોકોને તેમની યોગ્યતાને વિસ્તારવામાં અને તેમની સમસ્યા નિવારણ અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવામાં સહાયરૂપ બનવાનો છે. " સમર્થક તરીકે સમાજકાર્યકરે સેવાર્થીની જરૂરિયાતોને સ્પષ્ટપણે કહેવામાં, સેવાર્થીની સમસ્યાઓ ઓળખવામાં, સ્પષ્ટ રીતે સમજવામાં, સમસ્યા નિવારણની વ્યૂહરચનાને ઘડવામાં અને સમસ્યાના નિવારણ માટે અસરકારક રીતે હાથ ધરવામાં સહાયરૂપ બને છે. સેવાર્થી પોતાનામાં રહેલી ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરે અને સમસ્યાના નિવારણ માટે શું પરિવર્તન કરવાનું છે? અને તે પરિવર્તનની સંભાવના કેટલી છે? તે દિશામાં પ્રયત્નશીલ બને તે માટેની ક્ષમતાઓમાં વધારો કરવાનું કામ સમર્થકર્તા કરે છે. સમર્થકર્તા સેવાર્થીની વર્તણૂંક, સંબંધો, પર્યાવરણ, ક્ષમતા વિકાસ, વિકલ્પોની પંસદગી કરવામાં સહાયરૂપ બને છે. તેમજ સમર્થકર્તા સેવાર્થીને સાધનો અને સત્તાની સમાન વહેંચણી થાય તે દિશામાં કાર્ય કરે છે. દા.ત. વિકલાંગ વ્યક્તિ, વિધવા સ્ત્રી, અનાથ બાળક વગેરે પોતાનું જીવનધોરણ ચલાવવામાં અસમર્થતા અને નિઃસહાયતા અનુભવે છે, ત્યારે સમાજકાર્યકર આવા સેવાર્થીને સમર્થ બનાવવા માટે પ્રયત્ન કરે છે. સેવાર્થીને નિઃસહાય કે અસમર્થતાની સ્થિતિમાંથી બહાર લાવવા માટે સમાજકાર્ય તેને શારીરિક-માનસિક હિમંત આપે છે. સેવાર્થીની સમસ્યાને સમજીને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડીને સમાજકાર્યકર સેવાર્થીને સમર્થ બનાવે છે.

### 3.3.2.5 મધ્યસ્થી તરીકેની ભૂમિકા (Mediator) :

મધ્યસ્થી તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકર પક્ષકારો વચ્ચેની સમસ્યામાં દરમિયાનગીરી કરે છે. જેમાં સમાજકાર્યકર સમસ્યાનાં મૂળને સમજવા તટસ્થપણે પ્રયાસ કરે છે, ત્યાર બાદ સમાધાન કરવામાં, મતભેદોમાં સમજૂતી કરવામાં કે પરસ્પર સંમતિથી સંતોષકારક ઉકેલ લાવવામાં સહાય કરે છે. દા.ત. પતિ-પત્નીના ઝઘડો અને છૂટાછેડા, સંપતિ બાબતે ભાઈઓ-ભાઈઓ વચ્ચેના ઝઘડાઓ, પડોશી વચ્ચેના ઝઘડાઓ, માલિક-મજૂરો વચ્ચે મતભેદો, કબજા બાબતના ઝઘડાઓ વગેરેમાં સમાજકાર્યકર મધ્યસ્થી તરીકે તટસ્થ રહીને ઝઘડાનું નિરાકરણ લાવવામાં મદદરૂપ બને છે. તે બંન્ને પક્ષકારોને તટસ્થ રીતે સાંભળે છે, સ્થિતિને સમજવાનો પ્રયત્ન કરે છે. અને સમસ્યાનાં નિવારણની પ્રક્રિયા વિચારીને મદદરૂપ બને છે. સમાજકાર્યકર કેટલીક વખત સેવાર્થીને સેવા પૂરી પાડતી એજન્સી કે સંસ્થાઓ વચ્ચે સાધનોનું સંકલન કરવાનું કામ કરે છે. તેમજ સેવાર્થી અને એજન્સી વચ્ચે અંતર સમજે છે. અને નિવારણની દિશામાં સહાયરૂપ બને છે.

### 3.3.2.6 શિક્ષકની ભૂમિકા (Educator) :

વ્યાવસાયિક સમાજકાર્યમાં સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચે સતત માહિતી અને વિચારોનું આદાનપ્રદાન થાય છે. આ એક શૈક્ષણિક પ્રક્રિયા છે. જેમાં સેવાર્થી અને સમાજકાર્યકર શીખવા – શીખવવાની પ્રક્રિયામાં સામેલ થાય છે. પાઉલો ફેરી(1990) કહે છે કે,, "શિક્ષણનાં સાધન તરીકે સંવાદ સૌથી અસરકારક ઉપકરણ છે. " સામાન્ય રીતે દરેક વ્યક્તિમાં સ્વદોરવણીની સંભાવના હોય છે, નવુ શીખવાની ઈચ્છા હોય છે, "તેમજ તે અનુભવને આધારે ઘણું શીખ્યા હોય છે. એટલે કે સેવાર્થી પણ તેના અમલ દ્વારા પોતાની સ્થિતિમાં સુધારો કરી શકે છે. શિક્ષક તરીકે સમાજકાર્યકરે પોતાનાં કાર્યનાં વ્યાપક ક્ષેત્રોમાં વિવિધ સ્તરે શીખવવું, તાલીમ આપવી, સઘન સંપર્ક કરવો અને સંશોધનની પ્રવૃત્તિ દ્વારા આ ભૂમિકા ભજવવાની છે. દા.ત. ગરીબો કે બેરોજગારોને સરકારની વિવિધ યોજનાઓનો

લાભ કેવી રીતે મેળવી શકાય? કે સ્વૈચ્છિક સંસ્થાઓના સંસાધનોનો ઉપયોગ સેવાર્થીઓના હિતમાં કરવા માટે સેવાર્થીઓનું શિક્ષણકાર્ય કરવું આવશ્યક છે. જેમાં સમાજકાર્યકરે શિક્ષકની ભૂમિકા ભજવવાની હોય છે.

**3.3.2.7 સંશોધક તરીકેની ભૂમિકા (Researcher) :**

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકરે સંશોધક તરીકે પોતાના ક્ષેત્રિય સંશોધનો હાથ ધરીને તેના નિષ્કર્ષોનો પોતાના સાથીઓ સાથે વિચાર વિનિમય કરને વ્યવસાયમાં પ્રદાન કરે છે. સમાજકાર્યકર સામાજિક સમસ્યાઓ, માનવવર્તન અને પર્યાવરણ, સેવાઓ, સમાજકલ્યાણ નીતિઓ અને તે દરમિયાન પધ્ધતિઓ સંબંધિત વિવિધ સંશોધનો કરે છે. દા.ત. દહેજપ્રથા, બાળલગ્ન, વ્યાવસાયિક સમસ્યાઓ, HIV/AIDS ના દર્દીઓનાં પ્રશ્નો, યોજનાઓની અસરકારકતા, સમુદાયની સમસ્યાઓ વગેરે વિષયો સંદર્ભે સમાજકાર્યકરે સંશોધક તરીકેની ભૂમિકા ભજવવાની છે.

**3.3.2.8 દલાલ તરીકે ભૂમિકા (Broker)** :

વ્યાવસાયિક સમાજકાર્યનો મુખ્ય ઉદ્દેશ સેવાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં કે જરૂરિયાતો પૂરી કરવામાં અને ઉપયોગી સાધનો મેળવવામાં સહાયરૂપ બનવાનો છે. દલાલ તરીકે સમાજકાર્યકર સામુદાયિક સેવાઓ સાથે વ્યક્તિઓ અને જૂથોનું જોડાણમાં સહાયરૂપ બને છે. ખાસ કરીને જ્યારે સેવાર્થીને પોતાને ખ્યાલ ન હોય કે આ સેવાઓ પોતાને ક્યાંથી ઉપલબ્ધ થશે ત્યારે દલાલકર્તા સાધનોના વિકલ્પો અને યોગ્ય સંદર્ભ સેવાઓ વિશેની માહિતી પૂરી પાડીને સેવાર્થીનું ઉપલબ્ધ સાધનો સાથે જોડાણ કરી આપે છે. દા.ત. HIV/ AIDSના દર્દી, ઘરેલું હિંસાનો ભોગ બનેલી મહિલા વગેરે. આ બંન્ને સેવાર્થીઓ નિઃસહાયની લાગણી અનુભવતા હોય છે. ત્યારે સમાજકાર્યકર HIV/ AIDSના દર્દીને હૉસ્પિટલ કે સ્વૈચ્છિક સંસ્થા અને ઘરેલું હિંસાનો ભોગ બનેલ મહિલાને નારી સંરક્ષણગૃહ / આશ્રયગૃહમાં લઈ જવી આવશ્યક છે. સમાજકાર્યકર સેવાર્થીને જરૂરી માહિતી પૂરી પાડે છે. ખાસ સમાજકાર્યકરને સરકારશ્રી વિવિધ યોજના, કાર્યક્રમો કે સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિ વિશેનું જ્ઞાન હોવું ખૂબ જ આવશ્યક છે. જેથી તે સેવાર્થીને પોતાની સમસ્યાના સંદર્ભમાં સેવાકીય જ્ઞાન પૂરું પાડી શકે.

**3.3.2.9 વકાલતની ભૂમિકા (Advocate)** :

સામાજિક પરિવર્તન માટે કાર્ય કરતી વખતે સમાજકાર્યકરે વકાલતની ભૂમિકા ભજવવાની છે. જેમ કે વંચિત સમાજને જાગૃત કરવા, સંગઠિત કરવા, દબાયેલાં કચડાયેલાં સમાજનો અવાજ રજૂ કરવા, સેવાર્થીના અધિકારો સંદર્ભે, સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓનું સેવાર્થીને સેવાઓ આપવામાં નકારાત્મક વલણ હોય, સેવાર્થીને મદદની જરૂરિયાત હોય ત્યારે સમાજકાર્યકરે વકીલ તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. સમાજકાર્યકર વકીલ તરીકે સૌ પ્રથમ માહિતી એકત્ર કરે છે. સેવાર્થીની દલીલો સાચી છે. તેવી રજૂઆત કરે છે. સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓ સેવાઓ આપતી નથી ત્યારે તેની સામે પડકાર ફેકે છે. અને સાથે નેતૃત્વ પણ પૂરું પાડે છે. વકીલ તરીકેની ભૂમિકા સમાજકાર્યકર સેવાર્થીતંત્ર અને બીજા તંત્રો વચ્ચે મધ્યસ્થી કરવાનું પણ કાર્ય કરે છે. અવરોધક સ્થિતિના કારણો રજૂ કરે છે. આ ભૂમિકામાં સમાજકાર્યકર પ્રવર્તમાન સંસ્થાઓની સેવાઓ અંગેની નીતિઓમાં પરિવર્તન લાવવાનો કે સુધારો કરવાનો પ્રયાસ કરે છે. વકીલ તરીકેની ભૂમિકા જ્યારે લોક સમુદાયના મુદ્દા કે સમસ્યાઓ સંદર્ભ હોય ત્યારે તેને લોકપેરવી કહેવામાં આવે છે. લોકપેરવી એ સામાજિક હિતને ટેકો આપનારી ક્રિયા છે. દા.ત. બાંધકામ મજૂરો, બાળમજૂરો, બાળ ગુનેગારો, વિચરતી વિમુક્ત જાતિઓ, આદિવાસીઓ, દલિતો, કેદીઓના અધિકારો વગેરે એવા સમૂહો કે સમુદાયો જે પોતે પોતાના અધિકારો વિશે પૂર્ણ રીતે જાણતા નથી કે તેમના પ્રત્યે અમુક સંસ્થાઓનું નકારાત્મક વલણ હોય ત્યારે સમાજકાર્યકરે વકીલ તરીકેની ભૂમિકા દ્વારા સેવાર્થી કે સમુદાયના હિતમાં વકીલાત કરે છે.

**3.3.2.10 કર્મશીલની ભૂમિકા (Activist) :**

કર્મશીલ તરીકે સમાજકાર્યકર સેવાર્થીની જરૂરિયાતો પૂરી પાડવા સેવાર્થીની આજુબાજુના પર્યાવરણમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. કર્મશીલ પાયામાંથી પરિવર્તન લાવવા પ્રયાસ કરે છે. તેનો ઉદ્દેશ સેવાર્થીને જે સામાજિક અન્યાય, શોષણ, અસમાનતા અને વંચિતપણાનો ભોગ બન્યો છે. તે પ્રત્યે કર્મશીલ તરીકે સમાજકાર્યકર સેવાર્થી કે સમુદાયને જાગૃત કરે છે, સંગઠિત કરે છે, ન્યાયની પ્રક્રિયામાં સામેલ કરે છે. અને ન્યાય પ્રાપ્ત કરાવે છે. દા.ત. નર્મદા બચાવો આંદોલન અને મેઘા પાટકર, ચિપકો

આંદોલન અને સુંદરલાલ બહુગુણા, અણુ વિધુત મથકો વિરુધ્ધ મીઠી વીરડી આંદોલન અને ચુનીકાકા વગેરેમાં કર્મશીલ તરીકે સમાજકાર્યકર લોકોની સામાજિક સમસ્યાઓ, અન્યાયો, શોષણ, વંચિતપણા પરત્વે સેવાર્થી કે સમુદાયને ચેતવવામાં આવે છે. અને તે સ્થિતિ નાબૂદ કરવા ટેકો આપવામાં આવે છે. કર્મશીલ લોકોને જાગૃત કરવા, સંગઠિત કરવા, કાયદાનો પ્રચાર-પ્રસાર, સાધનો એકત્રિત કરી આપવા, અન્યાયકર્તા સામે સંઘર્ષ, વાટાઘાટો, ન્યાયિક રજૂઆત અને પ્રસ્થાપન, સામાજિક પરિવર્તન, નીતિ ઘડતર વગેરે પ્રક્રિયા સેવાર્થી, સમુદાય કે અન્યાયકર્તા સાથે સતત ચાલે છે. તેમજ સેવાર્થી કે સમુદાયને કર્મશીલ સક્ષમ બનાવે છે. જેથી ફરી વખત આવી સ્થિતિનું નિર્માણ થાય તો તે જાતે ન્યાય મેળવી શકે.

### 3.3.2.11 સરળતા કરી આપનારની ભૂમિકા (Facilitator) :

વ્યાવસાયિક સમાજકાર્યકર જ્યારે વિવિધ જૂથો અથવા સમૂહો સાથે કાર્ય કરે છે. ત્યારે આ ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બને છે. દા.ત. મહિલા મંડળો, યુવક મંડળ, સ્વસહાય જૂથો, સહકારી મંડળીઓ, મજૂર સંઘો વગેરે જૂથો સંગઠનાત્મક પ્રકારની પ્રવૃત્તિઓ કરતાં હોય છે. કાર્યકર આ જૂથોની પ્રવૃત્તિઓ સારી રીતે ચાલે તે માટે જરૂરિયાત અનુસાર સરળતા કરી આપનારની ભૂમિકા ભજવે છે. સરળતા કરી આપવી એ એક પ્રકારનું જૂથને નેતૃત્વ પૂરુ પાડવા સમાન છે. જેના દ્વારા કાર્યકર જૂથોને સર્જનાત્મકતા અને પરિણામલક્ષી બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે, દિશા આપે છે. અને તેમાં જૂથ તથા જૂથના સભ્યોની ભાગીદારી ઊભી કરે છે. સરળતા કરી આપનાર તરીકે સમાજકાર્યકર અસરકારક જૂથ પ્રક્રિયા ઊભી કરે છે. તેમજ આ ભૂમિકામાં સમાજકાર્યકરમાં સંદેશવહનની કુશળતા સારી હોય તે ખૂબ જ જરૂરી છે. (પટેલ આનંદી, પા. 148 થી 157)

### 3.3.2.12 આયોજક તરીકેની ભૂમિકા (Planner) :

સમાજકાર્યકર વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યાઓ, સ્થિતિ અને જરૂરિયાતમંદ લોકોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્ય કરવાનું છે. કાર્યકર સમસ્યા ઓળખ, દરમિયાનગીરી અને સમસ્યા ઉકેલ એમ ત્રણેય પ્રક્રિયામાં કામ કરે છે. કાર્યકરે આયોજક તરીકેની ભૂમિકા સમુદાય અને સામાજિક માળખામાં વણઉકેલાયેલી કે વણસંતોષાયેલી જરૂરિયાતો સમસ્યાઓ અને સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉકેલની પ્રક્રિયામાં કાર્ય કરે છે. કાર્યકર વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યા કે તેના ઉકેલ માટે લોકોને ભાગીદાર બનાવવા, મુલવણી કરવી અને આવશ્યક ભલામણો પણ કરે છે. આ બધાં કાર્યો કે કાર્યોની પ્રક્રિયામાં કાર્યકરે દરેક સમયે આયોજન સાથે કામ કરવાનું છે. દા.ત. વિદ્યાર્થી કાર્યકર્તાએ ગ્રામીણ વિસ્તારો, લોકો, મહિલા મંડળો, જ્ઞાતિ મંડળો, ગ્રામ પંચાયત, દૂધ સહકારી મંડળીઓ અને પ્રા.શાળાઓની મુલાકાત કરતાં પહેલાં આયોજન કરવું આવશ્યક છે. આયોજનમાં કાર્યકર મુલાકાતનો ઉદ્દેશ, સ્થળ, કાર્યપધ્ધતિ, કાર્યપ્રક્રિયા, વ્યક્તિ-જૂથ-સમુદાય અંગેની માહિતી મેળવવાના સાધનો વગેરે બાબતો કાર્યકરે આયોજક તરીકેની ભૂમિકામાં અગાઉ વિચારવા પડે છે. આયોજનપૂર્વક કરેલી કામગીરી દ્વારા પરિણામો સંતોષકારક મળે છે. જેથી કાર્યકરે વ્યાવસાયિક સમાજકાર્યના તમામ કાર્યોમાં આયોજક તરીકે ભૂમિકા ભજવવી અનિવાર્ય છે.

### 3.3.2.13 પરિવર્તનકર્તા તરીકે ભૂમિકા (Change Agent) :

વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો સમસ્યાઓ અને સ્થતિમાં પરિવર્તન લાવવા, સુધારણા કરવા કે જરૂરિયાતો સંતોષવા માટે વ્યાવસાયિક સમાજકાર્યકરે પરિવર્તનકર્તા તરીકેની ભૂમિકા ભજવવાની છે. સમાજકાર્યકર સમુદાયની જરૂરિયાતો કે સમસ્યાઓમાં લોકોને સમસ્યા સંદર્ભે જાગૃત કરે છે, સંવેદનશીલ બનાવે છે, સમસ્યાઓની ઓળખ કરાવે છે, લોક ભાગીદારી ઊભી કરે છે, લોકોને સંગઠિત કરે છે, દરમિયાનગીરી કરે છે, સમસ્યા ઉકેલના સંશાધનોની શોધમાં માર્ગદર્શન આપે છે. તેમજ સમુદાયને સમસ્યા ઉકેલ માટે સક્ષમ બનાવીને સમસ્યાનો ઉકેલ કે પરિસ્થિતિમાં સુધારો કરે છે. સમાજકાર્યકર સમુદાયનું એવું ક્ષમતાવર્ધન કરે છે કે, ફરી આવી સમસ્યા કે સ્થિતિ ઉદ્દભવે તો તે જાણે અને તેનું નિવારણ કરી શકે. દા.ત. સ્ત્રી ભ્રૂણહત્યા, દહેજપ્રથા, જમીન સંપાદન, નર્મદા બનાવ આંદોલન અને મેઘાપાટકર, ચિપકો આંદોલન અને સુંદરલાલ બહુગુણા વગેરે કાર્યકર સામુદાયિક સમસ્યાના ઉકેલમાં લોકજાગૃતિ લોકભાગીદારી ઊભી કરવા અને સમસ્યાઓના નિરાકરણ માટે પરિવર્તનકર્તા તરીકેની ભૂમિકા ભજવે છે.

આમ, સમાજકાર્યકરે વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યામાં દરમિયાનગીરી કરતી વખતે વિવિધ

ભૂમિકા ભજવવાની હોય છે. ભૂમિકા અદા કરવામાં સમાજકાર્યકર સભાન હોવો જરૂરી છે. અને વિવિધ પ્રકારની કુશળતા ધરાવતો હોવો જોઈએ.

## 3.4 ઉપસંહાર :

આચારસંહિતા મૂલ્યો, સિદ્ધાંતો અને ધોરણોને વ્યાખ્યાયિત કરે છે જે સામાજિક કાર્ય પ્રથાને/પ્રેક્ટિસને માર્ગદર્શન આપે છે. સામાજિક કાર્યકરો વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે વિવિધ ભૂમિકાઓ ભજવે છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં પ્રેક્ટિક કરવા માટે સમાજકાર્યકર ઉચ્ચ દરજ્જાની કુશળતા હોવી આવશ્યક છે કારણ કે કુશળતા સામાજિક કાર્યકરોને અસરકારક વ્યવસાયી બનવામાં મદદ કરે છે.

આ એકમ આચારસંહિતા, કુશળતા અને સામાજિક કાર્યકરની ભૂમિકાઓ વિશે વિગતવાર માહિતી પ્રદાન કરે છે. આનું સંપૂર્ણ જ્ઞાન વિદ્યાર્થી સામાજિક કાર્યકરને તેમના ક્ષેત્ર કાર્ય કરવા અને અસરકારક વ્યાવસાયિક સામાજિક કાર્યકર બનવા માટે મદદરૂપ થશે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો:

(1) આચારસંહિતા એટલે શું ?

A – નૈતિક ધોરણો B – રિવાજ

C – પરંપરા D – અનૈતિક નિયમો

(2) આચારસંહિતા ઘડવા માટે 'નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક'નું સંમેલન કયારે મળ્યું હતું ?

A – 1958 B – 1959

C – 1960 D – 1961

(3) આચારસંહિતામાં ક્યારે સંશોધન કરવામાં આવ્યું ?

A – 1967 B – 1969

C – 1971 D – 1973

(4) 'નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક' (NASW) એ વ્યાવસાયિક સમાજકાર્યકરની કેટલી કુશળતાઓ જણાવી છે?

A – આઠ B – દશ

C – બાર D – ચૌદ

(5) સમાજકાર્ય પ્રેક્ટિસ માટે આવશ્યક કુશળતાઓને કોણે પ્રેક્ટિસના વિવિધ તબક્કા અનુસાર કુશળતાઓને સમજાવી છે. ?

A – ફ્રિડલેન્ડર B – બેરી કોર્નીયર

C – પ્રો. બોએમ D – જહોનસન

(6) કઈ કુશળતા પ્રેક્ટિસના બધાં તબક્કાઓમાં આવે છે?

A – સંબંધ સ્થાપનની કુશળતા B – સમસ્યા ઓળખની કુશળતા

C – પ્રત્યાયનની કુશળતા D – મૂલ્યાંકનની કુશળતા

(7) કઈ કુશળતાનો પ્રેક્ટિસના બધાં તબક્કામાં સમાવેશ થતો નથી?

A – પ્રત્યાયનની કુશળતા B – મુલાકાત કરવાની કુશળતા

C – અહેવાલ રાખવાની કુશળતા D – લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) A – નૈતિક ધોરણો

(2) C – 1960

(3) A – 1967

(4) C - બાર

(5) B – બેરી કોર્નીયર

(6) C – પ્રત્યાયનની કુશળતા

(7) D – લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા

## 3.7 ચાવીરૂપ શબ્દો :

- **આચારસંહિતા :** ચોક્કસ પરિસ્થિતિમાં વર્તન અને નિર્ણયોને માર્ગદર્શન આપવા માટેના નિયમોનો સમૂહ.
- **કુશળતા :** એટલે પ્રવૃત્તિઓ કરવાની ક્ષમતા.

  એ આપેલ પરિસ્થિતિમાં જ્ઞાનની અને સમજને લાગુ કરવાની ક્ષમતા છે.

## 3.8 સ્વાધ્યાય લેખન (Assignment)

1. આચારસંહિતા એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

2. સમાજકાર્યમાં આચાર સંહિતાની જરૂરિયાત જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

3. વ્યાવસાયિક સમાજકાર્યકરની કુશળતાના તબક્કાઓ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

4. વ્યાવસાયિક સમાજકાર્યકરની ભૂમિકાઓના નામ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

5. સમાજકાર્યના વિવિધ કાર્યોમાં સમાજકાર્યકરની ભૂમિકા સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.9 પ્રવૃત્તિ (Activities)

- તમારા શબ્દોમાં સમજાવો કુશળતા કેમ વ્યાવસાયિક સામાજિક કાર્યકર માટે મહત્ત્વપૂર્ણ છે.
- વ્યાવસાયિક સામાજિક કાર્યકરની 'ભાવિ કુશળતા' શું હોઈ શકે છે તેના વિશે અન્વેષણ કરો.
- શું તમને લાગે છે કે સામાજિક કાર્યકર માટે લેખન કૌશલ્ય મહત્ત્વપૂર્ણ છે જો હા, તો તે વિસ્તૃત કરો.

## 3.10 કેસસ્ટડી (Case Study)

- તમારા ગ્રામીણ ક્ષેત્રના કાર્ય દરમિયાન, તમે એક સામાજિક કાર્યકર તરીકે કઈ ભૂમિકાઓ ભજવી છે તેના ઉદાહરણો આપીને સમજાવો.
- 'પરિવારો સાથે કામ કરતાં સામાજિક કાર્યકરોની ભૂમિકા' (Role of Social workers engaged in working with families) પર કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.11 સંદર્ભસૂચિઃ


(1) પટેલ આનંદી, (જુલાઈ-2009) : "વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો" અમદાવાદઃ વ્યાવસાયિક, અભિવૃત્તિ પ્રકાશન.

(2) ચાવડા ગીતા, (સપ્ટેમ્બર-2010) : "વ્યાવસાયિક સમાજકાર્ય" રતનપુર – બનાસકાંઠા, લોક પ્રકાશન

(3) तेज संगीता, (2006) : "समाजकार्य", लखनऊ, संगीता तेज, निर्देशक: जुबली "H" फाउन्डेशन.

(4) सूदन कृपालसिंह, (2008) : "समाजकार्य" सिद्धांत एवं अभ्यास, लखनऊ रीया बुक डिपो.

(5) पाण्डेय वालेश्वर, (2013) : समाजकार्य सिद्धांत एवं पद्धतिओं, रावत पब्लिकेशन, जयपुर।

(6) सिंह सुरेन्द्र और मिश्र पी. डी. (2010) : समाजकार्य रुद्मतिहास दर्शन एवं प्रणालिया, लखनऊ, न्यू रोयल बुक कम्पनी।

(7) मिश्रा मंजू, (2012) : समाजकार्य, नरुर्द्म दिल्ली: के.एस.के. पब्लिशर्स एण्ड डिस्ट्रीब्युटर्स।

| એકમ–4 | સમાજકાર્ય શિક્ષણ |
|---|---|

## : એકમનું માળખું :


4.0 પ્રસ્તાવના

4.1 અધ્યયનના હેતુઓ

4.2 ભારતમાં અને ગુજરાતમાં સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ

4.3 વિવિધ સમાજ વિદ્યાશાખાઓ અને સમાજકાર્ય શિક્ષણ વચ્ચેનો સંબંધ

4.4 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત અને મહત્ત્વ

4.5 સમાજકાર્ય શિક્ષણમાં નિરીક્ષણ(સુપરવિઝન)ની જરૂરિયાત અને મહત્ત્વ

4.6 સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણની જરૂરિયાત અને મહત્ત્વ

4.7 ઉપસંહાર

4.8 તમારી પ્રગતિ ચકાસો

4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.10 ચાવીરૂપ શબ્દો (Glossary)

4.11 સ્વાધ્યાય લેખન (Assignment)

4.12 પ્રવૃત્તિ (Activities)

4.13 કેસસ્ટડી (Case Study)

4.14 સંદર્ભગ્રંથ (Further Readings)


### 4.0 પ્રસ્તાવના :

સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ઈંગ્લેન્ડ(1908), અમેરિકા(1919), ઓસ્ટ્રેલિયા(1929), કેનેડા(1928) વગેરે દેશોમાં થઈ, જ્યારે ભારતમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત 1936માં અને ગુજરાતમાં 1952માં થઈ. એટલે કે ભારતમાં સમાજકાર્ય શિક્ષણ શરૂ થયાંને 80 વર્ષ અને ગુજરાતમાં 63 વર્ષ થયાં છે. આજે વ્યાવયિક સમાજકાર્યનું શિક્ષણ સ્નાતક થી પીએચ.ડી. સુધી આપવામાં આવે છે. સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થીઓ માટે જેટલું સૈધ્ધાંતિક જ્ઞાન મેળવવું જરૂરી છે, તેટલું જ પ્રાયોગિક જ્ઞાન મેળવવું પણ આવશ્યક છે. સમાજકાર્યને વિવિધ સમાજવિજ્ઞાન સાથે પણ ગાઢ સંબંધ છે. વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્ય કરતી વખતે સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર વગેરે વિજ્ઞાનોનું જ્ઞાન ખૂબ જ ઉપયોગી બને છે. સમાજકાર્યમાં સૈધ્ધાંતિક જ્ઞાનમાં અન્ય સમાજવિજ્ઞાનોની વિદ્યાશાખાઓનું પણ યોગદાન છે. સમાજકાર્ય શિક્ષણ ક્ષેત્રકાર્યનો જ એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. જેથી વિદ્યાર્થીઓએ ક્ષેત્રકાર્યમાં માર્ગદર્શન, નિરીક્ષણ અને દસ્તાવેજીકરણની જરૂરિયાત અને મહત્ત્વ સમજવું આવશ્યક છે. જેનાથી વિદ્યાર્થીઓના વિવિધ ગુણો, કૌશલ્યો, કાર્યપધ્ધતિઓ, અભિગમોનો વિકાસ થાય છે. જે વિદ્યાર્થીઓના સ્વવિકાસ માટે જરૂરી છે.

### 4.1 અધ્યયનના હેતુઓ

(1) વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ જાણવાથી વિદ્યાર્થીઓને ભારત અને ગુજરાતમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત અને હાલની સ્થિતિનો ખ્યાલ આવશે.

(2) સમાજકાર્ય શિક્ષણ અને સંબંધિત અન્ય સમાજવિજ્ઞાનોના અભ્યાસથી બંન્ને વચ્ચેની સામ્યતા અને તફાવતની જાણકારી મળશે.

(3) સમાજકાર્ય શિક્ષણમાં પાયારૂપ ક્ષેત્રકાર્ય, નિરીક્ષણ અને દસ્તાવેજીકરણની જરૂરિયાત અને મહત્ત્વ સમજાશે / સ્પષ્ટ થશે.

(4) સમાજકાર્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની ચિંતન શક્તિ વધારવી. ક્ષેત્રકાર્ય, નિરીક્ષણ અને દસ્તાવેજીકરણથી વિદ્યાર્થીઓનાં ગુણો, કૌશલ્યો, કામ કરવાની પધ્ધતિ સુધારવી અને વિકસાવવાની છે.

## 4.2 ભારતમાં અને ગુજરાતમાં સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ.

ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્ય એ આધુનિક યુગનો વિકસતો વ્યવસાય છે. સમાજકાર્યના વ્યવસાયને વિકસાવવામાં સમાજકાર્યના શિક્ષણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ અને વિકાસનું અવલોકન કરવાથી જણાય છે કે, ઘણા દેશોમાં સમાજકાર્યના વિદ્વાન અને અનુભવી પ્રેક્ટિસનર્સ તથા અધ્યાપકો દ્વારા સમાજકાર્ય શિક્ષણ આપવામાં આવે છે. સમાજકાર્ય શિક્ષણ માટેની વ્યવસ્થા કોલેજો તથા યુનિવર્સિટીના સ્નાતક કે સ્નાતકોત્તર અભ્યાસક્રમનું અંગ હોય છે.

ભારતમાં સમાજકાર્ય વ્યવસાય સંબંધી શૈક્ષણિક વ્યવસ્થાઓ જોવા મળે છે. જે અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા વગેરે દેશોની તુલનામાં વ્યાવસાયિક શિક્ષણ આપવાની શરૂઆત પાછળથી થઈ છે. ભારતમાં વીસમી શતાબ્દીમાં સૌ પ્રથમ સોશ્યલ સર્વિસ વિંગ દ્વારા સામાજિક કાર્યકર્તાના શિક્ષણ માટે માત્ર છ આઠવાડિયાનો મુંબઈમાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ 1936માં ‘દોરાબજી ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક’ની મુંબઈમાં સ્થાપના થઈ. જેમાં દોરાબજી ટાટા ટ્રસ્ટને એક અમેરિકન મિશનરી ફિલપફોર્ડ મેનશર્તે મદદ કરી હતી, જેમણે શિકાગોમાં સમાજકાર્યનો અનુભવ મેળવ્યો હતો. આમ, સામાજિક કાર્યકરો માટે વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ‘દોરાબજી ટાટા સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક’ દ્વારા કરવામાં આવી. 1946માં તેનું નામ બદલીને ‘ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ’ રાખવામાં આવ્યું. ત્યાર પછી 1946માં દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક, 1947માં સમાજવિજ્ઞાન સંસ્થા કાશી વિદ્યાપીઠ, વારાસણી તથા 1949માં લખનૌ વિશ્વવિદ્યાલયમાં સમાજકાર્ય શિક્ષણનો પ્રારંભ થયો, ત્યારબાદ તો દેશભરમાં વિવિધ યુનિવર્સિટીઓમાં વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ.

ગુજરાતમાં વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણની શરૂઆત 1952માં ‘ફેકલ્ટી ઑફ સોશ્યલ વર્ક’, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાં થઈ, ત્યાર બાદ 1970 ‘ગૂજરાત વિદ્યાપીઠ’, અમદાવાદમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ. ઉપરાંત ‘સૌરાષ્ટ્ર યુનિવર્સિટી’-રાજકોટ, ‘વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી’-સુરત, ‘હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી’-પાટણ, ‘એમ.કે. ભાવનગર યુનિવર્સિટી’-ભાવનગર અને ‘કચ્છ યુનિવર્સિટી’ - ભૂજ (કચ્છ) જેવી વિવિધ યુનિવર્સિટીઓ અને સંલગ્ન સ્વનિર્ભર કૉલેજોમાં સમાજકાર્ય શિક્ષણનો સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ. અને પીએચ.ડી.ના અભ્યાસક્રમો ચલાવે છે. સમાજકાર્ય શિક્ષણની શરૂઆતમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો વધુ ચાલતા હતા, વર્તમાન સમયમાં પણ ઉચ્ચ શિક્ષણ સમાજકાર્યમાં મેળવી શકાય છે.

ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત 1936માં ‘ટાટા ઈન્સ્ટિટ્યૂટ’ દ્વારા થઈ. તે મુજબ ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ 80 વર્ષનો અને ગુજરાતમાં વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત 1952 માં ‘એમ.એસ. યુનિવર્સિટી’ દ્વારા થઈ છે. જેનો ઈતિહાસ 63 વર્ષનો છે. ગુજરાતમાં છેલ્લાં પંદર વર્ષમાં વ્યાવસાયિક સમાજકાર્યનું શિક્ષણ આપતી સ્વનિર્ભર કૉલેજો બિલાડીના ટોપની જેમ ફુટી નિકળી છે. ત્યારે સમાજકાર્ય શિક્ષણની ગુણવત્તાનો પ્રશ્ન ઊભો થયો છે. સમાજકાર્યમાં જાણીતા અને અગ્રેસર છે. તેવા શિક્ષણવિદો એમ કહે છે, ‘‘કે ગુજરાતમાં હજુ સમાજકાર્ય એક વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે. કારણ કે સમાજમાં વ્યવસાય તરીકે તેની સ્વીકૃતિ મેળવવાની દિશામાં હજુ પણ પ્રયાસો કરવાના બાકી છે.’’ ભારતમાં સમાજકાર્ય વ્યવસાયની અને શિક્ષણની સ્વીકૃતિ સંદર્ભે વિચારવું જોઈએ કે વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજના કયા કયા ક્ષેત્રોની જરૂરિયાત અને માંગ છે. ? વ્યવસાયની જરૂરિયાત અને માંગ જેટલી વધુ તેટલી ઝડપથી જે તે વ્યવસાય સ્વીકૃત બને છે. સ્વીકૃતિના સંદર્ભમાં જે પ્રશ્નો દેખાય છે. તે એ કે સમાજકાર્ય વ્યવસાયનો ઉદ્દભવ અને વિકાસ ઈંગ્લેન્ડ અને અમેરિકામાં થયો છે. તેના કરતાં આપણાં દેશની સ્થિતિ, સંજોગો, સમસ્યાઓ જુદાં છે. આપણા દેશની સમસ્યાના ઉકેલ માટેની ગાંધી વિચારધારા ભારત દેશની નિપજ છે. વ્યાવસાયિક સમાજકાર્ય સાથે તેનો સમન્વય કેવી રીતે કરી શકાય? તે સમાજકાર્ય શિક્ષણ આપતી વખતે વિચારવું આવશ્યક છે.

સમાજકાર્યને એક વ્યવસાય તરીકેનો યોગ્ય દરજ્જો અપાવવાની જવાબદારી સમાજકાર્યનું શિક્ષણ આપતી સંસ્થાઓની તથા સમાજકાર્યમાં વ્યાવસાયિક મંડળોની છે. એટલે કે સમાજકાર્યનું શિક્ષણ આપતી કૉલેજો અને યુનિવર્સિટીઓની છે. કારણ કે કોઈ પણ રોજગારને વ્યવસાયનું સ્વરૂપ ત્યારે જ મળે જ્યારે તેને સમાજ દ્વારા સ્વીકૃતિ મળે. આજે ભારતમાં સમાજકાર્ય વ્યવસાય તરીકે સંપૂર્ણ રીતે સ્વીકૃતિ થઈ નથી સંપૂર્ણ સ્વીકૃતિ ત્યારે જ મળી કહેવાય કે સામાજિક ક્ષેત્રમાં કાર્યકર સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો, બોર્ડ, મંડળો, સંગઠનોમાં સમાજ સેવાનાં પદો માટે એમ.એસ.ડબલ્યુને આવશ્યક માને અને તેનો બીજો કોઈ વિકલ્પ ના હોઈ શકે. દા.ત. મેડિકલ, એન્જીન્યરિંગ અને કાયદા વિજ્ઞાનમાં અનુક્રમે ડૉકટર, એન્જીનિયર અને વકીલના વ્યવસાયનું સ્થાન અન્ય કોઈ વ્યવસાય લઈ શકે તેમ નથી અથવા અન્ય વ્યવસાયનું શિક્ષણ અને અનુભવ આ વ્યવસાયનો વિકલ્પ નથી બની શકતા, તેવું સમાજકાર્યનું થવું જોઈએ. આજે વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણ સામેનો પ્રશ્ન એ વિદ્યાર્થીઓને આપવામાં આવતાં શિક્ષણની ગુણવત્તા છે. અને સમાજકાર્ય શિક્ષણ દ્વારા સમાજકાર્ય વ્યવસાયનો વિકાસ કેવી રીતે કરી શકાય? તે અંગે વિચારવું આવશ્યક છે.

## 4.3 વિવિધ સમાજ વિદ્યાશાખાઓ અને સમાજકાર્ય શિક્ષણ વચ્ચેનો સંબંધ

સમાજકાર્ય માનવીની સમસ્યાઓ, સ્થિતિ અને જરૂરિયાતના સમયે મદદ કરવાનું કાર્ય કરે છે. વ્યક્તિ, જૂથ અને સમુદાયને મદદ ત્યારે જ કરી શકાય જ્યારે સમાજકાર્ય તેની સમસ્યા, સ્થિતિ કે જરૂરિયાતોને સમજવા માટે અન્ય સમાજ વિજ્ઞાનોમાં વિશેષતઃ સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને માનવીની નૈતિક પ્રવૃત્તિ તથા તેના સામાજિક પર્યાવરણ વિશેનું જ્ઞાન ધરાવતો હોય. સમાજકાર્યકર માટે એ પૂરવાર થતું જાય છે કે, માનવીની સમસ્યા તથા તેના માટે જવાબદાર પરિબળોને સમજવા વિવિધ વિદ્યાશાળાઓનો સહકાર, સહસબંધ અને સંકલન જરૂરી છે.

સમાજકાર્યના ઘણા મૂળભૂત ખ્યાલો બીજા સામાજિક વિજ્ઞાનોમાંથી લીધેલા છે. વિવિધ સમાજવિદ્યાશાખાઓનું જ્ઞાન માનવીની પ્રવૃત્તિ અને વ્યવહારને સમજવામાં ઉપયોગી છે. જેમ કે માનવીય સંસ્કૃતિ, વ્યવહાર, વિવિધ જૂથો સાથેનો સંબંધ અને વ્યક્તિની ભાગીદારીનો અર્થ સમજવા માટે સમાજકાર્ય સમાજશાસ્ત્રનો ઉપયોગ કરે છે. વ્યક્તિની માનસિક અને વ્યવહારિક ગત્યાત્મકતા તથા વ્યક્તિત્વને સમજવા માટે મનોવિજ્ઞાનની આવશ્યક્તા રહે છે. સમાજકાર્ય અર્થશાસ્ત્રમાં પણ રસ ધરાવે છે. કારણ કે વેતન, રોજગાર અને માનવજીવનને અસર કરતાં આર્થિક પરિબળોનું જ્ઞાન જરૂરી છે. માનવીની ઘણી સમસ્યાઓ ઉપર રાજકીય પાસાંની અસર પણ જોવા મળે છે. તેથી રાજ્યશાસ્ત્રનું જ્ઞાન પણ સમાજકાર્યકર માટે ઉપયોગી છે. આ ઉપરાંત ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, શરીરજ્ઞાન અને જીવશાસ્ત્ર વગેરે વિજ્ઞાનોનું જ્ઞાન પણ સમાજકાર્યમાં વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યાઓ કે જરૂરિયાતોને સમજવામાં આવશ્યક છે. સમાજકાર્ય સાથે સવિશેષ સંબંધિત સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર સવિસ્તાર પરિચય મેળવીએ.

### 4.3.1 સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય

સમાજશાસ્ત્રને સમજવા કેટલીક વિભાવનાઓને સમજીએ.

ગિન્જબર્ગ (1949) ના મતે, "સમાજશાસ્ત્ર માનવીની આંતરિક ક્રિયા, આંતરિક સંબંધો, તેની અવસ્થાઓ તેમજ પરિણામોનું અભ્યાસ કરતું શાસ્ત્ર છે. "

એલ.એફ. વોર્ડ સમાજશાસ્ત્રને, "સમાજનું અથવા સામાજિક ઘટનાઓનું વિજ્ઞાન" તરીકે ઓળખાવે છે.

એફ. એચ. ગિડીંગ્સના મતે, ''સમાજશાસ્ત્ર એટલે સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર.''

સામાન્ય રીતે સમાજશાસ્ત્ર એટલે માનવીની સામાજિક વર્તણૂંકનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર સમાજ, સામાજિક વાતાવરણ, સામાજિક ઘટનાઓ, માનવીની સામાજિક વર્તન-વ્યવહાર, આંતરક્રિયા, સામાજિક સંબંધોનો પણ અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વચ્ચે ગાઢ સંબંધ છે. કારણકે સમાજકાર્ય સાથેનો તેનો સંબંધ શરૂઆતથી જ છે. સમાજશાસ્ત્ર એ સમાજકાર્યને જ્ઞાનનો આધાર પૂરો પાડવામાં સહાય કરે છે. સમાજકાર્ય એ સમાજની જટિલ સમસ્યાઓ, પરિસ્થિતિ અને વ્યક્તિ-જૂથ- સમુદાયની જરૂરિયાતોના સંતોષકારક ઉકેલમાં મદદ કરવાનું કાર્ય કરે છે.

સમાજશાસ્ત્રને કેટલાંક વિદ્વાનોએ પરિભાષિત કરતાં જણાવે છે કે,, ''સમાજશાસ્ત્ર એટલે સમાજનું વિજ્ઞાન, સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતું શાસ્ત્ર, માનવીય સંબંધો વિશેના વૈજ્ઞાનિક જ્ઞાનનું માળખું કહ્યું છે.'' સમાજશાસ્ત્ર માનવસંબંધોનું, સામાજિક જીવનનું, મનુષ્યના વ્યવહારોનું અને સામાજિક સમુહોનું અધ્યયન કરે છે.

સમાજશાસ્ત્ર એ સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે, જ્યારે સમાજકાર્ય એ સામાજિક સમસ્યા, સ્થિતિ અને વ્યક્તિની જરૂરિયાતોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છ. સમાજશાસ્ત્રીઓ સમાજ સંદર્ભના અભ્યાસમાં માનવીય સંબંધો, જે-તે સમાજ અને જ્ઞાતિ રીતરિવાજો, પરંપરાઓ, ધારાધોરણો, વ્યક્તિ અને જૂથ વચ્ચેની આંતરક્રિયા, સામાજિક જૂથ, સામાજિક સંસ્થાઓ, સંગઠનો, સામાજિક ભૂમિકા સામાજિક વિકાસ વગેરે અંગેની હકીકતો શોધે છે. જ્યારે સમાજકાર્યકર સમસ્યાના યોગ્ય નિદાન-સારવાર માટે સમસ્યા ઉકેલમાં સહાય કરવા અને વધુ સારાં સમાયોજન પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા સેવાર્થી (વ્યક્તિ, જૂથ, સમુદાય)ને સમજવાનો પ્રયાસ કરે છે. સેવાર્થીને સમજવા માટે જે તે સમાજમાં જીવન જીવે છે. તે સમાજને પણ સમજવો પડે છે. આમ, સેવાર્થીને સમજવા અને મદદ કરવા માટે સમાજકાર્ય સમાજશાસ્ત્ર પર આધાર રાખે છે.

સમાજકાર્યકર સેવાર્થીને મદદ કરતી વખતે માનવના જૈવિક, મનોવૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રીય પાસાંઓના માળખામાં જ જુએ છે, સમાજકાર્ય શિક્ષણમાં માનવવૃધ્ધિ અને માનવવ્યવહારના અભ્યાસ ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. કારણ કે તે માનવના જન્મથી મૃત્યુ સુધીના વિકાસના બધાં તબક્કાઓ, પાસાંઓની સમજ આપે છે. સમાજશાસ્ત્ર લોકોની આંતરક્રિયાઓને સમજવામાં રસ ધરાવે છે. જ્યારે સમાજકાર્ય કરે વ્યક્તિની સમસ્યાને સમજવા માટે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે અને વ્યક્તિ-વાતાવરણ વચ્ચેની આંતરક્રિયાઓને સમજવી પડે છે. સમાજશાસ્ત્રએ માત્ર જ્ઞાન છે, પરંતુ સમાજકાર્ય એ જ્ઞાન સમય અને પરિસ્થિતિ પ્રમાણે જરૂર મુજબ વ્યવહારમાં મૂકે છે. સમાજશાસ્ત્ર સમાજને કેન્દ્રમાં રાખે છે. જ્યારે સમાજકાર્ય સમાજની સાથે સાથે સેવાર્થીની સમસ્યાઓ અને જરૂરિયાતોને કેન્દ્રમાં રાખે છે. અને કાર્ય કરે છે. આમ, સમાજકાર્ય એ સમાજવિજ્ઞાનની એક મહત્ત્વપૂર્ણ શાખા છે. અને સમાજકાર્ય એ આધુનિકયુગનો એક વિકસતો વ્યવસાય પણ છે.

### 4.3.2 મનોવિજ્ઞાન અને સમાજકાર્યઃ

મર્ફી મનોવિજ્ઞાનની પરિભાષા કરતાં જણાવે છે કે, "વિજ્ઞાન વ્યક્તિઓના તેમના પર્યાવરણ સાથેનાં પ્રતિભાવોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે."

જે. બી. વોટસનના મતે, "વિજ્ઞાન એટલે વર્તનનું વિજ્ઞાન."

મનોવિજ્ઞાન એ સામાન્ય રીતે વ્યક્તિના મનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. વિશાળ અર્થમાં કહીએ તો મનોવિજ્ઞાન એ માનવવ્યવહાર, લાગણીઓ, પ્રેરણાઓ, સમજ અને વર્તનને નિશ્ચિત કરવામાં ભાગ ભજવતા પરિબળોનો અભ્યાસ કરે છે.

વુડવર્થ મનોવિજ્ઞાનને 'ક્રિયાનું વિજ્ઞાન' કહે છે. મનોવિજ્ઞાન માનવવર્તનના સામાન્ય સિધ્ધાંતોનો અભ્યાસ કરે છે. તેનો મુખ્ય હેતુ વર્તનના નિયમોને સ્થાપિત કરવાનો છે. મનોવિજ્ઞાન એ વિચારવું, શીખવું, યાદ રાખવું, પ્રેરણા, પ્રત્યક્ષીકરણ, વર્તન વગેરેના મૂળભૂત નિયમો જે સમગ્ર માનવજાતમાં છે. તેને સમજવાનો પ્રયત્ન કરે છે. મનોવિજ્ઞાનમાં વ્યક્તિ અને તેના વલણોનો અભ્યાસ થાય છે. મનોવિજ્ઞાન માનસિક પ્રવૃત્તિઓનો પણ અભ્યાસ કરે છે, જ્યારે સમાજકાર્ય વ્યક્તિની મનોસામાજિક પ્રવૃત્તિ, મનોસામાજિક સમસ્યાઓ સાથે નિસ્બત ધરાવે છે. વ્યક્તિની મનોસામાજિક પ્રવૃત્તિ અને સમસ્યાઓ તેના વર્તન-વ્યવહાર, વલણો અને વિચારો મજ્જાતંતુ તંત્રની કાર્યાત્મકતામાંથી ઉદ્દભવે છે. તેથી સમાજકાર્યકરે વ્યક્તિની જરૂરિયાતો અને સમસ્યાઓ સાથે કામ કરવાનું હોવાથી મનોવિજ્ઞાનનું જ્ઞાન મેળવવું જરૂરી છે.

વર્તમાન સમયમાં મનોવિજ્ઞાનમાંથી સામાજિક મનોવિજ્ઞાનની શાખા ઊભી થઈ છે. સામાજિક મનોવિજ્ઞાન વ્યક્તિની બીજી વ્યક્તિ સાથેની આંતરક્રિયાઓનો તથા વ્યક્તિનાં વિચારો, લાગણીઓ, ભાવો, ટેવોનું એકબીજાં ઉપર શું અસર પાડે છે? તેનું અધ્યયન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો મનોવિજ્ઞાન બાળકોનાં સામાજિકરણ, સંસ્કૃતિ અને વ્યક્તિત્વ, વ્યક્તિ અને જૂથની ગતિશીલતા તથા તફાવત, સામાજિક ઉદ્દીપન અને તેનાથી ઊભી થતી સ્થિતિ, સામાજિક રોગ નિદાનશાસ્ત્ર

વગેરેનું અધ્યયન કરે છે. સમાજકાર્યકર વ્યક્તિના વર્તન અને પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયાને સમજવા માટે સામાજિક મનોવિજ્ઞાનનો અભ્યાસ કરે છે. સમાજકાર્યકરે વ્યક્તિની જરૂરિયાતો અને સમસ્યાને સમજવા માટે વ્યક્તિના વિચારો, વલણો, વર્તનો, પ્રતિક્રિયા, મૂલ્યો, સામાજિકરણ, લાગણીઓ, પ્રેરણાઓ, ટેવો વગેરે વિશેનું જ્ઞાન મેળવવું આવશ્યક છે, કારણકે તો જ સમાજકાર્યકર વ્યક્તિના મનોસામાજિક જરૂરિયાતો સમજી શકે અને સમસ્યા નિવારણ લાવવામાં મદદ કરી શકે.

### 4.3.3 અર્થશાસ્ત્ર અને સમાજકાર્યઃ

અર્થશાસ્ત્રને સમજવા કેટલીક વિભાવનાઓને સમજીએ.

એલીના મતાનુસાર, "અર્થશાસ્ત્ર એવું શાસ્ત્ર છે જેમાં એવી સામાજિક દશાઓનો અભ્યાસ કરવામાં આવે છે કે, જે મનુષ્યના ધન મેળવવા અને ખર્ચ કરવાની ક્રિયાઓ અથવા પ્રયત્નોથી ઉત્પન્ન થાય છે."

પ્રો. વાકરના મતે "અર્થશાસ્ત્ર જ્ઞાનની એવી શાખા છે કે, જેનો સંબંધ ધન સાથે છે. "

એકમ સ્થિમે અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે, "અર્થશાસ્ત્ર રાષ્ટ્રોની સંપત્તિ અથવા ધનનું સ્વરૂપ (પ્રકૃતિ) તેમજ કારણોનું વિશ્લેષણ છે. "

માનવીની ઘણી જરૂરિયાતો અને સમસ્યાઓ સામાજિક, મનોસામાજિક ઉપરાંત આર્થિક પાસાં સાથે પણ સંકળાયેલી હોય છે. અર્થશાસ્ત્ર માનવીની આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે. આ આર્થિક પ્રવૃત્તિઓમાં ઉત્પાદન, વપરાશ, સંપત્તિની વહેંચણી, માંગ, પૂરવઠો, બજાર વ્યવસ્થા, આર્થિક વ્યવહારો વગેરેનો સમાવેશ થાય છે. માનવ જીવનનાં વૃધ્ધિ અને વિકાસમાં અર્થતંત્ર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સમાજકાર્ય વ્યક્તિ અને સમાજની સમસ્યાઓના નિવારણમાં કાર્ય કરે છે. તેથી સમાજકાર્યકરે વ્યક્તિ અને સમાજની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવો આવશ્યક છે કેટલીક વખતે આર્થિક સ્થિતિના પ્રભાવથી સામાજિક અને મનોસામાજિક સમસ્યાઓ ઉદ્દભવતી હોય છે. દા.ત. શેરબજારમાં ખોટ જવાથી કૌટુંબિક ઝગડાઓ કે ડિપ્રેશન. સમાજકાર્યકર સેવાર્થીની સમસ્યાગ્રસ્ત સ્થિતિમાં આર્થિક બાબતો પણ તપાસે છે. અને સમસ્યાનું મૂળ શોધવાનો પ્રયત્ન કરે છે.

અર્થશાસ્ત્ર જીવન માટે જરૂરી સુખસુવિધાઓને મેળવીને તમામ વર્ગ માટે લઘુત્તમ અપેક્ષિત જીવનધોરણનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે, જે સમાજકાર્યનો પણ ઉદ્દેશ છે. જીવનનાં વિવિધ પાસાંઓમાં આર્થિક પ્રવૃત્તિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમાજકાર્ય વ્યક્તિની કે જૂથની જરૂરિયાત મેળવવા કે સમસ્યા ઉદ્દભવવામાં આર્થિક પાસાંઓ પ્રવૃત્તિઓ શું પ્રભાવ પાડે છે? તે સમાજકાર્યકર તપાસે છે. અર્થશાસ્ત્ર માનવજીવનમાં માત્ર આર્થિક પાસાંઓનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજકાર્યને માનવજીવનનાં સમગ્ર પાસાં સાથે નિસ્બત છે. અર્થશાસ્ત્ર માણસને આર્થિક દૃષ્ટિકોણથી સમજે છે. જ્યારે સમાજકાર્ય માણસનો અભ્યાસ તેની સમસ્યાના ઉકેલ અને તેના વિકાસ માટે કરે છે. આમ, સમાજકાર્ય અને અર્થશાસ્ત્ર બંન્ને એકબીજાં ઉપર આધારિત છે.

### 4.3.4 રાજ્યશાસ્ત્ર અને સમાજકાર્ય :

રાજ્યશાસ્ત્રની વ્યાખ્યા નીચે મુજબ છે.

સ્વિચ વિદ્વાન બ્લુન્શ્લી (1952) ના મંતવ્ય પ્રમાણે, "રાજ્યશાસ્ત્ર એ રાજ્ય સંચાલનનું શાસ્ત્ર છે. રાજ્યના મૂળભૂત સંજોગો, તેનું આંતરિક તત્ત્વ, તેની અભિવ્યક્તિનાં અનેક સ્વરૂપો તથા તેના વિકાસની સર્વાંગી સમજ મેળવવાનો તે પ્રયાસ કરે છે. "

સ્ટીફન લિકોક (1936)ના મતે, "રાજ્યશાસ્ત્ર સરકાર સાથે સંબંધ ધરાવે છે."

પોલ જેનટ (1952) ના મત પ્રમાણે, "રાજ્યશાસ્ત્ર એ સમાજવિદ્યાનો એવો ભાગ છે. જે રાજ્યના પાયાનો તથા સરકારના સિધ્ધાંતોનો અભ્યાસ કરે છે."

રાજ્યશાસ્ત્રની વ્યાખ્યાનો વિશાળ અર્થ કરીએ તો, "રાજ્યશાસ્ત્ર રાજ્ય વિશે, રાજ્યના હેતુઓ વિશે, તેમને સિધ્ધ કરવાની સંસ્થાઓ વિશે, રાજ્યના પોતાની પ્રજા સાથેના તેમજ અન્ય રાજ્યો સાથેના સંબંધો વિશે માહિતી આપતું અને તેમના વિશે ચર્ચા કરતું શાસ્ત્ર છે."

રાજ્યશાસ્ત્ર રાજ્યની પ્રકૃતિ, રાજકીય સંગઠનો, વહીવટના સિધ્ધાંતો, નીતિઓ અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંબંધોનો અભ્યાસ કરે છે. રાજ્યશાસ્ત્ર એટલે સમગ્ર રાજ્યનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

રાજ્યશાસ્ત્રને માનવીના રાજકીય જીવન સાથે નિસ્બત છે. રાજ્યશાસ્ત્ર માણસ અને સમાજને ઘડવામાં ઊંડો રસ ધરાવે છે. સમાજકાર્ય માને છે કે, માનવી જેટલો સામાજિક જીવન સાથે સંકળાયેલો છે. તેટલો રાજકીય જીવન સાથે પણ સંકળાયેલો છે. રાજ્યની વિવિધ સ્થિતિ અને સમાજની અસરો તેના વર્તન અને વિકાસ પર પડે છે. રાજ્યશાસ્ત્ર રાજકીય તંત્રો દ્વારા પ્રભાવિત સમાજનાં સંગઠિત પાસાંઓનો અભ્યાસ કરે છે. તે રાજ્યની નીતિ અને તંત્રોને સમજાવે છે. સમાજકાર્યકરે તેનાં કાર્યો માટે આ બધું સમજવું જરૂરી છે.

રાજ્ય લોકોના વર્તન અને કાર્યોનું નિયંત્રણ કરે છે, જેને પરિણામે દરેક નાગરિકને તેનો લાભ મળે છે. નાગરિકના તમામ પ્રકારના રાજકીય, આર્થિક, નૈતિક, ધાર્મિક સંબંધો અને પરસ્પરની આંતરક્રિયાઓ પર રાજ્યનું નિયંત્રણ હોય છે. છતાં પણ રાજ્યએ કલ્યાણ રાજ્યના હેતુસર દરેક વ્યક્તિને બંધારણીય મૂળભૂત હક્કો, ફરજો, માર્ગદર્શક સિધ્ધાંતો વગેરે આપવા જરૂરી બને છે. સમાજકાર્ય આ તમામ માનવસંબંધો અને આંતરક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે. તેથી સમાજકાર્યકર માટે રાજ્યનાં આ નિયંત્રણો અને તેની સત્તા વિશેનું તેને જ્ઞાન હોય તે જરૂરી છે.

રાજ્યશાસ્ત્ર સાથે સંકળાયેલ સમાજકલ્યાણ સંબંધિત નીતિઓ નિયમો, કાયદાઓ, આર્થિક-સામાજિક વિકાસની યોજનાઓ અને કાર્યક્રમો શું છે. ? સમાજના સામાન્ય તથા વિભિન્ન વર્ગો, તેમજ વિશેષ રીતે નબળા વર્ગોના હિતોના સંરક્ષણ અને સંવર્ધન માટે શું જોગવાઈઓ કરવામાં આવી છે. ? લોકોને કેવી રીતે લાભ મળે છે. ? શું ખામીઓ છે. ? વગેરે શોધીને સમાજકાર્યકર સુધારણાની દિશામાં કામ કરે છે. આ રીતે સમાજકાર્ય રાજ્યશાસ્ત્રને વધુ સુદૃઢ બનાવે છે.

આમ, સમાજકાર્ય વ્યવહાર માટે સમાજકાર્યકરમાં સમાજવિજ્ઞાનોનું સૈધ્ધાંતિક જ્ઞાન ખૂબ જ મહત્ત્વનું છે.

## 4.4 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત અને મહત્ત્વ:

સમાજકાર્ય શિક્ષણમાં સૈધ્ધાંતિક વિષયો ભણવા જેટલાં મહત્ત્વના છે; તેટલું જ મહત્ત્વનું ક્ષેત્રકાર્ય છે. સમાજકાર્યમાં ગ્રામીણ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો, કંપનીઓ વગેરેમાં વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્યમાં જાય છે. આ ક્ષેત્રકાર્યમાં વિદ્યાર્થીઓ સમાજકાર્યનું જ્ઞાન, મૂલ્યો, કુશળતાઓ, સિધ્ધાંતો, પધ્ધતિઓ વગેરેનો ઉપયોગ કરી છે. પ્રાયોગિક અનુભવ મેળવે છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય દ્વારા વાસ્તવિક સ્થિતિને સમજે છે. અને પોતાની ક્ષમતા વિકસાવે છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત નીચે મુજબ છે.

(1) સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થી જે સૈધ્ધાંતિ જ્ઞાન મેળવે છે. તે જ્ઞાન જેમ કે સમાજકાર્યનું જ્ઞાન, મૂલ્યો, કૌશલ્યો, પધ્ધતિ અને સિધ્ધાંતોની વાસ્તવિકતા તપાસવા અને ઉપયોગમાં લાવવા ક્ષેત્રકાર્ય જરૂરી છે.

(2) ક્ષેત્રકાર્ય દ્વારા કાર્યકર સામાજિક સમસ્યાઓ, પરિસ્થિતિ અને તેનાં કારણો, અસરો વગેરે સમજવા આવશ્યક છે.

(3) ક્ષેત્રકાર્ય વ્યક્તિ, જૂથ અને સમુદાય વચ્ચેના સંબંધો, આંતરક્રિયા, વર્તનો, સંસ્કૃતિ, માળખું, કાર્યો વગેરે વિશેનું જ્ઞાન મેળવવા માટે જરૂરી છે.

(4) ક્ષેત્રકાર્ય દ્વારા કાર્યકર સ્વૈચ્છિક સંસ્થા, સરકારી વિભાગો અને વિવિધ એજન્સીઓનો પરિચય, કાર્યો, કાર્ય-પધ્ધતિ વગેરે જાણવી આવશ્યક છે

(5) ક્ષેત્રકાર્યથી કાર્યકરને ગામડાનો પરિચય, ગ્રામીણ લોક જીવન, લોક સંસ્કૃતિ, લોકોના પ્રશ્નો, લોકો અને સરકાર વચ્ચેના સંબંધો, ગ્રામ પંચાયતના કાર્યો, ગ્રામસભાનું મહત્ત્વ, ગ્રામીણ વિકાસ વગેરે સંબંધિત પ્રત્યક્ષ કાર્ય કરવાનું હોવાથી જાણવું જરૂરી છે.

(6) વ્યક્તિ અને જૂથોની જરૂરિયાતના સમયે કેવી રીતે મદદ કરવામાં આવે છે? તેમજ સામાજિક સમસ્યા કે પરિસ્થિતિમાં કેવી રીતે તેનો ઉકેલ લાવવામાં આવે છે? તે સમજવા ક્ષેત્રકાર્ય કરવું આવશ્યક છે.

### 4.4.1 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનું મહત્ત્વ:

(1) સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય દ્વારા વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો, સમસ્યા અને પરિસ્થિતિઓમાં સમાજકાર્યનું જ્ઞાન, મૂલ્યો, કુશળતા, સિધ્ધાંતો અને પધ્ધતિઓને

કેવી રીતે લાગુ પાડી શકાય? અથવા ઉપયોગ કરી શકાય? તે વિદ્યાર્થીઓને શીખવા મળે છે.

(2) યુવા કલ્યાણ, વૃદ્ધ કલ્યાણ, મહિલા કલ્યાણ, બાળ કલ્યાણ, અનુસૂચિત જાતિ કલ્યાણ, અનુસૂચિત જનજાતિ કલ્યાણના ક્ષેત્રોની સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો, સામાજિક સંગઠનો, અને એજન્સીઓ પધ્ધતિસર અને આયોજિત અભિગમ દ્વારા સમસ્યા ઉકેલની પ્રક્રિયામાં સમસ્યાનો અભ્યાસ, નિદાન અને સારવારનાં કાર્યોમાં જોડાવાની તક મળે છે. અને પોતાની ક્ષમતા વિકસાવે છે.

(3) સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થી કાર્યકર્તા સમાજકાર્યકર તરીકે વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ અને સમસ્યા નિવારણ માટે મદદકર્તા અને પરિવર્તન એજન્ટ તરીકે કામ કરે છે.

(4) સંસ્થા કે એજન્સીનાં માળખા દ્વારા અપાતી સેવા અને કાર્યોને સમજે છે. સ્વૈચ્છિક સંસ્થા કે એજન્સીના માળખાનાં ઉપયોગથી વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્યમાં પ્રાથમિક સુવિધાનો વિકસાવે છે. લોકો અને સંસ્થા વચ્ચે સેવા સંદર્ભે સંકલન દ્વારા જરૂરી સેવાઓ લોકો સુધી પહોંચાડવામાં મદદરૂપ થાય છે.

(5) સમાજકાર્યનાં વિવિધ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને સમાજકાર્યનું જ્ઞાન, પધ્ધતિ, કૌશલ્યો અને ટેકનિકનો ક્ષેત્રકાર્યમાં કામગીરી દરમિયાન તેનો ઉપયોગ કરવાની તક મળે છે.

(6) ક્ષેત્રકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયત, શાળા, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, સ્વૈચ્છિક સંસ્થા, સરકારી વિભાગો, એજન્સીઓ વગેરે સાથે જોડાવાથી વહીવટીય પ્રક્રિયાથી પણ પરિચિત થાય છે અને તેની કામગીરીની જવાબદારીથી સભાન બને છે. તે લોકોની જરૂરિયાતો, સમસ્યાઓ અને સ્થિતિ સંદર્ભે અનુકૂળ વહીવટીય વ્યવસ્થાના કાર્યો / સેવાઓ / સુવિધાઓ પહોંચાડવામાં મદદરૂપ બને છે. તેનાથી વિદ્યાર્થી કાર્યકર્તાના જ્ઞાન અને કુશળતાની ચકાસણી થાય છે.

(7) ક્ષેત્રકાર્યમાં વિદ્યાર્થીઓને સેવાર્થીનું સંગઠનાત્મક માળખું સમજવાની તક મળે છે. તે માળખાની યોજના, કાર્યક્રમોના અભ્યાસના માધ્યમથી સુવિધાજનક કેવી રીતે બનાવવી? તે સમજે છે. ખામી અને અવરોધક પરિબળો શોધે છે. અને તેને નિવારવામાં સહાયરૂપ બને છે.

(8) વિદ્યાર્થીઓ સમુદાયનું માળખુ અને પ્રક્રિયા સંબંધિત જ્ઞાન મેળવે છે અને તેઓ ઔપચારિક જૂથ અને સામુદાયિક ક્ષમતાઓને ઓળખે છે. તેમજ સમાજ કલ્યાણના આધાર માટે સમુદાયના સ્ત્રોતોનો ઉપયોગ કરવાની ક્ષમતા પણ વિકસાવે છે.

આમ, સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થી કાર્યકર્તાના ક્ષમતાવર્ધન માટે ક્ષેત્રકાર્ય જરૂરી અને તેનું મહત્ત્વ પણ સવિશેષ છે.

## 4.5 સમાજકાર્ય શિક્ષણમાં નિરીક્ષણ(સુપરવિઝન)ની જરૂરિયાત અને મહત્ત્વઃ

'નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક' (NASW) અને 'એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક બોર્ડ' (ASWB) સુપરવિઝનના સંદર્ભમાં જણાવ્યું છે કે, "બેસ્ટ સોશ્યલ વર્ક પ્રેક્ટિસ માટે સુપરવિઝનની જરૂરિયાત સ્વીકારી છે. અને સમાજકાર્ય શિક્ષણ દરમિયાન વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે સમાજકાર્યકરને સુપરવિઝનના માર્ગદર્શનના પ્રકારો અને પ્રક્રિયાનું સંપૂર્ણ જ્ઞાન હોવું આવશ્યક છે. વિદ્યાર્થી કાર્યકર્તા જ્યારે વ્યક્તિ, જૂથ અને સમુદાય સાથે કાર્ય કરે છે. ત્યારે તેને તેના વિશેનું જ્ઞાન પણ હોવું જરૂરી છે." સામાન્ય રીતે સુપરવિઝનના પ્રકારો જેવા કે વહીવટીય (Administrative), શિક્ષણ (Education) અને જવાબદારીતા / ઉત્તરદાયીત્વ (Accountability) તેમજ આધાર (Support) છે, તેમાં સુપરવિઝન કરવામાં આવે છે. આ દરેક પ્રકારોમાં સુપરવિઝન ખૂબ જ મહત્ત્વનું છે. અહીં સમાજકાર્ય શિક્ષણનાં સંદર્ભમાં સુપરવિઝનની જરૂરિયાત અને મહત્ત્વને સમજીએ. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય નિરીક્ષણમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન, શિક્ષણ, તાલીમ અને શીખવાના અનુભવો આપવામાં આવે છે. તથા સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય સુપરવિઝનનો અર્થ 'ઈન્સ્પેક્ટોટિયલ સુપરવિઝન' નથી, જેમ એક માળી છોડના ઉછેરી માટે પાણી, ખાતરનો પ્રબંધ તો કરે છે, પરતું તેની સાથે-સાથે છોડ સારી રીતે ઉછેર

અને કોઈ બાજુ વળી ન જાય તે માટે તેનો આધારસ્તંભ પણ ઊભો કરે છે. તેવી રીતે સમાજકાર્યના ક્ષેત્રકાર્યના સુપરવિઝનમાં સુપરવાઈઝરની ભૂમિકા એક માર્ગદર્શક તથા શિક્ષક તરીકેની હોય છે.

### 4.5.1 નિરીક્ષણ(સુપરવિઝન)ની જરૂરિયાતઃ

(1) સામાન્ય રીતે સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થી કાર્યકર્તા અને અધ્યાપક બંન્ને દ્વારા સુપરવિઝન થતું હોય છે. વિદ્યાર્થી કાર્યકર્તા ઉપર અધ્યાયક દ્વારા એટલા માટે સુપરવિઝન ગોઠવવાની જરૂરિયાત હોય છે કે, વિદ્યાર્થીને જે શિક્ષણ આપવામાં આવ્યું છે. તેનો ઉપયોગ ક્ષેત્રકાર્ય દરમિયાન કેટલો કરે છે? તે જોવા અને વિદ્યાર્થી કાર્યકર્તા પણ પોતે જે કાર્ય કરે છે. તે સમસ્યા કે પરિસ્થિતિ સાથે સંકળાયેલાં લોકો શું પ્રતિક્રિયા કરી રહ્યા છે? તે જોવા સુપરવિઝન કરવાની આવશ્યકતા રહે છે.

(2) સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતું સમાજકાર્યનું જ્ઞાન, મૂલ્યો, કૌશલ્યો, પધ્ધતિ અને સિધ્ધાંતોનો ક્ષેત્રકાર્યમાં તેનો ઉપયોગ અને જરૂરિયાતો તપાસવા માટે સુપરવિઝન જરૂરી છે.

(3) સેવાર્થી અને વિદ્યાર્થી કાર્યકર્તા એમ બંન્નેની કાર્યપધ્ધતિ, પક્રિયા અને પરિણામો તપાસવા સુપરવિઝન આવશ્યક છે.

(4) વિદ્યાર્થીના અનિયંત્રિત કાર્યો અને ભૂમિકાઓને નિયંત્રિત અને નિયમન કરવા માટે સુપરવિઝનની સમાજકાર્ય શિક્ષણમાં જરૂરિયાત છે.

(5) વિદ્યાર્થી કાર્યકરની ક્ષેત્રકાર્ય સંદર્ભે નબળી બાબતો, અશિસ્તતા, દુર્ગુણો, વગેરેમાં સુધારણા માટે સુપરવિઝન આવશ્યક છે.

(6) અધ્યાપકો દ્વારા એટલા માટે સુપરવિઝન ગોઠવવામાં આવે છે કે, દરેક વિદ્યાર્થીઓમાં સમાન ધોરણે જ્ઞાન, મૂલ્યો, કૌશલ્યો, સિધ્ધાંતો, પધ્ધતિઓ, ભૂમિકાઓ, કાર્યો સમજાવી અને શીખવી શકાય તથા જેમાં ઉણપ રહે છે. તેમાં સુધારો કરાવી પ્રક્રિયા વિકસાવી શકાય તેમજ ઉણપ દૂર કરી શકાય.

(7) ક્ષેત્રકાર્ય સંબંધિત વિદ્યાર્થીની ક્ષમતાવર્ધન માટે સુપરવિઝન આવશ્યક છે.

(8) ક્ષેત્રકાર્યમાં સમસ્યા ઉકેલ સંબંધિત પ્રક્રિયામાં વિદ્યાર્થી દ્વારા થતી ભૂલ બતાવવા, નિવારવા અને જરૂરિયાત સમયે દરમિયાનગીરી કરવા માટે સુપરવિઝન આવશ્યક છે.

(9) અધ્યાપક દ્વારા એટલા માટે સુપરવિઝનની જરૂરિયાત હોય છે. સમાજકાર્યના સૈધ્ધાંતિક જ્ઞાનને વ્યવહારમાં લાવવા, શિક્ષણની યથાર્થતા તપાસવા, નવા જ્ઞાનના સર્જન, સૈધ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાનનો સંબંધ સમજવા વગેરે માટે સુપરવિઝન આવશ્યક છે.

### 4.5.2 નિરીક્ષણ(સુપરવિઝન)નું મહત્ત્વ :

(1) સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિઝનનું મહત્ત્વ એટલા માટે છે કે, વિદ્યાર્થીઓને સૈધ્ધાંતિક રીતે મળતા જ્ઞાન દ્વારા વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો અને સમસ્યાનો ઉકેલ આવે છે અથવા તેમાં મદદરૂપ બને છે.

(2) વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્યમાં લોકોની સમસ્યા કે જરૂરિયાતોના સંદર્ભમાં સુપરવિઝનની કામગીરીમાં દરમિયાનગીરીની પ્રક્રિયા કરે છે. આ દરમિયાનગીરીની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ અવરોધક પરિબળોની શોધ કરે છે. અને તેના નિવારણ માટેના પ્રયાસો પણ કરે છે.

(3) વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્યમાં વિભિન્ન પ્રકારની કામગીરી કરે છે. આ કામગીરીમાં વિદ્યાર્થીઓ બિનઉપયોગી કામગીરી કે સ્વૈચ્છાચારી પ્રવૃત્તિમાં જોડાવા પર સુપરવિઝનથી નિયંત્રણ અને નિયમન આવે છે. અથવા કાર્યકર્તા પોતાની કામગીરીથી ભટકી ના જાય તે જોવામાં આવે છે.

(4) વિદ્યાર્થીઓ લોકોની કાર્યપ્રક્રિયા અને અધ્યાપકો વિદ્યાર્થીની કાર્યપ્રક્રિયાનું સતત મૂલ્યાંકન કરે છે, અવરોધક પરિબળોની શોધ કરે છે, નિવારણ માટે સ્થાનિક સંસાધનો તપાસે છે. અને યોગ્ય સંસાધનો દ્વારા ખામી ભરી કાર્યપ્રક્રિયામાં દરમિયાનગીરી કરી ઉકેલ શોધે છે.

(5) વિદ્યાર્થીઓ ઘણી વખત સ્વૈચ્છિક સંસ્થા, સરકારી વિભાગો અને એજન્સીઓની કામગીરીનું પણ સુપરવિઝન કરે છે. જેમાં કાર્યક્રમોનું આયોજન, અમલીકરણ, દેખરેખ, મૂલ્યાંકન,

અવરોધક પરિબળો વગેરેના સુપરવિઝનની કામગીરીથી વિદ્યાર્થીમાં વહીવટી ક્ષમતાનો વિકાસ થાય છે.

(6) સુપરવિઝન દ્વારા વિદ્યાર્થી કાર્યકર્તામાં કોઈ પણ પ્રવૃત્તિની તુલના અને મૂલવણી કરવા માટેનો દષ્ટિકોણ ઉદ્દભવે છે. ઘણી વખત વિદ્યાર્થી કાર્યકર્તા જે તે સમસ્યા કે પરિસ્થિતિ જુદી રીતે સમજતા શીખે છે, જોવે છે, મૂલવે છે, તપાસે છે. જેથી બૌધ્ધિક ક્ષમતાનો વિકાસ થાય છે અને ચિંતન શક્તિ વિકસે છે.

(7) સમાજકાર્ય શિક્ષણમાં અધ્યાપકો વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્યમાં મોકલીને સમાજકાર્યનું જ્ઞાન, કૌશલ્યો, સિધ્ધાંતો અને પધ્ધતિઓની વ્યવહારુલક્ષી ઉપયોગિતા તપાસે છે. આ શિક્ષણ સમાજ માટે કેટલું ફળદાયી છે. તે સમજે છે. તેમજ તે વિદ્યાર્થીઓની ક્ષમતાનો વિકાસ કરવામાં મદદરૂપ બને છે. આમ, સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિઝન ખૂબ મહત્ત્વનું છે.

(8) સુપરવિઝનથી વિદ્યાર્થીઓને સતત અહેસાસ થયાં કરે છે કે, તેની દરેક પ્રકારની કામગીરીની કોઈ દેખરેખ રાખે છે, તપાસ કરે છે, જોવે છે. અને મુશ્કેલીમાં માર્ગદર્શન તથા મદદ કરે છે. જેથી સુપરવિઝન વિદ્યાર્થીઓને કામગીરી પ્રત્યે સભાન બનાવે છે.

સમાજકાર્ય શિક્ષણમાં સુપરવિઝન એ વિદ્યાર્થી અને અધ્યાપક એમ બંન્ને માટે જરૂરી છે. ક્ષેત્રકાર્યમાં સુપરવિઝન કાર્યકર્તાની ક્ષમતાવર્ધન, કૌશલ્ય વિકાસ, કાર્યો અને ભૂમિકા સમજવા, ઉણપો શોધવા અને નિવારવા, સુધારા દર્શાવવા વગેરે માટે ખૂબ મહત્ત્વનું છે. સમાજકાર્યમાં સેવાર્થીને મદદ કરવા કે સમસ્યાના નિવારણ માટે સતત થતું સુપરવિઝન ઉપયોગી સાબિત થાય છે.

## 4.6 સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણની જરૂરિયાત અને મહત્ત્વઃ

સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણ એક આવશ્યક અને મહત્ત્વની બાબત છે. સમાજકાર્ય શિક્ષણમાં અધ્યાપક વિદ્યાર્થીઓને સમાજકાર્યનું જે શિક્ષણ આપે છે તે મોટેભાગે લેખિત દસ્તાવેજી સ્વરૂપમાં છે તેમજ આજના આધુનિકયુગમાં વિદ્યાર્થીઓને કેટલુંક શૈક્ષણિક સાહિત્ય ઈલેકટ્રોનિક સ્વરૂપમાં પણ મળે છે. સમાજકાર્યમાં વિદ્યાર્થી કાર્યકર્તા જ્યારે સમાજકાર્યકર્તા તરીકે વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો અને સમસ્યાના સંદર્ભમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે, ત્યારે આ દરેક કાર્યનું લેખિત કે ઈલેકટ્રોનિક સ્વરૂપમાં દસ્તાવેજીકરણ થવું ખૂબ જ જરૂરી છે. કારણ કે તેના આધારે કાર્યની પ્રગતિ તથા વિદ્યાર્થીનો વિકાસ પણ જોઈ શકાય છે.

સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થી કાર્યકર્તા અભ્યાસ દરમિયાન ક્ષેત્રકાર્યમાં જે કાર્ય કરે છે. તેનું મોટેભાગે લેખિત સ્વરૂપમાં દસ્તાવેજીકરણ કરે છે. દા.ત. ગ્રામપંચાયતની મુલાકાત, ગ્રામીણ લોકોની સમસ્યા સંદર્ભે મુલાકાત, સંસ્થા કે એજન્સીની મુલાકાત વગેરે. વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્યમાં કરેલી કામગીરીનું અહેવાલ લેખન કરે છે, જે લેખિત દસ્તાવેજીકરણ છે. તેમજ સમાજની વિવિધ સમસ્યાઓના સંદર્ભમાં સંશોધન પણ કરે છે. સંશોધનના અંતે સંશોધન અહેવાલ લખે છે, જેમાં કેટલાંક ફોટોગ્રાફસ પણ મૂકે છે. માહિતીદાતા પાસેથી માહિતી મેળવવામાં લેખિત સ્વરૂપની મુલાકાત અનુસૂચિ કે પ્રશ્નાવલિ તેમજ ઓડિયો-વીડિયો રેકોર્ડિંગનો ઉપયોગ કરે છે. આ સંશોધન અહેવાલ પણ તે લોકો, ક્ષેત્ર, સમસ્યા, સ્થિતિ વગેરેનો લેખિત દસ્તાવેજ બને છે. જેનો ઉપયોગ વાચકવર્ગ, વિદ્યાર્થીઓ, સંશોધકો વગેરે કરે છે. જેથી સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય પ્રવૃત્તિ અને સંશોધન સંદર્ભે દસ્તાવેજીકરણ ખૂબ જ જરૂરી છે. અને તે સમાજકાર્ય શિક્ષણનું મહત્ત્વ વધારે છે.

વ્યાવસાયિક સમાજકાર્યમાં દસ્તાવેજીકરણ કરતી વખતે નીચેના પાંચ સિધ્ધાંતોને ધ્યાન રાખવા જરૂરી બને છે.

(1) લવચીકતાનો સિધ્ધાંત. (Principal of Flexibility)

(2) પસંદગીનો સિધ્ધાંત. (Principal of Selection)

(3) વિશ્વસનીયતાનો સિધ્ધાંત. (Principal of Reliability)

(4) ગોપનીયતાનો સિધ્ધાંત. (Principal of Confidentiality)

(5) કાર્યકરના સ્વીકારનો સિધ્ધાંત. (Principal of Worker Acceptation)

સમાજકાર્યકરે ઉપરોક્ત દસ્તાવેજીકરણના સિધ્ધાંતને સમજીને આ કાર્ય કરવું જોઈએ. દસ્તાવેજીકરણના

મુખ્ય ત્રણ પ્રકારો છે. સમાજકાર્યકરે ક્ષેત્રકાર્ય દરમિયાન મળેલ માહિતીનું દસ્તાવેજીકરણ પણ ત્રણ પ્રકારે થતું હોય છે. જે નીચે મુજબ છે.

(1) વર્ણનાત્મક. (Narrative)

(2) પ્રક્રિયા. (Process)

(3) સમીક્ષા. (Summary)

સમાજકાર્યકરે ઉપરોક્ત દસ્તાવેજીકરણના પ્રકારોનો ઉપયોગ કરીને સચોટ, નક્કર અને વિશ્વાસપાત્ર માહિતી મેળવવાની હોય છે. અને દસ્તાવેજી સ્વરૂપે રજૂ કરવાની હોય છે.

**4.6.1 સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણની જરૂરિયાતઃ**

(1) દસ્તાવેજીકરણ એ સમાજકાર્યકર તરીકે વિદ્યાર્થી કાર્યકર્તાની અહેવાલ લેખનની કાર્યક્ષમતા તપાસવા આવશ્યક છે.

(2) દસ્તાવેજીકરણ એ ક્ષેત્રકાર્યની કોઈ પણ કામગીરી, કાર્યક્રમો, યોજનાઓ વગેરેનું મૂલ્યાંકન કરવા જરૂરી છે.

(3) વિદ્યાર્થી કાર્યકર્તાના કાર્યો, ભૂમિકાઓ, કૌશલ્યો, કાર્યપધ્ધતિ વગેરેની સમીક્ષા કરવા, સુધારણા કરવા અને સક્ષમતા માટે આવશ્યક છે.

(4) વિદ્યાર્થી કાર્યકર્તા અને અન્ય કર્મચારીઓનું ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવા દસ્તાવેજીકરણ જરૂરી છે.

(5) વિદ્યાર્થી કાર્યકર્તા વ્યક્તિ, જૂથ કે સમુદાયની જરૂરિયાત કે સમસ્યા નિવારણમાં સહાયતાની પેર્ટન (ઉકેલની પધ્ધતિ) ને ઓળખવા માટે દસ્તાવેજીકરણ કરવું જોઈએ.

(6) સમાજકાર્યમાં વિદ્યાર્થી કાર્યકર્તા સામાજિક અન્યાય, શોષણ, અત્યાર કે ઝઘડાઓનાં સંદર્ભમાં કાનૂની કાર્યવાહીમાં પૂરાવા રજૂ કરવાં માટે દસ્તાવેજીકરણ જરૂરી છે,

(7) લોકોને વિવિધ કાર્યક્રમો, પ્રદર્શનો, મેળાવડાઓ, ઉત્સવો વગેરે વિશેની માહિતી આપવા કે જાગૃતિ ફેલાવવા દસ્તાવેજીકરણ આવશ્યક છે. જેમાં આપણે પોસ્ટરો, પેમ્પલેટ, પત્રિકા, નાની પુસ્તિકાઓ વગેરેનું વેચાણ કરી લોકોને માહિતગાર કરી શકાય છે.

(8) મહાન વ્યક્તિ અને તેના કાર્યોથી આવતી પેઢીને પરિચિત કરવા માટે તેમના જીવન પ્રંસગો, કાર્યો, ભૂમિકા કાર્યપધ્ધતિ વગેરેનું વિવરણ દસ્તાવેજીકરણમાં કરવામાં આવે છે.

(9) સરકારી વિભાગો, સ્વૈચ્છિક સંસ્થા કે એજન્સીઓની પ્રવૃત્તિ, માળખું, કાર્યપધ્ધતિ, વહીવટીય પ્રક્રિયા, સહાયની પ્રક્રિયા વગેરેને વિદ્યાર્થી કાર્યકર્તા અને લોકોને જાણવાં માટે તેનું દસ્તાવેજીકરણ આવશ્યક છે.

(10) કાર્યકર્તા અને સેવાર્થીની વચ્ચેની સહભાગીદારી, લોકો પાસેનું જ્ઞાન અને કાર્યકર્તાના વિચારો, કામગીરીની તારીખ મુજબની નિયમિત સમીક્ષા, મહત્ત્વના નિર્ણયો અને ઘટનાઓ સમજવા માટે દસ્તાવેજીકરણ જરૂરી છે.

**4.6.2 સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણનું મહત્ત્વઃ**

(1) સમાજકાર્ય શિક્ષણમાં વિદ્યાર્થી કાર્યકર્તાઓને સમાજકાર્યનું જ્ઞાન, કૌશલ્યો, પધ્ધતિઓ કાર્યો, ભૂમિકાઓ વગેરે સૈધ્ધાંતિક રીતે શીખી અને ક્ષેત્રકાર્યમાં પ્રાયોગિક કાર્યમાં ઉપયોગ કરે છે. તેમાં જે અનુબંધ કે જોડાણ કરે છે. તેનું દસ્તાવેજીકરણ દર્શાવવામાં આવે છે. આ દસ્તાવેજના વાંચનથી અધ્યાપક, વિદ્યાર્થીઓ અને અન્ય વાંચકને તેનો ખ્યાલ આવે છે.

(2) વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્યમાં અનેક પ્રકારના કાર્યો કરે છે. અને આ કાર્યનું તે લેખિત સ્વરૂપમાં દસ્તાવેજીકરણ કરે છે. જેનાથી તેના લેખન કૌશલ્યનો વિકાસ થાય છે. અને ચિંતન-મનન અને લેખનમાં ક્ષમતાવર્ધન થાય છે.

(3) વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્યમાં વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાત અને સમસ્યા નિવારણના સંદર્ભમાં કાર્ય કરે છે. અને તેનું દસ્તાવેજીકરણ પણ કરે છે. અન્ય સમાજમાં આ પ્રકારની

લોકોની જરૂરિયાત અને સમસ્યાઓના નિવારણમાં આ દસ્તાવેજીકરણ ઉપયોગી અને માર્ગદર્શક બને છે.

(4) સરકારી વિભાગો, સ્વૈચ્છિક સંસ્થાઓ કે એજન્સીઓ સમાજકલ્યાણનાં વિવિધ કાર્યક્રમો, યોજનાઓ વગેરે ચલાવે છે. આ કાર્યક્રમો કે યોજનાઓનું મૂલ્યાંકન અને સમીક્ષા કરવામાં આવતી હોય છે. તેનું જો દસ્તાવેજીકરણ કરવામાં આવે તો ભવિષ્યના કાર્યક્રમો કે યોજનાઓના મૂલ્યાંકન કરતી વખતે આ દસ્તાવેજીકરણ પથદર્શક બને છે.

(5) વિદ્યાર્થી કાર્યકર્તા, સ્વૈચ્છિક સંસ્થા-સરકારી વિભાગ કે એજન્સીના કર્મચારીઓની જવાબદારી/ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવામાં અને સમજવાં દસ્તાવેજીકરણ ઉપયોગી બને છે.

(6) સમાજકાર્યકર્તા તરીકે વકીલાતની ભૂમિકામાં કે કાનૂની કાર્યવાહીમાં પૂરાવા રજૂ કરવામાં દસ્તાવેજીકરણ મહત્ત્વનું સાબિત થાય છે.

(7) સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય દરમિયાન કાર્યકર્તા સમસ્યા ઉકેલની વિવિધ પધ્ધતિ અને પેટર્નના ઉપયોગ દ્વારા તેનો ઉકેલ લાવે છે. અને તેનું લેખિત કે ઓડિયો-વિડિયો સ્વરૂપમાં દસ્તાવેજીકરણ કરવામાં આવે છે. જે ભવિષ્યમાં ઉદ્‌ભવનારી આ પ્રકારની સમસ્યાઓના નિવારણમાં દસ્તાવેજીકરણ માર્ગદર્શક અને ઉપયોગી સાબિત થાય છે.

(8) દસ્તાવેજીકરણ દ્વારા સમાજકાર્યકર સામાજિક સમસ્યાઓ પ્રત્યે જાગૃતતા લાવવા, સભાનતા કેળવવા, સમસ્યા ઉકેલમાં સહભાગીદાર બનાવવા અને ક્ષમતાવર્ધન માટે તે ઉપયોગી છે. દા.ત. પોસ્ટરો, પેમ્પલેટ, પત્રિકા, પુસ્તિકાઓ વગેરે.

(9) સ્વૈચ્છિક સંસ્થા, સરકારી વિભાગો કે એજન્સીઓના મહત્ત્વના નિર્ણયો, કાર્યક્રમ, મૂલ્યાંકન સમીક્ષા, વિચારો, ઘટનાઓ સંદર્ભમાં ચર્ચા વગેરેનું દસ્તાવેજીકરણ લાંબા સમયે જે તે સંસ્થા, વિભાગો અને એજન્સીઓને જ ઉપયોગી અને માર્ગદર્શક બને છે. જેમાં અધિકારીઓ કે કર્મચારીઓની ભૂમિકાઓને પણ સમજી શકાય છે.

આમ, સમાજકાર્યમાં વ્યક્તિ, જૂથ, સમુદાયની જરૂરિયાતો અને સમસ્યાઓને સમજવા અને તેના યોગ્ય નિરાકરણ માટે સમાજકાર્યકરને દસ્તાવેજીકરણ ખૂબ જ આવશ્યક અને ઉપયોગી છે. દસ્તાવેજીકરણ કાર્યકર્તાને સક્ષમ, વિચારવંત અને લેખક બનાવવા માટે ખૂબ જ મહત્ત્વનું છે.

## 4.7 ટૂંકસાર / ઉપસંહારઃ

વર્તમાન સમયમાં ભારતમાં અને ગુજરાતમાં સમાજકાર્ય શિક્ષણનો વ્યાપ ધીમે ધીમે વધી રહ્યો છે. ભારત અને ગુજરાતમાં જે યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં સમાજકાર્ય શિક્ષણ સ્નાતકથી પીએચ.ડી. સુધીનું આપવામાં આવે છે. આજે વિદ્યાર્થીઓ સમાજકાર્યનું શિક્ષણ મેળવીને સમાજકલ્યાણ અને વિકાસના ક્ષેત્રોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો, એજન્સીઓ વગેરેમાં કાર્ય કરી સારો પગાર પણ મેળવી છે. સમાજોપયોગી પ્રવૃત્તિ પણ કરે છે. સમાજકાર્યકરોને સમાજકાર્યનું શિક્ષણ અને સંબંધિત સમાજવિજ્ઞાનો જેવાં કે સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરેના જ્ઞાનનો ઉપયોગ વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો સંતોષવા કે સમસ્યાઓના નિરાકરણ માટે સહાયરૂપ બને છે. કાર્યકર્તા, ક્ષેત્રકાર્ય, સુપરવિઝન અને દસ્તાવેજીકરણ દ્વારા સમાજકાર્ય શિક્ષણનાં જ્ઞાનમાં સતત વધારો કરે છે. અને પોતાની ક્ષમતાઓનો વિકાસ થાય છે.

## 4.8 આપની પ્રગતિ ચકાસો :

(1) 1936માં 'દોરાબજી ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક'ની સ્થાપના ક્યાં થઈ હતી?

A – દિલ્હી B – લખનૌ

C – ચેન્નાઈ D – મુંબઈ

(2) 'દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક'ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

A – 1936 B – 1946

C – 1949 D – 1952

(3) સમાજવિજ્ઞાન સંસ્થા કાશી વિદ્યાપીઠ વારાસણીમાં સમાજકાર્યની શિક્ષણની શરૂઆત ક્યારે થઈ ?

A – 1946 B – 1947

C – 1949 D – 1952

(4) લખનૌ વિશ્વવિદ્યાલયમાં સમાજકાર્ય શિક્ષણનો પ્રારંભ ક્યારે થયો હતો?

A – 1936 B – 1949

C – 1952 D – 1970

(5) ......... એવું શાસ્ત્ર છે જેમાં એવી સામાજિક દશાઓનો અભ્યાસ કરવામાં આવે છે કે, જે મનુષ્યના ધન મેળવવા અને ખર્ચ કરવાની ક્રિયાઓ અથવા પ્રયત્નોથી ઉત્પન્ન થાય છે ?

A – અર્થશાસ્ત્ર B – રાજ્યશાસ્ત્ર

C – સમાજશાસ્ત્ર D – ઉપરોક્ત તમામ

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) D – મુંબઈ

(2) B – 1946

(3) B – 1947

(4) B – 1949

(5) A – અર્થશાસ્ત્ર

## 4.10 ચાવીરૂપ શબ્દો :

- **સુપરવિઝન :** કોઈની અથવા કંઈક વસ્તુની દેખરેખ રાખવાની ક્રિયા.

  કોઈ વ્યક્તિ અથવા પ્રવૃત્તિને જોવાની અને તે બધુ યોગ્ય અને સલામત રીતે કરવામાં આવે છે તેની ખાતરી કરવાની ક્રિયા.

## 4.11 સ્વાધ્યાય લેખન (Assignment)

(1) ભારતમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ટૂંકમાં જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

(2) ગુજરાતમાં સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ ટૂંકમાં સમજાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

(3) સમાજકાર્ય અને મનોવિજ્ઞાન વચ્ચેનો સંબંધ ટૂંકમાં સમજાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

(4) સમાજકાર્ય અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ ટૂંકમાં જણાવો.

.......................................................................

...................................................................................

...................................................................................

(5) સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

(6) સમાજકાર્ય શિક્ષણમાં ક્ષત્રકાર્યનું મહત્ત્વ જણાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

(7) સમાજકાર્યમાં સુપરવિઝનની જરૂરિયાત જણાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

(8) સમાજકાર્યમાં સુપરવિઝનનું મહત્ત્વ સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

(9) સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણની જરૂરિયાત સમજાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

(10) સમાજકાર્ય શિક્ષણમાં દસ્તાવેજીકરણનું મહત્ત્વ જણાવો.

...................................................................................

...................................................................................

...................................................................................

(11) સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય, સુપરવિઝન અને દસ્તાવેજીકરણની જરૂરિયાત અને તેનું મહત્ત્વ સવિસ્તૃત સમજાવો. (પ્રાયોગિક કાર્ય આધારે)

...................................................................................

...................................................................................

...................................................................................

## 4.12 પ્રવૃત્તિ (Activities)

- ગુજરાતમાં વિવિધ સામાજિક કાર્ય કૉલેજોની સૂચિ તૈયાર કરો અને તમારી કૉલેજ સિવાયની કોઈ સામાજિક કાર્ય કૉલેજોની મુલાકાત લઈ તેમના વિઝન અને મિશન વિશે જાણો.

## 4.13 કેસસ્ટડી (Case Study)

- સેમેસ્ટર-1 દરમિયાન તમને ક્ષેત્ર કામ માટે ગ્રામીણ વિસ્તારમાં મૂકવામાં આવ્યાં હતા. તમારા ફીલ્ડ વર્કના અનુભવોના આધારે સામાજિક કાર્ય શિક્ષણમાં ફીલ્ડવર્કનું શું મહત્ત્વ છે તે વિગતવાર સમજાવો.

## 4.14 સંદર્ભસૂચિઃ


(1) પટેલ આનંદી, (જુલાઈ-2009) : "વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો" અમદાવાદઃ વ્યાવસાયિક, અભિવૃત્તિ પ્રકાશન.

(2) तेज संगीता, (2006) : "समाजकार्य", लखनऊ, संगीता तेज, निर्देशक: जुबली "H" फाउन्डेशन.

BAOU
Education for All

# ડો.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in